# અંતાણી નિવાસ

- જયંતીભાઈ પટેલ

: પ્રકાશક :

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

**પુસ્તક પ્રકાશક અને વિક્રેતા**

મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી. આણંદ

Book's name in English :
***ANTANI NIWAS***

(A Novel in Gujarati)

By ***JAYANTIBHAI PATEL***

© જયંતીભાઈ પટેલ

પ્રથમ આવૃત્તિ - ૧૯૭૯
બીજી આવૃત્તિ - ૨૦૦૮

પ્રત - ૧૦૦૦
મૂલ્ય રૂા. ૧૨૫-૦૦

: પ્રકાશક :

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

**પુસ્તક પ્રકાશક અને વિક્રેતા**

હેડ ઓફીસ : મહાવીર માર્ગ, **આણંદ** - ૩૮૮ ૦૦૧, તા.જી. આણંદ
શાખા : ૧. પ્રા.શિ.ધિરાણ અને ગ્રા.મં.ના મકાન નીચે
નગરપાલિકા ભવન રોડ, ઈન્દિરા કોમ્પલેક્ષ, **નડિયાદ**
૨. યોગેશ્વર કુમાર છાત્રાલય, ભગતજીન કપડવંજ રોડ,
**ડાકોર**, તા. ઠાસરા, જિ. ખેડા

# અર્પણ



મારા

ઈન્ટરનેટના વાંચક

મિત્રોને



**- જયંતીભાઈ પટેલ**

**સ્વાતંત્ર્યદિન, ૨૦૦૮**

## બીજી આવૃત્તિ સમયે

પરદેશી લેખકો: એલિસ્ટર મેકલીન, અર્લ સ્ટેનલી ગાર્ડનર, જેમ્સ હેડલી ચેઈઝ, આગાથા ક્રિસ્ટી વગેરેનાં પુસ્તકો કેટલાક લેખકોએ ભાષાંતર કરીને ગુજરાતી વાંચકો સામે મૂકવા માંડ્યા ત્યારે મેં અને મારા મિત્ર મિખાયેલ ક્રિશ્ચિયને વિચાર્યું કે એમાંના કોઈ એક લેખકની શૈલીની નકલ કરીને એકાદ નવલકથા લખી હોય તો તેના કેવા પ્રત્યાઘાતો પડે તે જોવાની મજા પડશે.

સીધું અંગ્રેજીમાં ન વાંચતા વાંચકો તેને અનુવાદ જ માની લેશે અને અમે અનુવાદને અમારે નામે ચઢાવી દીધો છે એવી કાગારોળ મચાવશે. અને થયું પણ એવું. કેટલાય લોકોએ અમને રૂબરૂમાં અથવા પત્ર મારફતે એમની આવી શંકા રજૂ પણ કરી. ને અમે એમની શંકાઓનું નિવારણ પણ કર્યું.

આજે ફરીથી અમારે સ્પષ્ટતા કરવી પડે છે કે અમારી આ નવલકથા સંપૂર્ણ મૌલિક છે. હા, અમે એની શૈલી ઈરાદાપૂર્વક મેસનની કથાઓ જેવી રાખવા પ્રયત્ન કર્યો છે. આ એક પ્રયોગ હતો અને એ સફળ થાય તો આવી બીજી નવલકથાઓ સર્જવાનો અમારો વિચાર હતો પણ કોઈને કોઈ કારણે એમ થઈ શક્યું નથી.

મારી બધી નવલકથાઓ જેમ અંતાણી નિવાસનેય પુસ્તકાલયની વેબસાઈટ પર મૂકું છું. વાંચકો માગશે તો ભવિષ્યમાં આવી રહસ્યકથાઓ રજૂ કરવા પ્રયત્ન કરીશું.

અંતાણી નિવાસની બીજી આવૃત્તિ કરવા આપવા પ્રેમપૂર્વક માગી લઈને એક મહિનાના ટૂંકા ગાળામાં આ નવલકથા પ્રસિધ્ધ કરવા બદલ એમ. એમ. સાહિત્યવાળા યાકુબભાઈ મલેકનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે.

- અમે છીએ આપના

જયંતીભાઈ પટેલ

# ૧.

ચિચૂડા બોલાવતી એક ફીયાટ વકીલ સોમદત્ત સંતોષીની ઑફિસ સામે થોભી. તેમાંથી આધુનિક વસ્ત્રપરિધાનમાં એક યુવક બહાર નીકળ્યો. ઝાટકા સાથે ફીયાટનું બારણું ધકેલી લોક કર્યું અને હાથમાં ચાવી ઝુલાવતો ઝુલાવતો વકીલ સોમદત્ત સંતોષીની ઉપલા માળની ઑફિસમાં જવા માટે દાદર ચઢવા લાગ્યો.

કોઈ વખત તેને આ દાદર ચઢતાં કચવાટ થતો હતો. બીજા વકીલોની સરખામણીમાં સોમદત્તનું નામ પ્રતિષ્ઠામાં તેમ જ પૈસામાં આગળ છે. બીજા વકીલો આધુનિક બહુમાળી ઈમારતોમાં ઑફિસ રાખે છે. જ્યાં ચઢવા-ઊતરવા માટે એલિવેટર વપરાય છે. જૂના દાદરને જ્યાં હાસ્યસ્પદ ગણવામાં આવે છે. તો પછી આ વકીલ કેમ અહીં આવા જૂના મકાનમાં પડી રહ્યા છે ? જો કે ઑફિસની સજાવટ તો આધુનિકત્તમ હતી. વાંધો ફક્ત ઈમારતનો હતો. લાગતું હતું કે ઈમારત અઢારમાં સૈકામાં બંધાઈ હશે - કદાચ ક્યારે બંધાઈ હશે એનો રેકોર્ડ તો મકાનમાલિક પાસે પણ નહીં હોય ! અઢારમા સૈકાનું તો ફક્ત અનુમાન છે.

દાદરને ઉપલે છેડે યુવક પહોંચ્યો કે તરત ખાખીબીડી સળગાવતા ચોકીદાર સમશેરસિંહે બીડી-દિવાસળી જ્યાંનાં ત્યાં રહેવા દઈ એક જોરદાર સલામ યુવકને ઝીંકી દીધી. યુવક હસ્યો. હસવું



પણ વ્યાજબી હતું. કેમ કે મોંમાં હોઠ વચ્ચે દબાયેલી બીડી, એક હાથમાં દિવાસળીની પેટી અને કપાળે ઊંચકેલા હાથમાં આંગળીઓ વચ્ચે ચિપકાઈ રહેલી નાની સળી એવું દશ્ય ઊભું કરતાં હતાં કે ચોકીદાર જાણે બીડી કંપનીનો યા તો દિવાસળી કંપનીની જાહેરાત કરતો વિદૂષક ન હોય !

'મેમ સાહેબ...!' કહી યુવકે અંદરની તરફ ઈશારો કર્યો.

'હા જી, આવી ગયાં છે.' ચોકીદારે ઊંચકેલો હાથ નીચે કર્યો અને ક્યારે સાહેબ અંદર જાય તો બીડી સળગાવે એની રાહ જોવા લાવ્યો.

યુવક આછો ખોંખારો ખાઈ સ્વસ્થ થયો. મુસાફરીનો થાક ઉતારતો હોય એમ હાથની હથેળીઓ, ખભા અને પગને આછા ઝાટકા આપી કંઈક એટેનશનની મુદ્રામાં આવી ગયો.

'લાવ તારી બીડી.'

'હેં !' ચોકીદાર ડોળા ફાડી સ્તબ્ધ થઈ તાકી રહ્યો.

'હા. હા, તારી બીડી લાવ. પીવી હોય તો લે આ સિગારેટ પી.' યુવકે પેંટના ખિસ્સામાંથી સિગરેટ કેસ કાઢી ચોકીદાર સામે ધર્યું.

ચોકીદારે ખચકાતે હાથે એક સિગારેટ લીધી અને હોઠ વચ્ચેની બીડી ત્યાંને ત્યાં રાખી બીજી બીડી કાઢી આપી.

'તારે રજા નથી લેવી?' ચોકીદારની દિવાસળીએ બીડી સળગાવતાં યુવકે પૂછયું.

'રજા !...હેં...હેં...' ચોકીદાર રજાની લાલચમાં કંઈ પલળ્યો. પણ પછી માન્યું કે આ તો ફક્ત બનાવટ છે. પોતે રજા લે તો અહીં સાચવે કોણ ? - અંદરના સાહેબોનો ચોકીદાર, પટાવાળો, નાનો જાસૂસ, ડ્રાયવર... જે ગણો એ તે હતો. અને મોટાસાહેબ

રજા ન જ આપે એની તેને ખાતરી હતી. ગયે વખતે ભાઈના છોકરાના લગ્નપ્રસંગે દેશમાં જવાનું થયું ત્યારે મહામહેનતે બીજા માણસને બદલીમાં લાવી આપતાં રજા મળી. એ પણ ફક્ત ત્રણ દિવસની ! માગેલી તો અઠવાડિયાની.

'હા, હા, અમે અહીં માખીઓ મારીએ છીએ ત્યાં તારું શું કામ છે ? ભલે તું રજા લે.' યુવકે ટટ્ટાર થઈ બીડીનો એક લાંબો કશ ખેંચ્યો અને બારણું ખોલી એકદમ અંદર દાખલ થઈ ગયો.

પોકેટ-અરિસામાં જોઈ લિપ્સિટક લગાવતી મિસ રોઝી ચમકી. ઝટપટ અરિસો અને લિપ્સિટક તેણે પોતે બેઠેલી એ ખુરશી પર મૂકી દીધાં અને આગંતૂક તરફ જોઈ રહી.

યુવક અંદર પ્રવેશી ચૂક્યો હતો.

યુવકને જોતાં રોઝીનો શ્વાસ સહેજ હેઠો બેઠો. પણ પછી શંકા થઈ આવી કે આ તે નથી. વિનોદને તેણે કદી ખાખી બીડી પીતાં કે આટલી હવે અસભ્ય કહી શકાય એવુ વર્તન કરતાં ભાળ્યો નહોતો. આ તે ન જ હોય શકે. તે ડોળા ફાડી, ઓળખવા મથતી હોય એમ સામું જોઈ રહી.

'ગુડ મોર્નિંગ મિસ...!'

'ગુડ મોર્નિંગ.' અવાજ પણ વિનોદનો જ હતો. રોઝીનામા વ્યાપેલો ગભરાટ ઓછો થયો. ખુરશી પર મૂકી દીધેલાં લિપ્સિટક, અરિસો ફરીથી ઉપાડી તે હોઠ રંગવા લાગી.

'મિસ રોઝી.' વિનોદ ખાખી બીડીએ મૂડમાં આવી ગયો હતો. 'તમારે બ્યુટીપાર્લર ખોલવો જેથી તમારી કળાનો લાભ આપણા હિંદુસ્તાનની ઘણી....'

'ઓ ! યુ શટ અપ.' મિસ રોઝીના અવાજમાં ગુસ્સાનો રણકો ઊઠ્યો. પણ ગુસ્સાના કોઈ ભાવ મોં પર ન જણાયા. હાથમાં પકડેલી



લિપ્સ્ટિકની સ્ટીક નાજુકાઈથી હોઠ પર ફરતી રહી.

એક જોરદાર કશ લઈ વધેલી બીડીને ટેબલ પરની એશ-ટ્રેમાં ગુંગળાવી નાખી વિનોદ ત્યાં ટેબલને ખૂણે બેસી ગયો. મિસ રોઝીના મો સામું તાકી રહ્યો.

'આમ અચાનક કોઈ સ્ત્રીની સામું ઉપસ્થિત થવું સારું ન કહેવાય !' રોઝી બોલી તો ખરી પણ તેનું સમુળગું ધ્યાન અરિસામાંના પોતાના પ્રતિબિંબમાં જ હતું.

'જે સ્ત્રી થોડા સમયમાં જેની અર્ધાંગના થવાની હોય તેને માટે કદાપી આ બંધન નહીં હોય.'

'અચ્છા, આ બીડી પીવાની ક્યારથી શરૂ કરી ?' રોઝીએ લિપ્સ્ટિક પતાવી દીધી. હવે વારો આવ્યો પફ-પાવડરનો. નાના મીની બૉકસમાંથી લાલઝાંય વાળો પાઉડર ઢાંકણ ઊઘડતાં મહેકી ઊઠ્યો.

'બીડી તો પીઉં છું. જ ને !' વિનોદ રોઝીનાં બધાં સૌદર્યપ્રસાધનો આવલોકી રહ્યો.

'પૈસા થઈ રહ્યા છે કે આ દેશી પર આવ્યો.'

'કેમ, દેશીમાં શો વાંધો છે ? ટેસ્ટમાં તો સિગારેટ કરતાં ખાખી બીડી ચઢી જાય !'

'સારું, પીતો રહે જે.' સહેજ મોં મચકોડી મિસ રોઝીએ બધાં સૌદર્ય-પ્રસાધનો ડ્રોઅરના ખૂણામાં મૂકી દીધાં.

'બૉસની નજરે આ બધું નથી ચઢ્યું.'

'ચઢ્યું હોય તોયે શું. કેમ સ્ત્રી આ બધું ન રાખે ?' રોઝી વિનોદ સામે તાકી રહી.

'પણ લગ્ન પછી આ બધું નહીં ચાલે હોં ! આ કહી રાખ્યું.' વિનોદ રોઝીની મુગ્ધ આંખોમાં ખેંચાતો જતો હતો.

'પણ તને ખાતરી છે કે લગ્ન આ ઊનાળામાં થઈ જશે જ.'

'કેમ ? શું અશક્ય છે ?'

'બૉસની રજા !'

'રજા ?' વિનોદ ખડખડાટ હસી પડ્યો. 'બૉસે કહી રાખ્યું જ છે કે જેમ બને તેમ જલ્દી પરણી જાવ ! પણ ઉપરાઉપરી કેસ આવતા જાય છે. એથી પાછું ઠેલાઈ જાય છે. અને અત્યારે તો ક્યાં કોઈ કેસ છે ? એક-બે છે એ તો સામાન્ય, બૉસ એમની જાતે નિપટાવી લેશે. '

'શી ખાતરી કે એવો કોઈ કેસ અચાનક નહીં આવી ચઢે !'

'તારું જ મન નથી, એમ કહે ને ?' વિનોદ ટેબલ પરથી નીચે ઊતરી પડ્યો.

'એક હાથે તાળી નથી પડતી; તાળી પાડવા બે હાથ તો જોઈએ જ.' કંઈક નિરાશામાં વિનોદે અંદરની બૉસની ઑફિસમાં જવા પણ ઉપાડ્યા.

'એક મિનિટ ઊભો રહે ને !'

'શું ?' વિનોદે પાછળ નજર કરી.

પણ શા માટે રોઝીએ વિનોદને ઊભો રાખ્યો એનો જવાબ રોઝી ખુદ કલ્પી ન શકી. જવાબ વાળવાને બદલે તે ફક્ત વિનોદના ચહેરાને અવલોકી રહી.

થોડીવાર આમ તાકી રહ્યા પછી વિનોદને હસવું પડ્યું : 'સોરી રોઝી ! આમેય લેટ તો આવ્યો છું. તારી સાથે વાતો કરવા રોકાઈશ તો પછી બૉસ ધૂંધવાશે.' વિનોદે ઠાવકું મોં રાખી કહ્યું.

'લેટ આવ્યો છે તો પછી કાર ક્યારે લઈ ગયેલો ? કે પછી કાર માટે રાત્રે આવેલો.'

'યુ ક્લેવર ગર્લ ! તારે બૉસની ખુરશી પર બેસી જવું જોઈએ.'



વિનોદ હસ્યો અને વધુ રોકાયા વગર ઝડપથી અંદરની ઑફિસમાં ચાલ્યો ગયો.

રોઝી અદશ્ય થતી તેની પીઠને તાકી રહી. પછી એક દીર્ઘ શ્વાસ લઈને તેણે ટેબલ પરની એક ફાઈલ ઉઠાવી.

'સર ! મિ. મુન્શીએ જાતે તેમનું દફતર ફેંદ્યું પણ એ પત્ર ન મળ્યો. તેઓ તેમના કથનમાં મક્કમ છે કે તેમની ઑફિસે એ પત્ર આવ્યો જ નથી.' વિનોદે અંદર પ્રવેશતાં મુવીંગ-ચેરમાં અઢેલીને બેઠેલા વકીલ સંતોષીને કહ્યું.

વકીલ સંતોષી વિનોદ સામે થોડી વાર તાકી રહ્યા : 'તો મિસ રોઝી ખોટાં છે, તેમણે લેટર પોસ્ટ કર્યો નથી, એમ જ ને !' સહેજ આગળ નમી તેમણે ઈન્ટરકૉમનું બટન દબાવ્યું.

'યસ, સર.' ઈન્ટરકોમ મિસ રોઝીના બુલંદ અવાજથી ગણગણી ઊઠ્યું.

'મિ. મુન્શીનો એ લેટર ચોક્કસ પોસ્ટ થઈ ગયો છે ?'

'યસ સર.' મિસ રોઝીએ કહ્યું. 'આઈ એમ સ્યોર ! અવર રેફરન્સ નંબર ઈઝ જે-એન, ટુ-થ્રી-ઝીરો, સેવન્ટી સેવન-સેવન્ટી-એઈટ.'

'આર યુ સ્યોર ?'

'મે આઈ કમ વીથ મેમોરેન્ડમ.'

'નો.' મક્કમતા સૂચવતો નકાર વકીલ સંતોષીના ગળામાંથી નીકળ્યો.

'આ છેલ્લી વખત લેટરની ડુપ્લીકેટ કરી મિ. મુન્શીને મોકલાવો. હવે પછી પાર્ટીની ભલે ગફલત રહી પણ આવો કિસ્સો ફરી ન બને.'

'યસ રસ.' કંઈક ક્ષોભિત જવાબ ઈન્ટરકૉમે વાળ્યો.

ઈન્ટરકોમને બંધ કરતાં વકીલ સંતોષી મુવીંગ ચેરમાં પહેલાં હતા એવી સ્થિતિમાં થઈ ગયા.

'હા, તો વિનોદ તું મિસ રોઝી સાથે ક્યારે લગ્ન કરવાનો ?' હમણાં દેખાતું ટેન્સન વકીલ સંતોષીના શિરેથી ક્યાંથી કયાં રફુચક્કર થઈ ગયું.

'તમે રજા આપો ત્યારે.' સહેજ તંગ મુદ્રામાં થયેલો વિનોદ પણ મૂળ સ્થિતિમાં આવી ગયો.

'રજા !' એક રૂમ-તોડ હાસ્ય ઑફિસની ચાર દીવાલો વચ્ચે ગાજી ઊઠ્યું ! 'અલ્યા, તેં રજા માગી છે જ ક્યારે ?'

'વિચારતો હતો કે સહેજ કામ હળવું થાય એટલે રજા માગું.' કહેતાં ફિયાટની ચાવી બોર્ડ પર ટીંગાવી તેના ટેબલ તરફ જવા લાગ્યો.

'કામ હળવું થાય એની રાહ જોઈ રહ્યો છે ?' વકીલ ફરીથી રૂમ-તોડ હાસ્ય હસી પડ્યા અને બારીએ ઊભેલા ત્ર્યંબક બક્ષીને કહ્યું : 'જોયું બક્ષી વિનોદ કહે છે કે કામ હળવું થાય ત્યારે લગ્ન કરું. અલ્યા કામ તો કદી પણ હળવું ન થાય ! કામના બોજાને લીધે કાંઈ લગ્ન અટકાવાય નહીં.'

વિનોદને કહેવાનું મન થઈ આવ્યું : તો સર, આપ કેમ લગ્ન નથી કરતા કે પછી આજીવન કુંવારા રહેવું છે? પણ વિનોદ જાણતો હતો કે ઘરભંગ થયા પછી વકીલ લગ્ન-જીવનને એકદમ ધિક્કારતા થઈ ગયા હતા. તો પણ કોઈ કોઈ વખત તેમની ડૉકટર મિત્રને મળવા જતા હતા. બક્ષી પાસેથી સાંભળ્યું હતું કે પરદેશમાં વકીલને આ ડૉકટર સાથે પ્રેમ થઈ ગયેલો. આ પ્રેમ પતિભક્ત પત્ની ન સહી શકી. એ માટે ઘરમાં ઝઘડા-બખેડા થતા રહ્યા અને બીજાના કેસ લડનાર વકીલ પોતાનો જ કેસ હારી ગયા. પત્નીને ગુમાવી



બેઠા. પત્નીના ગયા પછી જ વકીલને ખ્યાલમાં આવ્યું કે પત્ની એ સાચા અર્થમાં પત્ની હતી. પોતાની આદર્શ પત્નીનો આ વિયોગ વકીલ માટે કારી ઘા સમાન નીવડ્યો. ઊંઘતા જાગતાં તે પત્નીને ન ભૂલી શક્યા. પછી કાળક્રમે લગ્નજીવનને ધિક્કારતા થઈ ગયા. બીજી સ્ત્રીઓ પ્રત્યે પોતાની પત્ની જેવો પ્રેમ જ નહોતો ઉપજી શકતો. પછી લગ્ન ક્યાંથી કરે ? જો કે ડોક્ટર મિત્રને ત્યાં પણ ખાલી મિત્રચારી નિભાવવા જ જતા હશે.

'સંતોષી.'

'હંઅ !' વકીલે મુવીંગ ચેરમાં પડ્યા રહી જવાબ વાળ્યો.

'આ સામેનું ક્રોસિંગ ફક્ત અકસ્માત સર્જવા માટે જ નિર્માયું છે?'

'બની શકે! એવું પણ હોય.' જે નરમાશથી ત્ર્યંબક બક્ષી વાત કરતા હતા એ જ નરમાશ વકીલનામાં પણ હતી, 'કેમ, કંઈ અકસ્માત થયો?' ત્ર્યંબક બક્ષીને એકીટીશે બારીમાંથી ક્રોસિંગ તરફ નજર નાખી રહેલો જોઈને વકીલે પૂછ્યું.

'અકસ્માત થતાં રહી ગયો. સંતોષી, અકસ્માત થતાં રહી ગયો.' બારીમાંથી બહાર જોવાનું રહેવા દઈ બક્ષી અંદરની બાજુ ફર્યા. 'આટલું સચોટ ડ્રાયવિંગ મેં આ પહેલા નથી જોયું.'

'આ કેવી વાત કરો છો, સર?' વિનોદનાથી બોલ્યા વગર ન રહેવાયું. 'અકસ્માત થતા રહી ગયો એને તમે સચોટ ડ્રાયવિંગ કહો છો?' અકસ્માત જેને થવાનો હશે એ બિચારાનું નસીબ જોર કરતું હશે એમ કહો.'

'નસીબ તો સાચું, તારી વાત ખરી. પણ આટલું સચોટ ડ્રાયવિંગ મેં જોયું નથી' બક્ષીએ કોટમાંથી પાઈપ કાઢી બીજા

ખિસ્સામાંથી તમાકુંનું પેકેટ કાઢી પાઈપ નાળચામાં તમાકુ ભરી. અંગૂઠા વડે જેટલી દબાવાઈ એટલી દાબીને બીજી થોડી વધુ તમાકુ નાખી લાઈટરની જયોતથી તમાકુ સળગાવી. સહેજ ઊઠેલા ભડકાને હોલવી નાખ્યો અને જોરથી એક કશ લીધો. 'દર અઠવાડિયે એક અકસ્માત તો અહીં જોવા મળે છે જ'

'વાહન ઊભું છે?'

'ઊભું રહેતું હોય ! સહેજ રોકાઈને એ ચાલ્યું ગયું.'

'બે વાહનો વચ્ચે અકસ્માત સર્જાવાનો હતો કે એક વાહન અને એક વ્યક્તિ જોડે? ' વિનોદ ટેબલે રહ્યાં રહ્યાં પૂછ્યું.

'તો લ્યા, સંતોષીનો તને ચેપ લાગ્યો, નહીં' ? બધી તમાકુ એકી સાથે પી જવા માગતા હોય એક બક્ષીએ દમ મારવા માંડ્યા.

'કેમ?'

બક્ષીએ એક વખત વકીલ તરફ જોઈ લીધું. વકીલ આંખો મીચી મુવીંગ-ચેરને મહાલી રહ્યા હતા.

'જોયું? કહું છું કે અકસ્માત થતાં રહી ગયો, તોયે સંતોષી શું થયું એ જાણવા માટે સહેજ પણ ઊભો થયો? બારી પાસે જ છે પણ બારીમાં બહાર જોવાની તસ્દી લીધી? તેની પછવાડે તુંયે એવો નીકળ્યો. ખુરશીમાંથી તસુએ હાલ્યો નહિ.'

'ત્યારે બક્ષી !' વકીલે આંખો ખોલી. 'તારી સગી આંખોએ તેં અકસ્માત સર્જાવાનો છે એ પરિસ્થિતિ જોઈ પણ એ વખતે તારું રૂવાંડુયે ફરક્યું? આંખોમાં સહેજ પણ ચિત્કારનો અણસારો આવ્યો? જો એવું કંઈ પણ મેં તારામાં જોયું હોત તો ચોક્કસ તારી પાસે હું આવી પહોંચ્યો હોત.'

'તો આપણા વિનોદને આપણો ચેપ લાગ્યો.' બક્ષી હસ્યા.



વિનોદ ઊંધુ ઘાલી ગયો. વકીલે ફરી આંખી મીંચી દીધી. બક્ષી બળેલી તમાકુને ખંખેરી નાખવા બારી તરફ વળ્યા. દીવાલની સાથે થોડી જગા ખાલી પડી રહી હતી ત્યાં બેસી તમાકુ ખંખેરવાનો વાંધો નહોતો. જો કે પવન કે સળગી ઊઠે એવો પદાર્થ હોય તો વાંધો તો ખરો પણ બક્ષી એ સમજે એમ હતા. ખાસ બળેલી તમાકુ આમ બહાર નાખવા તે ટેવાયેલો નહોતા. એ માટે એશ-ટ્રે નો જ ઉપયોગ થતો. પણ કદાચિત સમયે આ બની જતું. તેમણે નીચે જોઈ એવો કંઈ ભય ન જોતાં પાઈપ ઊંધી વાળી ખંખેરી. પણ અચાનક થોડો ટાઈમ હાથ એમ ને એમ રહી ગયો પણ પછી તરત તેઓ મલકાયા.

'સંતોષી.'

'હં અ.'

'તું જોગાનુજોગમાં માને છે? - જો કે હું તો નથી જ માનતો.'

'ના.'

'તો હવે તારે માનવું પડશે.'

'કેમ?'

'કહું છું કે માનવું પડશે.'

'એટલું બધું?'

'હા, જે માણસને હમણાં ક્રોસિંગ પર અકસ્માત થતાં રહી ગયો, જેની વાત આપણી વચ્ચે હમણાં થઈ ગઈ એ માણસ આપણો અસીલ થશે!'

'અસીલ!' વિનોદ ચમક્યો. તેણે બક્ષી સામું જોયું.

'એમાં તું શું કામ ચમકે છે, વિનોદ. ચમકવાનું તો મારે છે. તારે થોડા દિવસ લગ્ન પાછું ઠેલાશે એટલું જ ને! જયારે આ ભાઈ તો ફરી પાછા ચા-ટોસ્ટ અને સોડા-બિસ્કીટ પર આવી જશે. આ છ

મહિનાથી ચા-ટોસ્ટ અને સોડા-બિસ્કીટ ખાઈ ખાઈને હોજરી બગાડી નાંખી હતી. વિચાર્યું હતુ કે આ અત્યારે કામ નથી એ સારું છે. સહેજ દવા-બવા કરીશ, સહેજ સારું ખાઈશ, તો હોજરી હતી એવી સારી થઈ જશે. પણ કમબખ્ત, મારું ધાર્યું જ ક્યાં થાય છે.'

'કેમ બક્ષી, માથેરાન જવાનું પણ અટક્યું, નહીં? વકીલે બંધ આંખોએ જ કહ્યું.'

'ને અટકે જ ને, તું આમ કેસ લીધે રાખે છે તે.'

'પણ હજુ ક્યાં કેસ લીધો છે?'

'નહીં લીધો હોય તો હમણાં લેશે.'

'પણ પહેલાં એ ભાઈને ઉપર તો આવવા દે. એને જોઈએ, સાંભળીએ પછી વિચારીશું. યોગ્ય નહીં લાગે તો નહીં લઈએ, પાછો કાઢીશું, બસ?'

'ખરે જ તું એમ કરીશ?' બક્ષી મારી પાસેથી ખસી દિવાલ પાસે અઢેલીને મૂકેલી એક ખુરશી પર બેઠા.

'માથેરાન જવાનું રિઝર્વેશન કરાવી રાખ્યું છે?'

'આ ગિર્દીમાં વિચાર એવો ખરો.'

'તો કેન્સલ કરાવીને કાશ્મીરનું સારું રહેશે.' વિનોદ એકાએક ટહુક્યો.

'હા, હા, કાશ્મીર સારું રહેશે!' સામા ચાળા પાડતા હોય એમ બક્ષી બોલ્યા.

'વિનોદ કાગળમાં મોં ઘાલી ધીમું ધીમું હસવા લાગ્યો. વકીલ કંઈ ઊંડા વિચારમાં પડી ગયા હોય એમ આછી કરચલીઓ તેમના લલાટે ઊપસી આવી.'

'બક્ષી, અકસ્માતની વિગતો શું છે?'

'કેમ, માણસને જોયા વગર કેસ હાથમાં લઈ લીધો.'



'બી સિરિયસ! જાણી જોઈને અકસ્માત કરવાનો ઈરાદો હતો?'

'તમે એમ કેમ ધારી લીધું?'

'એ ધારવાની વાત પછી. પહેલા એ કહે જાણી જોઈને અકસ્માત કરાવાનો ઈરાદો હતો?'

'કંઈક એવું જ! પણ એ વ્યક્તિને નહીં, તેના હાથમાંની સૂટકેશને. ડ્રાયવરને ગજબનો ટર્ન આપી એ સૂટકેશને ટક્કર મારી હતી. સૂટકેશ નીચે પડી જાય તો એ લઈ લેવા પાછળ બેઠેલો આદમી તેના હાથમાંની બીજી સૂટકેશ સાથે તૈયાર જ હતો. ટક્કર વાગ્યા પછી જેવી એ વ્યક્તિ ફંગોળાઈ, કાર સહેજ ધીમી પડી એટલે તરત એ માણસ સૂટકેશ સાથે નીચે ઉતરવા, દરવાજો ખોલી નીચે ઝૂક્યો પણ એ અનલકી હતો. આજુબાજુના માણસો એ તરફ ધસી આવવા લાગ્યા. અને જે સૂટકેશને ટક્કર વાગી હતી એ સૂટકેશ તેના માલિકના હાથમાંથી છૂટી જ નહોતી. સૂટકેશની સાથે જ તેનો માલિક સહેજ ચક્કર ફરી ફંગોળાઈ ગયો હતો. મને લાગે છે કે તેની સૂટકેશ એ જી-જાનથી બચાવવા માગે છે.'

'તો એ સૂટકેશનો માલિક અહીં આવવા માગે છે, એમ જ ને?'

'હા, કેમ કે તે આપણા બોર્ડને ધ્યાનથી વાંચતો હતો, વાંચ્યા પછી ઝડપથી આ બાજુ આવવા પગ ઉપાડ્યા હતા. કદાચ અત્યારે ચોકીદાર સાથે વાત કરતો હશે'

'એ કારમાં બેઠેલી વ્યક્તિના હાથમાં સૂટકેશ હતી?'

'હા.'

'કંઈક અજાયબ તો કહેવાય!' ધ્યાનથી વાતચીત સાંભળી રહેલા વિનોદે કહ્યું.

'ગોટાળો કંઈક સૂટકેશમાં જ છે. કારવાળો કદાચ સૂટકેશ બદલી લેવા માગે છે.' વકીલે તેમનો નિર્ણય જણાવ્યો.

'વકીલનું વિધાન સાંભળી વિનોદ કંઈક ઊંડા વિચારોમાં ખોવાઈ ગયો. જ્યારે વકીલના ચહેરા પર તો આ બધું તેઓ પહેલેથી જ જાણી ચૂક્યા હતા એવો ભાવ હતો. ઊંડે ઊંડે વિનોદને પોતાનામાંની ઊણપનું લાંછન લાગવા માંડ્યું. પોતે આ બે વ્યક્તિઓના સંસર્ગમાં રહ્યો છે છતાં પોતાનામાં કેમ તેમના જેટલી અનુમાનશક્તિ આવી નહીં હોય!'

'કારનો નંબર કે કારની જાત?'

'બ્યુકનું જૂનુ મોડલ, બી, ડબ્બલ એક્સ, ડબ્બલ ટુ સેવન ટુ.' વિનોદને ફરી ચમકવું પડ્યું. બક્ષીએ કારનો નંબર યાદ રાખ્યો હશે એનો તો તેને વિચાર સુધ્ધાં નહોતો આવ્યો. આટલું બધું થયું, કારનો નંબર યાદ રાખ્યો છતાં બક્ષી કેટલા બધા સ્વસ્થ છે. અને વકીલે પણ ધારી લીધું છે કે કોમ્પ્યુટરની માફક બક્ષી બધા જવાબ આપશે જ. વકીલ સામેના રફપેડ પર લખી લીધું BXX 2272 જૂનું મોડલ, બ્યુક.

થોડી વારમાં જ બારણા પર સંકેતી ટકોરા પડ્યા.

'યસ, કમ ઈન!' વકીલે કહ્યું અને મુવીંગ-ચેર પર સ્વસ્થ થઈ ટટ્ટાર બેસી ગયા.

'બારણું ખોલી મિસ રોઝી અંદર આવી. પાછળ કળવાળું બારણું એની જાતે બંધ થઈ ગયું.'

'એક સદ્‌ગૃહસ્થ આપને મળવા માગે છે, સર.' બને તેટલી સૌમ્યતાથી મિસ રોઝીએ કહ્યું.

'એની પર્ટીક્યુલર્સ?'



'બહુ ગભરાયેલા છે. હાથમાં મજબુતાઈથી પકડેલી સૂટકેશ છે. ત્રીસેક વર્ષની ઉંમર હશે. કાળા સૂટમાં હેન્ડસમ લાગે છે. માથે ટૂંકા અને અસ્તવ્યસ્ત વાળ છે. આંખની આજુબાજુ આછા રંગના કૂંડાળા છે. શરીરની પર્સનાલિટિ સાથે આંખોનો મેળ નથી બેસતો. કદાચ ચશ્માં પહેરવા ટેવાયેલા હશે. આંખોમાં એક જાતની ઝાંખપ છે. કહે છે કે એમની સૂટકેશ બદલાઈ ગઈ છે. કોઈ એક બદમાશ...'

'બસ.'

વકીલના 'બસ' સાથે મિસ રોઝી બોલતી બંધ થઈ ગઈ. બોલવાનું બંધ કર્યા પછી એક અડછડતી નજર વિનોદ તરફ નાખી લીધી. વિનોદ ચૂપ નિષ્ક્રિય રહી હથેળી ટેબલ પર ટેકવી મિસ રોઝીને તાકી રહ્યો હતો.

'એમને અંદર મોકલ.' વકીલે કહ્યું.

'ઓ.કે. સર' રોઝી પાછી ફરી બારણા તરફ જવા લાગી. જતાં જતાં વિનોદ તરફ એક નજર નાખી લીધી.

વિનોદ એ જ નિષ્ક્રિયતાથી મિસ રોઝીને જતી જોઈ રહ્યો.

## ૨.

'બારણું ખોલી એ વ્યક્તિ અંદર આવી.'

હજુ પણ તેનો ગભરાટ ઓછો થયો નહોતો. ગભરાટને કારણે આંખો ભયથી વિહ્‌વળ થયા કરતી હતી. આછો પસીનો ચહેરા પર વળ્યો હશે. જો કે શર્ટની અંદરની ગંજી તો પૂરેપૂરી ભીંજાઈ ગઈ હશે!

'આવો, બેસો.' વકીલ આગંતુકને અવલોકી રહ્યા. વિનોદ તરફ એક અણસારો કરી દીધો.

'વિનોદે ઊભા થઈ પંખાની સ્પિડ વધારી અને કાચના વોટર કુલરમાંથી ઠંડા પાણીનો ગ્લાસ ભરી આગંતુકને આપ્યો.'

એક શ્વાસે એ વ્યક્તિ આખો ગ્લાસ પાણી પી ગઈ. ઠંડા પાણીના સ્પર્શે તેને શાતા વળી હોય એવું લાગ્યું. ખિસ્સામાંથી રૂમાલ કાઢી ગળા અને ચહેરા પરનો પસીનો લૂંછતા તે વ્યક્તિ વકીલે ચીંધેલી ખુરશી તરફ જવા લાગી. ખુરશી પાસે પહોંચી. હાથમાંથી સૂટકેશ નીચે મૂકયા સિવાય ખુરશી પર ધબ દઈ બેસી પડી. આ સિચ્યુએશન યોગ્ય ન લાગતાં હાથમાંની સુટકેશને ખોળામાં મૂકી તે વકીલ તરફ જોઈ રહી. ક્ષણ-બે ક્ષણ વકીલ તરફ નજર ટકવા દીધી. પછી બક્ષી પર નજર ઠેરવી. ત્યાંથી ઉંચકીને વિનોદ તરફ જોયું.

'હા, કહો શું કહેવું છે?' વકીલે તેને બોલવા પ્રોત્સાહન આપ્યું.

એ વ્યક્તિએ ફરી વખત બક્ષી અને વિનોદ તરફ જોયું.

'એમનો કોઈ વાંધો નહીં એ મારા માણસો છે. આ છે મિ. બક્ષી અને આ છે વિનોદ. અમારી આગળ તમારો બોલેલો એક પણ શબ્દ બહાર નહીં ફેલાય; એની અમે બાંહેધરી આપીએ છીએ.'

એ એક ભારે શ્વાસ લઈ, ધીમે ધીમે ઉચ્છવાસ બહાર કાઢી ખુરશીમાં વ્યવસ્થિત ગોઠવાયા.

'આપનું નામ સાંભળ્યું હતું એટલે ભય હોવા છતાં આટલે દૂર આવ્યો.' એ એક શ્વાસે જેમ તેમ કરી બોલ્યા.

'હંઅ!' વકીલ ટેબલ પરના પેન-સ્ટેન્ડને નીહાળી રહ્યા. પેલાની સામે એકધારું તાકી રહી તેને ક્ષોભિત કરવાનું તેમને ઉચિત ન લાગ્યું હા, વાતચીતનો દોર બરોબર સંધાય પછી વાંધો નહીં.

'નામ?'

'મને બધા નવનીતરાય દલસુખરામ દોશીના નામે ઓળખે છે.'



વકીલે વિનોદ તરફ નજર કરી. વિનોદ જે જે મુદ્દા ટપકાવવાના હોય એ માટે બોલપેન હાથમાં પકડી તૈયાર થઈ બેસી ગયો હતો. શોર્ટહેન્ડનું તેનું જ્ઞાન વિશાળ હતું.

'કામ?'

'બિઝનેશ.'

'શાનો?'

'એ નક્કી નથી.'

'હંઅ?' વકીલે પ્રશ્નાર્થ નજરે દોશી તરફ જોયું.

'હા, એ ન પૂછો તો સારું. અત્યારે તો મારું મોટાભાગનું રોકાણ શેરબોન્ડ અને ફીક્સ ડીપોઝીટ્સમાં છે. વચ્ચે કોઈ બિઝનેસ કરી લઉં છું. પણ સાચું કહું તો કોઈ બિઝનેશમાં મારો પગ ટકતો નથી. કોઈ સારો બિઝનેસનો પ્લાન મળી જાય તો... મતલબ કે કોઈ પરદેશી ભાગીદારીમાં તો બધી મૂડી તેમાં રોકવાનો વિચાર છે. આ માટે વારંવાર પરદેશ પણ જાઉં છું આપણો દેશી ભાગીદાર મળે પણ એવું છે ને કે....'

વકીલને લાગ્યું કે મિ. દોશી હવે વાતચીત માટે યોગ્ય થયા છે. તેમનામાંનો ગભરાટ સહેજ ઓછોથયો હોય એવું લાગ્યું. તેમણે દોશી જે વાત કહેતા હતા એ વાત સાંભળ્યા કરી પણ દોશીએ જેવું બોલવાનું બંધ કર્યું કે તરત મૂળ વાત પર આવ્યા.

'હમણાં મે સાંભળ્યું છે કે આપની સુટકેશ...'

'હા, હા, એટલા માટે જ આવ્યો છું' દોશીએ વાતને ઝીલી લીધી પણ તરત જ પાછો ગભરાટ આવીને તેમનામાં બેસી ગયો. હાથમાંની સુટકેશને બરોબર મજબુતાઈથી પકડી રાખી.

'તમે નાહકના ગભરાઈ ગયા છો.' વકીલને બોલવું પડ્યું.

'ના, વકીલ સાહેબ, એવું નથી. આપ મારી પરિસ્થિતિને

જાણતા નથી એટલે આપને એવું લાગે છે. આપ જો મારી જગાએ હોત તો...'

'તો તમારી પરિસ્થિતિ કહો, હું જાણું તો ખરો.'

'જણાવવા જ આવ્યો છું, સાહેબ. અને આપને મારા વકીલ તરીકે રોકવા. ફીની ચિંતા ન કરશો. આપ જેટલી માંગશો એટલી ફી આપી દઈશ. પણ આપે મને આ બધામાંથી આંગળી પકડી બહાર કાઢવો પડશે. મને અને મારા નામને ઈજા ન થાય એમ મારા હિતનું રક્ષણ કરવું પડશે.'

'શું બન્યું છે?'

'હું આજે જ પ્લેન મારફતે દેશમાં આવ્યો છું. પ્લેનમાં કોઈ બદમાશે મારી સુટકેશ બદલી લીધી છે.'

'આ સુટકેશ છે એ બદલાયેલી સુટકેશ છે, નહીં?'

'હા.'

'આગળ કહો, શું થયું?'

'મારી સુટકેશ બદલાઈ ગઈ,'

'જુઓ, મી. દોશી, જ્યાં સુધી તમે સ્વસ્થ નહી થાવ, તમારો ગભરાટ ઓછો નહી થાય ત્યાં સુધી તમારી ટ્રબલ શું છે એ હું જાણી નહીં શકું, પછી કહો, કેવી રીતે તમારા હિતનું રક્ષણ થાય?'

'વકીલ સાહેબ, તમે કહો છો એ બરાબર પણ મારી સુટકેશ બદલાઈ ગઈ.'

'હા. એ વાત સાચી.'

'અને જેમણે એ બદલી લીધી એ ફરીથી આ બદલાયેલી સુટકેશ બદલવા માગે છે'

'તો પાછી આપી દો.'

'આપી દઉં?'



'હા, હા, એમાં શું ?'

'તો તેમણે કેમ બદલી હતી?'

'એ તો હું શું જાણું. ભૂલથી બદલાઈ ગઈ હશે.'

'ભૂલથી બદલાઈ ગઈ હશે, વકીલ સાહેબ,' દોશી ક્ષણ-બે ક્ષણ તાકી રહ્યા પછી જોરથી કહ્યું, : 'નહીં! ભૂલથી નથી બદલાઈ, જાણી જોઈને બદલાઈ છે. બદલવા પાછળ એક મોટું રહસ્ય છે.'

'એ તમે કેવી રીતે કહી શકો છો?'

'જેની સુટકેશ બદલાઈ છે એ સીધી રીતે મારી આગળ આવી શકતો નથી કે આપણી સુટકેશ બદલાઈ ગઈ છે. ચાલો, હવે જેની હોય એ પોત-પોતાની લઈ લે. પણ એ બનાવટ કરી, જોર-જુલમથી મારી પાસેની સુટકેશ લઈ લેવા માગે છે.'

'હમણાં એકસીડન્ટ પણ એ જ કારણે થતો રહી ગયો ને?'

'એકસીડન્ટ! ' દોશી ચમક્યા. 'તમને કોણે કહ્યું વકીલ સાહેબ?'

'જૂનું બ્યુકનું મોડલ છે. નંબર છે, બી ડબ્બલ એક્સ ડબ્બલ ટુ, સેવન ટુ?'

'હા, હા, એ જ વકીલ સાહેબ, પણ તમને કહ્યું કોણે?' 'જુઓ મારી પાસે એનો નંબર પણ લખી લીધેલો છે' દોશીએ ખિસ્સામાં હાથ નાખી નંબર લખેલી ચબરખી બતાવી.

'જુઓ મિસ્ટર દોશી, તમે શાંતિથી જે કંઈ બન્યું હોય એ કહો, પછી આપણે એ વિશે વિચારીએ.'

'હું આજે હમણાં કલાક પહેલાં પ્લેનમાંથી ઊતર્યો' દોશીએ કહેવાની શરૂઆત કરી, 'વકીલ સાહેબ, થોડું પાણી મળી શકશે!' ગભરાટ અને ભયના કારણે દોશી સ્વસ્થ નહોતા રહી શકતા.

વિનોદે ફરી વોટર કુલરમાંથી ઠંડા પાણીનો ગ્લાસ ભરી

આપ્યો. બે ઘૂંટડે દોશીએ ગ્લાસ પૂરો કર્યો, ગળું ખંખાર્યું અને કહેવાની શરૂઆત કરી : ‘મને પોતાને ખબર નથી પડતી કે હું આટલો બધો કેમ ગભરાઈ ગયો છું. જાણું છું કે ગભરાયો છું પણ ગભરાટ પણ નિયંત્રણ નથી લાદી શકતો. સ્વભાવને ઠંડો કરવામાં ઠંડા પાણીએ થોડી અસર પાડી હતી.

‘પ્લેનમાંથી ઊતરી કસ્ટમમાં સુટકેશ જવા દઈ, બધું ચેક કરાવી હું બહાર નીકળ્યો. મારી પાછળ ચશ્મા પહેરેલ અને દાઢીવાળા એક સદગૃહસ્થ હતા. હવે કપડાં અને ફેશનમાં દુનિયા એવી ઢંકાઈ ગઈ છે કે કોણ સદ્‌ગૃહસ્થ છે, કોણ બદ્‌ગૃહસ્થ છે એ જાણી શકાતું નથી. એરોડ્રામની બહાર નીકળ્યા ત્યાં સુધી તો એ ગૃહસ્થ સદ્‌ગૃહસ્થ હતા પણ જ્યાં મેં ટેક્સી ખોળવા માંડી કે એ ગૃહસ્થ બદગૃહસ્થ બની ગયા. મને સજ્જડ ધક્કો લાગે એમ તેઓ આડું જોઈ અથડાયા. પછી મને નીચે પડી ગયેલો ભાળી ઊભો કરવા આવ્યા. દયામણું મો કરી મારી માફી માગવા લાગ્યા. તેમને કંઈક કહી નાખવા હું ઈચ્છી રહ્યો હતો પણ તેમની મુખમુદ્રા જોઈ ગમ ખાઈ ગયો. પણ મને લાગે છે કે ત્યાં મારી એક ભૂલ થઈ ગઈ!’

‘શું?’

‘જો ભૂલ ગણો તો ! હું એને ભૂલ નથી માનતો. પણ એ મહાશયે ચોક્કસ એને મહાભંયકર ભૂલ માની હશે અને આ બધું થયેલું જોતાં હવે મને લાગે છે કે એ મારી ભૂલ હતી. મારે એટલું જ કરવું જોઈતું હતું કે જ્યારે નીચે પડી ગયો ત્યારે હાથમાંની સુટકેશ છોડી દેવી જોઈતી હતી, અથવા જાણી જોઈને ફેંકી દેવી જોઈતી હતી. જો એમ કર્યું હોય તો એ મહાશય તુરત સુટકેશ બદલી ઊભી રહેલી એમની બ્યુકમાં ચાલ્યા ગયા હોત!...’



‘એક મિનિટ.’ વકીલ વચ્ચે બોલી ઉઠ્યા.

‘શું ?’

‘તમને કેવી રીતે ખબર પડી કે પાસે ઊભી રહેલી બ્યુક એમની જ હશે?’

‘ત્યારે તો ખબર નહોતી પડી કે પાસે ઊભી રહેલી બ્યુક એમની જ હશે!

‘હંઅ, હવે આગળ કહો.’

‘થોડી ચોખવટ કરી દઉં?’ અચાનક દોશીને કંઈક યાદ આવ્યું હોય એમ ચમક્યા.

‘શું?’

અત્યારે હમણાં જ ખબર પડે છે કે એક-કે-બીજે બહાને હું જ્યારે જ્યારે પરદેશથી દેશમાં આવું છું ત્યારે આવું જ કરે છે!

‘શું?’ વકીલ પણ ચમક્યા. બક્ષી અને વિનોદ આગળ સાંભળવા વધુ ટટ્ટાર થયા.

‘હા, સાહેબ મને લાગે છે કે દર વખતે મારી સુટકેશ બદલાતી રહી છે.’

‘ચોક્કસ કહો છો?’

‘હા.’

‘કોઈ પુરાવો. મતલબ કે દરવખતે એ જ માણસ તમારી સાથે અથડાય છે?’

‘ના, અત્યાર સુધીમાં અથડાવાનો તો કદાચ આ ત્રીજો પ્રસંગ હશે. પણ દર વખતે કોઈને કોઈ સારી યુવતીનો સાથ મળી જાય છે. મોટે ભાગે એ બધી યુવતીઓ જોડે હું ચા-પાણી પીવા પાસેની લોજમાં ગયો છું. અને એ બધી યુવતીઓ પાસે મારા જેવી સુટકેશો હતી. જો કે આમેય બધી સુટકેશો તો સરખા જેવી હોય છે.’

'હંઅ!' વકીલે એક ભારે શ્વાસ લીધો. 'આગળ કહો, જ્યાંથી અધુરું રહ્યું ત્યાંથી'

'હા, એ માણસે મને ઊભો કર્યો. તેનું દયામણું મોં જોઈ હું કશું બોલી તો ન શક્યો પણ મનમાં તેના પણ ધૂંધવાયો. કપડાં પર ચોટેલી ધૂળને હાથ ઝાપટી સાફ કરી અને એક માઈલમીટરમાં બેસી ગયો. એ માઈલમીટરવાળા સાથે હું બે-ત્રણ વખત પરિચયમાં આવેલો તેથી મને ઓળખતો થઈ ગયો હતો.' તેણે પૂછ્યું : 'ઘેર જ લઈ લઉં ને સાહેબ.' મેં કહ્યું 'હા' અને હું ઘર તરફ જવા લાગ્યો.

સીધી રોડ પર પૂરપાટ માઈલમીટર ચાલતી હતી ત્યાં જ માઈલમીટરવાળો ધીરેથી બોલ્યો : 'સાહેબ પાછળ ન જોશો.'

'કેમ?'

'તમારો પીછો થઈ રહ્યો છે.' તેણે ઝડપથી વ્હીલ ફેરવી વચ્ચે આવતા એ સ્કુટરવાળાને ઓવરટેઈક કર્યો.

તેનું કહેવું સાંભળી હું ચમક્યો. ગભરાટથી પાછળ જોવા ફર્યો.

'સાહેબ, પાછળ ન જોશો.' માઈલમીટરવાળો ફરી ઝડપથી બોલ્યો.

મેં પાછળ જોવાનું રહેવા દીધું અને ભયથી સંકોચાઈને બેસી ગયો.

'પાછળ જોશો તો તેમને ખબર પડી જશે કે તમને ખબર પડી છે.'

ક્ષણ બે ક્ષણ ચૂપકીદી છવાઈ.

'તને કેવી રીતે ખબર કે પીછો થઈ રહ્યો છે ?' મને હજુ શંકા હતી.

'સાહેબ અમને બધી ખબર પડે. તમે જો પિકચર જોતા હો તો તમે પણ જાણી જાવ, અને ભાડેથી વાહન ફેરવવાનો અમારો ધંધો



રહ્યો. આજુબાજુનું આવું અવલોકન કરવા અમે ટેવાયેલા હોઈએ છીએ.'

'હવે કંઈ ઉપાય !' ના છૂટકે મારે તેને પૂછવું પડ્યું.

'પીછો છોડાવવો છે?'

'હા'

'તો શાંતિથી બેસી રહો.' અને તેણે માઈલમીટરની ગતિ વધારી.

'એ વખતે તો હું પીછો છોડાવી શક્યો. વિના વિઘ્ને માઈલમીટરવાળાની હોશિયારીથી ઘરે પહોંચી શક્યો. પણ ઘરમાં ગયો ત્યારે ખબર પડી કે ના હજુ હું મુક્ત નથી. સુટકેશમાંથી કપડાં કબાટમાં મૂકી દેવા સુટકેશ ખોલી ત્યાં જ ખબર પડી કે સુટકેશ મારી નથી. સુટકેશમાંના કપડાં મારાં નથી.કુતુહલથી વશ થઈ સુટકેશમાંનું બધું ફેંદી જોયું. આશ્ચર્ય તો એ વાતનું થયું કે મારી સુટકેશમાં જે જે હતું એ બધું એ જ સુટકેશમાં હતું સિવાય કે કપડાંના રંગ અને ડિઝાઈનમાં ફરક !' દોશી સહેજ થાક ખાવા થોભ્યા.

'આ એ જ સુટકેશને?' વકીલે પૂછ્યું.

'હા, સાહેબ. આ એ જ સુટકેશ. પણ તમે આ જાણો છો ને ફરીથી કેમ પૂછો છો?'

'અમારો વકીલનો ધંધો. આગળ કહો.'

'બસ, પછી મેં સાંભળ્યું હતું કે તમે કાયદાની આંટીઘૂટીમાં ખૂબ પંકાયેલા છો એટલે અહીં દોડી આવ્યો.'

'તમે બીજી એક ભૂલ કરી' વકીલે કહ્યું.

'શું?'

'તમારે આ માટે મારી પાસે દોડી આવ્યાં કરતા પાસેની પોલીસ ચોકીએ જવું જોઈતું હતું. ત્યાં આ માટે તમને સારી મદદ મળી

શકે.'

'કેમ તમારાથી નહીં થઈ શકે?'

'હું શું કરું, કહો? હા, તમે કાયદામાં સપડાયા હો તો કાયદાથી તમને છોડાવી શકું. કોર્ટમાં લડી તમારી પ્રતિષ્ઠા અને નુકશાની મેળવી આપું. પણ જ્યાં પોલીસના હાથની વાત છે ત્યાં મારાથી શું થાય ? બદમાશો તમારી પાછળ પડયા છે તો પોલીસ રક્ષણ આપશે. સુટકેશ બદલાઈ છે તો પોલીસ આગળનો મામલો સંભાળી શકશે. તમે તો કાંઈ ખોટું નથી કર્યું. બદલનારે બદલી લીધી છે તો તેમાં તમારો શો વાંક? સારું એ છે કે જેમ બને તેમ જલ્દી પોલીસને ખબર આપો.'

'પણ તમે નહીં જાણતા હો કે એક જાતનો ભય મને પહેલેથી રહ્યા કરે છે. એમાં આ ઉમેરો થયો.'

'ભય? કઈ બાબતનો ?'

'એ હું અત્યારે નહીં કહું. સમય આવ્યે જણાવીશ.'

'જુઓ, વકીલ અને ડૉક્ટર આગળ બધું બતાવી દેવું એ સારું! પછી જ્યારે મામલો હાથ બહારનો થઈ જાય ત્યારે સંભાળવો મુશ્કેલ પડે.'

'વકીલ સાહેબ, એટલા માટે તો હું તમારી પાસે આવ્યો છું. જો મામલો બહેકી જાય તો મારા હિતનું રક્ષણ કરજો એ માટે હું અગાઉથી તમને રોકી લેવા માંગુ છું.'

'વારું, આગળ કહો.'

'અને હા બીજું જો પોલીસ પાસે જાઉં તો પોલીસ વાતને છાપે ચઢાવે અને તમે જાણો છો આવી બાબતમાં છાપે ચઢ્યા પછી પ્રતિષ્ઠાને આંચ લાગે છે. અને હું મારી પ્રતિષ્ઠા બાંધવા ઈચ્છું છું. આગળ કહ્યું એમ મોટું સાહસ કરવા માંગું છું. જો આવા કિસ્સામાં



મારું નામ સંડોવાઈ જાય તો પછી કોણ મારામાં વિશ્વાસ મૂકે?'

'હં અ !' વકીલ વિચારમાં પડ્યા. 'અને હમણાં એકસીડન્ટ થઈ જતાં રહી ગયો એ પેલી વ્યક્તિ જ હતી ને? '

'હા, સાહેબ.'

વકીલે ભીંતે અઢેલીને મૂકેલી ખુરશીમાં બેઠેલા બક્ષી તરફ જોયું. બક્ષીએ હકારમાં માથું હલાવ્યું.''

'ચશ્માં પહેરેલી અને દાઢીવાળી વ્યક્તિ, નહીં મી. દોશી?'

'હા, સાહેબ, માઈલમીટરમાં બેઠેલો હતો ત્યારે પણ ડ્રાયવરના કહ્યા હોવા છતાં એક વખત પાછળ અડછતી નજર નાખી લીધેલી. એ વખતે પણ એ જ વ્યક્તિ હતી.'

'એટલે કે એ વ્યક્તિ ગમેતેમ કરી બદલાયેલી સુટકેશ પાછી લઈ લેવા માગે છે. અમુક કારણોસર તે સામે આવી સુટકેશ નથી બદલી શકતી. પણ આ એકસિડન્ટનો પ્રસંગ જોતા હવે એ વ્યક્તિ ઉશ્કેરાય છે. મતલબ કે ગમે તેમ કરી તેને સુટકેશ પાછી જોઈએ છે.' વકીલ બબડ્યા.

'અને આવા પ્રસંગો જયારે પરદેશથી દેશમાં આવે છે ત્યારે બને છે એવું મિસ્ટર દોશીનું માનવું છે.' બક્ષીએ વકીલના કથનોમાં ખૂટતું ઉમેર્યું.

'વિનોદ, સુટકેશ ખોલ.'

'લો, હું જ ખોલું છું સાહેબ.' દોશીએ ઊભા થઈ વકીલના ટેબલ આગળ આવી સુટકેશ ખોલી.

'આ કપડાં દેખાય છે એ એકેય મારાં નથી.'

'હા, ડેકલેરેશન - ફોર્મમાં જે વિગતો ભરેલી એ વિગતો મુજબ બધું આમાંથી મળી આવે. સિવાય કે કપડાના રંગ, ડિઝાઈન અને માપ.'

'જ્યારે જ્યારે તમે દેશમાં આવો છો ત્યારે ત્યારે કસ્ટમમાં તમારે સુટકેશ ખોલવી પડે છે? કહેવાનો આશય એ કે બધું ધ્યાન પૂર્વક તપાસે છે.'

'ના, શરૂઆતમાં જ્યારે જવા-આવવાનું શરૂ કર્યું ત્યારે બધું કાળજીથી તપાસતા હતા પણ હવે ખાસ કાળજી રાખતા હોય તેમ જણાતું નથી. તેમના મગજમાં કદાચ પ્રામાણિક મુસાફર તરીકેની છાપ અંકાઈ ગઈ હશે!'

'અને આ બધું બદમાશોના જાણવામાં આવી ગયું છે. મિસ્ટર દોશી આ સુટકેશ પર ઓપરેશન કરીએ તો તમારો કોઈ વાંધો છે?'

'ઓપરેશન?'

'હા! જોઈએ શી બીના છે. જો ખરેખરી તોડફોડ કરવાની હશે તો પોલીસની હાજરી અવશ્ય જોઈશે જ. વિનોદ ચાલ તારી બુધ્ધિ લડાવ. પહેલી બધી વસ્તુઓ પછી સુટકેશના પડ.'

વિનોદે સૂટકેશ પાસે આવી એક પછી એક બધી વસ્તુઓ બહાર કાઢી તપાસવા માંડી. કપડાં, હજામતનાં સાધન, ક્રીમ, પરચુરણ સ્ટેશનરી, ચેકબુક, થોડી નોટો, અંગત કાગળો બધી વસ્તુઓ બહાર કાઢી. તપાસી જોઈ, ખખડાવી જોઈ, પણ કોઈ શંકિત વસ્તુ ન નીકળી કે કોઈ એવો માલ ન નીકળ્યો.

'સૂટકેશની તપાસ કર, જોઈએ કોઈ ચોરખાનું?'

વિનોદે સૂટકેશને આજુબાજુ ફેરવી જોઈ નાખી. ઝીણવટથી તસુએ તસુ સપાટી જોઈ કાઢી પણ કંઈ હાથમાં લાગ્યું હોય એવા ભાવ મો પર ન જણાયા.

'મારી પાસે લાવ.'

વિનોદે સૂટકેશને વકીલને આપી.

વકીલ થોડી વાર સૂટકેશને બરોબર જોઈ રહ્યા.



'નાનું સ્ક્રૂ ડ્રાયવર!'

'ટેબલના નીચલા ડ્રોઅરમાં.' બક્ષીએ ખુરશીમાં રહ્યાં રહ્યાં વિનોદને કહ્યું.

વિનોદ બક્ષીની ઑફિસમાં જઈ સ્ક્રૂડ્રાયવર લઈ આવ્યો. સગવડતા માટે બક્ષીની કામ માટે વચ્ચે પાર્ટીશન ઊભું કરી જુદી રૂમ બનાવાઈ હતી.

વકીલે નિષ્ણાતની અદાથી સ્ક્રૂ ખોલવા માંડ્યા.

'મને લાગે છે ત્યાં સુધી ધારની મેટલપટી માટે રિવેટ વપરાય છે, નહીં કે સ્ક્રૂ. એક સ્ક્રૂ ખોલી વકીલે કહ્યું.'

એક નવો ઝબકારો વિનોદ અને દોશીના મસ્તકમાં વ્યાપી ગયો. શું થાય છે. અને ઉત્કંઠા તઓ સુટકેશ પર થતી ક્રિયા નીહાળી રહ્યા. જ્યારે બક્ષીના ચહેરા પરથી તો એવું લાગતું હતું કે તેમના માટે આ નવાઈની વાત નથી.

ત્રણેક સ્ક્રૂ ખોલી વકીલે ચપ્પુની ધારથી મેટલની પટ્ટી સહેજ ઉંચી કરી જોઈ. તેમની આંખો ચમકી, પણ એ અર્ધી ક્ષણ માટે જ. તરત તેમણે ચપ્પુની ધાર કાઢી લીધી. મેટલની પટ્ટી હતી એવી થઈ ગઈ.

'વિનોદ, મિ. જાડેજાને ફોન કરી તાબડતોબ અહીં બોલાવ.'

વિનોદે ફોન કરવા રિસિવર ઉપાડ્યું : 'હલ્લો, પોલીસસ્ટેશન?'

'પોલીસસ્ટેશન!' દોશી ચમક્યા. એકદમ વકીલના ટેબલે દોડી આવ્યા : 'મામલો તમે પોલિસને સોંપવા માંગો છો?'

'જુઓ મિ. દોશી, હવે આ પોલીસના હાથની વાત છે, નહીં કે મારી. આગળનું બધું પોલીસ સંભાળી લેશે.'

'પણ ?...'

'જો હું કંઈ અત્યારે છુપાવું તો સરકારનો ગુનેગાર ગણાઉં

અને હું સરકારનો ગુનેગાર બનવા નથી માંગતો.'

'પણ તમે...!'

'જુઓ, તમે નાહકના ગભરાવ છો. તમારે હવે ગભરાવાની કંઈ ચિંતા નથી. તમારો કેસ મેં લઈ લીધો છે. તમારા હિતનું રક્ષણ કરવાની હું ફરજ માનું છું.'

દોશીનો શ્વાસ કઈ નીચે બેઠો. તેઓ જઈને તેમની ખુરશી પર પાછા બેસી ગયા.

'મિસ રોઝી.' વકીલે ઈન્ટરકૉમનું બટન દબાવ્યું. 'મિસ્ટર દોશી આપણા અસીલ છે. તેમનું ફોર્મ ભરી લો અને મને જણાવો કે કેસ નંબર કયો છે.'

'ઓ. કે. બૉસ.'

## 3.

ગણતરીની પળોમાં જ પોલિસ ઈન્સ્પેક્ટર જાડેજા ઉતાવળા ઉતાવળા વકીલની ઑફિસમાં ધસી આવ્યા. ચોકીદાર કે મિ. રોઝીને પૂછવા પણ ન રહ્યા અને સીધા વકીલની સામે ઉપસ્થિત થઈ ગયા.

'મને આશા નહોતી કે તમે આટલા જલ્દી આવી પહોંચશો.'

'તમે યાદ કર્યો ને હું ન આવું એવું કદી બન્યું છે? જરૂરી કામ હતું એ સૈયદને સોંપીને સીધો ભાગી આવ્યો.'

ઈન્સ્પેકટર જાડેજાને ખુરશીમાં બેસવાનું કહેવાનું કે સામે પાણીનો પ્યાલો ધરવાની જરૂર ન હતી. તેમણે સીધા વોટર-કુલર પાસે જઈ બે ગ્લાસ પાણી ઢીંચી લીધા અને દૂરની ખુરશીને ઘસડી વકીલની સામે બેસી ગયા.

'કહો, કેમ અચાનક યાદ કર્યો?'



'તમે ધારી લીધું હશે તો ખરું જ!'

'જુઓ વકીલ, તમારા જેટલી બુધ્ધિ મારામાં નહી હોય પણ એટલું તો અનુમાન કરું છું કે -' ઈન્સ્પેકટર જાડેજા ખુલ્લી થયેલી સુટકેશને અને દોશીને જોઈ રહ્યાં.

'બોલો શું અનુમાન કર્યું?'

ઈન્સ્પેક્ટર જાડેજાની તિક્ષ્ણ નજર સ્ક્રૂ ડ્રાયવર તરફ પણ પહોંચી ચૂકી હતી. પણ એટલી સહેલાઈથી કોઈની વાતોમાં એ આવે એવા નહોતા. જો એમ ન હોત તો અત્યારે ઈન્સ્પેકટર ના હોદ્દાએ પહોંચી ન શક્યા હોત!

'તમને કહ્યું તો ખરું કે તમારી જેટલી બુધ્ધિ મારામાં નહીં હોય!'

ઈન્સ્પેકટરની જયાં જયાં નજર પહોંચી હતી ત્યાં ત્યાં અનુસરીને વકીલ પામી ગયા કે ઈન્સ્પેકટરની ધ્યાનમાં બધું આવી ગયું છે; પણ તેઓ શાંત છે. સામેની વ્યક્તિ પાસેથી વાત કાઢવા માંગે છે. જો ગફલત થઈ કે કંઈ આડું વેતરાઈ ગયું તો સિંહની માફક ગળામાં પંજો ભરેવે એવા છે.

'આ છે, મિસ્ટર નવનીતરાય દોશી.' વકીલે ઓળખ કરાવી 'અને આ છે પોલીસ ઈન્સ્પેકટર જાડેજા. મારા ખાસ મિત્ર.'

બંને એ એકબીજાનું અભિવાદન કર્યું. પણ ઈન્સપેકટરની નજરમાં જોઈએ એવો સારો રણકો નહોતો. ગુનામાં સંડોવાયેલી વ્યક્તિ તરફ ઈન્સ્પેકટરને અણગમો હોય એ તો સર્વવિદિત છે.

'આ મિસ્ટર દોશી, આજે પ્લેન મારફત દેશમાં આવ્યા. તેમનું કહેવું છે કે તેમની સૂટકેશ બદલાઈ ગઈ છે.'

'બદલાઈ ગઈ છે કે બદલવામાં આવી, જાણી જોઈને.' ઈન્સ્પેકટરે ધારદાર નજરે દોશી સામું જોયું.

'બદલાઈ ગઈ છે સર! સાચું કહું, બદલાઈ ગઈ છે' દોશી ઈન્સ્પેકટરની ધારદાર નજરથી ગભરાઈ ગયા. ફરીથી ભય આવીને તેમનામાં બેસી ગયો.

'ચોક્કસ કહો છો?'

'હા, સાહેબ!'

'તેમને ખબર પડી કે સૂટકેશ બદલાઈ છે એટલે સીધા મારી પાસે દોડી આવ્યા.' વકીલે કહ્યું

'તમારી પાસે ? કેમ પોલીસચોકીએ ન ગયા?'

'જુઓ ઈન્સ્પેકટર, તેઓ મારા અસીલ છે. આ બાબતમાં મારી સલાહ લેવા અહીં આવ્યા છે.'

'સલાહ! હંઅ, પછી?'

'અમને શંકા ગઈ કે સૂટકેશ બદલવા પાછળ બદલનારનું કંઈ ભેદી કારણ હશે, કેમ કે બદલનારે આડી રીતે તેને પરત મેળવવા પ્રયત્ન આદર્યો.'

'એટલે?'

'સામે ભટકાઈને, પીછો પકડીને, અકસ્માત કરીને.'

'અકસ્માત?'

'હા, હમણાં આ ક્રોસિંગ આગળ અકસ્માત થતાં રહી ગયો'

'ત્યાં આગળ કોણ કોન્સ્ટેબલ છે?'

'એ તો હું શું જાણું.'

'હં અ, પછી?'

'પછી અમને શંકા ગઈ કે સૂટકેશ પાછળ કંઈ ભેદ છે તેથી સૂટકેશ ખોલી બધું તપાસી જોયું.'

'સૂટકેશનું તાળું તોડેલું?'

'બદમાશ એટલા તો સમજદાર છે ઈન્સ્પેકટર સાહેબ, કે



કસ્ટમમાં મિ. દોશી પાસે સત્તાવાળા સુટકેશ ખોલવા ચાવી માગે અને તાળું ન ખુલે તો...'

'એટલે આ સૂટકેશનું તાળુ મિ. દોશીની પોતાની માલિકીની સૂટકેશને મળતું છે. મતલબ કે બંને સુટકેશ એક જ ચાવીથી ખોલી શકાય.'

'એ માટે ઈન્સ્પેકટર સાહેબ, તમને અમારે સમજાવવા ન પડે.'

'પછી તમે તપાસ કરી, ખરું ને મિસ્ટર સંતોષી! કંઈ મળ્યું ?'

'એટલા માટે તો તમને બોલાવ્યા છે.'

'શું જડ્યું?'

'એ તમારી જાતે તમે જ જૂઓ. આ છે સ્ક્રૂ ડ્રાયવર, ત્રણ સ્ક્રૂ ખોલેલા છે. બાકીના તમે ખોલી નાખો.'

'કયા સ્ક્રૂ ?'

'ઈન્સ્પેકટર સાહેબ તમે ખરા છો. તમે જાણો છો છતાં...' વકીલ હસ્યાં.

ઈન્સપેકટર જાડેજાએ સૂટકેશ પોતા તરફ ખસેડી. મેટલપટ્ટી પરના ત્રણ ખોલેલા સ્ક્રૂ જોયા.''

'તમે આખી પટ્ટી નથી ખોલી?'

'ના, ત્રણ સ્ક્રૂ ખોલી, ચપ્પુની અણી વડે પટ્ટી ઉંચી કરીને જોયું હતું. લો આ ચપ્પુ' વકીલે ચપ્પુ ઈન્સ્પેકટર તરફ ખસેડ્યું.

થોડીવાર જહેમત પછી ઈન્સ્પેકટરે એક બાજુની પટ્ટીના બધા સ્ક્રૂ ખોલી નાખ્યા. પટ્ટીને લેધર પરથી ઉંચી કરી. પટ્ટી ઉંચી થતાં જ બહારના પ્રકાશનું પરાવર્તન કરતાં હારબંધ ગોઠવેલ ડાયમન્ડસ ઝગમગી ઉઠ્યા.

આટલા બધા ડાયમંડ્સ જોઈને ઈન્સ્પેકટર થડકો ખાઈ ગયા.

ચપ્પુની અણી વડે હારમાંથી એક ડાયમન્ડ ખસેડી પ્રકાશમાં ધરી રાખ્યું.

'આશ્ચર્ય ! તૈયાર માલ ! આના પર ફરી પ્રક્રિયા કરવાની જરૂર નહીં. બજારમાં મૂકો એટલે પૈસા જ પૈસા !' ઈન્સ્પેકટર બબડ્યા.

તરત તેમણે એ ડાયમન્ડ નીચે મૂકી ઝટપટ બીજી પટ્ટીઓ ખોલવા માંડી. પણ અચાનક કંઈ યાદ આવતાં થોડો ટાઈમ થોભ્યા.

'મિ. સંતોષી, તમારે આ બાબતના સાક્ષી રહેવું પડશે.'

'એને હું મારી ફરજ સમજુ છું.'

'આપણે બંને એકબીજાના સાક્ષી.' કહી ઈન્સ્પેકટર સ્ક્રૂ ડ્રાયવર લઈ બીજી પટ્ટી પર તૂટી પડ્યાં. ઝટપટ બીજી પટ્ટી પણ ખોલી નાખી. તેમાં પણ હારબંધ ડાયમન્ડસ નીકળ્યા. ત્રીજી પટ્ટી ખોલવા જતા હતા પણ રહેવા દીધું.

'હવે બીજું બાકીનું પોલીસ-ચોકીએ.' ઈન્સ્પેકટરે સ્ક્રૂ ડ્રાયવર નીચે મૂકી દીધું. 'મિ. દોશી, તમારે ત્યાં આવવું પડશે.'

'કેમ?' પોલીસચોકીનું નામ સાંભળતાં દોશી ફરી થથરવા લાગ્યો.

'તમારું સ્ટેટમેન્ટ તો લેવું પડશે ને!'

'અહીં સ્ટેટમેન્ટ આપી દઉં તો નહીં ચાલે?'

'તમારે શો વાંધો છે ત્યાં આવવાનો?'

'તમે જાણો છો ઈન્સ્પેકટર સાહેબ, બદમાશો બધો ગુસ્સો મારા પર ઠાલવશે.'

'અમે કંઈ હાથ ધોઈને નથી બેસી રહેતા. તમે કહેતા હો તો તમને પોલીસનું સંરક્ષણ આપીએ.'

'ના ! ના ! મને એ ન ફાવે. પોલીસ ભલે મારું રક્ષણ કરતા હોય પણ મને તો એવું જ લાગશે કે હું કેદી જેવી સ્થિતિમાં છું.'



'તો ભલે, જેવી તમારી મરજી! ચાલો' ઈન્સ્પેકટર ઊભા થયા.

'એક મિનિટ !' વકીલે કહ્યું. 'મિ. દોશી તમારું સરનામું આપતા જાવ.'

દોશી એ કોટના ઉપલા ખિસ્સામાંથી પોકેટ-ડાયરી કાઢી તેમાંથી સરનામાનું એક પત્તું લઈ વકીલને આપ્યું. 'વરસોવા ખાતેનું સરનામું આ મારું, મોટે ભાગે હું ત્યાં મળીશ.'

વકીલે કાર્ડ લીધું અને વાંચ્યું : 'નવનીતરાય ડી. દોશી, ૬૫-૬૮ અલીખાન કોર્નર, વરસોવા, મુંબઈ ફોન નં. ૩૦૦૨૫.'

'આ ફોન પર તમે જાતે જ હશો ને?'

'હા, જાતે જ હોઈશ. કદાચ કોઈ સ્ત્રી પણ હોઈ શકે - મારી સેક્રેટરી છે.'

'મારે એકલાને નોકર-ચાકરનો કાફલો શો જોઈએ. એક માણસ રાખ્યો છે એ બધું કરી જાણે છે'

'વિનોદ, જા જોઈએ, મિ. દોશીને પોલીસ ચોકી સુધી મૂકતો આવ.'

'આભાર સાહેબ ! હું મારી મોટર લઈને જ આવ્યો છું પણ વન-વે હોવાથી ગલીમાં નાકે ઉભી રાખી છે. ફરીથી આભાર ! તમે મારો કેસ હાથમાં લીધો તે બાબતનો. ઘરે જઈને હાલ પુરતી થોડી ફી મોકલી આપીશ.'

વિનોદે ત્યાં સુધી ખુલ્લી પડેલી સૂટકેશને ઠીકઠીક કરી નાંખી હતી. છેલ્લે તાળું પણ મારી લીધું અને ચાવી તથા સૂટકેશ દોશી તરફ ધકેલી પણ વચ્ચેથી જ ઈન્સ્પેકટરે એ લઈ લીધી.

દોશી પણ પહેલા આશ્ચર્ય પામ્યા પણ પછી ચાલો છૂટ્યા એવો કંઈ ભાવ તેમના મોં પર રમતો થઈ ગયો.

'અચ્છા' ઈન્સ્પેકટર સૂટકેશ લઈને ચાલવા લાગ્યા. 'સાંજ

સુધીમાં એ બાજુ આવી જજો. સાક્ષી તરીકેની સહી લેવી પડશે ને! કહેતા હો તો કોઈ કોન્સ્ટેબલને મોકલું.'

'ના એવી જરૂર નથી. હું જાતે આવી જઈશ. પણ કદાચ સંજોગોવશાત ન આવું તો ચોક્કસ મોકલજો.'

'બાય-બાય.' ઈન્સ્પેકટર બારણું ખોલી બહાર નીકળી ગયા. તેમને અનુસરતા દોશી પણ નીકળ્યા.

નીચેથી ઈન્સ્પેકટરનું રાજદૂત ઊપડ્યાનો અવાજ સંભળાયો ત્યાં સુધી ઑફિસમાંના ત્રણે જણ નિઃશબ્દ રહ્યા. જ્યારે એ અવાજ માનવમેદનીમાં લુપ્ત થયો ત્યારે ત્રણે જણ, વિશેષ કરીને વિનોદના માથેથી કંઈ અદશ્ય ઘેરાવ ગયો હોય એમ લાગ્યું. ત્રણે જણે થોડું હલન-ચલન કરી સ્વચ્છતા મેળવી.

થોડી જ પળોમાં હાથમાં ટ્રે લઈ મિસ રોઝી અંદર દાખલ થઈ. ખૂણામાંના ટી-ટેબલ પર ટ્રે મૂકી તેણે ચાર કપ તૈયાર કર્યા. બક્ષીના કપમાં સુગર ન નાખી કેમ કે તેઓના માટે મીઠાશ વર્જ્ય હતી.

પહેલા બે કપ તેને અનુક્રમે વકીલને અને બક્ષીને આપ્યા. મોટે ભાગે વિનોદ જાતે આવી કપ લઈ જતો હતો એટલે રોઝી થોડી વાર ક્યારે વિનોદ આવે એની રાહ જોતી ઊભી રહી પણ વિનોદનાં ઊભા થવાનાં લક્ષણો ન દેખાતાં કપ લઈ વિનોદ પાસે ચાલી આવી. વકીલ કે બક્ષી ન સાંભળે એમ એમના તરફ પીઠ કરી ધીમેથી બોલી, 'કેમ, બહુ ભાર આવી ગયો, નહીં !'

વિનોદે પહેલાં બક્ષી અને વકીલ તરફ જોઈ લીધું. તેઓ ચાની ચુસ્કી લેવામાં મશગૂલ હતા. મોકાનો લાભ લઈ તેણે રોઝી તરફ હોઠ ભીડી ડોળા કાઢ્યા.

રોઝી ધીમું હસતી હસતી ટી-ટેબલ પાસે ગઈ અને કપ લઈ



ઊભાં ઊભાં ચા પીવા લાગી

કપ ખાલી થયા ત્યાં સુધી એ જ ચુપકીદી ચાલુ રહી. એ જ ચૂપકીદીમાં મિસ રોઝી ચાનો સરંજામ સમેટી બહાર નીકળી ગઈ.

'કેસ નં. ૧૯૯૬, શું લાગ્યું બક્ષી?' વકીલે ચુપકીદી તોડી.

'આટલેથી અટકી જાય તો સારું!' બક્ષીનો હાથ ચુંગી ખોળવા ખિસ્સામાં ગયો.

'એટલે તારું માનવું છે કે હજુ આગળ....'

'એ તો ચોખ્ખું છે કે પોલીસ આટલેથી અટકશે નહીં નવનીતરાય દોશીની પાછળ લાગી જઈ પગેરું ખોળવા લાગશે. સાથે આપણે કેસ લીધો એટલે આપણે ટીચાવું પડશે. વધુ હોય એમ આ કૌભાંડમાં તું સાક્ષી થયો.'

'પણ પૈસા તો મળશે ને!'

'આ તારું હૃદય બોલે છે ?'

'હૃદય ! હં અ !' વકીલ થોડીવાર ચૂપ રહ્યા પછી રૂમ-તોડ હાસ્ય હસી પડ્યા. 'હવે આપણને હૃદય જ ક્યાં રહ્યું છે ? તારે પણ હૃદય નથી મારે પણ નથી. જો આપણામાંના કોઈમાંનું હૃદય જીવતું હોય તો....' વકીલની નજર વિનોદ પર ઠરી.

બક્ષીને પણ આછું મલકાવું પડ્યું.

વિનોદે પણ થોડું હસી લીધું.

વકીલનો આ સ્વભાવ જ હતો. ક્યારેક ક્યારેક એ દેખાઈ આવતો. આને કારણે બધાંના મગજ પ્રફુલ્લિત થઈ જતાં. થાકેલા મગજમાં મલકાટને કારણે અને વિષય બદલાવાને કારણે પોઝીશન બદલાતી અને થાકેલું મગજ ફરી કામ કરવા તૈયાર થઈ જતું.

'કેવા લાગ્યા નવનીતરાય દોશી, બક્ષી?' વકીલે થોડું થોભી પૂછ્યું.

‘ગભરાયેલા તો છે એ નક્કી.’ બક્ષીએ ચુંગીના કશ લેવા માંડ્યા.

‘પણ જેટલું સુટકેશ બદલાયાથી નથી ગભરાયા એથી વિશેષ કંઈ બીજી બાબતથી ગભરાયેલા છે.’

‘મોઢા પર અંકાયેલી રેખાઓ પરથી એ ભય બહુ જૂનો હોય એવું લાગે છે, ખરું ને બક્ષી?’

બક્ષીએ સહેજ મસ્તક હલાવી ચુંગીનો છેલ્લો દમ મારી લીધો. એશ-ટ્રેમાં રાખ ખંખેરી નાખી.

‘બીજું તો ગમે તે હોય પરંતુ તે ખરું ગભરાટનું કારણ આપણાથી છુપાવે છે. આવો માણસ સુટકેશ બદલાયાથી કંઈ આટલો બધો ગભરાઈ ન જાય. વિનોદ, તારું શું કહેવું છે?’ બક્ષીએ કહ્યું.

વિનોદ શોર્ટહેન્ડમાં લખાયેલું વાંચવા માંડ્યું. ‘તેમણે જાતે જ કહ્યું છે કે એક જાતનો ભય તેમને પહેલેથી જ રહ્યા કરે છે એમાં આ ઉમેરો થયો.’

‘અને સમય આવ્યે એ ભય તે જણાવશે, સંતોષી’ બક્ષીએ ચીઢમાં કહ્યું ‘ત્યાં સુધી આપણે અદબ વાળી બેસી રહેવાનું ?’

‘કેમ બેસી રહેવાનું તને નથી ગમતું?’

‘જો આમ બેસી રહેવાનું હોય તો મને જલ્દી કહી દે હું માથેરાન ચાલ્યો જાઉં.’

‘તું ચાલ્યો જા અને અહીં મામલો વકરે તો?’

‘બસ, માની લીધું. તું વકીલ છું તને દલીલબાઝીમાં નહી પહોંચી વળાય?’

વકીલ હસ્યા.

વિનોદ વકીલને નિહાળી રહ્યો.

‘એ બધા હીરા નહી હોય તોયે રૂપિયા પંદર લાખના હશે જ.



અને તૈયાર પોઝીશનમાં છે. જો કાચો માલ હોય તો ઓછી કિંમત બની શકે. દાણચોરો જો તેને રસ્તામાં કાઢી નાખે તો પણ આઠ લાખ તો સહેજેય ઉપજાવી શકાય. અને દાણચોરો આમ આઠ લાખ મફતના તો નહીં જવા દે. એક રીતે જોવા જઈએ તો મિ. દોશીનો ભય સાચો ગણી શકાય.’

‘પણ લાગે છે કે આ એવો ભય નથી. દાણચોરો ખીજ કાઢવા કે હીરા પરત લેવા જ હુમલો કરે એનો ભય નથી. હા એ ભય છે તો ખરો, પણ જો ખરેખર એ ભય હોત તો તરત તેમણે પોલીસના રક્ષણ માટેનું જાડેજાનું સૂચન સહજતાથી સ્વીકારી લીધું હોત. જાડેજાએ જો એવું સૂચન ન કર્યું હોત તો તેમને યાદ દેવડાવી પોતાનો અંગરક્ષક માગી લીધો હોત. બની શકે કે બહુ ભય હોય તો સુટકેશ દાણચોરોના હાથમાં જવા દીધી હોત.’

‘પણ તેમને ક્યાં ખબર હતી કે એ સુટકેશમાં હીરા છે. એ તો તમે જયારે સ્ક્રૂ ખોલ્યા ત્યારે ખબર પડી. જો પહેલેથી ખબર હોત કે એમાં હીરા છે તો ચોક્કસ દાણચોરોના હાથમાં એ પરત જવા દીધી હોત !’ વિનોદે કહ્યું.

‘વિનોદ, તુ માને છે એટલો એ માણસ બુધ્ધુ નથી.’ બક્ષીએ કહ્યું. ‘કશુંક થવાનું છે, કશુંક ભયંકર છે. એ તે જાણે છે. શારીરિક બીક કરતાં કાયદાની ચુંગાલ તેને વધુ ડરાવે છે એટલે જ પોલીસ પાસે જવા કરતાં આપણી પાસે દોડી આવ્યો.’

‘તો કાયદો તેને કેમ ડરાવે! વિનોદના નોંધ્યા મુજબ અસીલનું કહેવું છે કે એક જાતનો ભય તેમને પહેલેથી જ રહ્યા કરે છે. એ ભયનું કારણ બની શકે કે કાયદાથી વિરુધ્ધનું હોય. કાયદા આગળ એ છતું કરવા જેવું ન હોય!’

‘અને ભલે તેમણે અચાનક યાદ આવ્યાનો ડોળ કરી કહ્યું

હોય કે આમ સુટકેશ બદલાયાના બનાવ ઘણી વખત બન્યા છે. પણ તેઓએ એ બધું બની શકે કે પહેલેથી જ જાણતા આવ્યા હોય! આ વખતે પણ પહેલેથી જ જાણતા હોય. અને કંઈક ગોટાળો થવાનો સંભવ છે એમ જાણી આપણી પાસે મદદ માગવા દોડી આવ્યા હોય. બનતાં લગી તેમની તર્કશક્તિ કહેતી હોય એ બાબતમાં પોતે નિર્દોષ છે, આમ ગુનેગાર હોવા છતાં નિર્દોષતાનો જે ખ્યાલ મનમાં બંધાઈ ચૂક્યો હોય તેથી પણ આપણી પાસે દોડી આવ્યા હોય! જો કે આ પણ મારો એક તર્ક જ છે.' વકીલ શ્વાસ ખાવા થોભ્યા.

'બીજું કે દાણચોરોનો ભય હોવા છતાં પોલીસની મદદ તેમણે કેમ ન સ્વીકારી. તેમનું કહેવું સાચું હોય કે પોલીસ પોતાની ઉપર હોય તો તેઓ કેદી જેવી સ્થિતિ અનુભવતા રહે. પણ પોલીસને ઘરમાં બોલાવી તેઓ સારી વાતચીત, ચા-નાસ્તો કરાવી પોલીસને મિત્ર બનાવી શક્યા હોત ! પણ ના, તેમણે આમ કરવાનું ઊચિત ન ધાર્યું. મતલબ કે તેઓ સંરક્ષણ માટે પૂરતા તૈયાર છે, બની શકે કે તેમની પાસે રિવોલ્વર પણ હોય. રિવોલ્વર પહેલેથી જ ફેરવતા આવ્યા હોય, આપણે આપણા સંતોષ ખાતર એ જાણવાનું રહેશે કે તેમણે રિવોલ્વરનું લાયસન્સ મેળવ્યું છે ? આપણો અસીલ ગુનેગાર હોય એ મને બિલકુલ ગમતું નથી.'

'તો પછી કેમ લીધો.' બક્ષીને બોલવાનો મોકો આવી ચઢ્યો. કદાચ મનમાં હજુ પણ માથેરાન વાગોળાતું હશે.

'ફક્ત જિજ્ઞાસા સંતોષવા. જોઈએ તો ખરા મામલો શું છે, લાગશે કે અસીલ ગુનેગાર છે તો આપણા તરફથી કેસ પાંગળો બનાવી દઈશું.'

'અસીલ પાસેથી ફી લઈને જાણી જોઈને હારી જવું એ યોગ્ય ન કહેવાય!'



'પણ ઊંડે ઊંડે એ લાગ્યા કરે છે કે ખરેખર તે દોષિત નથી. ખરેખર તે દોષિત હોત તો આવી રીતે ન વર્તી શક્યા હોત! હા, થોડીઘણી ભૂલને કારણે એ ફસાયા છે એ નક્કી. હવે પછી કંઈ પડઘો ન પડે તો કેસ જેમ ઉદ્ભવ્યો છે એમ દટાઈ જશે. આપણે પછી છૂટા જ છીએ. તોપણ આપણે કેસ લીધો છે માટે અત્યારે બેસી રહ્યા વગર કેસની વિગત એકઠી કરવામાં લાગી જવું જોઈએ. મને લાગે છે બક્ષી, ત્યાં લગી આ બધી વિગતો એકઠી કરતાં તને મુશ્કેલી નહીં પડે.

'શું કરવાનું છે મારે?'

'ફક્ત ફોન. બધી વિગતો બાતમીદાર મેળવી લાવશે'

'ઓ.કે. સંતોષી' બક્ષીએ વાગોળતાં મનમાં સ્વપ્નાં ઉડાવી મૂક્યાં. 'બધું કરવું જ પડશે! કહે શું શું કરવાનું છે?'

'તેમની કહેવાની લઢણ પરથી એવું લાગે છે કે તેમણે જણાવ્યું એ સિવાય, બીજાં પણ મકાનો તેમની માલિકીમાં અહીં અસ્તિત્વ ધરાવતાં હોય! તેથી આગળ કહેવું હોય તો એમ પણ કહી શકાય કે તે મકાનો તેમણે ભાડે આપેલાં નથી અથવા જો ભાડે આપેલ હોય તો તેમાંનો કેટલોક હિસ્સો તેમણે પોતાના વપરાશ માટે અલગ રાખેલો હશે!'

'હું માનું છું કે તેમનાં મકાનો સાથે આપણે કશી નિસ્બત નથી. પરંતુ તેઓ શું છુપાવે છે તે આપણે શોધી કાઢવાનું છે.'

'એ બરાબર છે, પણ બક્ષી, અત્યારના સંજોગોમાં હજુ કંઈ પડઘો પડ્યો નથી ત્યાં સુધી તેમના વિશેની બધી માહિતી મેળવી લેવામાં આવે તો સારું! એ પણ બની શકે કે આ બધી માહિતીમાં જ કાંઈક છુપાયું હોય અને કેસ લડવા માટે તો બધું જોઈશે જ.'

'મકાન પણ?'

'હા.'

બક્ષીએ ખભા સંકોચ્યા.

'આપણો અસીલ પોતાની મરજીથી આપણને જે જણાવે તે પુરતું છે અને સાચું છે એમ માની આપણે આગળ વધીએ તો આપણને અપજશ જ મળે. કંઈક તો આપણે જાતે શોધી કાઢી સત્ય જાણી લેવું જોઈએ.'

'એ તો તારી અત્યાર સુધીની ફોર્મ્યુલા રહી છે.'

'તો એનાથી કંઈ ગેરલાભ થયો છે?'

'કહે શું કરવાનું છે.'

'હાલના તબક્કે ત્રણ કામ કરો.'

'એક તો બ્યુક ગાડી નં. BXX 2272 કોની માલિકીની છે? તેના માલિકનો ધંધો કયો છે? તેના કુટુંબમાંથી આજે કોઈ આફ્રિકાથી આવ્યું છે?'

'બીજું, હમણાં કહ્યું એમ મિ. દોશીને વરસોવા ખાતે જે બંગલો છે કે જેનું સરનામું તેમણે આપણને આપ્યું છે એ સિવાય તેમનાં બીજાં કેટલાં મકાનો મુંબઈમાં અસ્તિત્વ ધરાવે છે તે ખાલી છે કે ભાડે આપેલાં છે?'

'ત્રીજું, હીરા ભરેલી સુટકેશ હાથ લાગ્યા પછી પોલીસ તે અંગે શું પગલાં લે છે?'

'મને લાગે છે કે આવા નાના કામમાં પણ મારે આજનું ડીનર ઑફિસમાં પતાવી લેવાનું ન થાય તો સારું! બક્ષી બબડ્યાં.'

'આજ સાંજ સુધીમાં બધી વિગતો આવી જાય તો સારું. અને બક્ષી, આ કેસને નાનો ન ગણીશ. હીરા માટે તો કેટલાય. કાવાદાવા લઢાયા છે અને લઢાઈ છે.'

'પણ બક્ષી ઊભા થઈને પાર્ટીશન પછવાડેની તેમની કેબીનમાં



પહોંચી ગયા હતા.'

'વિનોદ, ઘરે જવું હોય તો જઈ આવ, પછી જલ્દી પાછો આવી જા.'

'ઓ.કે. બોસ.' વિનોદ તરત ઊભો થઈ ગયો.

'મિસ રોઝી લિફ્ટ ઈચ્છતી હોય તો સાથે લઈ જજે.'

'ઓ.કે. બોસ.'

## ૪.

વકીલ સોમદત્ત સંતોષીએ હમણાં જ તેમની દિવસની ઊંઘ ખેંચી કાઢી હતી. પણ અમુક વખતે બને છે એમ આ ઊંઘ સાંજ ઢળી ચૂકી ત્યાં સુધી ચાલુ હતી; જો કે નવરાશની પળોમાં જ આમ ઊંઘ લંબાતી. જ્યારે કામનું ભારણ હોય ત્યારે એ ઊંઘ ક્યાં ખોવાઈ જતી એ વકીલ પોતે નહોતા જાણી શકતા.

તેઓ તેમની 'એ ખાનગી ઓરડી' માંથી બહાર નીકળ્યા. જો કે ખાનગી તો એટલી ના કહી શકાય. જરૂર પડે બક્ષી પણ એનો ઉપયોગ કરી શકતા-ફક્ત ઊંઘવા માટે. 'ખાનગી ઓરડી' ની જગાએ 'ઊંઘની ઓરડી' એવું નામ રાખ્યું હોત તો એ બરોબર બંધ બેસતું હતું. એ ઓરડીમાં બીજી કશી સજાવટ નહોતી. ફક્ત પલંગ, ગોદડાં, ચાદર અને પંખા સિવાય. વિનોદ માટે પણ આ ખાનગી ઓરડી વાપરવાની છૂટ હતી પણ વિનોદે એનો ઉપયોગ ક્યારેય કર્યો નહોતો. તે તેના રૂમમાં જ સૂવાનું પસંદ કરતો. એ પાછળ પણ કારણ તો હતું જ - મિસ રોઝી એ ઈમારતમાં જ રહેતી હતી.

વકીલ ખાનગી ઓરડી છોડી બહાર આવ્યા અને સીધા બાથરૂમમાં ઘૂસ્યા. ઈલેક્ટ્રીસીટીથી દરેક પળે મળતા ગરમ-હૂંફાળા પાણીના ફૂવારાએ તેમની ઊંઘની આળસને ફગાવી દીધી. શરીરમાં તાજગી લાગી. તેમણે ઝટપટ સ્નાન કરી લીધું.

સ્નાન કરી કપડાં બદલી તેઓ બહાર આવ્યા ત્યારે ત્ર્યંબક બક્ષી એની એ સ્થિતિમાં મુવીંગ ચેરમાં આંખો મીંચી પડ્યા હતા. ઑફિસમાં નિરવ શાંતિ હતી. ફક્ત પંખાનો ઘરઘર અવાજ સંભળાતો હતો.

ત્ર્યંબક બક્ષીને ખલેલ ન પહોંચે એમ વકીલ ખૂણામાંના ટી-ટેબલ પાસે ગયા. ટી-ટેબલ પર ચા-દૂધનું ઉકાળેલુ મિશ્રણ થર્મોસમાં ભરેલું પડ્યું હતું. પાસે સુગરનું ટીન, કપ-રકાબી અને હાથાવાળી તપેલી હતી. જો વધુ ગરમ ચાની જરૂર ઊભી થાય તો ગેસ-સગડી પર જાતે ગરમ કરી લેવાની હતી. આ બધો સરંજામ મિસ રોઝી સાંજે છૂટતા પહેલાં કરી જતી. તેની ડ્યુટીમાં આ ગણાઈ જતું. વકીલની સેક્રેટરી આ બધું કરે એ માટે બક્ષીને તથા વકીલને પોતે વાંધો હતો પણ રોઝીએ કહેલું કે હું સ્ત્રી છું, મારા માટે તો આ સહજ બાબત છે. બક્ષીએ અને વકીલે કમને તે માન્ય રાખ્યું.

થર્મોસમાંથી ચા-દૂધનું મિશ્રણ કપમાં રેડી, અંદર સુગર નાખી વકીલે કપ તૈયાર કર્યો. ચુસ્કી લેતાં પહેલાં બક્ષી તરફ નજર નાખી લીધી. લાગ્યું કે બક્ષી જાગે છે પણ આંખો બંધ કરીને પડ્યા છે. એટલું જ!

'હેવ યુ...? બક્ષી'

'આઈ હેવ ફીનીશ્ડ...' બક્ષીએ બંધ આંખોએ જ જવાબ વાળ્યો.

વકીલે રૂમમાં આજુબાજુ નજર ફેરવી. બારી પાસેના નાના સ્ટૂલ પર અર્ધુ ખવાયેલું બ્રેડનું પેકેટ અને કપ-રકાબી પડ્યાં હતાં. તેમણે કપ મોંએ માંડ્યો.

'સપર માટે શું કર્યું?'

'સપર!' બક્ષીએ આંખો ખોલી. સહેજ હસી લીધું. 'તુ કેસ



હાથમાં લે છે પછી જમવાનું ઠેકાણું જ ક્યાં રહે છે. વધુ હોજરી બગાડવાના આ બધા ધંધા છે. મેં તો મારી પેટપૂજા કરી લીધી. તારે હવે જે કરવુ હોય તે કર.'

'ઘેરથી મંગાવી લીધું હોત તો શું થવાનું હતું?'

'કોણ ઘરેથી અહીં આપવા માટે આવે?'

'સમશેરને કહી રાખતો હોય તો એ એક ફેરો મારી જાય.'

'એ એના ઘરનું ના કરે ને મારે માટે આંટો મારવા આવે?'

'બોલ, મીઠાવાળું જમવાનું શરૂ કરવું છે? પછી કંઈ વાંધો ન રહે.'

'એ તને મુબારક! આપણને તો આ બ્રેડ-ચા ભાવી રહી છે' બક્ષીએ ફરી આંખો બંધ કરી લીધી.

વકીલે ટેબલ પર મુકેલું તેમનું ટિફિન લઈ જમવાની તૈયારી કરી. ઘરનો એક માત્ર નોકર 'ભૈયો' જ્યારે વકીલ ઘરે જમવા આવવાના ન હોય ત્યારે ટિફિન આપી જતો. વકીલના ઘરમાં જે ગણો એ આ એક નોકર 'ભૈયો' જ હતો. વકીલની તીક્ષ્ણ પરખશક્તિએ એ પારખી લીધું હતું કે ભૈયાજી પૂરતા વિશ્વાસપાત્ર છે. એક-બે વખત ભૈયાજી ન જાણે એમ તેની પરીક્ષા કરી જોઈ પછી એના વિશેનું વિધાન બદલવાનું તેમને યોગ્ય ન લાગ્યું.

જ્યારે બક્ષીની સ્થિતિ જુદી હતી. તેમને પત્ની હતી. બે મોટી દીકરીઓ હતી. એક તેના ઘરે હતી જ્યારે બીજી ડૉકટરનું ભણતી હતી. બક્ષીની પત્નીએ ઘણી વખત કહ્યું હતું કે તમે આમ ચા-બિસ્કીટ ન ખાધા કરો પણ બક્ષીને એવી ટેવ પડી ગયેલી કે જો મહિનામાં એક વખત ચા-બિસ્કીટ ન મળે તો તેમનું પેટ ચઢતું. એટલે જ મોકો આવ્યે ચા-બિસ્કીટ ખાવાનું ચૂકતા નહીં. ભલે તે પછી મહિનો બે મહિના એના પર રહેવાનું થાય? આમેય બક્ષી

મીઠાશ કે નમકિન ખોરાક નહોતા લેતા એટલે તેમને ઘરના ખોરાકની તોલે ચા-બિસ્કીટ સારાં લાગતાં તોપણ વારેઘડીએ વકીલને કહ્યા કરતા કે ચા-બિસ્કીટ ખાઈને પોતે પોતાની હોજરી બગાડી નાખી છે. પણ વકીલ બધું સમજતા અને ચૂપ રહેતા.

આ બક્ષી અને વકીલનો મેળાપ પરદેશમાં થઈ ગયેલો. વકીલ કાયદાના વધુ અભ્યાસ માટે પરદેશ ગયેલા અને ત્યાં ત્ર્યંબક બક્ષીનો ભેટો થઈ ગયેલો. એ જ યુનિવર્સિટીમાં બક્ષી ગુનાશોધનનો અભ્યાસ કરી રહ્યા હતા. પણ પ્રોફેસરની નજરે તો તેઓ 'ઢ' જેવા હતા. બક્ષી પણ પસ્તાતા હતા કે તેમણે નકામો આ અભ્યાસ સ્વીકાર્યો. પૈસાની જો કે ઘરે તંગી નહોતી પણ ફક્ત શોખ માટે તેઓ ભણવા આવ્યા હતા, અને શોખને કારણે કંઈ જોઈએ તેવી વિદ્યા ન મળે!

પણ વકીલે જોઈ લીધું કે તેમનામાં કંઈક શક્તિ છે જે અભ્યાસક્રમ સાથે સુસંગતતા નથી સાધી શકતી અને દેશમાં આવ્યા પછી એ વાત ધ્યાનમાં રાખી પાંચેક વર્ષ પછી તેમણે ભાગીદારીમાં એજન્સી શરૂ કરી. બક્ષીના સહયોગથી તેઓ કેસમાં વધુ ઊંડાણમાં ઊતરવા લાગ્યા અને સફળતા તેમના કદમ ચૂમતી આવી. જે તે કેસમાં તેમની જીત થવા લાગી. આ સફળતાથી વકીલ કંઈ ફુલાયો નહીં પણ કાળજી રાખી નિર્દોષનો કેસ લેવો લાગ્યા. સત્યને વળગી રહેવા લાગ્યા.

હવે તો એટલું નામ અને ધન કમાઈ લીધું હતું કે જો તેઓ ધારે તો પૂરતી પ્રતિષ્ઠાથી સારી રીતે રહી શકે. પણ તેમણે એમ કરવું ઊચિત ન માન્યું. પૈસા માટે જે પહેલા કેસ લડતા હતા એ ધ્યેય બદલી નાખી જિજ્ઞાસા સંતોષવાનું અને શોખનું ધ્યેય રાખ્યું. સાથે સેવાનું પણ ખરું જ. એટલા માટે જ ડરથી ફફડતા જોયેલા દોશીનો કેશ હાથમા લીધો. દોશી ઊંડા પાણીમાં છે, કંઈક વાત છુપાવે છે એ



વાત જાણ્યા છતાં પણ.

જેવું તેવું જમી ટિફિન બંધ કરી વકીલ બાથરૂમમાં જઈ હાથ ધોઈ આવ્યા. મુખવાસના શીશામાંથી થોડો મુખવાસ હથેળીમાં લઈ, મોમાં નાખી, ચાવતા ચાવતા બારી પાસે ઊભા રહ્યા અને બહારનું ઝગમગતું મુંબઈ જોવા લાગ્યાં.

મુંબઈમાં જોવાનું તેમના માટે કંઈ નવીન નથી. ફક્ત અમસ્તું જોઈ રહે છે. છતાં ઊંડે ઊંડે એક વિચાર ઝબક્યા કરે છે એ પણ કોર્ટ-કચેરી સાથેનો રિસ્તો બંધાયેલો હોવાથી, નહીં તો તેમના જેવો વિચાર ભાગ્યે જ કોઈને આવતો હોય.

કદી નવરાશ ન મેળવતા મુંબઈના આ દોડાદોડી કરતા બાબુઓને જોઈને તેમના મોંમાંથી અફસોસનો ભાવ વ્યક્ત થતો. શા માટે બાબુઓ-શાંત બાબુઓ! ક્ષણિક ઊભરાને વશ થઈ પોતાનું જીવન બગાડતા હશે ? એ દુભાયેલી ક્ષણિક લાગણીઓનો ઊભરો તે કાબુમાં રાખી શકે! જો વશ રાખી શકતા હોત તો આ કોર્ટ કચેરી ન હોત! જેટલી બુધ્ધિ, મહેનત, ચિંતા, મગજનું દબાણ ખરાબ રીતે પૈસો મેળવવા માટે કરે છે એટલુ જો સારી રીતે પૈસો મેળવવા પાછળ કરતા હોત તો ! - વકીલને હંમેશ લાગતું કે જો આમ હોત તો ચોક્કસ રામરાજ્યનો અનુભવ થઈ શકત!

એક વખત ફરી આવેલા આ વિચારને વકીલે ખંખેરી નાંખ્યો. બારીમાંથી સહેજ માથું બહાર કાઢી આજુબાજુ જોઈ લીધું અને એક ખાલી પડેલી ખુરશી પર બેઠક જમાવી.

'બક્ષી, તારી માથેરાનની ટ્રીપના શા સમાચાર છે?'

બક્ષીએ આંખો ખોલી. બગાસું ખાઈ ખુરશીમાં ટટ્ટાર બેઠા.

'કેન્સલ કરી નાંખી.'

'સારું કર્યું.'

'હા સારું જ કર્યું, સિવાય કે હવે જલ્દીથી કેસ પૂરો થાય એટલે કાશ્મીર ઊપડી જાઉં!'

'બક્ષી, આ વખતે ગમે તે કામ આવી ચઢે પણ તને નહિ રોકું! વિનોદ પણ ભલે લગ્ન કરી લેતો'

'એટલે તું માને છે કે આ કેસનો જલ્દી નિકાલ આવી જશે?' બક્ષીએ સામુ પુછ્યું.

'તો ?'

'તારા મનથી માનતો હોય તો ભલે ઠીક છે; હું તો ના જ પાડું છું.'

'પણ કારણ?'

'કારણ શું હોય વળી. આ દોશી ઊંડા પાણીમાં છે. તેની રિવોલ્વર બાબત તપાસ કરતાં જણાયું કે એક વખત લાયસન્સ વગરની રિવોલ્વર રાખવા બાબત તેની અટકાયત થયેલી પણ પછી આગળ શું થયું એ બાબત વિશે માહિતી નથી, પણ હવે લાયસન્સ મળી ગયું છે.'

'તો ચાલો, આપણો અસીલ લાયસન્સ વગરની રિવોલ્વર સાથે નથી રાખતો, એ સારું છે.'

'એ ઠીક, પણ ઈન્સ્પેકટર જાડેજાનો અંદરખાને અભિપ્રાય શો છે એ જાણ્યું?'

'શું?'

'એ જ કે તેઓ બિલકુલ માનવા તૈયાર નથી કે આપણા અસીલની સુટકેશ બદલાઈ હોય. તેમનું મંતવ્ય છે કે દોશી પાસે સલાહ લેવા આવ્યા એટલે મામલો કંઈ ઊંડો જ હોવો જોઈએ.'

'એમ તો ઈન્સ્પેકટર બુધ્ધિશાળી છે.' વકીલ ગણગણ્યા. 'આ માહિતી ક્યાંથી મળી?'



'મિસ્ટર એક્સ પાસેથી'

'ઈન્સ્પેક્ટરે એ શંકા માટે કંઈ રસ્તો કર્યો?'

'એની હજુ જાણ નથી. પણ એક્સનું કહેવું છે કે જો આગળ કંઈ પગલું ભરશે તો તરત જણાઈ આવશે.'

'પૂઅર ઈન્સ્પેકટર!' વકીલ બબડ્યા. 'તેમને ક્યાંથી ખબર હોય કે બડાશ મારવાના તેમના ગુણને કારણે માહિતી લીક થાય છે!'

'અચ્છા, પોલીસે પછી શું કર્યું?'

'એ જ કે નવનીતરાય દોશીનું સ્ટેટમેન્ટ લઈ લીધું. સ્ટેટમેન્ટ લેતા પણ શંકા-કુશંકાથી જરૂર વધારે પ્રશ્નાવલી થઈ છે. સુટકેશને સીલ કરી પોતાને હસ્તક લઈ લીધી. સીલ મારતાં પહેલાં અંદરની ચીજોના ફોટોગ્રાફ્સ લઈ લીધા. પેટી પરના આંગળાની છાપ પણ લઈ લીધી છે.'

'દાણચોરના આંગળાની જો છાપ રહી હોય તો?'

'મતલબ!'

'એ તો દેખીતું છે કે દાણચોરના આંગળાની છાપ સુટકેશ પરથી તેમને નહીં મળી શકે. દોશીએ જે રીતે સુટકેશને શરીર સાથે ચીપકાવી રાખી હતી એ રીતે જોતાં સહેજેય કલ્પી શકાય કે આખી સુટકેશ પર તેમનાં જ આંગળાની છાપો હશે. મેં સહેજ સ્પર્શ કરેલો એટલે મારી પણ હશે, વિનોદની પણ હશે ને ઈન્સ્પેકટરની સુધ્ધાં'

'પણ સુટકેશની અંદરથી તો મળી શકશે ને!'

'જો તેઓ કપડાં પરથી છાપ ઉઠાવી શકવા સમર્થ હોય તો! પણ આ બધું અશક્ય છે. ખાલી તેમણે ફોર્માલિટી નિભાવી હશે. અચ્છા બ્યુકના શા સમાચાર છે?'

'એ ગાડી અતુલ કેમીકલ્સ લિ.ની છે.'

'કોઈ કર્મચારીની કે કંપની ખાતે?'

'કંપની ખાતે. કંપનીની મિલકતમાં ગાડી નંધાઈ છે. પણ ખાસ ઉપયોગ કંપનીના મેનેજીંગ ડિરેકટર પોતાના માટે કરે છે.'

'કંપનીના ડિરેક્ટર...!'

'મિ. ખોખાવાલા. કોઈ એક પારસી ગૃહસ્થ છે.'

'તેમને ત્યાં આજે કોઈ પરદેશથી આવ્યું છે?'

'ના, મિ. ખોખાવાલાને ત્યાં આજે કોઈ પ્લેન મારફત પરદેશથી આવ્યું નથી. પોલીસે આજે પ્લેન મારફત આવેલા એક એક પ્રવાસીના ફોટાની નકલ ઈમીગ્રેશન ખાતા પાસે માગી છે. તેઓ માને છે કે બનાવટી ચહેરા-મહોરાની પછવાડે એમાંથી કોઈ બદમાશ હોવો જોઈએ. ખાસ તો મિ. દોશીએ વર્ણવેલા એ પુરુષની. પોલીસ માને છે કે ચશ્માં અને દાઢી પછવાડે તે મોટો બદમાશ હોવો જોઈએ. ચશ્માં અને દાઢી સિવાય તેને કલ્પી પોલીસ તપાસ કરાવવા માગે છે કે એ કોણ છે. જો કાયમી ગુનેગાર હશે તો કોઈ ને કોઈ પોલીસસ્ટેશને તેનો ફોટા સાથે રેકર્ડ હોવો જોઈએ. પોલીસને એ પણ આશા છે કે જેમ ઘણાં ગુનામાં બને છે એમ આમાં બનશે તો ચોક્કસ આમ વ્યવસ્થિત તપાસ કરતાં દાણચોરી કરતી આખી ગેંગનો પત્તો લગાવી શકાશે.'

'આ પણ તપાસની એક ફોર્મુલા છે. ઠીક છે ફાવે તો સારું. અતુલ કેમિકલ્સની બીજી કોઈ માહિતી?'

'આ કંપનીનો ધંધો દવાનો તથા રંગો બનાવવાનો છે. અમુક બિનઉપયોગી વનસ્પતિઓમાંથી તેઓ એકજાતનું પોઈઝન બનાવવા તપાસ આદરી રહ્યા છે. તેમનો દાવો છે કે તપાસ પુરી થશે તો માનવને આ પોઈઝન બહુ ઉપયોગી થઈ પડશે. અસાધ્ય દર્દોમાં તે કામમાં લાગશે. પણ આ વિશે તેઓ વધુ માહિતી આપતા નથી.'



'તો આ કંપની જાણીતી છે?'

'હા, પોતાની ઉત્પાદનું વેચાણ પણ તેઓ પોતાના સેલ્સ ડેપો મારફતે કરે છે. લગભગ ચોવીસ જેટલા શહેરોમાં તેમનાં સેલ્સ ડેપો છે. તેમના શેરોનો ભાવ પણ ઠીક ઠીક ઊંચો છે.'

'આ સિવાય કંપની વિશે બીજું કાંઈ?'

'એ વિશે પ્રયત્ન ચાલુ છે. કોઈ દિશા કહો તો એમાં આગળ વધી શકાય!'

'કંપનીના મેનેજીંગ ડીરેક્ટર કંઈ ચોવીસ કલાક બ્યુકને નહીં વાપરતા હોય. હવે એ તપાસ કરવાની કે જ્યારે ગાડી કામ વગર પડી રહે છે ત્યારે કોણ તેનો કેવો ઉપયોગ કરે છે. ભલે એ ઉપયોગ પછી બહુ જૂજ પ્રમાણમાં થતો હોય કંપનીની મિલ્કત એટલે કંપનીના માણસો કંપનીના કામ માટે વાપરી શકે. એ માટે કોઈ બંધન ન ચાલે, કોઈ પક્ષપાત ન ચાલે. એ બ્યુકનો ડ્રાયવર કોણ છે એ પણ જોવાનું. ડ્રાયવર મિ. ખોખાવાલા સિવાય કોને કોને બ્યુકમાં લઈ જાય છે...? મને લાગે છે કે બક્ષી, મારે તને વધુ નહીં કહેવું પડે.'

'સમજી ગયો.'

'અચ્છા મિ. નવનીતરાય દોશી....'

'એ માણસ બેશક પૈસાદાર છે. ગર્ભશ્રીમંત તો નથી જ. આ મુંબઈમાં અચાનક ફૂટી નીકળ્યો છે. તેનો પૂર્વ ઈતિહાસ કોઈને જાણમાં નથી. કેટલાકનું એવું માનવું છે કે કિસ્મતે તેને યારી આપી છે અને પૈસો પૈસાને ખેંચી લાવે એમ તેની પાસે પૈસો ખેંચાઈ આવ્યો છે. નાની બચત, પ્રાઈઝ બૉન્ડ, ગોલ્ડ બૉન્ડ, અને ડીફેન્સ સર્ટીફીકેટ જેવી યોજનામાં તેનો ઘણો બધો પૈસો રોકાયેલો છે. કેટલાંક રોકાણો તો મોટી રકમનો ઈન્કમટેક્ષ ભરવો પડે એટલી આવક ઊભી કરી આપે છે. અને ઈન્કમટેક્ષ ભરે છે પણ ખરો. સરકારને ચોપડે તેની

મૂડી કુલ દશ લાખ જેટલી નોંધાયેલી જાણવા મળે છે. કેટલાકનું માનવું છે કે તે ગમે તે બહાને તેનું કાળું નાણું ધોળું કરવાની વેતરણમાં છે. ક્યારે તેના બંગલા પર દરોડો પડે એ કહેવાય નહીં.

'બીજું તેના વિશે આશ્ચર્ય પમાડે એવું એ છે કે જેમ અંધારામાંથી તે બહાર નીકળ્યો એમ હવે અંધારામાં જ છૂપાઈ રહેવા માગે છે. બહાર ભાગ્યે દેખા દે છે. મોટે ભાગે પરદેશનો આંટો તો વારેઘડીએ મારે છે. પણ જો આમ કિસ્મત પૈસો મેળવવામાં તેને સાથ આપતું રહેશે તો એક દિવસ તે, તેની નામરજી હોવા છતાં પ્રકાશમાં આવી જશે.'

'સરકારે તેનો પૂર્વઈતિહાસ અને પૈસો કેવી રીતે તેની પાસે ફૂટી નીકળ્યો તે જાણવાનો પ્રયત્ન કર્યો છે?'

'હજુ એ માહિતી મળી નથી.'

'તો આપણે એટલું જાણવાનું કે કયા કારણને લઈને એ દશ લાખનું નાણું સરકારે તેની મિલકત તરીકે સ્વીકાર્યું છે.'

'અચ્છા, તેનાં મકાનો?'

'તેનાં બે મકાનો છે. 'બંગલા' કહો એ જ મકાનો માટે યોગ્ય રહેશે. એક બંગલો કાંદીવલીમાં છે અને એક બંગલો વરસોવામાં છે. કાંદીવલીવાળો બંગલો વિશાળ છે. આ બંગલાઓમાંથી એક પણ બંગલો ભાડે આપેલો નથી. બંને બંગલા મોટે ભાગે કાયમ બંધ રહે છે. સાફસૂફી કરનાર સવાર-સાંજ આવી સાફ-સૂફી કરી જાય છે. બંને બંગલા વચ્ચે રસોઈ કરનાર ફક્ત એક જણ છે. જે બંગલામાં જે વખતે દોશી હાજર હોય એ વખતે રસોઈ કરનાર ત્યાં જઈ રસોઈ કરે છે. બંને બંગલાની ડુપ્લીકેટ ચાવી આ રસોઈઆ પાસે છે. સાફસૂફી કરનાર પણ તેની પાસેથી ચાવી લઈ જાય છે.'

'એટલે વિશ્વાસપાત્ર એ માણસો છે?'



'હા, આપણા ભૈયાજી જેટલો. અને છે પણ ભૈયાજી જેવો. ગમે તેટલું કરો પણ તેના મોમાંથી એક પણ હરફ શેઠ વિશે ન નીકળે!'

'શું નામ?'

'નારણ.'

'ક્યાં રહે છે?'

'વરસોવાવાળા બંગલાની નજીક. કાંદીવલીવાળો બંગલો ત્યાંથી દૂર છે. ત્યાં જવા-આવવા માટે તે રિક્ષાનો ઉપયોગ કરે છે. દોશી તરફથી તેને ભાડું મળી જાય છે.'

'અજાયબ કહેવાય!' વકીલ બબડ્યા. 'એકાકી માણસ રહેવા માટે બે બંગલા રાખે છે તેની પાછળ ખર્ચ કરે છે છતાં બને બંગલા ભૂતાવળ જેવા ઉજ્જડ!'

'એથી પણ અજાયબ વસ્તુ એક ધ્યાન ખેંચે છે.'

'શું?'

'કાંદીવલીવાળો બંગલો એ વખતની બજાર કિંમત કરતાં દોઢી કિંમતે ખરીદાયો છે. દોઢ લાખ રૂપિયામાં.'

'દોઢ લાખ રૂપિયામાં! આ માણસે ખરેખર પૈસા કેવી રીતે મેળવ્યા હશે એ વાત ધ્યાન ખેંચે એવી છે. કેમ હજુ સુધી છૂપી રહી હશે! બંગલામાં એવું શું હશે કે તેણે અડધો લાખ વધુ આપ્યા! કંઈ કલ્પના આવે છે બક્ષી?'

'શ્રીમંતોનો જેવો શોખ, બીજું શું તમારી પાસે પૈસો હોય તો તમે આમ જ કરો.'

'મૂર્ખ ગણાવા.'

'કંઈ બધા ખરેખર મૂર્ખ નથી હોતા.'

'આપણો અસીલ છે, એમ જ નહીં!' બક્ષી હસ્યા. 'બીજું કે

આ બંગલો વર્ષા અંતાણી નામની એક બાઈની માલિકીનો હતી. તે બાઈ પરણેલી હતી કે વિધવા હતી કે કુંવારી હતી તેની કોઈને ખબર નથી. હા, બધા તેને મિસ અંતાણીના નામથી ઓળખતા. તે ખૂબ જ પૈસાદાર હતી. તેને ત્યાં તરેહતરેહના મિત્રો અવારનવાર આવ્યા કરતાં. એમાં એક મુફલિસ પણ આવતો. આ મુફલિસ બંગલામાં બહુ ધમાલ મચાવતો. મિસ અંતાણીને પણ એક દિવસ જાહેર રસ્તા પર બધાના દેખતાં ધોલ મારેલી છતાં મિસ અંતાણી ચૂપ રહી હતી. કેટલાક જણનું માનવું છે કે આ માણસ તેનો પતિ હોવો જોઈએ.'

'આ બાઈ મિસ અંતાણીનું લગભગ આજથી ચારેક વર્ષ પહેલાં ભેદી સંજોગોમાં ખૂન થયું. તેની જીવડાંથી ખવાયેલી અને સાગરના પાણીથી ફદફદી ગયેલી લાશ પોલીસને દરિયા કિનારેથી મળી આવી. લાશ ઓળખાય એવી તો નહોતી રહી પણ કપડાં, દાગીનાથી ઓળખી શકાઈ. પેલા મુફલિસે જ એ ઓળખી બતાવી.

'તેનું ખૂન ક્યાં કેવી રીતે અને કેવા સંજોગોમાં થયું એનો કોઈ પુરાવો હાથ ન લાગ્યો એથી કેસ ફાઈલ થઈ ગયો. આરોપીઓને શક પર છોડી મૂકવામાં આવ્યા.

'તેની મિલકતનું કોઈ વારસદાર ન મળવાથી સરકારે પોતાને હસ્તક લઈ લીધી. આજથી ત્રણેક વર્ષ પર જાહેર હરાજીમાં મિ. દોશીએ એ બંગલો રાખી લીધો - ઘણી બધી કિંમત આપીને.'

'તો બંગલાની વિગત આવી છે. મતલબ કે બંગલા પાછળ એક ઘેરું રહસ્ય છુપાઈને પડ્યું છે. બંગલો ભૂતાવળ જેવો ઉજ્જડ રહે છે એ પણ રહસ્યની પરિપૂર્તિ માટે....'

પણ વકીલ વધુ કહે એ પહેલા ટેલિફોનની ઘંટડી રણકી ઉઠી. વકીલે ઉભા થઈ ટેલિફોનનું રીસીવર ઉઠાવ્યું.

'હલ્લો સંતોષી સ્પીકીંગ?'



'સર, હું નવનીતરાય દોશી બોલું છું.' દોશીનો ધ્રુજતો અવાજ સંભળાયો.

'આપ ક્યાંથી બોલી રહ્યા છો?'

'હું મારા વરસોવાના બંગલેથી બોલું છું' કંઈક છુપાવવા મથતો એ અવાજ ત્રુટક ત્રુટક થતો હતો. 'વાત જાણે એમ છે કે હું અત્યારે જ બહાર ચાલ્યો જાઉં છું.'

'કેમ?'

'પ્લીઝ, હું અત્યારે જ બહાર ચાલ્યો જાઉ છું. આપની પેઢીના નામનો પાંચ હજારનો ચેક મેં બાય પોસ્ટ રવાના કર્યો છે. તે આપને કાલે મળી જશે. આપે મારો કેસ હાથમાં લીધો જ છે ને?'

'આપ ક્યાં જાઓ છો?'

'હું આપને એ બતાવી શકતો નથી માટે મને માફ કરશો. પણ અત્યારે જ જવું પડે તેમ છે. ખૂબ જ અગત્યનું -'

'આપ જાઓ તે અગાઉ હું આપને એક વખત મળી લેવા માંગું છું. આપ બંગલે જ થોભજો, હું આવી પહોંચું છું.'

'આપ અહી આવો એ પહેલા તો હું અહીથી નીકળી ગયો હોઈશ.'

'ભલે, તો આપની મરજી! મારો તો અનુભવ છે કે વકીલ અને ડૉકટર આગળ જે માણસ વાત છુપાવે છે એ....'

'માફ કરજો, પણ અત્યારે હું કોઈ ખુલાસો ન કરી શકવા બદલ દિલગીર છું.'

'ભલે પણ તમને જ્યારે જરૂર જણાય ત્યારે તમે મને ફોન કરીને અથવા રૂબરૂમાં મળીને એ જણાવી શકશો.' કહેતા વકીલે જવાબની રાહ જોયા વગર ફોન મૂકી દીધો.

દોશીનો ફોન હતો, વકીલ સીધા દીવાલે ટીંગાયેલા તેમના

ઓવરકોટ તરફ ચાલ્યા. તે અત્યારે જ ક્યાંક બહાર ચાલ્યા જવા માગે છે. તે ક્યાં અને શાથી જવા માંગે છે તેની કશી જાણ કરવા માગતા નથી. તે ખૂબ ગભરાઈ ગયા લાગે છે. મને લાગે છે કે તે ક્યાંક અટવાયા છે. વકીલે જોતજોતામાં ઓવરકોટ ચઢાવી લીધો. અને બૂટ પહેરી બૂટની દોરી બાંધવા નીચે નમ્યા.

'તે જણાવે છે કે તે વરસોવા ખાતેના બંગલેથી બોલે છે પરંતુ તે બીજે ક્યાંકથી જ બોલે છે તેની મને ખાત્રી છે. કદાચ કાંદીવલીના બંગલેથી પણ બોલતા હોય. તમે એમ કરો, કાંદીવલી સ્ટેશન પાસે આપણા માસણને મૂકી દો અને દોશીનો પીછો કરવા જણાવો. એરપોર્ટ પર પણ એક માણસને મૂકી દો. તેમને દોશીનું વર્ણન આપો. કોઈપણ ભોગે દોશીનો પીછો પકડવાની સખત સૂચના આપો. જરૂર જણાય તો તમે એરપોર્ટ પર ઉપડી જાવ અને તેને ઓળખી બતાવો.' વકીલે ઝડપથી સૂચના આપવા માંડી. 'અને હું અત્યારે જ કાંદીવલી બંગલે જાઉં છું. બને તો વી.ટી. અને બોમ્બે સેન્ટ્રલ પર પણ માણસ મૂકી દો. તેમને દોશીનો પીછો કરવા કહો.' અને વધુ રોકાયા વગર એ જ ઝડપથી વકીલે ઑફિસ છોડી.

## ૫.

તેમની કાયમની જગાએ જ વિનોદ અને રોઝી બેઠાં હતાં. તેમના દરરોજની આ ટેવ હતી કે સાંજનું વાળુ પતાવ્યા પછી મોડી રાત સુધી આમ બેસી રહેવું. અને છેલ્લે 'ગુડ નાઈટ' કહી એકબીજાના માળામાં ચાલ્યા જવું.

વકીલે બરોબર તેમની સામે રોડ પર ફીયાટ ઊભી રાખી અને



તેમની દરરોજની ટેવ મુજબ બે વખત ત્રુટક ત્રુટક હોર્ન વગાડ્યું.

'બૉસ!' એકદમ વિનોદ ચમક્યો અને જાણીતી ફીયાટ તરફ ભાગ્યો. પાછળ ધીમેથી ચાલી આવતી રોઝીનો સાથ કરવા પણ ન રહ્યો. બૉસ જ્યારે આમ ફીયાટનું મશીન ચાલુ રાખી હાર્ન વગાડતા ત્યારે કંઈક તાકીદનું કામ છે એમ ફલિત થઈ જતું. પછી પ્રશ્નોત્તરીનો અવકાશ ન રહેતો.

ફીયાટ પાસે પહોંચી : 'ગુડ ઈવનિંગ, બૉસ!' કહી તરત પાછળનું બારણું ખોલી વિનોદ એમાં બેસી ગયો. હળવા ધક્કા સાથે ફીયાટનાં પૈડાંએ ગતિ કરી.

રોઝી પાસે આવી પહોંચી હતી પણ તેની રાહ જોયા વગર ફીયાટ દૂર સરકી ગઈ. રોઝી સરકતી ફીયાટને કંઈક અણગમા સાથે તાકી રહી. વિનોદ પણ ફીયાટમાંના અંધારામાંથી રોઝી તરફ તાકી રહ્યો હતો. રોઝી અને ફીયાટનું અંતર વધ્યું એટલે વિનોદે નજર ફેરવી લીધી. રોઝી ના છૂટકે ધીમી ચાલે માળા તરફ ચાલી નીકળી.

'નવનીતરાય દોશી !' વિનોદ કંઈ પૂછે એ પહેલાં વકીલે કહ્યું. 'નવનીતરાય દોશી એકાએક બહાર ચાલ્યા જાય છે.'

'કંઈ કામ ?' વિનોદે જિજ્ઞાસા બતાવી.

'એ આપણે નથી જાણતા. નવનીતરાય દોશી આપણને એ બતાવવા પણ નથી ઈચ્છતા.'

પૂરેપૂરો ભેદી માણસ છે !' વિનોદ પોતાનો મત બતાવ્યો.

એમ આપણાથી ન ધારી લેવાય.' વકીલ વાત કરતા હતા પણ તેમનું સમૂળગું ધ્યાન સામેના રોડ પર કેન્દ્રિત હતું. 'એવું પણ હોય કે બહાર જવાની ફરજ પાડવામાં આવી હોય.'

'પણ કેમ?'

'કેમ, એ આપણે નથી જાણતા. આપણને જણાવવામાં પણ

નથી આવ્યું. આપણે એ શોધવાનું છે.'

અચાનક વિનોદના ધ્યાનમાં આવી ગયું કે અત્યારે તેઓ નવનીતરાય દોશીના ઘર તરફ પ્રયાણ આદરી રહ્યા છે.

'પણ હમણાં તો કહ્યું કે મિ. દોશી બહાર ચાલ્યા જાય છે પછી તે જતા રહેશે તો આપણે ત્યાં જવાનું કોઈ કારણ નહીં રહે !'

'દોશી ભલે બહાર જતા પણ તેમને બહાર ધકેલતું પરિબળ ત્યાં ઉપસ્થિત હશે ને!'

'ખરેખર એ સાચું છે કે તેઓ બહાર ધકેલાઈ રહ્યા છે?'

'મને એવું લાગ્યું ! ફોનમાં પેમણે એવા ભાવથી મારી સાથે વાત કરી કે મારે માનવું પડ્યું કે એમને તાત્કાલિક બહાર મોકલવામાં આવી રહ્યા હોય, કંઈક કામ માટે ! તેઓ કોઈ કાવતરામાં ફસાયા હોય અને જલ્દી જગા છોડી દેવા માગતા હોય એ પણ બની શકે.'

'આપણે ત્યાં પહોંચી ગયા.' વિનોદે કહ્યું. 'અને ત્યાં તેમને બહાર ધકેલતાં પરિબળો હાજર હશે તો આપણે શું કરીશું?'

'આપણને શું હશે એ તો જાણવા મળશે ને ?'

'પણ એ લોકો પાસેનાં હથિયારો?'

'એટલા માટે તો મેં તને સાથે લીધો!' વકીલ ખડખડાટ હસી પડ્યા અને સામેની એક કારને ઑવરટેક કરી. 'તું એ મેનેજ નહીં કરી શકે ?'

'પણ આ રસ્તો તો તેમના મકાન તરફ નથી જતો.'

'તેં એમનો બંગલો જોયો છે?'

'એમણે સરનામું આપ્યું છે તો ખરું, વરસોવાનું!'

'તેમને એ સિવાય બીજો પણ બંગલો છે, કાંદીવલીમાં. કાંદીવલીમાંનો બંગલો વધુ કિંમત આપીને ખરીદાયો છે. ફોનમાં દોશીએ તો કહ્યું કે પોતે વરસોવા ખાતેના બંગલેથી બોલે છે પણ



મને ન લાગ્યું કે તેઓ સાચું કહેતા હોયે જ્યારે અસીલ પહેલેથી જ આપણાથી કંઈ છુપાવવા માગતો હોય અને બંગલાની આસપાસ કઈ રહસ્ય હોય તો પછી આપણે ધારી લેવું જોઈએ કે અસીલ સ્થળનો ઉલ્લેખ સાચો નહીં કરે. હા, જો તેઓ સત્ય ઘટનામાં તેના મૂળ રૂપમાં પહેલેથી જ જણાવતા આવ્યા હોત તો આપણને જુદું કંઈ ધારવાનું પ્રયોજન ન રહેત !'

'કેમ, બંગલો એટલો રહસ્યમય છે?'

'બક્ષીને કહેજે કે ૧૯૯૬ની બ્લેક ફાઈલ બતાવે.' વિનોદ ચૂપ થઈ ગયો. તે જાણતો હતો કે જ્યારે વધુ કહેવાની વકીલની મરજી ન હોય ત્યારે ફક્ત 'બ્લેક ફાઈલ'નો ઉલ્લેખ થતો. આ બ્લેક ફાઈલમાં કેસની ફક્ત બ્લેક વિગતો જ રહેતી કે જે અસીલે ન જણાવી હોય, ગુપ્ત રાખવાની હોય, કે વકીલે જાતે ખોળી હોય ! બ્લેક ફાઈલમાંની વિગતો ફક્ત દોશી, વકીલ અને વિનોદ જ જાણી શકતા. કોર્ટમાં તેનો ઉપયોગ ભાગ્યે જ થતો. અસીલ પોતે પણ નહોતો જાણી શકતો કે તેના વિશેની આવી વિગતો વકીલ પાસે ભરાઈ પડી છે!

વકીલ ફીયાટ ચલાવતાં કંઈ ઊંડા વિચારમાં ખોવાઈ જતા હોય એવું વિનોદને લાગ્યું. વિનોદે પછી આગળ વાતચીતની આશા છોડી દીધી. સીટને અઢેલીને બેસી ગયો અને બારીમાંના કાચની આરપાર જોવા લાગ્યો.

મુંબઈમાં કંઈ જોવાનું નથી, ખાસ તો તેના રહેવાસીઓ માટે. આટઆટલાં આકર્ષણો બધાંને દેખાડવા ઊભાં કરી મૂક્યાં છે પણ દોડધામ કરતો ક્યો રહેવાસી એ જોવા માટે થંભે છે ? બધા એમની રફતારમાં ચાલ્યા જાય છે. જાણે કોઈ કોઈને ઓળખતું જ ન હોય એમ જ બધા વર્તે છે. ખપ પૂરતી વાત, ખપ પૂરતો સંબંધ, પછી

આગળ કંઈ નહીં.''

થોડી  જ વારમાં વિનોદની આંખો થાકી ગઈ. તેણે બહાર જોવાનું રહેવા દીધું. સાથે ફીયાટ ચલાવતા વકીલને જોઈ રહ્યો. અત્યારે તો વકીલ શાંત, સ્વસ્ત ચિત્તે ડ્રાઈવીંગ વ્હીલ આમતેમ મરોડતા હતા. પણ વિનોદને ખાતરી હતી કે એ શાંત મુદ્રામાં તેમનું મગજ ફીયાટના મશીનની જેમ ચક્કર ભમ્મર ફરતું હશે.

સંધ્યાના હિસાબે શાંત જેવી લાગતી ટ્રાફિકમાં એક પછી એક લાઈટના પૉલ વટાવતી ફીયાટ સારા એવા સમય પછી એક વિસ્તારમાં આવી ઊભી રહી.

બારણું ખોલી વકીલે રોડ પર ચાલતાં એક માણસને પૂછયું : એક્સક્યુઝ મી, મને નવનીતરાય દોશીનું મકાન બતાવશો?''

'નવનીતરાય દોશી?' માણસ ક્ષણભર એ નામને વાગોળી રહ્યો. માફ કરશો મેં એ નામ આપના મુખેથી પહેલી વાર સાંભળ્યું.' એ માણસ ચાલવા લાગ્યો.

બારણું બંધ કરી ફીયાટને સહેજ ગતિમાં લાવી વકીલ ફરી એ માણસ સાથે થઈ ગયા.

'અચ્છા એ બતાવી શકશો અહીં એવું મકાન મતલબ કે એવો બંગલો છે કે જે મોટા ભાગે બંધ રહેતો હોય !' વકીલે ફીયાટ થંભાવી બારીમાંથી માથું બહાર કાઢી ફરી એ માણસને પૂછયું.

'ઓ...હો !' એ માણસની યાદદાસ્ત તાજી થઈ. 'પેલા મુંજી વિશે વાત કરો છો ને ! કોઈની સાથે બોલવું નહીં, ચાલવું નહીં અને કાયમ બહાર રહ્યા કરવું ! જુઓ, અહીંથી સીધા જાવ, આગળ ડાબી બાજુ વળવાનું આવશે, ત્યાંથી સો એક વાર દૂર એ ડાબી બાજુના રસ્તા પર સામસામે બે બંગલા હશે. એમાં જમણી બાજુનો લોજને અડીને ઊભેલો બંગલો તમે કહો છો એ શખ્સનો હોઈ શકે!'



'આભાર!' વકીલે ફીયાટ મારી મૂકી. થોડી વારમાં તેઓ ડાબી બાજુના ફાંટા આગળ આવી પહોંચ્યા. ફાંટામાં ફીયાટને વાળી પાર્ક કરવા લાયક જગા મળતાં ત્યાં પાર્ક કરી, બારણું ખોલી નીચે ઊતરી પડ્યા.

'અહીંથી આપણે ચાલતા જવાનું છે.'

'પણ બંગલામાં ગેરેજ હશે ને ! અહીં પાર્ક કરવાની....'

'આપણે કોઈ જોખમ ઉઠાવવા નથી માગતા. જાણ ન પડવી જોઈએ કે આપણે મિ. દોશીને મળવા આવ્યા છીએ.'

'પેલા માણસને પૂછયું છે તેને?'

'એટલું નુકશાન ઉઠાવવું રહ્યું ! નહીં તો મકાન ખોળવામાં સમય લાગી જાત.'

પેલા માણસે નીશાની આપ્યા મુજબ રસ્તાની બંને બાજુ બે બંગલા દેખાતા હતા. એમાંની જમણી બાજુ લોજને અડીને ઊભેલો બંગલો નવનીતરાય દોશીનો હોઈ શકે એમાં કોઈ શંકા હવે વકીલને ન રહી. અજુબાજુનાં મકાનોમાં બારી-બારણામાંથી પ્રકાશનાં કિરણો વેરાઈ રહ્યાં હતાં. જ્યારે દોશીનો બંગલો તેના ઓછા પ્રકાશના કારણે ભૂતિયો જ ભાસતો હતો. ભાગ્યે બે-ત્રણ બારી-બારણાંમાંથી પ્રકાશ આવતો હશે !

વકીલ અને વિનોદ ચાલતાં ચાલતાં ત્યાં આવી પહોંચ્યા. બંગલાની ફરતે ચણેલા કોટનો દરવાજો ખુલ્લો હતો. સામે દેખાતા પ્રવેશદ્વારની આગળની લોબીમાં ઝીરોનો દૂધિયો બલ્બ આછો પ્રકાશ રેલાવી રહ્યો હતો.

'લાગે છે તો એવું જ કે નવનીતરાય દોશી હજુ અંદર છે !' વકીલે કોટના દરવાજામાંથી અંદર પ્રવેશતાં કહ્યું.

'પેલાં એમને બહાર ધકેલી દેનારાં પરિબળો હશે તો?'

'એ પણ નકારી તો ન શકાય ! આટલી ભેંકારતા જોતાં શંકા ઊઠ્યા વગર નથી રહેતી કે એ પરિબળોની હયાતી ન હોય ! 'અને વકીલોના કહ્યા પ્રમાણે હતું પણ એવું જ ! એક જાતની ભેંકારતાં, શૂન્યતા વાતાવરણને વધુ રહસ્યમય બનાવતી હતી. કઈ અજુગતી ગંધ વાતાવરણમાં પ્રસરી રહી હતી.

'સાવચેત રહેજે અને આસપાસ નજર નાખતો રહેજે.' વકીલે ધીમેથી કહ્યું.

તેઓ બન્ને કંપાઉન્ડની લોન વચ્ચેથી પસાર થતો રસ્તો વટાવી પ્રવેશદ્વાર આગળ આવી પહોંચ્યા. પ્રવેશદ્વાર આગળની લોબી જમીનની ત્રણેક ફૂટ ઊંચી હતી. ઉપર ચઢવા માટે કમાનાકાર પગથિયાં બનાવેલાં હતાં. પગથિયાંની બન્ને બાજુએ દરેક પગથિયાં પર ફૂલોનાં કૂંડા ગોઠવેલાં હતાં.

'આપણો અસીલ એમ તો બહુ શોખીન જીવડો લાગે છે!' વકીલ પગથિયાં ચઢતાં બબડ્યા. 'આટલું સુવ્યવસ્થિત ઝાઝા માણસોની હાજરી નથી એને જ આભારી છે, નહીં તો આટલી સુઘડતા સંભવી ન શકે !'પહેલી જ નજરે દેખાઈ આવતી સ્વચ્છતા, સુઘડતા અને કારીગરી જોઈ વકીલથી પ્રશંસા કર્યા વગર ન રહેવાયું.

પ્રવેશદ્વાર પણ ઉત્તમ કારીગરીથી કોતરેલું હતું.

'લાગે છે તો એવું જ મિ. દોશીએ બંગલાની કિંમત જોઈ કરીને આંકી છે.' વકીલે કોલબેલનું બટન દબાવ્યું.

બટન દબાવતાં અંદરના ભાગમાં મધુર ઘંટારવ રણકી ઊઠ્યો. વકીલે થોડીવાર રાહ જોઈ પણ અંદરથી કોઈ બારણું ખોલવા આવતું હોય એવું લાગ્યું નહીં એટલે ફરીથી બટન દબાવ્યું. પણ એનોયે કોઈ પડઘો ન પડ્યો. ત્રીજી વખત બટન દબાવવા તેમનો હાથ સ્વીચ પર પહોંચ્યો પણ પછી રહેવા દીધું. ત્યાંથી હાથ ઉઠાવી



બારણાનું હેન્ડલ ઘુમાવ્યું.

'સર !' એકદમ વિનોદના મુખમાંથી કંઈક ચેતવણીસૂચક સ્વર નીકળી ગયો.

'શું?'

'આમ રજા સિવાય આપણે પ્રવેશીએ...'

'પણ એમાં છે શું? મીસ્ટર નવનીતરાય દોશી આપણા અસીલ છે. તેમણે હમણાં આપણને ફોન કરી બોલાવ્યા. એટલે તાબડતોબ આપણે દોડી આવ્યા.' કોઈ અંદર હોય તો સાંભળી શકે એવા મોટા અવાજે વકીલે કહ્યું.

'પણ આ ગેરકાનૂની ન કહેવાય?' વિનોદે ધીમેથી વકીલના કાનમાં કહ્યું.

'નહીં જ ! દોશીએ ફોન કરી બોલાવ્યા પછી ગેરકાનૂની કેવી રીતે કહેવાય !' ફરીથી વકીલ મોટા અવાજમાં બોલ્યા અને હેન્ડલ ઘુમાવી બારણું ખોલ્યું. બારણું ખાલી અડકાવેલું જ હતું.

'ફોલો મી.' વકીલે કહ્યું અને ખિસ્સામાંથી પેન્સીલટોર્ચ કાઢી દીવાલ પરનું સ્વીચનું બટણ ખોળવા લાગ્યા. બટન જડતાં આખા ખંડમાં પ્રકાશ વેરાઈ ગયો. પ્રકાશમાં આખો ખંડ ઝળહળી ઊઠ્યો. સાથે ખંડનું સુશોભન પણ ઝળહળી ઊઠ્યું.

'સર, બહારથી તો આ બંગલામાં બે ત્રણ બારીઓમાંથી પ્રકાશ આવી રહ્યો હતો અને અહીં અંધકાર કેમ હશે?'

'જ્યાંથી પ્રકાશ આવતો હશે ત્યાં મી. દોશી કંઈક કરી રહ્યા હશે, મતલબ કે સૂવા માટેની તૈયારી. અહીંની લાઈટ બિનઉપયોગી હશે એથી બંધ કરી હશે.' અમંગળ શંકા તો વકીલના મનમાં પણ ઊઠી હતી છતાં તેમણે વિનોદને કહ્યું.

'તો આ બારણાને લોક કેમ નથી કર્યું. કેમ બહારનો કોટનો

દરવાજો ખુલ્લો છે ?'

'એ આપણે હમણાં જાણી શકીશું.' કહી વકીલ આગળ વધ્યા. ખંડની બરોબર મધ્યમાં આવી જોરથી બૂમ પાડી : 'મીસ્ટર નવનીતરાય દોશી, તમારા બોલાવ્યા પ્રમાણે અમે આવી ગયા છીએ. તમે નીચે આવો.'

જોરથી બોલાયેલા આ શબ્દોએ આજુબાજુની દીવાલો પર બે વખત પડઘા પાડ્યા પણ કોઈ જવાબ ઊઠતો ન લાગ્યો.

'મીસ્ટર નવનીતરાય દોશી.' ફરીથી વકીલ બોલ્યા. 'તમારા બોલાવ્યા પ્રમાણે અમે આવી ગયા છીએ. તમે નીચે આવો.'

ફરી પણ દીવાલો પડઘા પાડી ચૂપ થઈ ગઈ. કોઈ જવાબ ન મળ્યો.

'વિનોદ, આપણે થોડી વાર અહી બેસીએ. કદાચ મીસ્ટર દોશી જવાબ વાળવાને બદલે જાતે આવી હાજર થઈ જશે.' વકીલે કહ્યું અને એક સોફા પર બેઠક જમાવી.

વાતાવરણની વ્યાપેલી ભયંકરતામાં ઘડિયાળનો ટીક.... ટીક... અવાજ પણ ઘેરી અસર ઉપજાવતો હતો. એક...બે...ત્રણ...ચાર... ઘડિયાળનો સેકંડ કાંટો આગળ વધતો ચાલ્યો, બરોબર તેની પાછળ નિયમ મુજબ અનુસરતો મિનિટ કાંટો પાંચ ચકરડાં ફર્યો કે વકીલ ઊભા થઈ ગયા.

'ચાલ,વિનોદ, આપણે તપાસ કરવી પડશે !' વકીલે ઊંચે દોરી જતી સીઢી તરફ નજર નાખી.' ઉપલા ઓરડાઓમાં કદાચ દોશી આરામની નિદ્રાં લઈ રહ્યા હોય !'

સમય ગુમાવ્યા વગર વકીલ સીડી ઉપર ચઢી ગયા. તેમને અનુસરતો વિનોદ પણ પાછળ ચઢી આવ્યો. કઠેરા આકારની લોબી ગોળાકાર ફરી તેની મુળ જગાએ પાછી આવી જતી હતી. એ



લોબીની એક બાજુ ગોળાકાર ઓરડાની હારમાળા હતી અને બીજી બાજુથી નીચલો ખંડ જોઈ શકાતો હતો.

પહેલા ઓરડાનું લોખંડનું સોલીડ બારણું વકીલે ખખડાવ્યું. અંદરથી કોઈ જવાબ ન આવ્યો ફરી વખત ખખડાવવાનું રહેવા દઈ તેમણે તેનું હેન્ડલ ફેરવ્યું પણ લોકના કારણે હેન્ડલ તસુ પણ ફર્યું નહીં. લોખંડનું સોલીડ બારણું ફ્રેમ પર એવું ચીપકાઈ ગયું હતું કે અંદર પ્રકાશ હશે કે અંધારું હશે એ જ કળી નહોતું શકાતું. લોબીની ફરતે દરેક ઓરડાએ આવાં બારણાં હતાં તેથી ક્યા ઓરડામાંથી બહાર લાઈટ દેખાતી હશે એ કળવું મુશ્કેલ હતું.

'આગળ !' વધુ પ્રયત્ન કરવાનો રહેવા દઈ વકીલ આગળ આવ્યા. ધાર્યું હોત તો તેઓ વિનોદની મદદ લઈ બારણું ખોલી શક્યા હોત. ફીયાટમાં આ માટે 'માસ્ટર કી' ચાવીનો ઝુમખો હતો. એમાંથી ગમે તે એક ચાવી તો બારણાના લોકને લાગી જાત. પણ લોક છે એટલે અંદર કશું નહીં હોય એવું ધારી વકીલે રહેવા દીધું. તો પણ મનમાં વિચાર હતો કે જો બધા જ બારણાને લોક હશે તો એ ચાવીઓનો ઉપયોગ કરવો પડશે.

બીજું બારણું પણ લોકવાળું નીકળ્યું. ત્રીજા બારણાના હેન્ડલને સહેજ ઘુમાવતા જોર લગાડ્યું કે આછા ધ્વનિ સાથે હેન્ડલ ફરી ગયું. ધક્કો મારતાં બારણું ખુલી ગયું. એ સમયે જ પ્રકાશનો ધોધ વકીલ અને વિનોદ પર ફરી વળ્યો.

'મિ. દોશી' વકીલે જોરથી કહ્યું.

પણ કોઈ પ્રત્યુત્તર ન આવ્યો.

અંદર જવું પડશે, વિનોદ.' વકીલ અંદર પ્રવેશ્યા. ઓરડો પુસ્તકાલયનો હોય એમ લાગતો હતો. સામેની દિશામાં બહાર ઊઘડતી બે બારીઓ ખુલ્લી હતી. એમાંથી જ બહાર પ્રકાશ દેખાતો

હશે ! આજુબાજુ બે દીવાલોને અઢેલીને એંગલોના ઘોડા ગોઠવેલા હતા. તેમાં વ્યવસ્થિત રીતે પુસ્તકો ગોઠવેલાં હતાં. ઓરડાની વચ્ચે આઠ-દશ માણસોને સગવડતા આપી શકે તેવું વિશાળ મેજ ગોઠવાયેલું હતું. આજુબાજુ ખુરશીઓ હતી. કદાચ આ ઓરડો કોન્ફરન્સ-રૂમ માટે પણ વપરાતો હોય. પણ મિ.દોશી માટે એ ન બની શકે, તેઓ એકલપટુ હતા. પણ તેમનો બિઝનેશ-મેન થવાનો વિચાર હોવાથી ભવિષ્યમાં ઉપયોગી થાય એ હેતુએ તેમણે આ વસાવ્યું હોય એ બની શકે ખરું !

'સર !' એક ચીસ સાથે વિનોદ હચમચી ઊઠ્યો.

'શું?' પુસ્તકોના ઘોડા તરફ જોતા વકીલ એકદમ ફર્યા.

'આ...આ મર્ડર !'

'મર્ડર !' વકીલ ભાગ્યા અને એકદમ વિનોદ પાસે આવી પહોંચ્યા.

ખુરશી પરથી ઢસડાઈને એક લાશ નીચે પડી હતી. માથું જમીન પર પછડાયેલું હતું. પણ માથાના હિસાબે સહેજ અધ્ધર હતા. કેડમાંથી વળાઈને પોટલા જેવી થયેલી એ લાશ લોહીથી ખરડાયેલી હતી.

'બી કેરફુલ, કોઈ જગાએ હાથ લગાડતો નહીં, હું જ તરત પાછો આવું છું.' અને વકીલ ભાગ્યા. તેમના બુટનો અવાજ ટાઈલ્સ પર ખટાક બોલાવવા લાગ્યો. જોતજોતામાં તે દોડતા દોડતા લગભગ લોબી ફરતા બધા ઓરડા તપાસી વળ્યા. બધા જ લોક કરેલા હતા. કોઈ જગાએ માણસ હોઈ શકે એવું ન લાગવાથી તે પાછા આવ્યા. ખિસ્સામાંથી કાઢેલી રિવોલ્વર પાછી મૂકી દીધી. સહેજ શ્વાસ નીચે બેઠો એટલે લાશની પાસે બેસી તેની પરીક્ષા કરવા લાગ્યા. લાશને સ્પર્શ ન થાય એમ નાક આગળ હથેળી ધરી રાખી. મેજનો પડછાયો



હોવાથી પેન્સિલટોર્ચ કાઢી ઝીણવટથી બધાનું નિરીક્ષણ કર્યું.

થોડી વારે તે ઊભા થયા. પેન્સિલટોર્ચ ખિસ્સામાં મૂકી દીધી.

'આ માણસને મર્યે લગભગ દોઢેક કલાક થયો હશે. રીવોલ્વરની ગોળીએ મોત થયું છે એ તો નક્કી છે.' વકીલે આજુબાજુ રીવોલ્વર ખોળવા નજર નાખી પણ રીવોલ્વર દેખાઈ નહીં. થોડે દૂર એક ચોપડી ફંગોળાયેલી પડેલી હતી. ત્યાં જઈ હાથે અડ્યા વગર ચોપડીનું શીર્ષક જોયું. તેનો નંબર જોયો અને ઘોડા પર જયાંથી ચોપડી કાઢેલી હતી તે જગા જોઈ.

'ગોળી છૂટી ત્યાં સુધી મરનારને ખબર નહીં હોય કે તેનું મોત થવાનું જ છે. તે વાંચવામાં મશગૂલ હશે અથવા ખૂની તેને ગોળી મારશે એવી ધારણા જ નહીં હોય !... પણ ફરજ આપણી એ છે કે તારે પોલીસને ખબર આપવી.'

'પોલીસ?' વિનોદે ચમકીને પૂછયું.

'હા, સાંભળેલી વાત હોય તો જુદી વાત; જ્યારે આપણે આ નજરે જોયું. તું ફોન કર ! પોલીસને બધું જણાવ. આગળનો બધો મામલો તું હેન્ડલ કર. મારે હવે જવું પડશે. તારે અહીં આ ઓરડામાં રહેવાની જરૂર નથી. નીચલા ખંડમાં જતો રહે અથવા બહારની લોબીમાં આંટા માર. ખૂનનું નામ સાંભળતા ઈન્સ્પેક્ટર ભાગતા આવી પહોંચશે. તને પૂછે તો તારે કહેવાનું કે દોશીએ અમને બોલાવેલા. તેઓ અમારા અસીલ છે. મારા વિશે પૃચ્છા કરે તો કહેવાનું કે જરૂરનું કામ હોવાથી બહાર ગયા છે, કાલે મળી જશે. એ ધ્યાનમાં રાખશે, જે જે જોયું એ બધું સાચેસાચું જણાવવાનું.'

'ઓ.કે.બૉસ.'

'અચ્છા, ગુડ નાઈટ.' અને વકીલ સીડી ઊતરી નીચે આવી ગયા. એની મેળે બંધ થઈ ગયેલાં બારણાંને ખોલી બહાર નીકળી

ગયા.

નજીકના પબ્લીક ટેલીફોન બુથ પરથી તેમણે ઑફિસે ફોન જોડ્યો.

'હલ્લો, બક્ષી, કાંઈ નવાજુની.'

'નવાજુની થઈ હશે એમ લાગે છે ? મને તો એ જ વાતનું આશ્ચર્ય થાય છે કે સંતોષી હજુ ષડયંત્ર સુધી કેમ નથી પહોંચી શક્યો !'

'આશ્ચર્ય ન પામતો બક્ષી, હું એમાં જ આવી પહોંચ્યો છું. દોશીના કાંદીવલીવાળા બંગલામાં એક માણસનું ખૂન થઈ ગયું છે.'

'તો આપણા માટે સારામા સારું એ જ છે કે આપણે આ કેસથી હાથ ધોઈ નાખવા. આપણે દોશીનો સુટકેશ બદલાયા બાબતનો કેસ લીધો છે; ખૂનના-ઉઘાડા ખૂનના-નામોશીભર્યા કેસના વકીલ થઈ ફજેતીના ફાળકે ચઢવાની આપણે કાંઈ તેને બાંહેધરી આપી નથી.'

'જરા શાંત, બક્ષી ! અને કહે કે દોશીના શા સમાચાર છે.'

'એ માણસનો ઈરાદો આપણને ખરાબ દેખાડવા સિવાય બીજો કોઈ હોઈ તેમ જણાતું નથી. તે ક્યાંક જરૂર સંડોવાયો છે. તેણે પત્રકારો માટેના એક ખાસ વિમાનમાં જગા મેળવી લીધી છે. અને પ્લેન પૂના જવા ઉપડી ચૂક્યું છે. એ વિમાનમાં શિબનને જગા અપાવતાં રૂપિયા દોઢસોનો વધારાનો ખર્ચ થયો છે.'

'ઓ.કે. વિનોદે પોલીસમાં ખબર આપી દીધી હશે. પોલીસ શું શું ધ્યાનમાં લે છે તથા કોના પર શક કરે છે, ખૂનનું હથિયાર કયું છે, તથા તે કોની માલિકીનું છે, મરનાર કોણ છે તથા તેનું તે બંગલામાં જવાનું કારણ શું છે વગેરે વિગતો મેળવવા માંડો. હું કયાં જાઉં છું તે કહીને જતો નથી. મારે જ્યારે કંઈ જરૂર પડશે ત્યારે હું



ફોન કરીશ. આપણી ફીયાટ વિક્ટોરીયા-ટરમીન્સથી થોડે દૂર રોડ પર પાર્ક કરેલી હશે તે આજ સવાર પહેલા મંગાવી લેવાની.' વકીલે ફોન મૂકી દીધો અને બહાર આવી ફીયાટ વિક્ટોરીયા ટરમીન્સ તરફ મારી મૂકી.

બાર ને વીસ મિનિટે વી.ટી.થી ઊપડતી એકસપ્રેસમાં તેમણે પહેલા વર્ગની એક બર્થ મેળવી લીધી. તેમનો વિચાર આ કેસ અંગે થોડું વિચારી લેવાનો અને સમય મળે તો થોડું ઊંઘી લેવાનો હતો.

ટ્રેન ઊપડી અને સાથે સાથે તેમની વિચારમાળા પણ ઊપડી. સૌથી પહેલાં તો તેમણે પાંચ પ્રશ્નો ઊભા કર્યા.

(૧) દોશીની સુટકેશ ખરેખર બદલાઈ ગઈ હતી ખરી ?

(૨) જો સુટકેશ બદલાઈ ગઈ હોય તો - તેનું બદલાવું આ ખૂનની ઘટના માટે કારણભૂત છે ખરું ?

(૩) દોશી જણાવે છે તે કરતાં કંઈક બીજા જ પ્રકારનો ભય તેમનામાં ઘર કરી રહ્યો છે ?

(૪) દોશીનું અચાનક ચાલ્યા જવું એ સહેતુક કે માત્ર ગભરાટનું જ પરિણામ હતું ?

(૫) જે વ્યક્તિનું ખૂન થયું છે એ વ્યક્તિને દોશી સાથે શો સંબંધ છે ?

આ બધા પ્રશ્નો પર વિચારતાં તેમને લાગ્યું કે આ કેસ અંગે વિચારવાનો તેમને ખરેખર સમય જ મળ્યો નથી.

## ૬.

વકીલ પૂના પહોંચ્યા ત્યારે સાડાપાંચ થયા હતા. પબ્લિક બૂથમાં જઈ તેમણે પોતાની ઑફિસનું ટ્રંક-બુકીંગ માગ્યું અને સમય

પસાર કરવા પબ્લિક બૂથની સહેજ બહાર આવી આજુબાજુ જોવા લાગ્યા.

તે થોડીવાર ઊભા રહ્યા હશે કે એક છોકરો હાથમાં પેપરનો થોકડો લઈ તેમને પાસે દોડી આવ્યો.

વકીલે પૈસા આપી એક દૈનિક ખરીદ્યું.

પહેલે જ પાને નીચલા કોલમમાં કાંદીવલી પ્રકરણ ચમક્યું હતું. વકીલે ધ્યાનપૂર્વક તે વાંચવા માંડ્યુ.

'ખબરપત્રી દ્વારા : આજ મધરાત પહેલાં એક ભૂતિયા કહી શકાય એવા મકાનમાં એક આદમીનું ખૂન થયું. આ મકાન એક એકલા રહેતા તવંગર જીવનું છે. આ માણસને આવા બે બંગલાઓ મુંબઈમાં છે છતાં એ માણસ બહુ ઓછો સમય આ બંગલાઓમાં ગાળે છે. મોટે ભાગે તેના બંગલાઓ હંમેશા બંધ જ હોય છે સિવાય કે નોકર તેની સાફસૂફી કરવા માટે ખોલે. આ માણસ-નવનીતરાય દોશી-અત્યારે કયાં છે તેની તપાસ પોલીસ ચલાવી રહી છે. મરનાર આદમી ઓળખાયો નથી.' -અને કોલમની નીચે મરનાર આદમીનો ફોટો છપાયો હતો.

વકીલે પેપર બંધ કર્યું. પબ્લિક બૂથના બારણાની તૂટેલી ફાટમાં પેપર ભરાવ્યું અને અંદર ગયા.

લગભગ વીસેક મિનિટ થઈ હશે ને લાઈન મળી ગઈ.

'ગુડ મોર્નિંગ, બક્ષી.'

'ગુડ મોર્નિંગ, અત્યારે કયાંથી બોલી રહ્યો છું.'

'પુના. કહે સવાર કેવી છે.'

'અરે, ગુડ ! આપણી રોઝી છોકરી બહુ સમજદાર છે. હું અહીં હોઈશ એવું જાણતાં ગરમ નાસ્તા સાથે ઉપસ્થિત થઈ ગઈ.'

'અત્યારે હાજર છે?'



'ના, વિનોદ પણ સાથે આવેલો. બંને ગયાં.'

'અત્યારે દોશી ક્યાં છે?'

'સ્નો-ફોલ હટલ. રૂમ નં. ૨૯.'

'રજીસ્ટ્રેશન?'

'સુધીર વખારિયા, મદ્રાસ, ધંધાર્થે.' વકીલે એ ટપકાવી લીધું.

'બીજા કંઈ નવીન?'

'પોલીસને મી. દોશી પર શક છે. ખૂનનું હથિયાર મળ્યું છે. તે .૩૮ કેલીબરની રીવોલ્વર છે, વીલ્સન એન્ડ સ્કોટ, અમેરિકન બનાવટની તેની માલિકી નવનીતરાય દોશીની છે.'

'વિનોદે બધું હેન્ડલ સારી રીતે કર્યું હતું ને?'

'મને લાગે છે કે તેણે સારી રીતે કર્યું હશે. પણ ઈન્સ્પેક્ટર જાડેજાએ તેની બહુ ઉલટ તપાસ લીધેલી એવું વિનોદ સાથેની વાતચીતમાં જાણવા મળ્યું. ઈન્સ્પેક્ટરને લાગે છે કે ખૂનીની તને જાણ છે. એટલે જે તું બધું વિનોદ પર છોડીને ચાલ્યો ગયો હોઈશ. એક વખત તેમનો ફોન પણ આવી ગયો કે તું પાછો આવ્યો કે નહીં ! મને લાગે છે કે આપણને પરાજ્ય આપવા આ કેસમાં બાજી તેમના હાથમાં છે.'

'કશું કહેવાય નહીં. ભલે બાજી તેમના હાથમાં હોય, આપણે તો હંમેશાંની આપણી રીત મુજબ નિર્દોષને છોડાવવાનું છે. જો દોશી દોષિત હશે તો ?... જેવું તેમનું નસીબ ! આપણાથી તેની બાબતમાં કશું નહીં થઈ શકે ?' વકીલે રીસીવર મૂકી દીધું.

લગભગ સવા-છના સુમારે વકીલ સ્નો-ફોલ હોટલ પર પહોંચ્યા. મોડી રાત સુધી ધમધમતી આ હોટલ વહેલી સવારે એકદમ શાંત અવસ્થામાં પડી હતી. મોડી રાત સુધી જાગનારાં મહેમાનો હજુ ઊઠ્યાં નહોતાં, વેઈટરોની અવર-જવર પણ શાંત હતી. રીસેપ્શન

ડેસ્ક પછવાડે બેઠેલા માણસનું ધ્યાન સામે ખોલેલા રજીસ્ટરમાં હતું પણ વાસ્તવમાં તે બે હાથની કોણી પર રાતનો ઉજાગરો કાઢવા ઊંઘનાં ઝોકાં ખાઈ રહ્યો હતો. આ ઝોકાં ખાતા માણસને જગાડીને પોતાની હાજરીની જાહેરાત કરવાની વકીલને જરૂર ન જણાઈ. તેઓ ઝડપથી અંદર પ્રવેશ્યા.

'એક્સક્યુઝ મી સર !' ઝોકાં ખાતો માણસ જાગ્યો. 'આપની શી સેવા કરી શકું ? બોલવામાં પણ ઊંઘનું ઘેન જણાતું હતું.

'મારે મી. વખારિયાને મળવું છે- સુધીર વખારિયા.'

માણસની નજર રજીસ્ટર પર ફરી વળી. 'પહેલા માળે રૂમ નંબર ૨૯.'

'થેન્કસ,' વકીલ ઝડપથી દાદરા ચઢવા લાગ્યા.

પહેલા માળ પર પહોંચતા જણાવ્યું કે એક બોર્ડ પર નંબરો લખી નીચે દિશાસૂચક ચિહ્નો કરેલાં હતાં. લોબીની એક બાજુ એકી નંબરો હતા. બીજી બાજુ બેકી નંબરો હતા. રૂમ નંબર ૨૯, રૂમ નંબર ૨૭ અને ૩૧ ની વચ્ચે આવેલી હતી.

રૂમ નંબર ૨૯ના બારણા પાસે જઈ વકીલે કોલ-બેલનું બટન દબાવ્યું. એટલામાં રીસેપ્શન ડેસ્ક પાછળ બેઠેલો માણસ ત્યાં દોડી આવ્યો.

'સાહેબ.' ઉશ્કેરાટમાં તેનો શ્વાસ ઝડપી ગતિ કરતો હતો.

વકીલે તેના તરફ ફર્યા.

'મિ. વખારિયાએ કહ્યું છે કે તેમને કોઈ ડિસ્ટર્બ ન કરે. ફોન આવે તો પણ ન લેવો. કહી દેવું કે વખારિયા અહીં નથી.'

'તો પહેલાં આ મને કેમ ન જણાવ્યું.'

'મારા ધ્યાન બહાર આ વાત રહી ગઈ !'

'તો હવે આ વાત ધ્યાન બહાર જ રાખવાની. મિ. વખારિયા



કે કોઈ પૂછે તો કહી દેવું કે હું શરતચૂકથી પ્રવેશી ગયો હતો અને એ વાત ન ભૂલો કે ડેસ્ક પર ઝોકાં ખાવાં એ ગુનાપાત્ર છે.'

ડેસ્ક કલાર્ક ઝંખવાણો પડી ગયો. તે કંઈ કહેવા જતો હતો પણ બોલી શક્યો નહીં. ફક્ત એટલું બોલ્યો, 'પણ ?...'

'આગળનું હું સંભાળી લઈશ. વખારિયા મારા ખાસ મિત્ર છે, તેમને હું સમજાવી દઈશ. તેઓ મારું કહેવું નહીં અવગણે.' વકીલે ફરીથી ડોરબેલનું બટન દબાવ્યું.

ડેસ્કકલાર્ક નિરાશ થઈ પાછો ફર્યો.

થોડી વારમાં કોઈનાં સ્લીપર પહેરેલાં પગલાં અંદરથી સંભળાયાં. બારણાના તાળામાં ચાવી ફરી અને બારણું ખુલ્યું.

'આપ ?...આપ અહીં ?' દોશી હચમચી ગયા. ગમેતેમ તોય વકીલને તો બારણામાં ઊભેલા જોવાની તેમેન ગણતરી નહોતી જ. તેમનો ગભરાટ પળે પળે વધવા લાગ્યો. ગભરાટ-ઉશ્કેરાટ સમાવવા તેઓ ગાઉનની દોરી બાંધવા લાગ્યા. ઊંઘમાંથી ઊઠવાને કારણે રહેલી અર્ધજાગ્રત અવસ્થા તો વકીલને ઓળખતાં જ ભાગી ગઈ હતી.

'તમે તો જાણે કાંઈ પણ કહ્યા સિવાય ચાલ્યા આવ્યા. પરંતુ મારે તમારી વાતોની ચોખવટ કરવી જરૂરી હતી એટલે અહીં આવવું પડે ને !'

'પણ હું આ હોટેલમાં છું એની તમને કેવી રીતે ખબર પડી?'

'એવું બધું જાણવું એ તો અમારો ધંધો છે. મને લાગે છે કે તમે જરા હાથ-મોં ધોઈ સ્વસ્થ થાઓ એટલે આપણી જરા વાતચીત કરી લઈએ. મને વહેમ છે કે આપણે પાસે હવે સમય ઘણો ઓછો છે.' વકીલે કહ્યું અને અંદર જવા પગ મૂક્યો. 'આવી શકું !'

'હા, હા.' દોશી બારણામાંથી હટી ગયા.

વકીલ અંદર આવી એક ખુરશી પર બેઠા. દોશી ટુવાલ લઈ બાથરૂમમાં જવા લાગ્યા પણ એ પહેલાં ટેબલ પરનું એક બટન દબાવ્યું. બેડ-ટી માટેનું એ બટન હતું- વકીલે એ વાંચ્યું.

થોડી વારે લગભગ સ્નાનની જરૂર ન રહે એમ હાથ-પગ-મોં ધોઈ, લૂંછતાં લૂછતાં દોશી બહાર આવ્યા. વેઈટર પણ ચા-નાસ્તાનો સરંજામ લઈ આવી પહોંચ્યો. તેણે ટેબલ પર બધું મૂકી નાસ્તો તૈયાર કરવા માંડ્યો.

'તું જા, હું કરી લઈશ.' દોશીએ કહ્યું અને ટુવાલ બાથરૂમમાં જઈ મૂકી આવ્યા.

'તમારું આમ અચાનક અને અણઈચ્છયું આગમન તો ગમે તેવાને ગભરાવી નાખે.' દોશીએ તેમની અસ્વસ્થતા અને ગભરાટ ખંખેરી નાખ્યા હતા. ચાનો કપ તૈયાર કરી તેમણે એક વકીલને ધર્યો. નાસ્તાની પ્લેટ અને ચમચો પણ વકીલ આગળ મૂક્યાં.

'અને તમારું અચાનક અને અણઈચ્છયું ચાલ્યા જવું એ પણ કંઈક તો અજુગતું મારા જેવાને લાગ્યા કરે !' વકીલે નાસ્તાની પ્લેટમાંનો નાસ્તો ઉડેલવા માંડ્યો. ઊંઘ વગરની રાત્રીએ તેમની ભૂખ વધારી મૂકી હતી.

'પણ તમારે અજુગતું ધારી લેવાનું કોઈ કારણ ન રાખવું જોઈએ. હું તો તમને કહીને જ મતલબ કે જાણ કરીને જ અહીં આવ્યો છું !'

'સુધીર વખારિયાનું રજીસ્ટ્રેશન કરાવીને !'

એક પળ દોશી ચમક્યા પણ પછી તરત સ્વસ્થ થઈ ગયા. 'અહીં તો મારું રજીસ્ટ્રેશન હંમેશા એ નામનું જ રહ્યા કરે છે. પણ તમને હોટલવાળાએ અંદર કેવી રીતે આવવા દીધા? મેં તો કોઈને મને મળવા દેવાની ના પાડી હતી.'



'ડેસ્ક-કલાર્કનું ધ્યાન રજીસ્ટરમાં હતું અને હું છૂપી રીતે ચાલ્યો આવ્યો.'

'તોબા ! તમારાથી વકીલ ! હું માનું છું કે દરેક કેસ પાછળ તમે તમારી દરેક યુક્તિ-કુયુક્તિઓ ખર્ચી નાખતા હશો એટલે જ આટલું નામ કમાઈ શક્યો છો ?'

'જોજો પાછા એવો મને ધારી લેતા. હું કદાપિ વિરૂધ્ધ જવામાં માનતો નથી. કાયદો મને હંમેશાં સાથ આપતો રહ્યો છે.' વકીલે પોતાનો નાસ્તો પૂરો કર્યો અને દોશીએ બતાવેલા બાથરૂમમાં જઈ હાથ-મોં ધોઈ આવ્યા.

દોશીએ પણ પોતાનો નાસ્તો પૂરો કર્યો. બહાર દૂર ઊભેલા એક વેઈટરને જાણ કરી. વેઈટર બધો સરંજામ લઈ ગયો. દોશી હાથ-મોં ધોઈ આવ્યા.

'કહો કેમ આવ્યા?' ખુરશી પર વ્યવસ્થિત થઈને બસતાં દોશીએ કહ્યું.

'તમે જે કંઈ બાકી રાખ્યું હોય, અને તમને કંઈ ખૂટતું લાગ્યું હોય એ હવે કહો.' વકીલે હળવાશથી ખુરશી પર ગોઠવાતાં કહ્યું.

'મારે જે કંઈ કહેવાનું હતું એ તો મેં તમને આ પહેલાં જણાવી દીધું છે.'

'કંઈ બાકી નથી રાખ્યું ? કંઈ છૂપાવ્યું નથી ?'

'ના.'

'ચોક્કસ?'

'તમે કહેવા શું માગો છો, વકીલ સાહેબ. મારે જે બધું જણાવવાનું કહું એ તો મેં જણાવી દીધું. હવે બીજું વધુ શું જણાવું ? અને સંસ્કારિતાની રૂએ હું મારી અંગત બાબત પણ જણાવું એ તો તમે યોગ્ય નહીં ધારતા હો. '

'જુઓ દોશી, તમારી અંગત બાબત સાથે મારે કોઈ લેવા દેવા નથી, પણ એ ન ભૂલો કે કોઈ વાર અંગત ગણાતી બાબત જ જાહેર -વિનાશ નોતરે છે.'

'મને લાગશે કે એવું કંઈ થવાનું છે ત્યારે હું બધું જણાવીશ.'

'મને લાગે છે કે હું શું કહેવા માગું છું તેની કલ્પના તમે થોડેવત્તે અંશે કરી શકતા હશો. જે કારણે મારું આમ અણધાર્યું આગમન પણ થયું છે.' વકીલને પોતાને લાગ્યું કે જેની પોતે ખોળ કરી રહ્યા છે તે દોશીનામાંથી ઝડપી શકાય એમ નથી. આખરે તેમને બોલવું પડ્યું : 'હું તમારા કાંદીવલી ખાતેના બંગલા પર થયેલા એક ખૂન વિષે કહેવા માગું છું.'

'ખૂન!' દોશી ખુરશીમાં સહેજ સળવળ્યા. પછી એકદમ વકીલ તરફ ઝૂકી પડ્યા : 'કોનું ખૂન થયું ? કોણે કર્યું ? કાંદીવલીને બંગલે તમે કેવી રીતે ધાર્યું કે બંગલો....'

'જુઓ મિ. દોશી, કાંદીવલીનો બંગલો તમારો છે. પોલીસને પણ એની ખબર છે. ત્યાંના તમારા પડોશીઓ પણ જાણે છે કે મોટે ભાગે બંધ રહેતો એ બંગલો તમારો છે. પછી હું કેમ ન ધારી લઉં કે અં બંગલો તમારો નથી ? - ત્યાં આજે રાત્રે ખૂન થયું છે. અને તમને ખાસ ચેતવણી આપું છું કે તમે કંઈ છુપાવશો તો....'

'પણ મને કંઈ ખબર જ નથી કે મારે બંગલે ખૂન થયું છે, પછી છુપાવવાનું શું?'

'અચ્છા, તો તમે જાણો ! પણ પોલીસ તમારી વાત માનશે નહીં. તેઓ જાણે છે કે, તમે મુંબઈમાં છો. સુટકેસના સંદર્ભમાં તમારો ખાસ પરિચય પણ થયો છે અને હવે મુંબઈમાં તમારી અનુપસ્થિતિ....! કહેવાનું એટલું જ કે હવે કોઈ પણ મિનિટે પોલીસ તમારી ગિરફતારી કરવા આવી પહોંચશે.'



દોશી ગભરાયા : 'વકીલ સાહેબ, હું તદ્દન નિર્દોષ છું. મેં તમને હમણાં કહ્યું તેમ હું કશું જ જાણતો નથી.'

'તમે મને ફોન ક્યાંથી કરેલો?'

'એર-પોર્ટ પરના પબ્લીક બુથ પરથી.'

'તમે કાંદીવલીના બંગલે છેલ્લે કયાં સુધી હતા ?'

'લગભગ દશ ને પંદર મિનિટે ત્યાંથી નીકળ્યો હોઈશ.'

'એટલે કે ફોન કર્યા પહેલા લગભગ અડધા કલાકે તમે ત્યાંથી નીકળી ગયા હતા?'

'હા.'

'તમે ત્યાંથી નીકળ્યા તે પહેલાં એ મકાનમાં ખૂન થયેલું હતું?'

'જો એવું હોત તો હું તમને જણાવું નહી ? મને એ વિશે બિલકુલ ખબર નથી. એવું મે કશું જોયું પણ નથી.'

'તો પછી તમે એકાએક ત્યાંથી શા માટે ભાગી આવ્યા.'

'ફરી એનો ખુલાસો ન કરવા માટે તમારે મને માફ કરવો પડશે, કારણકે એ વાત મારી ખાસ અંગત છે. એ વાત જણાવતાં બીજી પણ એક નિર્દોષ વ્યક્તિ એમાં સંડોવાય છે. હું નથી ઈચ્છતો કે તે આમાં આવે!'

'મેલ છે કે ફીમેલ?'

'સોરી વકીલ સાહેબ.'

'પણ અમારે તો એ શોધવું પડશે !' વકીલે કંઈક નિશ્ચયાત્મક રીતે કહ્યું. 'સાથે સાથે આપણે એક ચોખવટ કરી લઈએ તો સારું ! મેં તમારી સુટકેશ બદલાયાનો કેસ હાથમાં લીધો છે. તે સંબંધમાં તમારું હિત રક્ષવાની મારી ફરજ છે. પણ આ ખૂનકેશ જોતાં કદાપિ જો પોલીસ તમારા પર શક કરી તેમને પાંજરામાં ઊભા કરે તો હું માનું છું કે ત્યાં તમારું હિત રક્ષવાની મારી ફરજ નથી ! કેમ બરોબર

ને ?

દોશી થોથવાયા : 'પણ... ! તું તમને જો કદાચ આવું ઉપસ્થિત થાય તો મારા વકીલ તરીકે રોકવા માગું છું.'

'જ્યાં તમારી આમ છુપાવવાની જ ટેવ હોય, પછી હું કેવી રીતે તમારો વકીલ થાઉં ? મારે કંઈ મારા નામને આંચ નથી આવવા દેવી.'

'તમારે શું જાણવું છે?'

'બધું જ ! તમારાં રહસ્યો સુધ્ધાં !'

'પણ વકીલ સાહેબ, મારા જીવનની કેટલીક વાતો મારે કોઈ પણ હિસાબે છુપાવવી પડે એમ છે. છતાં તમારી સામે જે કંઈ કહી શકાય એમ છે એ કહીશ ! તમારે તો મારો કેસ લેવો જ પડશે. એટલું ધારી લેજો કે હું નિર્દોષ છું. ફક્ત હું મારી નિર્દોષતા સાબિત નથી કરી શકતો. મારું વર્તન જ એવું થાય છે કે સામી વ્યક્તિ પર હું દોષિત હોઉં એવી છાપ પડે છે.'

દોશી ખુરશીમાં અઢેલીને બેસી ગયા. થોડી વાર શાંત રહ્યા. પછી બોલવાનું શરૂ કર્યું : 'મને મારી મિલકત પાછળ પહેલાં અજાણ્યા બદમાશોની કાયમ બીક રહ્યા કરે છે. આ બીક એટલે સુધીની છે, કે મારું એકએક પગલું જાણે આકસ્મિક જ ભરવું પડતું હોય એમ જાહેર થવા દઉં છું. બહાર જવા માટે હું ટિકિટ રીઝર્વ કરાવું છું પરંતુ એ રીઝર્વ કરાયેલી ટિકિટ કેન્સલ કરાવી ક્યારેક તો હું તે પહેલાની ગાડીમાં જ ઉપડી ગયો હોઉં છું. ટિકિટ અમદાવાદ સુધીની લીધી હોય છે છતાં ક્યારેક તો સુરત જ ઉતરી જાઉં છું, અને મન મનાવું છું કે મારા આમ કરવાથી મારો પીછો કરતા બદમાશો ગૂંચવાડામાં પડી ગયા હશે.

'મારી જાતનું રક્ષણ કરવા મેં રિવોલ્વરનું લાયસન્સ પણ કઢાવ્યું



છે...'

'એક મિનિટ !' વકીલ વચ્ચે બોલી ઊઠ્યા.

'શું?'

'રિવોલ્વર અત્યારે તમારી પાસે છે?'

દોશી ફરી એક વાર થોથવાયા. થોડું વિચારી તેમણે કહ્યું : 'કદાચ ઉતાવળમાં ભૂલી ગયો છું. છતાં હમણાં મારી બેગ તપાસી જોઈશ.'

'તમે ખિસ્સામાં નથી રાખતા?'

'ના, એવું હથિયાર ખિસ્સામાં રાખવું મને ગમતું નથી. છતાં કોઈ કોઈ વાર એવી પરિસ્થિતિ આવી જાય છે કે તેને ખિસ્સામાં મૂકવું પડે છે. દાખલા તરીકે રાત્રે.....'

'અચ્છા, એ તો હું માનું છું. આગળ કહો.'

'આ સુટકેશ બદલવામાં મારું હિત રક્ષવાની માંગણી પણ હું તમારી પાસે એટલા માટે કરું છું. મને ભય છે કે કાયદાની ચુંગાલમાં ફસાવવા માટે જ તેમણે આમ કર્યું હોય ! કસ્ટમમાં રહી આટલી દાણચોરી કરવી અશક્ય વાત છે. છતાં મારા ભોગે તેઓએ દાણચોરી કરી. વિચાર તો તેમનો એ જ હશે ને કે ભલે બેટમજી પકડાતા ! જો નહીં પકડાય તો સુટકેશ પાછી મેળવી લઈશું ! બંને બાજુ તો તેમને નફો જ છે ને !'

'એ લોકો કોણ છે તે જણાવી શકશો?'

'સોરી વકીલ સાહેબ, મને બિલકુલ ખબર નથી કે એ લોકો કોણ છે. પણ છે ખરા, જો ના હોય તો મારું લાગણીતંત્ર આટલું બીક ન અનુભવે !'

'તમે એક અજાયબ માણસ છો, મિ. દોશી.' વકીલને કબૂલ કરવું પડ્યું. 'જેવા દેખાવ છો એવા તો નથી જ.'

'કેમ?'

પોલીસ સ્ટેશનથી છૂટ્યા પછી તમે શુ કર્યું એ જણાવી શકશો કે પછી ત્યાં પણ અંગત છે?''

એક ક્ષણ દોશી વકીલ સામે જોઈ રહ્યા. પછી ચાલુ કર્યું : 'હું વરસોવાને બંગલે જાઉં છું એવું મેં તમને કદાચ જણાવેલું. ત્યાંનું સરનામું પણ આપેલું. તે મુજબ પોલીસ સ્ટેશનથી છૂટ્યા પછી ત્યાં ગયો પણ હતો પરંતુ મારા મનમાંથી ગભરાટ ઓછો થયો નહોતો. સુટકેશનું બદલાવું તમે ગંભીર ગણ્યું નથી એવું મને લાગતું હતું કે પછી એની ગંભીરતા હું જેટલી આંકતો હતો તેટલી આપ આંકતા નહોતા, અને એટલે મેં અચાનક કાંદીવલીના બંગલે ચાલ્યા જવાનો નિર્ણય લીધો.

'હું કાંદિવલી પહોંચ્યો ત્યારે રાતના લગભગ નવ વાગ્યા હતા. બંગલો ખોલી હું અંદર ગયો. ભૂખ તો ઊડી ગઈ હતી એટલે જમવાનો કંઈ વિચાર નહોતો છતાં મન મનાવવા ફ્રીજમાંથી થોડાં ફળ કાઢી ખાધાં. નારણને બોલાવવું ઊચિત ન લાગ્યું. નારણ મારો વિશ્વાસુ નોકર છે. તે એને ઘેર રહે છે. હું જ ના પાડું છું કે બંગલામાં ન રહે. હું બંગલામાં હોઉં કે ન હોઉં છતાં મારી જરૂરિયાતો તે બરોબર સાચવે છે.

'પછી હું સૂવાના ઓરડામાં ગયો. ઊંઘ આવે એમ નહોતી. ઊંઘવાની ગોળીઓ ખાવાનું હું ખાસ માનતો નથી છતાં કબાટમાં એ ગોળીઓ છે. આખરે ઊંઘ ન જ આવી એટલે હું પુસ્તકાલયમાં ગયો. ભવિષ્યમાં કંઈ ઉપયોગી થાય એ હેતુએ મેં સારાં એવાં પુસ્તકો વસાવ્યાં છે. મનની અસ્થિરતામાં એ ભારે પુસ્તકો તો ક્યાંથી વાંચી શકું ! એટલે એક આનંદ આપતી ચોપડી લઈ વાંચવા લાગ્યો.

'થોડી વાર થઈ હશે એવામાં કંપાઉન્ડમાં ઝાંપા તરફથી કોઈનાં



પગલાંનો અવાજ આવતો સંભળાયો. બારીમાંથી બહાર નજર કરી તો એક આકાર કંપાઉન્ડની અંદર ચૂપકીદીથી આમતેમ ફરી રહ્યો હતો. તેણે કાળો ઓવરકોટ પહેર્યો હતો. એના કોલર ઊંચા રાખ્યા હતાં. માથે ઢળતી હેટ મુકેલી હતી, તેની ધારનો પડછાયો ચિબુક સિવાય આખા મોંને આવરી લેતો હતો એટલે તે ઓરડાની બારી નીચે આવ્યો અને પાઈપ પકડી ઉપર ચઢવા લાગ્યો.

'હું ખુબ ગભરાઈ ગયો. પરંતુ હિંમત એકઠી કરી ઝડપથી એ ઓરડાની બહાર નીકળી ગયો. ત્યાંથી નીચે આવ્યો અને સ્ટેશને જઈ ગાડી પકડી અને એરોડ્રામ પર આવી આપને ફોન કર્યો.'

'વાહ ! મિ. દોશી. જુઓ તમે એમ માનતા હો કે હું કાલે જ જન્મેલો છું તો એમાં તમારી ભૂલ થાય છે. તમે કહે એવી વાર્તા મેં વાંચી પણ છે અને તેવી વાર્તા અનુભવી છે પણ ખરી. પરંતુ જો તમે એ વાતને જ વળગી રહેવા માગતા હશો તો માનજો કે કોઈ પણ તમને ફાંસી કે જન્મટીપમાંથી નહીં બચાવી શકે. વારુ, જ્યારે તમે બારીમાંથી બહાર ડોકિયું કર્યું ત્યારે એ આવનારે તમને જોયા ? અને જોવા છતાં એ એટલો મૂર્ખ છે કે પાઈપ પકડી ઉપર ચઢવા લાગ્યો.'

'મને એણે જોયો કે ન જોયો એ હું શી રીતે જાણું. મેં ફક્ત બે સેકંડ પૂરતું જ બહાર ડોકું કાઢ્યું હતું. એ બે સેકંડમાં બધી પરિસ્થિતિનો તાગ કાઢી લીધો. કદાચ એ સમય દરમ્યાન આવનારનું ધ્યાન નીચે જમીન પર હશે જેથી એ મને નહીં જોઈ શક્યો હોય !' પણ આજે બધું કહ્યું એ સાચું જ છે.

'અલબત્ત ! તમે કહો છો તેમાં કેટલુંક સાચું છે ખરું દા.ત. તમે ગભરાયા હતા અને નાસી આવ્યા હતા તથા એર-પોર્ટ પરથી તમે મને ફોન કર્યો હતો એ બધું સાચું. પરંતુ તમે કાંઈ એમ જ ખાલીખમ ગભરાયા નહોતા. તમે ફોનમાં જણાવ્યું કે તમે ચાલ્યા

જાઓ છો એ તમે ઈરાદાપૂર્વક ન જણાવ્યું. આમ કેમ ? તમારી નજરે એનું કારણ ગમે તેમ હોય પણ પોલીસ તો એનો પોતાને ફાવતો જ અર્થ કાઢશે.'

'એટલે?'

એટલે કે એ ખૂનમાં તમારો હાથ નહીં હોય તો પણ એ ખૂન વિષે તમે કંઈક જાણો છો તે તો સાચું જ !'

'હું શાથી ગભરાયો હતો અને હજુ પણ ગભરાયેલો છું એનું ખરું કારણ તો તમે પોતે જ મારી જગાએ હો તો જ તમને સમજાય તેમ છે. હું તે વખતે એટલો ગભરાયેલો હતો કે તમને ફોન કર્યો ત્યરે મારે કયાં જવું એનું જ મને ભાન નહોતું. સૌથી પહેલું પૂના આવતું પ્લેન હાથ લાગ્યું એટલે તેમાં જગા મેળવી લીધી. એ તો સારું છે કે અમુક માણસોના કારણે મને જગા મેળવતાં તકલીફ નથી પડતી. નહિ તો ડરના કારણે એર-પોર્ટ પર જ ફસડાઈ પડું. સહેજ પણ વિલંબ થાય એ મારી ધીરજની બહાર છે. અહીં આવ્યાથી પણ મારો ગભરાટ તો ઓછો નથી થયો, ફક્ત એક જાતનો સંતોષ લઉં છું કે હું છૂટ્યો. પણ જેમ તમે મને શોધી કાઢ્યો એમ તેઓ શોધી કાઢશે તો ?.... પછી શું થશે એની કલ્પના નથી કરી શકતો.' ખરેખર દોશી નર્વસ બનતા જણાયા.

'ઠીક, અત્યારે તમે મારા અસીલ છો એટલે તમે જે કહો તે સાચું જ છે એમ માની લઉં છું. તમે મને અત્યારે જે વાત કરી છે તેમાં તમને કોઈ ફેરફાર કરવો જરૂરી લાગે તો મને વહેલી તકે જણાવજો. હું આશા રાખું છું કે ત્યારે બહુ મોડું નહીં થઈ ગયું હોય. અચ્છા, એક નાની અમથી વાત પૂછવી છે, ઈચ્છું છું કે તમે મને નિરાશ નહીં કરો.'

'શું?'



'તમે જન્મથી જ શ્રીમંત છો?'

'શ્રીમંત ?' દોશી ખચકાયા. ધીમેથી ઊમેર્યું : હું શ્રીમંત જ ક્યાં છું ! જો ખરેખર શ્રીમંત હોત તો આમ પૈસા માટે બાચકા ન ભરત !'

'એ લોભ તો નથી ને?'

'બિલકુલ નહીં વકીલ સાહેબ ! મો મોટું સાહસ કરવું છે. એ સાહસમાં મારી પાસેના પૈસા બહુ ઓછા પડે છે પછી ત્યાં લોભની વાત ક્યાં આવી ! પૈસા નથી એટલા માટે તો પાર્ટનર શોધું છું.'

'જે અત્યારે તમારી પાસે તમારા માનવા મુજબ નજીવી રકમ છે; એ રકમ તમે જન્મયા ત્યારથી હતી?'

'તમે પણ કેવી વાત કરો છો વકીલ સાહેબ ! કોઈ પૈસા લઈને જન્મતું હશે ! એ સાચું છે કે મારાં મા-બાપ પાસે પૈસા નહોતા. પણ મારા પિતાજીની બેન પાસે તો હતા જ, એ પણ ઘણાબધાં ! એ મારી ફોઈ બિનવારસ હતાં. હમણાં થોડાં વરસ પર ગુજરી ગયાં. વિલમાં મારા નામનો ઉલ્લેખ હતો. ફોઈએ એ ધન એવી રીતે છુપાવ્યું હતું કે કોઈને ખબર પણ ન પડે. કોઈ જાણતું પણ નહોતું કે ફોઈ પાસે આટલા બધા પૈસા હશે ! એ મરી ગયાં ત્યારે પણ કોઈને ખબર નહોતી. પણ થોડા દિવસ પછી તેમનાં બહેનપણી એક ચુંથાયેલો કાગળ લઈ મારી પાસે આવ્યાં ત્યારે સાચી વાત બહાર આવી. જો કે એ ફોઈનાં બહેનપણીને મારે એ માટે સારી એવી રકમ આપવી પડી હતી, તેમની પ્રામાણિકતા માટે !'

'તમે ઈન્કમટેક્સ ભરો છો?'

'ભરવો જ પડે ને!'

'સરકાર આ વાત જાણે છે?'

'મારી પાસે આવેલું ધન સરકાર સહજ રીતે કેમ સ્વીકારે?

તમને મારે બધું જણાવું પડ્યું.'

'આભાર મિ. દોશી. મને આશા નહોતી કે તમે આટલા કો-ઓપરેટ થશો !'

'મારે તો મારા વકીલ પૂછે એ બધું જણાવવું રહ્યું ને ! પણ તમે મારો કેસ સ્વીકારો છો ને ?'

'આમ તો એક બાજુ મન ના પણ પાડે છે, પરંતુ મને આ કેસમાં રસ પડ્યો છે અને બીજું કે મેં તમારો સુટકેશ બદલાયાનો કેસ હાથમાં લીધેલો છે તેને આ કેસ સાથે કંઈક સંબંધ હોય તેમ જણાય છે એટલે હું તમારો આ કેસ સ્વીકારું છું.'

'આભાર તમારો વકીલ સાહેબ, હવે મને કશી ચિંતા નથી.' દોશીના મોં પર શાતા પ્રસરાતી લાગી.

'જુઓ તમારા વકીલ તરીકે મારે તમને સલાહ છે કે તમારે જેમ બને તેમ વહેલી તકે મુંબઈ પહોંચી જવું જોઈએ. જઈને પોલીસ પાસે હાજર થઈ જવું જોઈએ. મને તો ખાતરી જ છે કે પોલીસ તમારી તપાસ કરી ચૂકી હશે. મોટે ભાગે તો આ ખૂનનો આરોપ તેઓ તમારા પર જ મૂકશે અને તેમની શંકાને સમર્થન મળે તેમ તમે અહીં ચાલી આવ્યા છો. પછી તેઓ એકના બે કેમ ન કરે ! બીજું કે રાતના દસ વાગ્યા સુધી તમે એ મકાનમાં હતા. ડૉક્ટરી તપાસમાં ખૂન એ જ અરસામાં થયું છે એવું બહાર આવશે. જો કે મેં તો લાશ જોઈ એ કલ્પી લીધું છે. અચ્છા, એ લાશ કોની હોઈ શકે એ તમે કહી શકો છો, અનુમાન કરી શકો છો ?' વકીલે કહ્યું.

'લાશને જોયા વગર તો કેવી રીતે કહી શકું ! અનુમાન પણ કેવી રીતે કરું ?'

'તમારા કોઈ સંબંધી, મિત્ર...?'

'મારે હવે કોઈ સંબંધી જ નથી. મિત્ર પણ ખાસ એવા નથી કે



આમ મારા મકાનમાં ઘુસવા આવે.'

'મિત્રને તો તમારા મકાનમાં આવવાનો હક્ક હોય છે. મળવા માટે, મિત્રચારી નિભાવવા માટે.'

'ના, મારે કોઈ એવા મિત્ર નથી કે મને મળવા મારા મકાનમાં આવે. જો થોડા આંગળાના વેઢે ગણી શકાય એવા ઓળખીતાઓ છે, તેઓ જાણે છે કે હું મારા મકાનમાં તેઓને મળીશ જ નહીં. તેઓ પછી એવો પ્રયત્ન કરતા જ નથી.'

'અચ્છા, એ ઓળખીતા કોણ કોણ છે એ મને જણાવી શકશો.'

'તમારા કોઈ ઉપયોગમાં તેઓ નહીં લાગે. લગભગ બધા જ પરદેશી છે. પણ સારી સારી વ્યક્તિઓ !'

દોશી અંદરના રૂમમાં જઈ એક સરનામાવાળી પોકેટનોટ લઈ આવ્યા.

'એક છે મિ. અબ્રાહમ તેમનો ધંધો છે કારની હેડલાઈટ્સ બનાવવાનો.' વકીલ એક પળ દોશી સામું જોઈ રહ્યા.

'ચાલશે મિ. દોશી, રહેવા દો. લાગશે કે તેઓ ઉપયોગી થાય એવા છે તો તમને જણાવીશ.' વકીલ ખુરશીમાંથી ઊભા થઈ ગયા.

'હું જાઉં છું અને તમને મેં જે પ્રમાણે કહ્યું છે એમ કરજો.'

'એટલે કે મારે મુંબઈ જવું અને પોલીસને જણાવવું કે મારા મકાનમાં કોઈ શખ્સનું ખૂન થયુ છે એવી વાત મારા જાણવામાં આવી છે એટલે હું મારું કામ પડતું મૂકીને મુંબઈ પાછો આવ્યો છું. અને પોલીસને મારી જરૂર પડે તો હું વરસોવા ખાતેના મારા બંગલામાંથી મળી શકીશ ! કેટલા વાગ્યાની ટ્રેનમાં જાઉં ?'

'પહેલામાં પહેલી જે હાથ આવે તે. બનતા લગી પોલીસ તમને પૂછવાનો અવકાશ નહીં આપે. તમારી ગેરહાજરીને કારણે

તેમને તમારા નામનું વોરંટ પણ કઢાવ્યું હોય !'
એક ક્ષણ દોશી થથરી ગયા.
'પોલીસ જો તમારું નિવેદન માગે તો તમે જે સાચું હોય તે તેમને જણાવી દેજો. પરંતુ તેઓ તમને સવાલ પૂછવા શરુ કરે તો તેમને જણાવી દેજો કે હું તમારો વકીલ હું અને મારી હાજરી સિવાય તમે તેમને કોઈ જવાબ આપવા માગતા નથી.' વકીલે બહાર જવા પગ ઉપાડ્યા.
'મારે થોડું કામ હોવાથી હું પછીની ગાડીમાં આવીશ ! કંઈ મારી તાત્કાલિકનું જરૂર પડે તો ઑફિસમાં બક્ષીનો સંપર્ક સાધવો.' વકીલ બહાર નીકળી ગયા.
નીચે આવી એક નજર કાઉન્ટર પર નાખી. ડેસ્ક કલાર્ક બદલાઈ ગયો હતો. દિવસની ડ્યુટીવાળો માણસ આવી ત્યાં ગોઠવાયો હતો.
બહાર આવી વકીલે થોડું ઊભા રહ્યા કે એક રીક્ષાડ્રાઈવર તેમની પાસે રીક્ષા લાવી ઊભો રહ્યો ! રીક્ષામાંથી ડોકું બહાર કાઢી વકીલને પૂછવા લાગ્યો : 'ક્યાં જવું છે, સાહેબ.'
એક ક્ષણમાં વકીલે રીક્ષાડ્રાઈવરને ઓળખી કાઢ્યો. તે શિબન હતો. કંઈ બોલ્યા વગર વકીલ રીક્ષામાં ચઢી બેઠા. રીક્ષા ચાલુ થઈ.
'પ્લેનમાંથી ઉતરી દોશી ક્યાં કયાં ગયા હતા ?' વકીલે પ્રશ્નાવલી શરૂ કરી.
'ક્યાંય નહીં સાહેબ.' કોઈને ખબર ન પડે એવી રીતે શિબન સામેના કાચમાંથી ટ્રાફિક પર નજર નાખતો જવાબ આપવા લાગ્યો. 'હું તેમની પૂંઠે જ લાગેલો હતો. તેઓ સીધા અહીં ચાલ્યા આવ્યા.'
'કોઈ તેમને મળ્યું હતું?'
'ના.'
'તરત જ તેમને રૂમ મળી ગઈ?'



'કાઉન્ટર પર બેઠેલા માણસે કંઈ પૂછ્યા વગર તેમનું નામ-ઠામ નોંધી લીધું અને હાથમાં ચાવી પકડાવી લીધી!'
'તું બરોબર કહે છે આ ? કંઈ પૂછયું જ નહોતું !'
'મને પણ આશ્ચર્ય હજુ સુધી નથી શમ્યું !'
'એમાં આશ્ચર્ય ન કહેવાય ! મોટે ભાગે દોશી અહીં આવતા હોવા જોઈએ. એ માણસ તેમને ઓળખી ગયો હોવો જોઈએ !' તેમની પસંદગી અને રીતભાત પણ જાણી ગયો હોવો જોઈએ.
શિબન ચૂપ રહ્યો.
'આ રીક્ષા કોની છે?'
'મારા અહીંના એક મિત્રની છે. હોટલ પાસે જ રહે છે. તે ઊંઘતો હતો અને રીક્ષા પડી હતી તેથી તેનો ઉપયોગ કર્યો.'
'સરસ ! તારા મિત્રને કહે કે અત્યારે રજા માણે. કોઈ મુસાફરને લેવો નહીં અને આમતેમ આંટા મારી મીટર ચઢાવવું. સાંજે પૈસા ચૂકત. કરવા. સમજી ગયો ને ! બનતા લગી સાંજ સુધી દોશી અહીં નહીં રહે. જયાં સુધી ટ્રેનમાં ન ચઢે ત્યાં સુધી તારે તેમની પર દેખરેખ રાખવી. ટ્રેન ઉપડે એટલે પછી તારી અહીંની ડ્યુટી બંધ. રીક્ષા તારા મિત્રને પાછી સોંપી દેવાની. અચ્છા, અહીં ઊભી રાખ. હું બીજું વાહન કરી લઉં છું. તું તારે હોટેલ પર રહે.'
રીક્ષા ઊભી રહી.

•

વકીલ વી.ટી. પહોંચ્યા. ત્યારે બપોરના એક વાગ્યો હતો. તેમણે પહેલું કામ ઑફિસે ફોન કરવાનું કર્યું. બક્ષી ઑફિસમાં હાજર જ હતા.
'બક્ષી, કાંદીવલી ખૂન કેસના શા હાલ છે?'

'બહુ સારા નથી. હજુ મરનાર માણસને કોઈ ઓળખી શક્યું નથી. પોલીસને હાથ કોઈ એવો સાક્ષી પડ્યો છે કે જેણે રાતના લગભગ અગિયાર કલાકે દોશીને બંગલાની કંપાઉન્ડમાં વોલ ઓળંગીને બહાર કૂદી પડતાં જોયા હતા. પોલીસે દોશીને પકડવાનું વોરંટ પણ મેળવી લીધું છે અને તેઓ તેમની તપાસમાં સવારથી દોડાદોડ કરી રહ્યા છે.'

'તપાસ કોને સોંપવામાં આવી છે?'

'અત્યારે તો પોલીસ ઈન્સ્પેક્ટર જાડેજા તપાસ કરી રહ્યા છે.'

'સારું. જરૂર પડે તો બીજા વધારાના માણસો મૂકીને પણ તુ અતુલ કેમીકલ્સવાળા મિ. ખોખાવાલા તથા બ્યુકના બીજા કામ અંગે વધુ વિગતો મેળવવા પ્રયત્ન કર. એરપોર્ટ પર જે જે ટેક્ષીવાળા સામાન્ય રીતે કાયમ ઊભા રહેતા હોય તેમની પાસેથી એ વિગત મેળવ કે તેમણે દોશીએ આપેલ વર્ણનવાળો કોઈ આદમી આ દિવસોમાં જોયો છે ? જોયો હોય તો ક્યાં રહે છે એ જાણે છે ? બની શકે કે કોઈ ટેક્ષીવાળાએ તેને લિફ્ટ આપી હોય !'

'ઠીક, પણ તે હિસાબ માંડી જોયો છે  સંતોષી ? અત્યાર સુધીમાં પંદર જેટલા માણસોનો કાફલો પૂનાની હવાઈ મુસાફરી બીજું ફાલતું ખર્ચનો હિસાબ માંડવામાં આવે તો તે મી. દોશીએ મોકલેલ ચેક કરતાં પણ વધારે રકમ થઈ જાય !'

'કેસ એક વખત હાથમાં લીધા પછી ખર્ચનો પ્રશ્ન છેલ્લો ગણાય ! હા, કેસ લીધા પહેલાં પહેલો તો ખરો. પણ આ દોશીની બાબતમાં ખર્ચની ચિતા કરવાની નકામી છે.'

'ઓ.કે.' બક્ષીએ કહ્યું.

વકીલે ફોન બંધ કર્યો અને ભાડાની ટેક્ષી લઈ સીધા પોલીસ સ્ટેશને પહોંચ્યા. કાંદીવલી ખૂન કેસ અંગે પોતાને નિવેદન આપવું



છે એવું તેમણે જણાવ્યું એટલે તેમનું નિવેદન લેવામાં આવ્યું. એ પત્યું એટલે પોલીસ ઈન્સ્પેક્ટર સૈયદે પૂછયું.

'પોલીસમાં તમે પોતે ખબર નહોતી આપી?'

'ના, મારે કેટલુંક જરૂરી કામ હતું એટલે ગયા સિવાય ચાલે તેમ નહોતું. મેં મારા વતી એ ફરજ બજાવવાનું કામ મારા મદદનીશને સોંપ્યું હતું.'

'તમારા એ મદદનીશને એ વાતની ખબર નહોતી કે તમે કયાં જાવ છો?'

'હું ક્યાં જાઉં છું એની તેને કયાંથી ખબર હોય ? હું તેને એ જણાવતો નથી.'

'મી. નવનીતરાય દોશી આપના અસીલ છે?'

'હા.'

'તેઓ અત્યારે કયાં હશે એ આપ જણાવી શકશો?'

'તેમણે મને તેમના વરસોવા આ તેના બંગલાનું સરનામું આપ્યું છે અને જણાવ્યું છે કે તેમનો સંપર્ક ત્યાં સાધવો.'

'એ સરનામું તો અમારી પાસે પણ છે. પરંતુ મિ. નવનીતરાય દોશી ત્યાં નથી.'

'નથી ? વકીલે પૂછયું. 'પણ મારે તેમને અત્યારે મળવું છે.'

'એ માટે તમારે બીજે તપાસ કરવી પડશે.' પોલીસ ઈન્સ્પેક્ટર વકીલની બનાવટ સહેજ તો સમજી ગયા. 'મને ખાતરી છે કે મિ. દોશીનો સંપર્ક સાધવા અમે પ્રયત્ન કરી રહ્યા છે એ તમારી જાણ બહાર નહીં જ હોય !'

'હું હમણાં જ બહારથી આવી રહ્યો છું. હજુ ઑફિસે પણ નથી ગયો.' વકીલે બચાવમાં દલીલ કરી.

'તો તેઓ હવે પછી જ્યારે પણ આપને મળે ત્યારે તમે તેમને

જણાવજો કે સૌ પ્રથમ અહીં આવી જાય અથવા તો અમને આવી ગયાની જાણ ફોનથી કરે.'

'માનું છું કે આ હુકમ નથી.' વકીલે હસતાં હસતાં કહ્યું.

'આ હુકમ નથી. માત્ર સૂચના છે અને એ પણ મૈત્રીપૂર્ણ !' સૈયદે એમ જ જવાબ વાળ્યો.

- જો ઈન્સ્પેક્ટર જાડેજાને તપાસ સોંપવામાં આવી હોય તો પછી ઈન્સ્પેક્ટર સૈયદને આ સવાલ પૂછવાની શી જરૂર ? કે પછી જાડેજાને બદલે સૈયદને જ આ કામ સોંપવામાં આવ્યું છે ? ફરજ પ્રત્યેની વફાદારીમાં તો બંને એકબીજાથી ચઢી જાય એવા છે... એવા વિચારોમાં અટવાતા વકીલ પોલીસ સ્ટેશનની બહાર નીકળી ગયા.

## ૭.

વકીલ ઑફિસે પહોંચ્યા ત્યારે દોઢ વાગ્યો હતો. રોઝી ટાઈપ કરવામાં મશગૂલ હતી. વિનોદ જૂની ફાઈલો ઊથલાવી રહ્યો હતો અને બક્ષી ફોન પર ઊંચા અવાજે કોઈકની સાથે વાતચીત કરી રહ્યા હતા. વકીલે માની લીધું એ કે લોંગ ડિસ્ટન્સ કોલ હશે.

ટેબલ પરના કપ-રકાબી તથા બ્રેડનું ખાલી થયેલું પેકેટ જણાવતું હતું કે અત્યારે પણ બક્ષીએ ઑફિસમાં જ લંચ લીધું છે.

એક તરફ આવી પહોંચેલા વકીલ તરફ નજર નાખી બક્ષીએ ફોનમાં જોરથી બરાડો પાડી ફોન મૂકી દીધો. તેમના મોં પર ચોખ્ખો કંટાળો વર્તાઈ રહ્યો હતો.

'હજુ પણ આ ગમાર રહ્યો, કશું સમજતો નથી.' બક્ષી બબડ્યા.

'કોણ હતું ?' થાક ખાવાને ઈરાદે મુવીંગ-ચેરમાં ફસડાઈ



વકીલે કહ્યું.

'અંધેરીવાળો!'

'શું હતું?'

'આટઆટલું કહું છું તોપણ કંઈ સમજતો નથી. હવે તેને બદલી નાખવો રહ્યો.' ખિસ્સામાંથી ચુંગી કાઢી બક્ષી વકીલ સામે ગોઠવાયા.

'જ્યાં સુધી હું સામે ચાલીને તને એ ન પૂછું કે અત્યારે દોશી ક્યાં છે ... ? શું કરે છે ? ત્યાં સુધી તારે મને એવી કોઈ વિગતો આપવાની નથી. અલબત્ત તું તારા કામના એક ભાગરૂપે એ વિગતો એકઠી કરતો રહે એ જ યોગ્ય છે.' વકીલે પહેલેથી જ ચેતવણીનો સૂર વહાવ્યો. 'સમજ્યો ને?'

બક્ષીએ હકારમાં માથું હલાવી ચુંગીમાં તમાકુ ભરી અને દિવાસળી ચાંપી. 'ઈન્સ્પેક્ટર જાડેજાએ બે વખત પૂછયું કે દોશી કયાં છે' બક્ષીએ માહિતી આપી.

'મારો શો ઈરાદો છે એ તું સમજી ગયો હોઈશ !'

ફરીથી હકારમાં બક્ષીએ માથુ હલાવ્યું.

'બીજા કોઈ નવા સમાચાર?'

મરનારને હજુ સુધી ઓળખી શક્યું નથી. દરેક સ્થાનિક સમાચારપત્રમાં મરનારનો ફોટો છપાયો છે. બીજા સમાચારપત્રો પણ ફોટા સાથે થોડી વિગત છાપી છે પણ કોઈ હજુ મરનારને હું ઓળખું છું એમ કહી આવ્યું નથી. પોલીસને આશા છે કે દોશી પાસેથી એ માહિતી તો મળી જ જશે. દોશી મરનારને તો જરૂર ઓળખતો હોવો જોઈએ.''

'અને દોશી ના પાડશે તો?' વકીલ હસ્યા.

'તને ના પાડી?'

'બક્ષી, હવે તું પણ અંધેરીવાળાની જેમ ગમાર થતો લાગે છે. તને કહ્યું તો ખરું જ કે.... આપણી વાતચીતમાંથી પણ કોઈ એ તંતુ ન પકડી લે કે હું દોશીને મળ્યો છું.'

'ઓહ ! સમજી ગયો.' બક્ષીએ પરિસ્થિતિ સમજી લીધી. વાતને ત્યાં જ થંભાવી અધૂરી રહેલી વિગત શરૂ કરી : 'તેના શરીરમાંથી જે ગોળીઓ મળી આવી છે તે મિ. નવનીતરાય દોશીની રિવોલ્વરમાંથી જ છોડવામાં આવી હોવાનો નિષ્ણાતોનો અભિપ્રાય છે.'

'દોશીની રિવોલ્વર ક્યાંથી મળી આવી હતી?'

'સંડાસની ફલસ-ટેંકમાંથી. જો કે તે ટેંક છેલ્લા કેટલાય સમયથી વપરાશમાં ન હોવાને કારણે તેમાં પાણી નહોતું એટલે તેના આંગળાની છાપ સચવાઈ રહી હતી, જે ઉપસાવી લઈ તેની છબીઓ નિષ્ણાતોને આપવામાં આવી છે.'

'મરનારની કોઈ બીજી વિગતો ? તેના વિશે બીજો કોઈ પ્રકાશ પડ્યો ?'

'તેના ખિસ્સામાંથી રતલામથી બોરીવલીની ટિકિટ મળી આવી છે. આ ઉપરથી એમ લાગે છે કે તે બહારનો માણસ હશે. પોલીસનું અનુમાન છે કે તે રતલામની આજુબાજુનો જ હોવો જોઈએ. તેના ફોટાઓ ત્યાંના પોલીસમથક પર મોકલાઈ ગયા છે. ટિકિટ પર ચૌદમી તારીખ છપાયેલ છે એટલે તે પંદરમીએ જ મુંબઈ આવ્યો હશે એમ લાગે છે.'

'મરનારના ખિસ્સામાંથી આ સિવાય બીજું શું શું મળ્યું?'

'દસેક રૂપિયાની નવી નક્કોર છૂટી નોટો અને ત્રણેક રૂપિયાનું પરચુરણ. કુળવેવતાનું એક કી-ચેઈન અને એક મેલો હાથ-રૂમાલ.'

'પૈસાની બાબતમાં પરચુરણનો તે ચાહક લાગે છે.'



'હા, એ બાબતમાં જરા વિચિત્રતા તો મને પણ લાગી. સામાન્ય રીતે મુસાફરી દરમિયાન કોઈ વધારે પરચુરણ સાથે રાખવા નથી ઈચ્છતું. જ્યારે આ શખ્સ પાસે તો સારું એવું પરચુરણ હતું. વધુ આશ્ચર્ય તો એ છે કે તે કદાચ રતલામની આજુબાજુનો હોય તો અહીં તેના માટે આ તેર રૂપિયા કંઈ ન કહેવાય ! કોઈની મદદ વગર અગર કોઈ બિઝનેશ વગર એ માણસ મુંબઈમાં રહી જ ન શકે!' 'એ બાબત ગૌણ છે બક્ષી.તું ભૂલી જાય છે કે નવનીતરાય દોશીના બંગલામાં તેનું ખૂન થયું છે... અને ખૂન થયું જ છે એટલે કે કોઈ સાથે તેનો સારો-નરસો રિસ્તો હોવો જોઈએ. એટલે પૈસાની નજીવી રકમ તેના માટે ગૌણ છે. પૈસા તો જેની સાથે તેનો રિસ્તો હશે તેની પાસેથી મળતા હોવા જોઈએ, મતલબ કે તેના જેવા માણસ માટે કોઈ કામના બદલામાં યા તો...' વકીલે આગળ કહેવાનું છોડી દીધું.

'બ્લેક મેઈલિંગ!'

'એ પણ સંભવી શકે. નહીં તો એ માણસની ગુંજાઈશ નથી, કે એકલપટુ દોશીના ખંડમાં આવી આરામથી ચોપડી વાંચી શકે.'

'મરનાર ચોપડી વાંચતો હતો?'

'હા, તેને મુદ્દલેય ખબર નહીં હોય કે બારણું ખોલી આવનાર તેનું ખૂન કરશે ! એટલી નિશ્ચિતતાથી તે ચોપડી વાંચતો હતો. ગોળી છૂટ્યા પછી જ હાથમાંની ચોપડી નીચે પડી ગઈ હતી. અને તે ખુરશીમાંથી ઢળી પડ્યો હતો.'

'દોશીનો મિત્ર ન સંભવી શકે!'

'બિલકુલ નહીં. દોશી નક્કર ઈન્કાર કરે છે કે મારે કોઈ મિત્ર જ નથી. જો કે આ હું માનતો નથી.' વકીલ ચૂપ થઈ ગયા.

'અને મરનારના ખિસ્સામાંથી જ ગંદો હાથરૂમાલ મળી આવ્યો

એ પણ વિશિષ્ટ છે !'

વકીલે બક્ષી તરફ જોયું.

'તેમાં કાં તો 'ટોસ્કા'ની વાસ હતી તો 'એલીઝાબેથ આર્ડન'ની વાસ હતી. આ વાસ એટલી તો નજીવી હતી કે બેમાંથી ક્યા અત્તરની હશે એ ચોક્કસ ન પારખી શકાઈ!

'તેં જાતે રૂમાલ સૂંઘ્યો હતો?'

'નહીં, આપણા એજન્ટે.'

'પોલીસનું ધ્યાન દોરાયું છે ખરું?'

'લાગતું નથી.'

'ઓ.કે. પછી ?' વકીલે કંઈ થાક લાગતો જણાયો. તેઓ મુવીંગ-ચેરમાં પીઠ ટેકવી ઢળી પડ્યા.

'પછી?' બક્ષીને પણ ઉજાગરો નડતો લાગ્યો. કંઈ ઊંડો શ્વાસ ખેંચી તેમણે કહ્યું : 'પછી કૉફી કડક હતી, રાત લાંબી હતી, બિસ્કીટ કઠણ હતાં અને મારો સિગારેટનો વપરાશ નોંધપાત્ર રીતે વધી ગયો હતો.'

બંને હસી પડ્યા અને આરામ કરવાની તૈયારીમાં પડવા લાગ્યા. પણ આરામ તેમના નસીબમાં નહોતો. તરત બારણું ખોલી પહેલી નજર વિનોદ તરફ ફેંકતી રોઝી અંદર આવી.

'સર, એક યુવતી આપને મળવા માગે છે.'

'નામ?'

'શર્મિષ્ટા. કહે છે કે કાંદીવલી ખૂનકેસમાં તમને મળવું છે.'

'અંદર મોકલો.' વકીલે મન પરનું આરામ-થાકનું પડ ખંખેરી નાખ્યું. સ્વસ્થ થઈને મુવીંગ-ચેર પર ટટ્ટાર થઈ બેસી ગયા.

'મારે એક હજાર રૂપિયા હારી જવા, જો એ દોશીની પ્રેયસી ન હોય તો !' બક્ષીએ કહ્યું.



'તો દોશીને પ્રેયસી પણ છે?'

'હા, વિનોદની માફક તેઓ પણ જલ્દીથી પરણી જવા આતુર છે.'

'ઠીક, જોઈએ તો ખરા ! જો એ જ દોશીની પ્રેયસી હોય તો દોશીને બહાર કાઢવા શું શું કરે છે એ ! બની શકે કે એની પાસે એવી કોઈ વિગત હોય કે જેથી આપણને પૂરતું દિશાસૂચન મળી શકે!'

... અને બારણું ખોલી એક યુવતી દાખલ થઈ.

એકવડા બાંધાની ખુબસુરત લાગતી એ યુવતી પચીસેક વર્ષની જણાતી હતી. હાથમાં કલાત્મક પર્સ તથા તાપ સિવાય પણ ચશ્માં પહેરી રાખનાર જણાતી હતી.

'મારું નામ શર્મિષ્ટા સોનાની છે.' આવનાર યુવતીએ પોતાની ઓળખ આપી અને બેસવા માટે પાસેની ખુરશી પર નજર દોડાવી.

'બેસો !' વકીલે કહ્યું અને ખુરશી તરફ નિર્દેશ કર્યો.

યુવતીએ કાળજીથી ખુરશી પર બેઠક જમાવી.

'હું આપને કાંદીવલી ખૂનકેસ બાબતમાં જણાવવા માંગું છું, અને મારી ઈચ્છા એ છે કે આપ મારા તરફથી એ કેસ હાથ ધરો.'

'જુઓ મીસ શર્મિષ્ટા, આ માટે તમારે મને માફ કરવું પડશે. મને આ કેસ માટે પહેલેથી જ રોકી લેવામાં આવ્યો છે.'

'કોના તરફથી?'

'સોરી ! એ હું અત્યારે જણાવી શકું એમ નથી. તેમ છતાં તમારે એ જાણવું હોય તો જ્યારે કોર્ટમાં કેસ ચાલે ત્યારે એ જાણી શકશો. જેના તરફથી મેં કેસ હાથમાં લીધો છે એના તરફથી એ વખતે લડી રહ્યો હોઈશ!'

શર્મિષ્ટા ખચકાઈ. તેણે આશંકાથી વકીલ તરફ જોયું. 'આપ મિ. નવનીતરાય દોશી તરફથી તો કેસ નથી લડી રહ્યા ને?'

'હું કહું છું કે આપને એ બાબતમાં બિલકુલ જણાવી શકું એમ નથી. અમારા ધંધાની રસમ છે કે અસીલ વિષે અમારા કેસ કે સામાન્યતઃ અમે કરી શકતા નથી. પણ તમે મને કેસ સોંપવા માગો છો એ ક્યા પક્ષ તરફથી છે એ જણાવી શકશો? કાંદીવલી ખૂનકેસ બાબતમાં સામાન્યતઃ વિદિત છે કે મિ. નવનીતરાય દોશી આરોપી થશે અને પોલીસ ફરિયાદી થશે. હવે તમે ક્યા પક્ષ તરફી મને કેસ સોંપવા માગો છો ? દોશી તરફી કે પોલીસ તરફી ?'

'જ્યારે તમે મારો કેસ હાથમાં લેવા જ નથી માગતા ત્યાં મારે એ જણાવવાની શી જરૂર ! માનું છું કે હવે મારે જવું પડશે.' પણ શર્મિષ્ટાનાં જવાનાં એંધાણ વર્તાયાં નહીં. જેમની તેમ તે ખુરશીમાં બેસી રહી.

થોડીવાર મૌન પ્રસરી રહ્યું પછી બક્ષીએ આગળ ચલાવ્યું : 'મિસ શર્મિષ્ટા, અમારી શોધખોળમાં અમે જાણ્યું છે કે તમે નજીકના ભવિષ્યમાં દોશી સાથે લગ્નગ્રંથીથી જોડાનાર છો?'

શર્મિષ્ટા ચમકી. થોડી વાર બક્ષી સામું તાકી રહી પછી શરમાઈને નીચું જોઈ ગઈ. તેના મોં પર લજ્જાની લાલી પસરાઈ રહી. માથું હલાવી તેણે 'હા'ની સૂચક નિશાની કરી.

'અને નવનીતરાય દોશી પર હવે ખૂનનો આરોપ મુકાશે. મુકાઈ જ ગયો કહો ને ! પોલીસે તેમના નામનું વોરંટ પણ કાઢ્યું છે.'

'મિસ શર્મિષ્ટા.' વકીલે કહ્યું. તમે કાંદીવલી ખૂનકેસ અંગે જે કંઈ જાણતાં હો એ મને કહો. તમને એનાથી એકંદરે લાભ જ થશે.'

'એનો અર્થ એ કે આપે મારો કેસ સ્વીકાર્યો?'

'ના, પણ જો તમને મિ. નવનીતરાય દોશી પ્રત્યે સાચી હમદર્દી હશે તો તમે મને જે કંઈ વિગતો આપશો તેનાથી તમને



કંઈક લાભ જ થશે, એ નક્કી.'

'એટલે એમ કે આ કેસમાં મિ. દોશીનું હિત જોવાના છો?'

વકીલે સહજ હસતા બક્ષી તરફ નજર કરી. એ નજર બક્ષીને કહી રહી હતી કે : 'જોયું બક્ષી, અઢી દાયકાની ટીનકી; આપણી ઊલટતપાસ લઈ રહી છે.'

'ચોક્કસ એમ તો કહી શકાય નહીં પરંતુ તમે મને એ જણાવશો કે કાંદીવલી ખૂનકેસ અંગે તમારી પાસે કંઈ વિગતો છે?'

'વકીલ સાહેબ, જયાં સુધી મને ખાતરી થઈ કે આ કેસમાં આપ નવનીતરાય દોશીનું હિત જોવાના છો ત્યાં સુધી હું આપને એ વિગતો જણાવી શકું એમ નથી. સંજોગો જ એવા ઊભા થયા છે કે મારી જણાવેલી વિગતોનો દુરુપયોગ કરી કોઈ મિ. દોશીને સહેલાઈથી ફસાવી શકે.'

'આપ એ વાતની ખાતરી રાખજો કે હું સાચા સિવાય કોઈનો પક્ષ લેતો નથી. જો મિ. દોશી નિર્દોષ હશે તો હું એમનો વકીલ હોઉં કે ન હોઉં તો પણ તમારી આપેલી વિગતોનો દુરુપયોગ નહીં કરું. ઊલટું એ વિગતોથી એમનો લાભ જ કરીશ ! '

'પોલીસ મિ. દોશી પર નકામો શક કરી રહી છે વકીલ સાહેબ, તે તદ્દન નિર્દોષ છે. એ માણસ ખૂન કરી જ શકે નહીં.'

'શક તો ગમે તે માણસ કરી શકે ! મિ. દોશીનું વર્તન જ એવું રહ્યું હતું. પણ જો એ નિર્દોષ હશે તો તેમને કંઈ નહીં થાય. જયાં અત્યારે દોષિત જ નિર્દોષ છૂટી થાય છે ત્યાં નિર્દોષ નિર્દોષ રહી છૂટી જાય ? અને રહી શકની વાત ! જેવી રીતે શક કરનાર શક કરી શકે છે એમ શકનો લાભ આપી કેસમાંથી ફારેગ પણ કરવામાં આવે છે.' વકીલે હાલના સંજોગોમાં પ્રવર્તતું સત્ય કહ્યું, 'તમે જે કાંઈ જાણતાં હો એ વિગત કહો. હું મારાથી બનતું બધું જ કરીશ.' વકીલે

કહ્યું.

'એક ખાસ વાત હું આપને જણાવી શકું એમ છું જે હજુ સુધી પોલીસ પણ જાણી શકી નથી. જે માણસનું કાંદીવલી ખાતે ખૂન થયું છે તે માણસને હું જાણું છું. મિ. દોશી પણ જાણતા હતા. મિ. દોશી જ્યારે બેકાર ગ્રેજ્યુએટ તરીકે નોકરીની શોધમાં ભટકતા હતા ત્યારથી માંડીને તે આજે લાખોપતિ બની ગયા છે. ત્યાંસુધી મરનાર એમને ઓળખતો હતો. '

'તો મિ. દોશી તેને ઓળખવાનો ઈન્કાર કેમ કરી રહ્યા હશે?'

'મિ. દોશીને આ સંપત્તિ એટલી તો આકસ્મિક રીતે મળી છે કે તેમને ઓળખતા બધાને આમાં કાંઈક વિચિત્રતા લાગી છે. મારું ધારવું છ કે મરનારને આ અંગે એવા કશા ભેદની ખબર હતી કે જેને કારણે મિ. દોશી પર એનો દાબ રહેતો હતો. બનતા સુધી એ માણસ મિ. દોશીને બ્લેક-મેઈલ કરી રહ્યા હશે ! એટલું તો નક્કી છે કે દોશી મરનારને જાહેરમાં પોતાને ઓળખીતો બતાવવા બિલકુલ તૈયાર નહોતા. એ કારણે દોશી તેને ઓળખવા ઈન્કાર કરી રહ્યા હશે. '

'મિ. દોશીએ તેને વિષે તમને કદી વાત કરી હતી?'

'ના, બિલકુલ નહીં. મેં એક વખત તેમને પૂછેલું, પણ તે વખતે તેમણે હસીને વાત ઉડાવી દીધેલી. પછી એ વાત મેં ફરી કદી તેમની આગળ કરી નહોતી. ત્રણથી ચાર વખત મરનારની હિલચાલ તપાસવા માટે પ્રયત્ન કર્યો હતો પણ બિલકુલ ફાવી શકી નહોતી, દોશી તેને બંધ બારણે જ મળતા. જે થોડુંઘણું જાણી શકી એ એટલું જ કે તેન પાસે કાંદીવલીના બંગલાની બીજી ચાવી રહેતી હતી અને તે કોઈ કોઈ વાર તેમાં એક-બે દિવસ માટે આવી જતો. તે જ્યારે કાંદીવલીના બંગલે હોય ત્યારે બહારના કોઈને એવું લાગે નહીં કે તે



દોશીનો ગેસ્ટ હશે. તેને નોકર જ ધારી લે અને તેને કદાચ દેખાવડો ગમતો નહીં હોય. દારૂ પીને કે ચોપડી વાંચતાં તે એક ઓરડામાં બે-ત્રણ દિવસ કાઢી નાખતો એટલે જ બહારના લોકોને તેની ઝાઝી ઓળખ નહોતી.

'તે ક્યાંનો રહેવાસી હશે એની કાંઈ ખબર છે તમને?'

'તેની મને ખબર નથી, પરંતુ તે ગોધરા તરફનો હતો એટલું જ તો કહી શકું.'

'તેના ખિસ્સામાંથી રતલામથી બોરીવલીની રેલવે ટીકિટ મળી આવી છે.'

'રતલામ ! હા, તો મને લાગે છે કે તે કદાચ ચીરાણાનો પણ હોઈ શકે. મિ. દોશીએ પોતાનું બચપણ ચીરાણામાં વિતાવ્યું હતું એવું એક વખતે અસ્પષ્ટ કહેલું. કદાચ તે નાનપણનો તેમનો ગોઠિયો પણ હોય !'

'જો. મિ. દોશીને તે બ્લેક-મેઈલ કરતો હોય તો દોશી તેને અવારનવાર સારી એવી રકમો આપ્યા કરતા હશે.'

'હા, આપતા જ હશે. પરંતુ મોટી રકમો નહીં. જ્યારે જ્યારે આવ્યાનું મને યાદ છે ત્યારે મિ. દોશીએ ક્યારેય ચેકથી મોટી રકમ ઉપાડ્યાનું મને યાદ નથી.'

'તે ચેકથી તેને પૈસા આપતા હતા?'

'ના, રોકડેથી.'

'તે પૈસાની માગણી પત્રથી કરતો હતો?'

'ના, મેં કોઈ વખત એવો પત્ર આવેલો જાણ્યો નથી. મને લાગે છે કે તે ફોનથી જણાવતો હશે અથવા રૂબરૂ માગણી કરતો હશે.'

'તમારી હાજરીમાં દોશી પાસેથી તેને પૈસા લેતો જોયો છ?'

'ના.'

'તો તમે શા પરથી કહી શકો કે તે પૈસા લેતો હશે?'

'મને એવી શંકા ગઈ હતી. એવા સામાન્ય માણસથી મિ. દોશી ગભરાતા રહે અને તે જેમ કહે એમ કરે એનો મતલબ એ જ હોઈ શકે કે એ બ્લેકમેઈલિંગ કરી રહ્યો હોય !'

'તો તમે ચોક્કસ એવું કહી શકશો કે એ માણસના કહ્યા મુજબ જ દોશી વર્તતા હતા?'

'હા, એ ચોક્કસ ! મારી સાથે વાતો કરતા શાંતિમાં બેઠા હોય અને એ વખતે જો એ માણસ આવી ચઢતો તો દોશી અસ્વસ્થ થઈ જતા અને મારી સાથે વાત કરવાનું પડતું મૂકી તેને મળવા બીજી રૂમમાં જતા રહેતા.'

'હવે એક વાત, એ માણસનું નામ તમે જણાવી શકશો.'

'હા-રાઘવ દોશી.'

'બનાવટી નામ તો નથી ને?'

'મને લાગે છે ત્યાંસુધી નથી. ઘણી વખત દોશી જ્યારે તે હાજર ન હોય ત્યારે તેના પરની દાઝ કાઢવા માટે 'રાઘવો' એવું નામ લઈ કંઈ બબડતા હતા.

'અચ્છા, એ માણસ વિષે બીજું કંઈ તમે જાણો છો?'

'ના. જે જાણતી હતી એ મેં તમને જણાવ્યું.'

'તો આ માણસને જે એકમાત્ર નોકર છે એ ઓળખતો હશે ને?'

'તમે નારણની વાત કરો છો ને?'

'હા. તેણે પોલીસને મરનારની ઓળખ કેમ ન આપી?'

'એ માણસ દોશીને બહુ વફાદાર છે. તેની ચામડી કાપો તો પણ તેના મોંમાંથી તમે કંઈ કઢાવી ના શકો. તેને લાગ્યું હશે કે શેઠ



આ ખૂનકેસમાં ભરાઈ પડશે એથી કંઈ કહ્યું નહીં હોય.'

'હવે બીજું, જે રીવોલ્વર પોલીસને હાથ પડી છે તે રીવોલ્વર ગુમ થઈ હોવાની તમને ખબર છે?'

'એ રીવોલ્વર મી. દોશી કાંદીવલીના બંગલે સેઈફમાં જ રાખતા હોવાનું મને યાદ છે. તે પોતાની સાથે એવી વજનદાર રીવોલ્વર ફેરવવાનું પસંદ કરતા નહોતા. હા, કોઈ માણસ સાથેની વાતચીતમાં તે એવી ખૂબીથી વાત કરતા હતા કે એ માણસને ખબર પડી જતી કે દોશી રીવોલ્વર રાખે છે.'

'હં ! ત્યારે દોશી બધાને એવું જણાવવા માગતા હશે કે હું રીવોલ્વર વાપરું છું. મતલબ કે કોઈ ભય આવી પડે તો સામનો કરવા તૈયાર છું.'

'હા, એવું જ.'

'હવે એક સવાલ તમને પૂછું. માઠું ન લગાડશો. જે માણસ રીવોલ્વર રાખે છે, જે માણસને કોઈ બ્લેકમેઈલિંગ કરી રહ્યું છે, તો એવા ગુઢ માણસ સાથે તમે લગ્ન કરવા કેમ તૈયાર થયાં ?'

શર્મિષ્ટા ક્ષણ-બે-ક્ષણ વકીલ સામું કંઈ પરખતી નજરોએ તાકી રહી. પછી સવાલ કર્યો : 'એ જ સવાલ વકીલ સાહેબ, હું તમને પૂછવા માંગું છું. તમે એવા માણસનો કેસ હાથમાં લઈ તમારી પ્રતિષ્ઠાને કેમ નીચે લઈ જવા માગો છો?'

'મેં કયાં તમને કહ્યું છે કે મેં મિ. દોશીનો કેસ હાથમાં લીધો છે?'

'ભલે ના કહ્યુંહોય પણ તમારી ઊલટ-તપાસ કરવાની રીતથી સ્હેજેય કલ્પી શકાય છે કે તમે મિ. દોશીના હિતેચ્છુ છો.' શર્મિષ્ટાએ કહ્યું : 'અને હું લગ્ન ગમે તેની સાથે કરું, એ મારો અંગત સવાલ છે. એ હું કોઈને જણાવવા માગતી નથી.'

'તમારે અને દોશીનું પ્રથમ મિલન મતલબ કે પહેલી ઓળખાણ ક્યાં થયેલી?'

'વિમાનમાં.' કંઈક વિચારી શર્મિષ્ટાએ કહ્યું. 'તેમની અને 'મારી સીટ પાસપાસે હતી.'

'સીટ પાસે પાસે ?' વકીલના મગજમાં દોશીએ કહેલું ઝબુક્યું. 'તમારી પાસે દોશીના જેવી સુટકેશ હતી.'

'મારું માનવું છે કે કદાચ અમારી સુટકેશો સરખી હતી અને પોર્ટરની ભૂલથી એ બદલાઈ પણ ગયેલી.'

'તો એ સુટકેશ તમારી માલિકીની હતી ? તમે શા માટે વિમાનમાં મુસાફરી કરતા હતા ? એ સુટકેશ હાલ તમારી પાસે છે ? તમને ખબર છે કે આ વખતે પણ દોશીની સુટકેશ બદલાઈ છે.' કંઈક અધીરાઈથી વકીલે પૂછી નાખ્યું.

'વકીલ સાહેબ, તમે ઘણાબધા સવાલ એક સાથે પૂછી નાખ્યા. હું ફક્ત એટલું જ કહીશ કે એ સુટકેશ મારી નહોતી.'

'તો કોની હતી?'

'જણાવવું જ પડશે?' કંઈક અણગમા સાથે શર્મિષ્ટાએ કહ્યું.

'હા.' એટલા જ ભારપૂર્વક વકીલે કહ્યું. 'ખાસ તો...' પણ પછી આગળ કહેવાનું માંડી વાળ્યું.

'એ સુટકેશ મારા બૉસની હતી. એ વખતે હું 'હેવી મશીનરીઝ'માં સ્ટેનો ટાઈપીસ્ટ હતી. હાલ તો એ નોકરી છોડી દીધી છે. એ નોકરી પ્રત્યે મને નફરત થઈ થઈ છે એટલા માટે જ હું એ પોપડા ઊખેડવા નથી માગતી.' શર્મિષ્ટા અણગમાથી કહેવા લાગી.

'બૉસ મને ઘણી વખત ફોરેન મોકલતા. કામકાજ બધું ત્યાંના એજન્ટો પતાવતા. મારે તો કાગળિયાં લઈ જવા-લાવવાનું રહેતું



પાસપોર્ટ, હૉટલ બધું કંપની તૈયાર રાખતી. મુસાફરીની આગલી સાંજે મને કહેવામાં આવતું. બીજા દિવસે કંઈ પણ પૂર્વ તૈયારી વગર હું ઑફિસે જતી. ત્યાં બધુ તૈયાર થઈને ઊભું જ હોય ! ડ્રાયવર મને ઍરપોર્ટ પર મૂકી જતો. ફોરેનમાં પણ ત્યાંની ગાડી તૈયાર જ હોય. ત્યાંના એજન્ટને મારી પાસેનો સામાન સોંપી હું હૉટલમાં રહેવા જતી રહેતી. પાછા વળતી વખતે એજન્ટ ગાડી તૈયાર કરી હૉટલે આવી જતો, અને એ જ રૂટિન પ્રમાણે હું પાછી વળતી.

'તમને જે સામાન આપવામાં આવતો એ સામાન શું શું હતો?'

'ફક્ત સુટકેશ અને એ સુટકેશ ખોલવાની મારા માટે મનાઈ હતી. જો કે ચાવી તો મને આપતા જ ! પણ પ્રામાણિક રીતે નોકરી કરવાના નિર્ણયને લીધે હું સુટકેશ ખોલતી નહોતી.'

'તમારા બૉસને તમારા પર વિશ્વાસ હતો?'

'હા.'

'પગાર સારો હતો?'

'હા.'

'તો પછી તમે નોકરી છોડી કેમ દીધી?'

'કહ્યું તો ખરું જ કે એ નોકરી પ્રત્યે મને નફરત થઈ ગઈ છે. અને બીજું કારણ કહું તો દોશીને હું નોકરી કરું એ બિલકુલ પસંદ નહોતું. તેમણે મને એ નોકરી કરવાની ના પાડી હતી. કહ્યું હતું કે જો નોકરી કરવી જ હોય તો પોતાની પર્સનલ સેક્રેટરી તરીકે રહે.'

'અચ્છા, આ 'હવે મશીનરીઝ' ના વિષે કંઈ કહી શકશો?

'હેવી મશીનરીઝ તેના નામ પ્રમાણે તોતિંગ મશીનો બનાવે છે. ટ્રેક્ટર, બુલડોઝર અને વગેરે તેમનો વિશાળ ધંધો છે. તેમની પાસે સારી એવી રકમનાં ઈમ્પોર્ટ લાયસન્સ પણ છે. આમ છતાં

તેમને એટલી બધી આયાત કરવી પડતી હોય છે કે તે લાયસન્સ તેમણે કેટલીક દેશી આઈટમના એક્ષપોર્ટનું કામકાજ પણ શરૂ કર્યું હતું.'

'તમને એવી શંકા આવે છે કે, જો કે આ મારું પોતાનું મંતવ્ય છે અને દોશી સાથેનો તમારો નજીકનો સંબંધ જોઈ પૂછું છું કે આ વખતે દોશીની સુટકેશ બદલાઈ એમાં 'હેવી મશીનરીઝ' - નો હાથ હોય!'

'એકદમ ધડ-માથા વગરની વાત વકીલ સાહેબ ! હેવી મશીનરીઝવાળા શા માટે દોશીની સુટકેશ બદલે ! એના જેવી પ્રતિષ્ઠિત કંપનીને સુટકેશ બદલીને દાણચોરી કરવાની શી જરૂર રહે! આ સુટકેશ બદલાયામાં તો દાણચોરીની ટોળી સંડોવાઈ છે. દાણચોરી અને ખૂનનો મામલો એકદમ ભિન્ન છે, વકીલ સાહેબ ! તમે મને જે આ વાત કરી એ વાત બીજા કોઈને કરો તો તરત હસી કાઢે.'

'તો હવે તમે જઈ શકો છો મીસ શર્મિષ્ટા તમારું સરનામું આપતાં જજો. કદાચ જરૂર પડે તો તમને તસ્દી આપવી પડે.'

'શર્મિષ્ટાએ તેની પર્સમાંથી સરનામાનું પત્તું કાઢી વકીલને આપ્યું.'

'હું જાઉં ત્યારે ?'

'હા.'

'શર્મિષ્ટા બહાર જવા લાગી પણ થોડું થોભી પાછળ જોઈ વકીલને કહ્યું : 'વકીલ સાહેબ, દોશી નિર્દોષ છે; એમની નિર્દોષતાને આંચ ન આવવી જોઈએ.'

'એ પ્રત્યે હું પૂરતો સભાન રહીશ, મિસ શર્મિષ્ટા.'

અને શર્મિષ્ટા બારણું ખોલી બહાર ચાલી ગઈ.



તેને ગયાને ક્ષણ-બે-ક્ષણ વીતી હશે કે વકીલ સ્ફૂર્તિમાં આવી ગયા.

'બક્ષી, હવે આપણે ઢીલ કરવી પાલવે નહીં. પોલીસ પગેરું શોધતી શોધતી આગળ નીકળી જશે. આપણી પાસે કડી આવી છે. વડોદરામાં આપણો જે માણસ હોય તેને ટ્રંકકોલ કરી જણાવી દે કે ચીરાણામાં રાઘવ દોશી નામના માણસ વિષે જે કંઈ જાણી શકાય તે જાણી આપણને તુરંત જ જાણ કરે.'

બક્ષી ઊભા થઈ તેમની ઓરડીમાં જવા લાગ્યા.

'અને હા, જરૂર પડે તો સ્પેશીયલ કાર લઈને ચીરાણા જવાનું તેને કહેજે. આપણે પોલીસથી એક પગલું હવે આગળ છીએ અને એ અંતર ઘટવા દેવું નથી. '

બક્ષી તેમની ઑફિસમાં જઈ ફોન કરવામાં કામમાં લાગી ગયા.

વકીલે સિગારેટ સળગાવી અને છત સામે જોઈ ધુમાડાના ગોટા કાઢવા માંડ્યા.

'વિનોદ, તારે હવે થોડા દિવસ માટે તારું લગ્ન રોકવું પડશે.'

'હા, સર હું રોઝીને કહી દઈશ.' વિનોદ નિઃસ્પૃહતાથી બોલ્યો. જ્યારથી દોશીનું ઑફિસમાં આગમન થયુ ત્યારથી જ વિનોદ સમજી ગયો હતો કે લગ્ન તો પાછળ ઠેલાતું જવાનું જ છે. હવે વધુ અફસોસ કર્યે શું વળવાનું ! તેણે શર્મિષ્ટા સાથે થયેલી વાતચીતનું લખાણ ફાઈલ કર્યું. જે મુખ્ય મુખ્ય મુદ્દા ટપકાવવા જેવા હોય એજ તે લખતો અને વકીલને તેની બુધ્ધિ પર વિશ્વાસ હતો. અને અનુભવે વકીલે જણાઝયું હતું કે એ મુદ્દા ઘણા કામમાં આવતા હતા. વાતચીતના રેકોર્ડ માટે તે કેસેટ રેકોર્ડ રાખતા પણ એનો ઉપયોગ જૂજ પ્રમાણમાં જ થતો.

થોડીવારે બક્ષી બુકીંગ નોંધાવી તેમની ઓફિસમાંથી બહાર નીકળ્યા. તેમની સાથીદારી ચુંગીને બહાર કાઢવા ખિસ્સામાં હાથ નાખ્યો.

'આજે રાત્રે તો બક્ષી બગાસાં નહી આવે ને?'

'એટલે ?' બક્ષીએ ચમકવાનો અભિનય કર્યો. 'મને આજે પણ કડક કૉફી અને સૂકાં બિસ્કીટ પર ન રહેવું હોય તો મારું ટીફીન તું જમજે !'

'તારું ટીફીન ! ભઈલા, તને જ મુબારક.' બક્ષીએ ચુંગી સળગાવી.

થોડી પળો નિઃશબ્દ પસાર થઈ.

'બક્ષી, આ શર્મિષ્ટા સોનાની તેના વિશે તારું શું મંતવ્ય છે?'

'તેનામાં કેટલીક વિચિત્રતા તો લાગી. કદાચ એમ પણ બને કે આપણે આ કેસમાં મિ. દોશીની તરફદારી કરવાના છીએ કે કેમ તે જાણવા કોઈકે તેને મોકલી હોય !'

'તો એમ પણ બની શકે કે દોશી તેનો રોમાંસ અને લગ્ન એ બનાવટ જ હોય ! એ બહાને સુટકેશનું કૌભાંડ વ્યવસ્થિત કરાયું હોય!' વકીલે કહ્યું.

'એ પણ ચોખ્ખું ના તો ન જ કહેવાય !'

'છતાં તેનામાં નિખાલસતા તો છે એ આપણે નોંધવું રહ્યું. એ નિખાલસતાને લઈને તે દોશીને બચાવવા માગતી હોય !'

'તો તેની પછવાડે કોઈક હાથ હોવો જોઈએ જે તેનું સંચાલન કરતો હોય !' બક્ષીએ કહ્યું.

'સંચાલન કોણ કરે ? - હેવી મશીનરીઝ ? - ન મનાય એવું સત્ય હોય. હેવી મશીનરીઝ જેવી પ્રખ્યાત અને મોટી કંપની આમાં હાથ ઘાલી પોતાની પ્રતિષ્ઠાને કલંક લગાડે નહીં.'



'છતાં કોઈ નબળું અને મહત્વકાંક્ષી ભેજું રાતોરાત કરોડપતિ બની જવા માગતું હોય તો હેવી મશીનરીઝ સારો એવો ઓથો આપી શકે !' બક્ષીએ કહ્યું.

'તો શર્મિષ્ટા અને હેવી મશીનરીઝ શંકાથી પર નથી. આપણે તેમના વિશે પૂરેપૂરું જાણવું રહ્યું. આપણ માણસોને તેમની પછવાડે લગાડી દો.'

'કેટલા?'

'એ મને પૂછવાનું ન હોય બક્ષી.'

'ઓ.કે.' બક્ષીએ ઊભા થઈ તેમની ઑફિસમાં જવા પગ ઉપાડ્યો.

'અને બીજું આ શર્મિષ્ટા સોનાની હેવી મશીનરીઝની એક વખતની સ્ટેનો હોવાના દાવો કરે છે તો તેણે નોકરી કેમ છોડી દીધી એ પણ તપાસ કરવી રહી.'

'ઓ.કે.બીજું ?'

'શર્મિષ્ટાનો અત્યારે હેવી મશીનરીઝના ક્યા માણસ સાથે સંબંધ છે. બનતાં લગી આ સંબંધ બહુ ખાનગી હોવો જોઈએ.'

'હું માનું છું ત્યાં સુધી આ બધું તો શર્મિષ્ટાની તપાસમાં આપણો એજન્ટ જાણી લાવશે.' બક્ષી તેમની ઑફિસમાં જઈ ફોન કરવાના કામમા લાગી ગયા.

વકીલ આંખો મીંચી થઈ ગયેલી વિગતોની કડી મેળવવા પ્રયત્ન કરવા લાગ્યા. એમાં એટલા ગૂંચવાયા કે ક્યારે બક્ષી ફોન પતાવીને પાછા આવી ગયા તેનું ભાન ન રહ્યું. આંખો ખોલી ત્યારે સામે બક્ષીને જોઈને પૂછ્યું : 'કામ પતી ગયું?'

'હા. અને આપણા એક એજન્ટનો પણ ફોન હતો.'

'શું જાણવા મળ્યું.'

'પોલીસને રીવોલ્વર પરથી આંગળીના છાપના બે સેટ મળ્યા છે. જેમાંઓ એક સેટ નવનીતરાય દોશના આંગળાનો છે તથા બાકીનો બીજો ઓળખાયો નથી. હજુ સુધી મરનારને કોઈ ઓળખી શક્યું નથી. પોલીસ આ ઓળખાણની બાબતમાં ઘણી ગૂંચવાઈ છે.'

વકીલે ફરી આંખો મીંચી દીધી.

'એક વાત પૂછું?'

'શું?'

'તું પુનામાં નવનીતરાય દોશીને મળ્યો હતો છતાં પોલીસને જાણ કરવાનું કે પોલીસને હવાલે કરવાનું કશું પગલું ભર્યું નથી. ? એક વકીલ તરીકે-'

'હું વકીલ તરીકે જ એ બનાવને જોઉં છું. હું જ્યારે મિ. દોશીને મળ્યો ત્યારે તેની પર કોઈ જાતનો આરોપ મૂકવામાં કે તેને માટે સર્ચવોરંટ કાઢવામાં આવ્યું નહોતું. આમ છતાં મેં તેને પોલીસમાં હાજર થઈ જવાની સલાહ આપેલી છે.તેનું કાંડુ પકડીને મારે તેને પોલીસને સોંપવો એવું મને કાયદો ફરમાવી શકે નહીં.'

'એ જ વાંધો છે એટલે તો તેઓ બાપડા હજુ તેને પકડી શક્યા નથી.'

'પોલીસે તેની પર શો આરોપ મૂક્યો છે ?'

'ઠંડે કલેજે ખૂન કરવાનો ફર્સ્ટ ડીગ્રી મર્ડરનો.'

'પોલીસને હાથ જેટલા પુરાવાઓ પડ્યાનું આપણે જાણીએ છીએ તેટલા જ પુરાવાઓ આવો આરોપ મૂકવા માટે પૂરતા ગણી શકાય નહીં. મને લાગે છે કે પોલીસને હાથ એવા પણ કેટલાક પુરાવા પડ્યા હશે કે જે આપણે જાણતા નથી. અને એ આપણે જાણવા જોઈએ'



'મને પણ એ વહેમ છે અને એ જાણવા માટે માણસને સવારથી જ કામ પર લાગવી દીધો છે. પરંતુ હજુ સુધી તે કશું કરી શક્યો નથી. લાગે છે કે પોલીસે ઈરાદાપૂર્વક જ એ પુરાવા છુપાવી રાખ્યા હશે !'

'બક્ષી, મને તો થાક લાગ્યો છે. હું હવે થોડું ઊંઘી લેવા માગું છું. ખાસ જરૂરનું હોય તો જ મને ડિસ્ટર્બ કરજો. તું પણ થોડું ઊંઘી લે. રોઝીને અંદર બોલાવી લે. વિનોદ ફોન સંભાળશે.' વકીલ મોટું બગાસું ખાઈ ઊભા થયા અને સૂવા માટેની ઓરડી તરફ જવા લાગ્યા.

'વિનોદ.' વકીલે રૂમમાં પ્રવેશી બારણું બંધ કર્યું એટલે બક્ષીએ કહ્યું : 'હું જરા બહાર લટાર મારી આવું છું. જલદી પાછો આવી જઈશ. ફોનને ટેપ કરી લેજે.'

'ઓ.કે.' વિનોદે કહ્યું.

બક્ષી બહાર નીકળી ગયા.

## ૮.

રાતના લગભગ અગિયાર વાગ્યા હતા.

વકીલ સોમદત્ત સંતોષીની ઑફિસમાં ટ્યુબ લાઈટનો દૂધિયો પ્રકાશ વેરાઈ રહ્યો હતો. માથા પર પંખો દિવસના કરતાં ઓછી ગતિમાં ફરફરી રહ્યો હતો. શહેરનો યાંત્રિક કોલાહલ બારી વાટે અંદર ઘૂસી આવતો હતો. વકીલે એક વખત બારી બંધ કરી શાંત બેસવાનો પ્રયત્ન કર્યો પણ ફાવી શક્યા નહીં એટલે ખુરશીને બારી પાસે ખેંચી લાવી બારી ખોલી નાખી. દરિયા પરથી ધસી આવતી શીતળતાને મહાલતા આંખો મીંચી બેસી રહ્યા. બહારથી તો તેઓ શાંત જણાતા હતા પણ અંદરખાને તેમનું મગજ કેસ નંબર ૧૯૯૬માં

ઉલઝાયેલું હતું.

બક્ષી ના પાડતા હતા છતાં તેમને પરાણે ઊંઘવા માટે ઊંઘવાની ઓરડીમાં મોકલી દીધા હતા. બક્ષીને ત્યાં ઊંઘ આવે તેમ નહોતું પણ થાકેલા મગજને કારણે પથારીમાં પડતાં જ ઘસઘસાટ ઊંઘી ગયા. વકીલને તેમણે કહેલું કે કલાક જ ઊંઘ લેવા દે પછી તુરંત જગાડે. પણ બે કલાક થઈ ગયા હોવા છતાં વકીલે તેમને જગાડ્યા નહોતા. બક્ષીએ કહેલું કે ચીરાણાનો ફોન આવવો જ જોઈએ એની પ્રતીક્ષામાં પણ એકબાજુથી વકીલનું મન રોકાયેલું હતું. વકીલનું માનવું હતું કે જો શર્મિષ્ટાનું કહેવું સાચું હોય અને મરનાર રાઘવ દોશી ચીરાણાનો વતની નીકળે તો ત્યાંની તેની માહિતી પરથી કેસ પર થોડો ઘણો પ્રકાશ પડી શકે એમ હતું.

શરૂઆતમાં વકીલે એક પછી એક એમ ત્રણેક સિગારેટ ફૂંકી નાખી. ચેઈન-સ્મોકર તો તેઓ નહોતા પણ કટોકટીના મામલામાં કેટલી સિગારેટ પિવાય છે તેનું તેમને ભાન નહોતું રહેતું. જ્યારે ભાન આવતું ત્યારે તો ત્રણ-ચાર સિગારેટ ફૂંકી નાખી હોય ! અત્યારે પણ એવું જ થયેલું. ચોથી સિગારેટ સળગાવતાં ભાન થયું કે આ ચોથી સિગારેટ છે. એટલે લાઈટર સળગાવેલું હતું તે બુઝાવી નાખ્યું અને આંગળીઓ વચ્ચે સિગારેટ પકડી રાખી. પણ પાછા તેમના વિચારમાં પડી ગયા. હજુ પણ આંગળીઓ વચ્ચે સિગારેટ જેમની તેમ હતી. એટલામાં ફોન રણક્યો.

વકીલે પાર્ટીશન પાછળ જઈ ફોન ઉપાડ્યો.

'હલો, સંતોષી હીયર.'

you have call from Chirana, May I Put it on your line please?

'sey.' 'વકીલે કહ્યું. અને બીજી જ ક્ષણે બક્ષીના માણસનો,



અવાજ સંભળાઈ રહ્યો.'

'હલો, વકીલ સાહેબ, હું દલસુખ બોલું છું.'

'હા, તો દલસુખ, કામ પાર પડ્યું?'

'હા.'

'એ માણસ ચીરાણાનો જ છે ને?'

'હા.'

'કંઈ મુશ્કેલી પડી?'

'આમ તો ખાસ મુશ્કેલી ન કહેવાય. ચીરાણામાં રાઘવ દોશી એક જાણીતી અને ચોક્કસ શબ્દોમાં કહીએ તો નામચીન વ્યક્તિ છે. તેનું મૂળ વતન ચીરાણા નથી પણ સુરત નજીકનુ કોઈ ગામ છે. પણ નાનપણથી જ ચીરાણામાં આવી ઊછર્યો હોવાને કારણે લોકો તેને ચીરાણાનો જ વતની માને છે. '

'ત્યાંના લોકોને ખબર પાડી કે તેનું ખૂન થયું છે?'

'આમ તો બહારથી વાતાવરણ એવું લાગે કે કોઈ જાણતું નથી કે તેનું ખૂન થયું છે; પણ અંદરખાનેથી ઊઠતી ચણભણ જોતાં જણાય છે કે લોકો જાણી ચૂક્યા છે કે તેનું ખૂન થયું છે. પણ બધા આ વાત મોંખેથી ઉચ્ચારતાં કચવાય છે તોપણ વહેલી-મોડી વાત જાહેરમાં ચર્ચાશે જ ! બનતાં સુધી પોલીસને પણ ખબર પડી છે. થોડા સમયમાં પૂરતી ચકાસણી બાદ પોલીસ આગળ રિપોર્ટ મોકલશે.'

'તેનો ધંધો શો છે?'

'તેણે અનેક ધંધા કરી લીધેલા છે. પણ ધંધા વિચિત્ર. કોઈએ ન કર્યો હોય એવો ધંધો તેના ભેજામાંથી ઊપજતો હતો. આ વિચિત્ર ધંધાઓએ જ લોકોનું ધ્યાન તેના તરફ જવા માંડેલું. પણ હાલ તે કહેવા પૂરતો જ ધંધો કરે છે. કરિયાણા તથા પરચૂરણ કટલરીની એક નાની હાટડી છે. આ હાટડીનો કુલ વકરો જેટલો થતો હશે તે કરતાં

પણ તેનો ખર્ચો વિશેષ છે. આમ છતાં છેલ્લાં બે-ત્રણ વર્ષથી તેની હાટડી ચાલ્યા કરે છે. કેટલીક વખત તો તે હાટડી બંધ કરીને અઠવાડિયાં સુધી મુંબઈ ચાલ્યો જાય છે. અને અચાનક એક દિવસ પાછો આવીને હાટડી ખોલીને બેસી જાય છે.'

'ત્યાંની તેની રહેણી-કરણી કેવી છે?'

'પૂરતી બાદશાહી. કપડાંની ટાપટીપમાં જેટલું નથી માનતો એટલું ખાવા-પીવામાં માને છે. માંસ-મચ્છી-મદિરાનો શોખીન છે. તેના આવા ઠાઠથી રહેવાને કારણે તેનું મિત્રવર્તુળ પણ સારું એવું છે. પણ બધા મિત્રો ખાવા પૂરતા જ લાગે છે. મને તેના મિત્રોનાં નામો મળ્યાં પણ બધા મિત્રોએ તેને ઓળખવાનો ઈન્કાર કર્યો. તેના વિષે કંઈ જાણતા જ ન હોય એમ તેઓએ વર્તન કર્યું.'

'તેનો કુટુંબકબીલો?'

'એકલરામ. ગમમાં આવેલો ત્યારથી તે આજસુધી તે એકલો જ છે.'

'તેનો પોલીસ-રેકોર્ડ ?'

'એ જ તો હું તમને કહેવાનો હતો. આજથી આઠ વર્ષ પહેલાં એક પરણેલી સ્ત્રીને ભગાડવાનો તેની પર આરોપ મૂક્યો હતો. પણ પૂરતા પુરાવાને અભાવે તે છુટી ગયો હતો. ત્રણેક વર્ષ પહેલાં એક બાઈને તે બ્લેક મેઈલ કરતો હોવાની શંકા પરથી પોલીસ તેની હિલચાલ પર નજર રાખવા માંડી હતી પરંતુ પોલીસને હાથ એવો કોઈ મુદ્દો પડી શક્યો નહીં કે જેથી તે આગળ પગલું ભરી શકે. પૈસા માટે બે-ત્રણ બાઈઓને સતાવી હોવાની વાત પણ ઊડેલી.'

'તો તેણે જ્યાં જ્યાં ગુના કર્યા એ સ્ત્રીઓ જ હતી?'

'હા.'

'એ તપાસ કરી કે લોકોએ તેને છેલ્લે ક્યારે જોયો?'



'લોકો કહે છે કે ત્રણેક દિવસથી તેની હાટડી બંધ છે એટલે તે અહીં નહીં હોય. કંઈ એવું મળ્યું પણ નહીં કે આ છેલ્લા ત્રણ દિવસમાં તેને જોયો હોય. કેટલાક જણ કહે છે કે હવે તે એકાદ અઠવાડિયા પછી જ પાછો આવી શકશે.'

'તેનું વર્ણન કંઈ મળ્યું?'

'તે લગભગ પાત્રીસથી ચાલીસ વર્ષની ઉંમરનો ગામડિયો માણસ છે. માથાના વાળ દોઢથી બે ઈંચ જેટલા રાખે છે પરંતુ કદી તેમાં તેલ નાખવાની કે તેને સમારવાની દરકાર કરતો નથી. તેના જમણા કાનની બૂટ પાસે એક નાનો સરખો મસો છે. પહેવેશમાં હંમેશાં...'

'ઓ.કે.' વકીલે તેને અટકાવ્યો. 'તમે ફરીથી પ્રયત્ન કરો અને શક્ય એટલી વધુ વિગતો શોધી કાઢો. કંઈક નવું જણાય એટલે મને ફોન કરો. બનતા સુધી પોલીસ ત્યાં થોડા સમયમાં આવી પહોંચશે.' કહી વકીલે રીસીવર ક્રેડલ પર મૂકી દીધું.

વકીલને જે જાણવું હતું તે તેમણે જાણી લીધું. આવેલી વિગતો પરથી એટલો પ્રકાશ પડતો હતો કે મરનારના ધંધા પહેલેથી જ ઉલટા હતા. પોલીસખાતું થોડે વત્તે અંશે પણ તેને ઓળખતું તો હતું જ. છતાં આશ્ચર્ય તો એ જ વાતનું હતું કે પોલીસ હજુ તેને ઓળખી શકી નથી. જે માણસ પર સ્ત્રીને ભગાડી જવાનો આરોપ મુકાયો હોય, બ્લેક મેઈલીંગમાં જેનું નામ સંડોવાયું હોય અને સ્ત્રીઓને સતાવવામાં જાણીતો થયો હોય એ માણસ હજુ સુધી અંધારામાં કેમ છે ? - કે પછી ત્યાંની પોલીસ બધું જાણવા છતાં ચૂપકીદી સેવીને બેઠી હોય ! કે પછી કેસને ત્યાં જ અટકાવી દેવા કોઈનું દબાણ આવ્યું હોય ! એવું પણ બની શકે કે તેના ખૂનથી અમુક વર્તુળોનો છુટકારો થયો હોય અને એ વર્તુળો હવે વાતને ત્યાં જ દબાવી દેવા માગતા

હોય કે જેથી જૂનો પોપડો ઊખડે નહીં અને એટલા માટે જ કેસને થંભાવી દીધો હોય ! આ જોતાં નવનીતરાય દોશીનું નામ પહેલું આવે. મરનાર તેમને બ્લેક મેઈલીંગ કરતો હતો એવું શર્મિષ્ટાની વાત પરથી પ્રતીત થતું હતું. જો આમ જ હોય તો નવનીતરાય દોશી પૂના ભાગી તો ન જ જાય ! પોલીસની પાછળ અહીં અથવા ચીરાણામાં લાગેલા હોય એવું પણ બને. કે નવનીતરાય દોશીનો કોઈ એજન્ટ હોય અને તે આ કાર્યવાહી કરતો. તો આ એજન્ટ કોણ હશે ? જો મુંબઈમાં હોય તો જણાયા વગર ન રહે, પણ એવી શક્યતા ખરી કે ચીરાણામાં રહી તે ત્યાંથી બધું થંભાવી દેવા પોલીસ પર યેન-કેન પ્રકારેણ પ્રયત્ન કરતો હોય. પણ જો આમ હોય તો આ વાત દલસુખના ધ્યાનમાં આવ્યા વગર ન રહે. - તો પછી એમ પણ...

પણ એટલામાં ઘંટડી વાગતાં વકીલની વિચારમાળા અટકી. તેમણે પાર્ટીશન પાછળ જઈ ટેલિફોનનું રિસિવર ઉપાડ્યું. કાને લગાડી કહ્યું : 'હાલો, વકીલ સંતોષી સ્પીકીંગ.'

છતાં પણ ઘંટડી રણકતી રહી અને વકીલના ધ્યાનમાં તરત આવી ગયુ કે બહાર કોઈ વ્યક્તિ આવી છે. આમ દરવાજાનું બેલનું બટન દબાવવાના પ્રસંગો જવલ્લે જ બનવા પામતા. મિસ રોઝી અથવા ચોકીદાર જે આવ્યું હોય તેની વિગત જાતે આવીને કહી જતા હોવાથી કાન દરવાજાની ઘંટડીના અવાજથી ટેવાયેલા નહોતા.

વકીલે બ્યુગ્લાસમાં જોયું. ઊંડે ઊંડે જેના આવવાનું અનુમાન હતું એ જ વ્યક્તિ તેમણે જોઈ. તે પોલીસ ઈન્સ્પેક્ટર જાડેજા હતા.

વકીલે મિસ રોઝીની ઑફિસમાં જઈ બહારનું બારણું ખોલ્યું. ઈન્સ્પેક્ટર જાડેજા અંદર આવ્યા.

'હલો, વકીલ ! આશા હતી કે તમે હશો જ.'



વકીલ સામું હસ્યા અને બારણું બંધ કર્યું.

'રહેવું જ પડે ને ઈન્સ્પેક્ટર સાહેબ !'

'આટલી મોડી રાતે પણ તમારી ઑફિસ ચાલુ રાખો છો ?'

'અમારે ખાનગી ધંધાવાળાને તો જાણે સમજ્યા પરંતુ તમારા જેવા સરકારી માણસો જ્યારે ઑફિસના હિસાબે ઘર ભૂલી જાય છે ત્યારે આશ્ચર્ય થાય છે. જેવું જણાઈ આવે છે કે તમે જન્મ્યા પણ ઑફિસમાં જ છો અને ખોટું ન લગાડશો કહું તો, મરવાના પણ ઑફિસમાં જ છો !'

ને મુક્ત હાસ્ય સાથે ઈન્સ્પેક્ટર જાડેજા હસી પડ્યા.

'વકીલ, તમને જોક્સ તો બહુ સરસ આવડે છે.'

'પાછા મારી બહુ ખુશામત કરતા નહીં. જે આવડે છે એ બધું શિખવનાર તો તમે બધા જ છો. તમારામાંથી જ હું બધું શીખું છું. તમારી વાત લઉં તો તમારો યુનિફોર્મ અને બોડી જોઈ મને તમારા જેવા બનવાનું મન થાય છે.'

'તો તમારું બોડી ક્યાં કમ છે. ફીટ વર્દી ચઢાવો એટલે અંગ્રેજ ઉમરાવ પણ તમારી આગળ ઝાંખો પડશે.'

'ના રે ભાઈ ! મારે એ ન ફાવે.' વકીલ ઈન્સ્પેક્ટરને તેમની ઑફિસમાં દોરી લાવ્યા.

'કહો આપની શી સેવા કરી શું?'

વકીલની સામે ઈન્સ્પેક્ટરે જગા લીધી.

'બક્ષી કે છોકરો, કોઈ નથી?'

'બક્ષી તો ઊંઘે અને વિનોદ ઘેર ગયો.'

'અને એ છોકરી?'

'ઈન્સ્પેક્ટર, એ છોકરો-છોકરી ક્યાં અત્યારે રાત્રે નોકરી કરે ? તેમને આરામ તો જોઈએ ને ! અને તેઓ તો નોકરી કરે છે.

નોકરીના ટાઈમ પછીની એક એક પળની મારે કિંમત આપવી પડે છે. તમારા જેવું નથી કે મહિનાના બાંધેલા પગારમાં ચોવીસ કલાક સેવા આપે.'

'મને તો પૂરતું ભથ્થું મળી રહે છે.'

'તો મારે પણ ભથ્થું આપવું પડે ને ! હું કાંઈ એટલો પૈસાદાર નથી થઈ ગયો કે મને એ પોષાય.'

'કહો, કેમ અત્યારે આવવું પડ્યું?' વકીલ મૂળ વાત પર આવ્યા.

'જુઓ વકીલ,' ઈન્સ્પેક્ટર આડી વાત રહેવા દઈ સીધી વાત પર આવ્યા : 'કાંદીવલી ખૂનકેસમાં જેમ તમે ભરાઈ પડ્યા છો એમ હું પણ તેમાં ભરાઈ પડ્યો છું. મારે એ જાણવું છે કે તમે જે કાંદીવલી બંગલામાં ખૂન થયું હતું એ બંગલામાં કેવી રીતે જઈ પહોંચ્યા?'

'એ તો મારા સ્ટેટમેન્ટમાં મેં લખાવ્યું છે.'

'પણ હું એ સાચું નથી માનતો.' ઈન્સ્પેક્ટર ધીમું હસવા લાગ્યા.

'જુઓ, હું ફરીથી સ્પષ્ટ રીતે કહું છું કે મિ. નવનીતરાય દોશી નામના એક સદ્‌ગૃહસ્થ મારા અસીલ છે એમની માલિકીનો એ બંગલો છે. હું તેમના કેસ અંગે કેટલીક વાતો ચર્ચાવા માટે તેમને ત્યાં ગયો હતો.'

'પણ એ સાચું છે કે એ જ નવનીતરાય દોશી આમંત્રિતોને તેમના વરસોવા ખાતેના બંગલે બોલાવે છે. જવલ્લે જ તેઓ બીજી વ્યક્તિ માટે કાંદીવલીના બંગલાનો ઉપયોગ કરે છે. જ્યારે પોતે જ એ બંગલાનો ખાસ ઉપયોગ નથી કરતા, ત્યાં બીજાને કેવી રીતે તેમાં બોલાવે.'

'જો તમારું કહેવું એમ જ હોય તો મરનાર ત્યાં કેમ ગયો



હશે?'

ઈન્સ્પેક્ટરને કંઈ જવાબ ન સૂઝયો.

'તો પછી એમ જ કહેવાય ને કે મરનારને નવનીતરાય દોશીએ ત્યાં બોલાવ્યો નથી. મરનાર જાતે જ ગયો હશે અને કોઈક અજાણ્યા કારણોસર તેનું ખૂન થયું હશે ! એટલે નવનીતરાય દોશી આ બાબતમાં નિર્દોષ છે. એમ પણ બને કે મરનાર ચોરી કરવા ત્યાં ઘુસ્યો હોય અને તેના સાથીદારે તેનું કાસળ કાઢ્યું હોય.'

'આ બધા તુક્કા છે વકીલ' ! કોઈ સાચું ન માને.'

'તમે તુક્કા ચલાવવા માટે મજબૂર કરો છો એટલે હું શું કરું ?'

'અચ્છા, આ પહેલાં આવા કેટલાક કેસ બન્યા હશે કે જયારે તમે કોઈ બીજા જ કારણસર કોઈના મકાનમાં ગયા હો અને ત્યાં ખૂન થયેલું તમે જોયું હોય.'

'અમારો ધંધો જ એવો છે એટલે એવું તો અવારનવાર બનતું જ રહેવાનું પછી કેટલીક વખત આવું બન્યું અને કેટલી વખત નહીં તેની ગણતરીમાં કોણ પડે?'

'જુઓ સંતોષી, તમે જવાબ ઉડાવો છો હો !' જાડેજાએ હસતાં કહ્યું.

'તમે પ્રશ્ન સરકારી ઑફિસર તરીકે પૂછો છો કે એક મિત્ર તરીકે તે હું હજુ નક્કી કરી શક્યો.' વકીલે હસતાં હસતાં સામે કહ્યું.

'એક મિત્ર તરીકે.'

'કેટલી વખત આવું બન્યું અને કેટલી વખત આવું ન બન્યું એ જાણવા માટે જ આટલી મોડી રાત્રે તમે પેટ્રોલ બાળી અહીં આવવાની તકલીફ લીધી હોય એમ માનવાનું મારે મન ના પાડે છે.'

'તો તમારી સાથે ચોખ્ખી વાત કરી લેવી સારી. દાદરનાં પંદર પગથિયાં તો હું ગણતરી સાથે ચઢ્યો કે તમારા જેવા મિત્ર

પાસેથી મારે લાયક કોઈ ટીપ તો મળી જ રહેશે. જો કે સાચી વાત તો એ છે કે હું આ કામ માટે જ નીકળ્યો છું એમ નથી. ઘરે જતો હતો અને તમારી ઑફિસમાં બત્તી જોઈ અને તમને બારી પાસે ધ્યાનમગ્ન બેઠેલા જોઈ આ બાજુ આવવાની લાલચ ન રોકી શક્યો. અને એટલા માટે જ બબ્બે પગથિયાં કુદાવતો અહીં ચઢી આવ્યો.' ઈન્સ્પેક્ટર જાડેજાએ ખુલાસો કર્યો.

'આ કેસની તપાસ તમને સોંપવામાં આવી ત્યારથી જ મને ખાતરી થઈ ગયેલી કે હવે ઈન્સ્પેક્ટર સાથે મળવાના પ્રસંગો બહુ બનશે.' વકીલે મૈત્રીના દાવે હાસ્ય સાથે આંખો મીંચકારી.

'તો મળી શકશે કોઈ ટીપ?'

'ચોક્કસ ! મિત્રને ના પડાતી હોય ! અને આપણે મિત્ર ન હોત તો તમે આવી માગણી કરી પણ ન શકત. પરંતુ તમને મારી ટીપ નહીં રુચે. તમે આ કેસમાં બહુ જલદી નિર્ણય પર આવી ગયા છો. હું તમને કાંઈક તપાસ કરવાની કહીશ તો તે....'

'જરૂર પડશે તો નિર્ણય ફેરવવામાં મને કશો બાધ આવતો નથી એ તમે જાણો છો.'

'તો પહેલાં તમે મને કંઈક ટીપ આપો. હું તમને જે ટીપ આપીશ એથી તમારી આજની ઊંઘ જતી રહેશે અને તમારે ઘરે જવાનું પણ માંડી વાળવું પડશે.'

'અમારે પોલીસમાં તો કંઈ છૂપું રખાતું નથી. છતાં તમારે જાણવું હોય તો કહું કે બ્લાસ્ટીંગ એક્ષપર્ટનો રીપોર્ટ આવી ગયો છે. જે રિવોલ્વર મળી છે એ રિવોલ્વરમાંથી જ મરનાર પર ગોળીઓ છોડવામાં આવેલી છે. આ રિવોલ્વર એક વર્ષ પહેલાં મિ. નવનીતરાય દોશીએ ખરીદેલી છે. '

'રિવોલ્વર પર આંગળાની છાપ?'



'કેટલીક તો નવનીતરાય દોશીનાં અંગળાની જ છે પરંતુ બીજી કેટલીક છાપો પણ રિવોલ્વર પર પડેલી છે જે ઓળખી શકાઈ નથી.'

'મરનાર ઓળખાયો છે?'

'ના. એની તો બધી માથાકૂટ છે. મરનાર ઓળખાય તો 'મોટીવ' પર પણ કંઈક પ્રકાશ પડે !

'મને આશ્ચર્ય તો એ વાતનું છે કે પોલીસ પોતાની છાપવાળા સિક્કાને પણ નથી ઓળખી શકતી !' વકીલે હસીને ટોણો માર્યો.

'મતલબ ?' ઈન્સ્પેક્ટર એકદમ ટટ્ટાર થઈ ગયા. 'તમે મરનારને ઓળખ્યો?'

'તો જુઓ, બોરીવલીથી રતલામ સ્ટેશનની ટિકિટ લો. રતલામ ઊતરી તેનાથી થોડા માઈલ દૂર ચીરાણા નામનું ગામ છે, ત્યાં ચાલી નાખો. ત્યાં જઈને રાઘવ દોશી નામના માણસની ડાયરી તપાસો. પછી જો કોઈ લાભ થયેલો જણાય તો....'

'થેંક્યું મી. સંતોષી, થેંક્યું. તમને બીજી ટીપ આપું, મુખ્ય બારણાની કળમાંથી એક ચાવી મળી છે જે પર મરનારનાં આંગળાની છાપ છે કે અને તે ચાવી બનાવટી નથી.'

'એનો તો જાણે મને વહેમ હતો ખરો.'

ઈન્સ્પેક્ટર જવા માટે ઊભા થયા.

'એક બીજી વાત, નવનીતરાય દોશી પકડાયા?'

'ના.'

'તો જ્યારે પણ તે પકડાય ત્યારે મને તેમની સાથે ફક્ત અડધો કલાક વાતચીત કરવાનો મોકો આપી શકશો?'

'ભલે. પરંતુ તેનું નિવેદન લઈ લે તે પહેલાં તો નહીં જ ! ઠીક તો હું જાઉં છું. તમે મને અહીંના ફેરાનું સારું એવું વળતર આપ્યું છે.

અમે પણ બોરીવલીથી રતલામની ટિકિટ જોઈ અનુમાન કરેલું. રતલામ માહિતી મેળવવા ટ્રંકકોલ પણ કરેલો. પરંતુ પરિણામ શૂન્ય આવેલું. એવું બની શકે કે કંઈક ગફલત થઈ હશે. પોલીસ-છાપ સિક્કા ઘણી સંખ્યામાં ખરા ને, એટલે ! ઈન્સ્પેક્ટર હસ્યા. 'આભાર વકીલ.' અને પોતાની હેટ ઉઠાવી તેઓ બહાર નીકળી ગયા.

ખાનગી ગુના-શોધકો અને પોલીસ વચ્ચે સામાન્ય રીતે ઉંદર-બિલાડીનો મેળ હોય છે. બંને પ્રસંગ આવ્યે ઉંદર-બિલાડી બની જાય છે. લાગ આવ્યે તેઓ કોઈ કોઈને છોડતા નથી. સામાની જામેલી પ્રતિષ્ઠાને ગમે તેમ કરી પાછી પાડવા પ્રયત્ન કરે છે. ગુનાશોધક પોલીસની પ્રતિષ્ઠાને ધક્કો પહોંચાડે છે અને પોલીસ ગુના-શોધકની પ્રતિષ્ઠાને ધક્કો પહોંચાડે છે. બંને એકબીજાના જબરા પ્રતિસ્પર્ધી છે. પણ વકીલ સંતોષી વિષયમાં આમ નહોતું. તેઓ પ્રતિસ્પર્ધીને પૂરી ખેલદિલીથી આવકારતા એટલા માટે જ પ્રતિસ્પર્ધીને એમ નહોતું લાગતું કે વકીલ સંતોષી પોતાના પ્રતિસ્પર્ધી છે. સહુ જરૂર જણાય ત્યારે વકીલની સલાહ માગી જતા. બીજા વકીલ મિત્રો પણ લગભગ ઘણાબધા કેસોમાં વકીલની સલાહ લઈ ગયા હતા. ઈન્સ્પેક્ટર જાડેજા સિવાય બીજા અધિકારીઓ પણ કોઈ કોઈ વખત વકીલ પાસે આવી જ જતા.

આમ છતાં વકીલને બીજા પાસેથી જરૂર જણાય ત્યારે પૂરતી મદદ નહોતી મળી શકતી. એટલા માટે તેમને પોતાનું જાસુસીતંત્ર વિકસાવવું પડેલું. આ જાસુસીતંત્ર પાછળ ઘણોબધો પૈસો ખર્ચાઈ જતો. પણ વકીલની ધારેલી વિગત મળી જતી અને મોટે ભાગે કેસમાં તેમના તરફી જીત જ થતી.

જાડેજા સાથેની વાતચીત દરમ્યાન બક્ષી જાગી ગયા હતા પણ તેઓ વાતચીતમાં ખલેલ ન પડે માટે અંદર જ રહ્યા હતા. આમ પણ



જો તેઓ ચાલતી વાતચીતમાં ઉપસ્થિત થયા હોત તો ઈન્સ્પેક્ટર જાડેજા વકીલ સાથે વાતચીત કરવામાં જરૂર મૂંઝાત. વકીલની સાથે જે ટીપનો વ્યવહાર થયો એ વ્યવહાર એટલો સહજતાથી ન થઈ શક્યો હોત. ઈન્સ્પેક્ટર જાડેજાને પોતે જ બક્ષીની હાજરીમાં ટીપ માગતાં હીણપત લાગત. આ બધું વિચારતાં બક્ષી બહાર ન નીકળ્યા. પણ જેવા ઈન્સ્પેક્ટર બહાર નીકળ્યા કે બક્ષી વકીલની ઑફિસમાં આવ્યા.

'હવે આપણે આ કેસ મૂકી દેવો જોઈએ, વકીલ.'

'કેમ?'

'તો શું આમાં આપણને મળવાનું છે?' આટલો સમય થયો છતાં હજુ કોઈ કડી હાથમાં આવી નથી. ઊલટું આપણો અસીલ ગુનામાં વધુ સંડોવાતો જાય છે. રિવોલ્વર પર તેના આંગળાની છાપ પણ મળી આવી.

'આપણા અસીલની રિવોલ્વર છે એટલે આંગળાંની છાપ તો તેમની જ હોય ને ! કોઈ બીજું તેમની રિવોલ્વરને ન જ અડકે એટલે બીજાની છાપ ન જ હોય. પણ આ બીજા આંગળાંની છાપની હયાતી આપણા અસીલની તરફદારીમાં આવશે. અને રહી કોઈ કડીની વાત, આપણે જે દિશામાં જવાય, જ્યાં મારગ મળે ત્યાં જ ચાલ્યે રાખીએ. કોઈને કોઈ જગાએ તો રસ્તો મળી જ આવશે. વળી આ તો હજુ કેસની શરૂઆત છે. કેસ કોર્ટમાં ચાલશે એટલે સાક્ષીઓની જુબાનીમાંથી કાંઈ ને કાંઈ મળી આવશે, આપણે ભૂતકાળમાં આથી ભારે કેસ ક્યાં નથી ઊકેલ્યા? - અને હું માનું છું ત્યાંસુધી નવનીતરાય દોશી નિર્દોષ છે.'

'એક માણસ નાની અમથી ફરિયાદ કે શંકા ઊભી કરી તને વકીલ તરીકે રોકી લે છે, જરૂર કરતાં મોટી રકમનો ચેક લખી આપે

છે, ખૂનની ગુનાની લટકતી તલવાર માથે ઊભી કરી કોઈ તેને શોધી પણ ન શકે એવી જગાએ સંતાઈ જવા પ્રયત્ન કરે છે. તું જ્યારે તેને પૂછે છે ત્યારે સાચી વાત જણાવતો નથી અને સલાહ આપે છે તેની વિરુધ્ધ વર્તન કરે છે. આ બધું શું તેની નિર્દોષતા સાબિત કરે છે ?'

'આમ છતાં મને લાગે છે કે તે નિર્દોષ છે. કોઈ તેને યોજનાપૂર્વક ગુનામાં સંડોવી રહ્યું છે. રિવોલ્વર પર બીજા આંગળાંની છાપ મારા સમર્થનને ટેકો આપે છે કે જરૂર આમાં કોઈ ત્રીજી વ્યક્તિ છે જ. અને એ હું સાબિત કરી આપીશ.' વકીલ થોડી ક્ષણ થોભ્યા.

'શર્મિષ્ટાનું સરનામું શું છે?'

બક્ષીએ શર્મિષ્ટાએ આપેલું સરનામાવાળું પત્તું આપ્યું.

વકીલે બે-ત્રણ વખત સરનામું વાંચી ગોખી લીધું.

'હું શર્મિષ્ટાને મળીશ. માટે તેને મળવું જ પડશે.' વકીલ નિશ્ચયાત્મક સ્વરે બોલ્યા. 'જરૂર પડશે તો હું તને ફોન કરીશ. મારો ફોન ન આવે ત્યાં સુધી તારે અહીં જ રહેવાનું છે.' વકીલ ઊભા થઈ ગયા.

'પણ આમ અચાનક?'

'હા. શર્મિષ્ટા ભોળી નથી એ આપણે જોઈ લીધું છે. નવનીતરાય દોશીની જેમ એ પણ કંઈક છુપાવે છે. આપણે એ ખોળવું જ રહ્યું.'

'પણ અત્યારે ટાઈમ કેટલો થયો એ તરફ તો જો. આપણા માણસને કહી દીધું છે એ બધી તપાસ કરશે.'

'મારે શર્મિષ્ટા સાથે રૂબરૂ વાત કરવી છે અને હવે આપણી પાસે સમય પણ થોડો રહેશે.'

'આમ રાતના સમયે શર્મિષ્ટા જેવી યુવતીને મળવાનું હું મુદ્દલે



પસંદ નથી કરતો. જો હાથે કરીને જોખમમાં પડવાનો તારો નિર્ણય હોય તો મારી સલાહ પૂરતું આમ છતાં મદદ માટે અથવા સાક્ષી તરીકે કોઈને લઈજા. કહેતો હોય તો હું આવું અથવા વિનોદને બોલાવું.'

'ના, એક ભાડૂતી ટેક્ષી મંગાવી દે અને જરૂર પડ્યે હાથ બતાવી શકે એવો એક માણસ. તારી સલાહ હું માન્ય રાખું છું. અથવા એમ કર. રઘુબીરને જ ટેક્ષી લઈને બોલાવી લે-દાઢી કી દાઢી ઔર ઝાડુ કા ઝાડુ.'

'બક્ષીએ પાર્ટીશન પાછળ જઈ ચાર-પાંચ આંકડા ડાયલ કર્યા.'

'હલો મેનેજર. એ તો હું બક્ષી બોલું છું - વકીલ સંતોષીનો મદદનીશ. આપની હૉટલની નજીક BMR 2324 ઉભી હોય તો તેના ડ્રાયવર રઘુબીરને જરા ફોન પર બોલાવશો ?...થેંક્યું....હા, હું ચાલુ જ રાખું છું.'

અને થોડીવારે રઘુબીર ફોન પર આવતાં કહ્યું : 'હલો રઘુબીર, ... હું બક્ષી. ટેક્ષી સાથે ઑફિસે આવો અને હૉર્નથી ખબર આપો. બનતાં સુધી વકીલ સાહેબ ઑફિસમાં પગથિયાં પર જ ઊભા હશે. ...ઓ.કે., ઓ.કે.' બક્ષીએ ફોન મૂકી દીધો.

'હું નીચે જાઉં છું, તું ફોન પર રહેજે. કદાચ જરૂર પડે.' બક્ષીના આવતાં વકીલે કહ્યું અને દાદરા ઊતરી જવા બારણું ખોલ્યું.

## ૯.

દીવાબત્તીથી ઝળહળી રહેલી સડક પર ટેક્ષી પુરપાટ વેગથી સરકી રહી હતી. રઘુબીરે વકીલને તેમની ઑફિસેથી લઈ લીધા હતા. વકીલે શર્મિષ્ટાનું સરનામું રઘુબીરને કહ્યું હતું. અને જે કંઈ

થોડી ઉંઘ મળી જાય તે આશાએ પાછલી સીટ પર આંખો મીંચી એકચિત્ત થયા હતા. આ પણ તેમની એક આગવી શોધ હતી - એકચિત્ત થઈ જવું. દુનિયાની બધી માયા, ઝંઝાળ, પ્રશ્નો, જવાબો એ બધામાંથી મન વાળી ને શાંત ચિત્તે, એક લક્ષ્ય પર બેસી રહેતા. લક્ષ્ય પરથી ધ્યાન હટાવતા નહોતા અને ધીમે ધીમે નિદ્રાદેવી આવી તેમને વશ થઈ જતી. પણ આ રીતનો ઉપયોગ તેઓ કાયમ નહોતા કરતા. જવલ્લે, જ. જ્યારે બળજબરીથી નિદ્રાને પોતાને હવાલે કરવી હોય ત્યારે જ કરતા.

અત્યારે પણ આ રીતે હંગામી મુદત માટે નિદ્રાને તેમણે પોતાની પાસે બોલાવી હતી. છતાં મનમાં તો કેસનંબર ૧૯૯૬ ના વિચારો જ અટવાતા હતા. આ વિચારોમાં ચિત્રપટની માફક એક પછી એક બધા પ્રસંગો શરૂઆતથી તે અત્યાર સુધી ક્રમબધ્ધ આવી ગયા. અને જ્યારે રઘુબીરે સાંકેતિક હોર્ન માર્યું ત્યારે એમની નિદ્રા અને સ્વપ્નસ્થ વિચારમાળા અટકી. તેમણે આંખો ખોલી.

'ક્યા મકાન આગળ ઊભી રાખું ?' વકીલ સાંભળી શકે એવા અવાજે રઘુબીરે કહ્યું.

'સામેના પેલા ચાર માળના મકાન પાસે.' વકીલે કહ્યું અને ઊંઘ ખંખેરી નાખવાને બહાને સહેજ આળસ ખાઈ બારીના કાચની આરપાર જોવા લાગ્યા.

રઘુબીરે ટેક્ષીની ગતિ સહેજ ધીમી કરી અને મકાનને લક્ષ્યમાં રાખી ટેક્ષી હંકારવા માંડી.

અને વકીલની બહાર ફરતી નજરમાં ત્રણ માણસો ઝડપાઈ ગયાં. ને વકીલ ચમક્યા. તેમણે ઝડપી નિર્ણય લઈ લીધો.

'મકાન પાસે ટેક્ષી ઊભી ન રાખતાં સીધેસીધી લઈ લેજો, અને જે પહલો ખાંચો આવે એમાં વાળી લેજો. કોઈને ખબર ન પડે



એમ ધીમે ધીમે ગતિ વધારો.'

રઘુબીરે પ્રશ્ન પૂછયા વગર વકીલે જેમ કહ્યું એમ કરવા માંડ્યું. ટેક્ષી ઊભી ન રાખતાં સીધી હંકારી ગયો અને જ્યારે પહેલા આવતા ખાંચામાં ટેક્ષી વળી ત્યારે સહુથી ટોચની તેની ઝડપ હતી.

ખાંચામાં સહેજ ટેક્ષી ગઈ એટલે વકીલે કહ્યું : 'કોઈની નજરે ન ચઢે એવી જગાએ ઊભી રાખો.'

રઘુબીરે ટેક્ષી આગળ લઈ જઈ દિવાબત્તી બંધ થયેલા એક મકાનની પછી તે ઊભી રાખી.

વકીલ બારણું ખોલી બહાર આવ્યા.

'ઝડપથી બીજી ટેક્ષી લઈ મારો પીછો કરો અને તમારો ડગલો તથા ટોપી મને આપી દો. તમારી ટેક્ષીની ફ્લેશર-લાઈટ ચાલુ રાખજો અને આપણા સંકેત પ્રમાણે હોર્ન વગાડજો.'

પરિસ્થિતિની ગંભીરતા સમજી ગયેલા રઘુબીરે તેનો ડગલો અને ટોપી વકીલને સોંપી દીધાં અને આ લત્તામાં કાયમ ટેક્ષી લઈ ઊભા રહેતા તેના એક ડ્રાયવર મિત્ર તરફ જવા ઝડપી ડગ ભરવા માંડ્યાં.

વકીલે રઘુબીરને ટોપી અને ડગલો પહેરી લીધાં. ખિસ્સામાંથી હાથરૂમાલ કાઢી એક લોફરની માફક ગળે વિંટાળ્યો અને ટેક્ષીમાં બેસી ટેક્ષી રિવર્સમાં લઈ દિશા બદલી જે રસ્તેથી આવ્યા હતા એ રસ્તે હંકારવા માંડી. વચ્ચે એક પાનવાળા પાસેથી પાન લઈ મોંમાં ઠાંસી લીધું. હવે આબેહૂબ તેઓ એક ટેક્ષી ડ્રાયવર બની ગયા હતા. પણ ઝડપની જરૂર હતી.નહીં તો પેલા માણસોના છટકી જવાનો સંભવ હતો. તેમણે એકદમ છેલ્લી સ્પીડ મૂકી દીધી. ટેક્ષી ઉછળીને ચિચિયારા પાડતી નાઠી.

થોડે દૂર ગયા પછી તેમને યાદ આવ્યું કે મીટર બંધ કરવાનું

રહી ગયું છે. તેમણે ટેક્ષી ઊભી રાખી. મીટર બંધ કર્યું એટલામાં પાછળ આવતી એક ટેક્ષીનું સાંકેનિક હોર્ન સંભળાયું. તેઓ સમજી ગયા કે રઘુબીર આવી પહોંચ્યો છે. તેમણે ફરી ટેક્ષી ચાલુ કરી ફરી એની એ જ ઝડપ મૂકી દીધી.

હજુ તે ત્રિપુટી ત્યાં જ ઊભી હતી - કોઈ વાહનવાળાની રાહ જોતી. હજુ સુધી તેમને કોઈ વાહન નહીં મળ્યું હોય. વકીલે ટોપીએ કપાળ પર વધુ ઢળતી કરી જેથી તેઓ ઓળખાઈ ન જાય. આમ પણ ઓળખાઈ જવાય એવી ધાસ્તી તો નહોતી જ. ટેક્ષીમાંના અંધારામાં વેશપરિધાન કરેલા તેમને પોતાના માણસો સિવાય કોઈ પણ ન ઓળખી શકે અને કોઈને શંકા જ ન જાય કે એક પ્રતિષ્ઠિત વકીલ ટેક્ષી ચલાવતા હોય - વકીલે ટેક્ષી ડ્રાયવર બને એની કોઈ કલ્પના જ ન કરી શકે. પણ એ શક્યતા હતી કે ટેક્ષી ઊભી રાખે અને ટેક્ષીમાંથી ઊતરવાનું થાય તો પોતે ઓળખાઈ જાય.

ખાલી ટેક્ષીને આવતી જોતાં જ એ ત્રિપુટીમાંના આદમીએ હાથ લંબાવી ટેક્ષીને ઊભી રાખવા સંકેત કર્યો.

વકીલે એક્સીલેટર પરથી પગ હઠાવી લઈ બ્રેક માર્યા સિવાય ટેક્ષીને ત્રિપુટીની પાસે જવા દીધી. ટેક્ષી ત્રિપુટી પાસે પહોંચી કે તેમણે બ્રેક મારી.

'હમેં લે ચલોગે?' આદમીએ પૂછયું. તેનો અવાજ ખોખરો હતો અને વકીલને કંઈ કૃત્રિમ લાગ્યો.

વકીલે કંઈ બોલ્યા વગર આગળની સીટમાં બેઠાં બેઠાં જ પાછળની સીટનું બારણું ખોલ્યું.

એ આદમી સાથેની બંને સ્ત્રીઓ પાછલી સીટમાં ગોઠવાઈ. તેમના પછી આદમી પણ ખાલી રહેલી જગામાં ગોઠવાયો અને ઘડાકા સાથે બારણું બંધ કર્યું.



'વી.ટી લે ચાલો.' પેલા આદમીનો અવાજ સંભળાયો.

વકીલે એન્જિન સ્ટાર્ટ કર્યું અને ગતિમાં મૂક્યું. બારણું ખોલતાં એક વખત એ ત્રિપુટી પર નજર પડી હોય એટલું જ, એ પછી વકીલે એમની તરફ જોયું નહીં સીધી. રોડ પર નજર નાખી ટેક્ષી ચલાવવા લાગ્યા. પણ એ એક નજરમાં રઘુબીર સાથે જતાં જે ત્રિપુટીમાંની એક વ્યક્તિને ઓળખી લીધી હતી એ જ વ્યક્તિની પૂરતી ઓળખ થઈ ગઈ.

એ વ્યક્તિ હતી શર્મિષ્ટા સોનાની. તેની સાથે એક આધેડ વયની સ્ત્રી તથા ટેક્ષી વિશે પૂછનાર એ પુરુષ હતાં. શર્મિષ્ટાના હાથમાં નાનકડી સુટકેશ હતી. બીજી બે વ્યક્તિઓ કરતાં તે વધુ ઉશ્કેરાયેલી અને અસ્વસ્થ થઈ ગયેલી જણાતી હતી.

એ ત્રિપુટીને લેવા વકીલે ટેક્ષી ઊભી રાખી હતી એ દરમ્યાન રઘુબીર તેમની ટેક્ષી લઈ આગળ નીકળી ગયો હતો. વકીલે સહજ સ્પીડ વધારી તેને ઓવરટેક કર્યો. એ સાથે રઘુબીરે તેમની ટેક્ષીમાંનું હોર્ન સાંકેતિક લયમાં વગાડ્યું. વકીલે એ તરફ જોયા વગર પૂરપાટ વેગે ટેક્ષીને વી.ટી. તરફ મારી મૂકી.

વી.ટી. આમ તો ચોવીસ કલાક ધમધમતું સ્ટેશન છે. છતાં રાતના આ વખતે ત્યાં ભીડ જરા ઓછી હોય છે તેનું પણ એક કારણ છે દિવસે પેસેન્જર કરતાં વધુ તો તેમને મૂકવા આવનાર હોય છે. આ મૂકવા આવનાર ભીડને ખાસ્સી એવી વધારી મૂકે છે. આવા વળાવિયાઓ રાત્રે ઓછા જોવા મળે છે એટલે દિવસના કરતાં સ્ટેશન થોડું ઉજ્જડ લાગે છે.

વકીલે સ્ટેશન પહોંચી ટેક્ષી ઊભી રાખી અને પેલો પુરુષ બારણું ખોલે તે પહેલાં પોતે સહજ રીતે ઝડપથી નીચે ઊતરી પાછલી સીટનું બારણું ખોલી નાખ્યું.

'સાહેબ, વી.ટી. આ ગયા.' વકીલે કહ્યું.

પેલો આદમી નીચે ઊતર્યો, તેની પાછળ બંને સ્ત્રીઓ ઊતરી. જેટલી સહજતાથી વકીલે બારણું ખોલ્યું હતું એટલી જ સહજતાથી અને વિનયથી તેમણે શર્મિષ્ટાના હાથમાંથી સુટકેશ લઈ લીધી.

'લાવો બહનજી, મૈં લે લેતા હું.'

પહેલાં તો શર્મિષ્ટા સુટકેશ આપતાં ખચકાઈ પણ પછી પોતાની મહત્તાનો વિચાર આવતાં તેણે સુટકેશ ડ્રાયવરના રૂપમાં રહેલા વકીલને આપી.

વકીલે તેમની સાથે ટિકિટબારી તરફ ચાલવા માંડ્યું.

'દો ટિકિટ કલ્યાણ.' પેલા આદમીએ ફર્સ્ટ ક્લાસની બારી પાસે જઈ ટિકિટ માગી. વકીલે તેમના કાન સરવા રાખ્યા હતા. તેમાનાથી એ શબ્દો સંભળાઈ ગયા.

પણ ફર્સ્ટ ક્લાસની સીટ ખાલી ન હોવાથી પેલા આદમીએ સેકન્ડ ક્લાસની બારી પાસે જઈ ટિકિટ મેળવી.

હજુ ગાડી આવી નહોતી પણ આવવાની તૈયારીમાં છે એ શબ્દો લાઉડસ્પીકર પર વહેતા હતા. વકીલે સુટકેશ પેલા આદમીનો હાથમાં આપી અને કહ્યું : 'મૈં ખડા રહું' સાહબ !'

'હા, મુઝે લૌટના હૈ. ગાડી છૂટને કે બાદ મેં આ રહા હું.' વકીલ ત્યાંથી બહાર નીકળી આવ્યા. ચારેબાજુ તેમણે નજર નાખી. એક હોર્ન સંભળાયું. વકીલ એ તરફ ચાલી ગયા. ટેક્ષીને અઢેલીને રઘુબીર ત્યાં બીડી પીતો હતો.

'જુઓ રઘુબીર,' વકીલે રઘુબીર પાસે જઈને કહ્યું. 'અત્યારે તમે ઝડપથી પેલાઓની પાછળ લાગી જાવ. સેકંડ ક્લાસની કલ્યાણની એક ટિકિટ લઈ લો અને એ બે સ્ત્રીઓનો પીછો કરવા લાગેલો. હું હમણાં જે માણસ સાથે વાત કરીશ એની સાથેની બે સ્ત્રીઓનો



તમારે પીછો કરવાનો છે. તેમને બરોબર ઓળખી લો. એ માણસ એમની સાથે નથી જવાનો. તેમને વળાવીને તે પાછો ફરવાનો છે. બે સ્ત્રીઓમાંથી જુવાન સ્ત્રીએ ફાલસા કલરની ટેરીકોટનની સાડી પહેરી છે અને આધેડ સ્ત્રીએ લાલ સાડી પહેરી છે.'

'ચાલો' રઘુબીરે અડધી પીધેલી બીડી નીચે નાખી દીધી અને આગળ ચાલવા માંડ્યું.

'પૈસા તમારી પાસે પુરતા છે કે આપું?'

'પૂરતા છે.'

'તમારી ટેક્ષીને હું ઈમ્પીરીયલ ઓટો ગેરેજમાં મૂકી રાખીશ અને ત્યાંના માણસને કહીશ કે અહીંથી તમે લાવ્યા એ ટેક્ષી લઈ જાય.'

'લો ચાવી.' રઘુબીરે ટેક્ષીની ચાવી આપી.

વકીલે તે લઈ ખિસ્સામાં મૂકી.

પ્લેટફોર્મ પર વકીલ પેલા માણસ સાથે વાત કરવા લાગ્યા.

'સાહેબ, પોલીસ હૈરાન કર રહી હૈ ઈસીલીયે મૈં બાહર સ્ટેન્ડ પર ગાડી ખડી કરતા હું.'

'અચ્છા, ઐસા કરો, મૈં ઉધર આ જાઉંગા.' પેલાએ કહ્યું.

વકીલે ત્રાંસી આંખે જોઈ લીધું કે રઘુબીર બંને સ્ત્રીઓને જોઈ રહ્યો હતો. સ્ત્રીઓના ધ્યાનમાં આ વાત નહોતી. શર્મિષ્ટા તો નર્વસ થઈ ગયેલી જણાતી હતી. તેને ઊભું રહેતાં પણ જોર પડતું હોય એવું જણાતું હતું. જ્યારે બીજી સ્ત્રી ભાવ-શૂન્ય હતી. તેના મગજમાં શું રમી રહ્યું હતું એ બિલકુલ પરખાતું નહોતું.

વકીલે બહાર આવી ટેક્ષી સ્ટેશનની બહાર કાઢી સ્ટેન્ડ પર ખડી કરી દીધી. અને દરવાજો ખુલ્લો રાખી પેલા આદમીની પ્રતીક્ષા કરવા લાગ્યા. થોડી વારે ગાડી આવવાની સિસોટી સંભળાઈ, એની

પાછળ ને પાછળ ધમધમાટ કરતી ગાડી. સૌ પ્લેટફોર્મ બહાર નીકળતાં પેસેન્જરોને જોઈ રહ્યા.

દિવસના કરતાં કોલાહલમાં પણ શાંત રીતે પેસેન્જરો બહાર નીકળી પોતાને રસ્તે પડતાં હતાં. ટેક્ષીઓ અને રીક્ષાનો આજુબાજુ ઘુમવાને કારણે ફડફટાડ સંભળાતો હતો. નીકળતાં પેસેન્જરોની ભીડ હળવી થતાં એ ફફડાટ પણ ઓછો થતો ગયો અને ત્રિપુટીમાંનો પેલો આદમી બહાર નીકળી આવ્યો. આજુબાજુ જોતો તે એક બાજુ ઊભો રહ્યો. વકીલે તેની પાસે ટેક્ષી લીધી. અને પાછળનો દરવાજો ખોલ્યો.

'કીધર લે ચલું, સાહબ?'

'એલફીન્સટન રોડ.' પેલાએ અંદર બેસતાં કહ્યું.

વકીલે ટેક્ષી એલફીન્સ્ટન રોડ તરફ હંકારી.

થોડી થોડી વારે વકીલ ડ્રાયવરની સીટ પાસેના નાકડા અરીસામાંથી તેની સામે જોઈ લેતા હતા. પેલો માણસ શાંત અને ગંભીર જણાતો હતો. તે કોઈ ઊંડા વિચારમાં ડૂબી ગયેલો લાગતો હતો. પેલી આધેડ ઉંમરની સ્ત્રી પણ મહારાષ્ટ્રીયન દેખાતી હતી. આ મહારાષ્ટ્રીયનો સાથે શર્મિષ્ટાને ક્યા પ્રકારનો સંબંધ હશે એની કલ્પના વકીલ કરવા લાગ્યા. તેમની વચ્ચે કોઈ લોહીનો સંબંધ હોય એવું માનવા વકીલનું મન ઈન્કાર કરતું હતું. તેમની નજરે એવી છાપ ઊભી થઈ હતી કે શર્મિષ્ટાની કોઈ મજબૂરીનો લાભ લેવાઈ રહ્યો છે. શર્મિષ્ટા કઠપૂતળી હોય એમ આ માણસ નચાવે છે. એટલે જ એમને આ માણસ શંકાશીલ લાગ્યો હતો.

એલફીન્સ્ટન રોડ લત્તો શરૂ થતાં વકીલે ટેક્ષીની ઝડપ ઓછી કરી નાખી.

'ઓવર-બ્રીજ કે પાસવાલે એપાર્ટમેન્ટ હાઉસ કે સામને ખડી



રખ્ખો.' પેલા આદમીએ કહ્યું.

વકીલે તેના કહ્યા મુજબ ટેક્ષી ઊભી રાખી.

'ચાર રૂપિયા અને એંસી પૈસા.' વકીલ મીટર સામું જોઈ ગુજરાતીમાં ગણગણ્યા.

'તુમ ગુજરાતી હો?' પેલાએ પૂછયું અને પાંચની નોટ કાઢીને આપી.

'માફ કીજીયેગા સાહેબ !' મગર મેરે પાસ ચીલ્લન નહીં હૈ!'

'કુજ હર્જ નહીં. બાકી કે પૈસો સે અપને બચ્ચોં કં લીયે કુછ મિઠાઈ લે જાના.' પેલાએ કહ્યું અને ત્યાંથી ચાલતી પકડી એપાર્ટમેન્ટ હાઉસમાં દાખલ થયો.

વકીલે ટેક્ષીનું બૉનેટ ખોલી તેમાં રીપેર કરતા હોય એમ નીચે નમી ત્રાંસી આંખે તે મકાન તરફ જોવા માંડ્યું.

થોડી વારે ત્રીજા મળે પ્રવેશદ્વારથી જમણી તરફના પહેલા ફ્લેટમાં બત્તી સળગી, પછી બારી ખોલનાર પેલો જ માણસ હતો તે વકીલે જોઈ લીધું. એ માણસે ક્ષણ પૂરતી ટેક્ષી તરફ નજર નાખી અને પછી અંદર ચાલ્યો ગયો.

વકીલે બૉનેટ બંધ કરી ટેક્ષીને ઈમ્પીરીયલ ઓટો ગેરેજ તરફ મારી મૂકી.

પંદર-વીસ મિનિટ પછી વકીલ ઑફિસે પહોંચ્યા.

બક્ષી તેમને અપાયેલ આજ્ઞાનું અક્ષરશઃ પાલન કરતા ઑફિસમાં બેઠા હતા.

'બક્ષી, જલ્દી એક માણસને એલફીન્સ્ટન રોડ પર આવેલા દયાનંદ એપાર્ટમેન્ટ હાઉસના ત્રીજા માળે પ્રવેશદ્વારથી ચર્ચગેટ તરફના પહેલા ફ્લેટમાં કોણ રહે છે. તે શું ધંધો કરે છે અને તેને અંગે બીજું પણ શું જાણવા જેવું છે, તે જાણી લાવવા કહે.' વકીલે

પ્રવેશતાં જ થોડા શબ્દોમાં જે જે કહેવાનું હતું એ કહી નાખ્યું : 'મારે માહિતી બહુ જલદી જોઈએ.'

'સંતોષી, તારી ઑફિસમાં આરામ કે ઊંઘ જેવા શબ્દોને સ્થાન જ નથી.' બક્ષીએ ઊભા થતાં કહ્યું. 'એક વખત તારી કાંડાઘડિયાળ તરફ જો, અત્યારે રાતનો એક વાગ્યો છે અને આખું નવરું રહેલું મુંબઈ અત્યારે ઊંઘતું હશે ત્યાં તારે જોઈતી વિગતો જાણી લાવવા કે કહેવા કોણ જાગતું રહે?'

'બિલકુલ એમ તો નહીં જ મારા દોસ્ત ! ભલે નવરી રહેલી વ્યક્તિ ન જાગતી હોય પણ કામમાં પરોવાયેલાં કેટલાંક ખાતાં તો આપણને મદદ કરવા ચોવીસ કલાક જાગતાં જ હોય છે. દા.ત. દયાનંદ એપાર્ટમેન્ટ હાઉસના દરેક ફ્લેટ પર ફોનની આંતરિક સગવડ છે. એટલે ત્યાંના પ્રાઈવેટ એક્ષ્ચેંજમાં એક ટેલિફોન ઓપરેટર તો ફોન પર હાજર હશે જ. તાર અને ટપાલ ખાતાના માણસો પણ અત્યારે આપણી મદદ માટે જાગતાં જ હોય છે. તેનો ધંધો શો છે, એનું નામ શું છે એ જાણી શકો તો પછી ત્યાંના ગેરેજ સાયકલ સ્ટેન્ડ, દૂધવાળા ભૈયા અને પોલીશ કરનાર છોકરા પાસેથી પણ જોઈતી વિગતો મળી રહે.'

'તારું કહેવું સાચું પણ એમાં સમય કેટલો બધો જોઈએ. આપણો માણસ પણ એ કામ કરવા માટે અત્યારની ભરઊંઘમાંથી ઊઠવા ના પાડી બેસશે.'

'જો એ ના પાડે તો બીજાને કામ સોંપ. મારે ગમે તેમ કરી એ માહિતી જોઈએ અને તારે જલદી તૈયાર થવાનું છે, મારી સાથે આવવાનું છે.'

'ઓ.કે. જેવી તારી મરજી.' બક્ષીએ ફોન પાસે જઈ બરાડા પાડી ચીંધેલું કામ એક માણસને સોંપી દીધું. એ સમય દરમ્યાન



વકીલે ટી-ટેબલ પાસે જઈ થરમોસમાંથી ચા પી લીધી હતી.

'આપણે ક્યાં જવા માગીએ છીએ.' દાદરેથી ઊતરી બારણે તાળું મારતાં બક્ષીએ પૂછયું.

'શર્મિષ્ટાને ત્યાં.'

'હમણાં તો તમે ત્યાં જઈને આવ્યા, હવે ફરીથી?'

'હા.' વકીલે કહ્યું. 'હું શર્મિષ્ટાના મકાને ગયેલો પણ મકાનમાં પ્રવેશ્યો નહોતો. શર્મિષ્ટા ત્યાં નહોતી. એ કોઈ બાઈ સાથે બહાર જવા તૈયાર થઈને ઊભી હતી. તેની સાથે આપણા રઘુબીરને મોકલ્યો. તેઓ અત્યારે કલ્યાણ જવા સેકન્ડ ક્લાસની મુસાફરી કરી રહ્યાં હશે.

'કંઈ અજુગતું બની રહ્યું છે?'

'હા અને ના. -બંને.'

તેમણે ગેરેજનું બારણું ખોલી ફિયાટગાડી બહાર કાઢી. બક્ષી ડ્રાયવીંગ સીટ પર બેસી ગયા. એંજિન ચાલુ કરતાં પહેલાં ખિસ્સામાં રહી ગયેલું શર્મિષ્ટાનું સરનામાવાળું પત્તું બહાર કાઢી એક નજર એની પર નાખી લીધી.

'હવે આપણે શર્મિષ્ટાની ગેરહાજરીમાં તેને ત્યાં જવા માગીએ છીએ. એમ જ ને?' ફીયાટને મુખ્ય સડક પર લેતાં બક્ષીએ પૂછયું.

'હા, અને તે પણ માસ્ટરકીના ઝૂડા સાથે.'

'એવું સાહસ ન કરવા માટે હું મારી સલાહ તને ગમશે ? હાથે કરી આપણે પોલીસની નજરમાં આવવા જેવું કેમ કરવું?'

'આપણે સાહસ કરવા માગતા નથી. માત્ર ચાન્સ લેવા માગીએ છીએ. એવી શક્યતા રહેલી છે કે શર્મિષ્ટાના મકાનમાંથી આપણને જોઈતું કંઈક મળી રહે. એ કંઈક શું છે એ તો હું જ નથી જાણતો. પણ કંઈક હશે ખરું જ ! એ સિવાય કોઈ માણસ બળજબરીથી

તેને બહાર મોકલવાની હિંમત ન કરે.'

'એને બળજબરીથી કલ્યાણ મોકલાઈ રહી છે?'

'હા. આપણે એ જાણવું રહ્યું કે તે માણસને એમ કરવા પાછળ ક્યું સબળ કારણ છે. એ આપણે ગમે તેમ કરી શોધી કાઢવું રહ્યું. આ કેસમાં જો આપણે પોલીસથી એક પગલું આગળ રહેવું હોય તો આપણો થોડું જોખમ હોય તો ખેડવું જોઈએ. અને તું મારા સાક્ષી તરીકે ત્યાં આવે છે.'

'પેઢીની ભાગીદારની સાક્ષી માન્ય રાખવા જેટલું આપણું પોલીસખાતું હજુ મૂર્ખ નથી બન્યું.'

'એ બધું પછી જોઈ લેવાશે.' વકીલે કહ્યું.

બક્ષી ચૂપ રહીને ડ્રાઈવીંગ કરવામાં પરોવાયા. વકીલે પણ પછી વાર્તાલાપ આગળ ન વધાર્યો.

થોડી મિનિટોના ડ્રાઈવીંગ પછી શર્મિષ્ટા રહેતી હતી એ એરિયા શરૂ થયો. વકીલે શર્મિષ્ટાવાળા ફલેટથી બે મકાન દૂર ફીયાટ ઊભી રખાવી. ત્યાંથી બંને ચાલતાં ફલેટ તરફ જવા લાગ્યા.

'તારી પાસે ચુંગી તો છે ને?' વકીલે પૂછયું.

'હા, છે તો ખરી પરંતુ તે વાપરવી ન પડે એવું પગલું ભરવા મારી તને સલાહ છે. લોકોને કાયદો બતાવનારની સામે જ જ્યારે કાયદો મોં ફાડીને ઊભો રહે ત્યારે કાયદાબાજ માણસની સ્થિતિ કફોડી થઈ જાય છે એ તો તું જાણતો હોઈશ. પછી તેને પ્રજાની હમદર્દીનો જ્યુરીની દયાનો કે પોતાના અજ્ઞાન (!)નો પણ લાભ મળી શકતો નથી એ વધારામાં.'

'બક્ષી તને માથેરાન ન જવાનું મળ્યું એથી જ બધું ઓકે રાખે છે.' વકીલે ચીઢમાં કહ્યું.

'ઓ.કે. સંતોષી, હું મારા શબ્દો પાછા લઉં છું.'



'હવે ચૂપ રહે, કંઈ વાત ના કરતો.' બંને શર્મિષ્ટાવાળા ફલેટ પાસે આવી પહોંચ્યા હતા. પ્રવેશદ્વાર પાસે ઝોકાં ખાતો એક પહેરાવાળો ખુરશી પર બેઠો બેઠો ઊંઘતો હતો. તેને જગાડ્યા વગર બંને જણ અંદર સરકી ગયા.

'બીજે માળે સાત નંબરનો ફલેટ.' વકીલે ધીમેથી કહ્યું. અને પાસેની સીડી ચઢવા લાગ્યા. બક્ષી તેમને અનુસર્યા. પગલાંનો બિલકુલ અવાજ ન થાય એમ તેઓ બીજા માળની લોબીમાં આવી પહોંચ્યા. બંને જણે લોબીના એક છેડાથી બીજા છેડા સુધી જોઈ લીધું. ત્યાં કોઈ નહોતું. વકીલે ખિસ્સામાંથી સ્કીન કલરનાં હાથમોજાં કાઢી હાથ પર ચઢાવી લીધાં. બક્ષીએ તો પરિસ્થિતિને પામીને ઑફિસેથી નીકળતાં જ ચઢાવી રાખ્યાં હતાં.

થોડા પગલાં ચાલી તેઓ સાત નંબરના ફલેટ પાસે આવી પહોંચ્યા.

વકીલે બારણાનું હેન્ડલ ફેરવ્યું. બારણે લોક હતું. બક્ષીએ એ દરમ્યાન માસ્ટર કી તૈયાર રાખી હતી. તેમણે કી હોલમાં ચાવી નાખી સહેજ આગળ-પાછળ કરી હેન્ડલ ફેરવ્યું પણ બારણું ખુલ્યું નહીં. ફરીના પ્રયત્ને તે ખુલી ગયું. બારણાને સહેજ ધકેલી બક્ષીએ અંદર જોયું. અંદર સર્વત્ર અંધકાર હતો. વકીલના કાન આ દરમ્યાન સરવા બની અંદર કોઈ ઊંઘતું હોય તો તેના શ્વાસોશ્વાસ પકડવા તૈયાર હતા પણ કઈ સંભવિતતા જણાઈ નહીં. બક્ષીને બારણાથી દૂર કરી વકીલે આખું બારણું ખોલી નાખ્યું અને અંદર પ્રવેશ્યા. બક્ષી પ્રથમ તો વકીલને અનુસરવામાં કચવાયા પણ પછી અંદર ઘુસી જઈ બારણું બંધ કરી દીધું.

વકીલના હાથ દીવાલ પરની સ્વીચ શોધવા પ્રયત્ન કરતા હતા પણ બક્ષીએ તેમના કાનમાં કહ્યું કે અંદર કોઈક છે કે નહીં તેની

પહેલા ખાતરી કરી લઈએ. વકીલે બક્ષીનું કથન સ્વીકાર્યું. હાથમાં આવેલી લાઈટની સ્વીચને છોડી દીધી અને ખિસ્સામાંથી પેન્સિલ-ટોર્ચ કાઢી તેના નાના પ્રકાશ વર્તુળમાં આજુબાજુ જોવા માંડ્યું.

આખા ઓરડામાં એક સોફા-સેટ, એક ટીપોઈ, એક ટેબલ, બે સાદી ખુરશીઓ તથા બે કબાટ સિવાય કંઈ નહોતું. દીવાલ પર એક મોટા કદનું મોડર્ન આર્ટ ટીંગાયેલું હતું. એના લિસોટામાં ચિત્રકાર શું કહેવા માગે છે એ વકીલ પકડી શક્યા નહીં.

વકીલે ધીમેથી જમણી તરફનું બારણું ખોલ્યું. તે અરોડો બેડ રૂમ તરીકે વપરાયાની ચાડી ખાતો હતો. મચ્છરદાની લગાવેલ પલંગની ચાદર બંને બાજુ જમીન સુધી ઢળતી હતી. ભીંતને અઢેલીને મૂકેલા શોકેસમાં કેટલાંક અંગ્રેજી સામયિકો અને થોડાં પુસ્તકો હતાં. વકીલે પલંગની ચાદર ઊંચી કરી જોઈ, ત્યાં કોઈ નહોતું.

ત્રીજો ઓરડો કે જેમાં બેઠકખંડમાં તથા બેડરૂમ બંનેમાંથી બારણા પડતાં હતાં તે સિવાય સિંગલરૂમ તરીકે વપરાતો હોય એમ જણાતું હતું. એક મોટું ડ્રેસિંગ ટેબલ તેની સાથે ફીટ કરેલ આદમ-કદ અરીસો, ગાદીવાળું રિવોલ્વરીંગ સ્ટુલ, કપબર્ડ તથા કેટલાંક હેંગરો લટકતાં હતાં એ પર શર્મિષ્ટાનાં કેટલાંક કપડાં હતાં. વકીલ આ બધું જોતા હતા તે દરમ્યાન બક્ષીએ બાથરૂમ, જાજરું અને વપરાયા વગર પડી રહેતું રસોડું જોઈ નાખ્યું. ત્યાં કોઈની હયાતી નહોતી.

આખા ફ્લેટમાં કોઈ નહોતું એની ખાતરી થયેથી, તેમણે બધું ધ્યાનપૂર્વક તપાસવાનું શરૂ કર્યું. સૌથી પહેલા ડ્રેસીંગ ટેબલનાં ખાનાં જોયાં એકએક ખાનાને લોક હતું. બક્ષીએ તેમના ખિસ્સામાંથી દાંત ખોતરવાનો સળિયો કાઢી આકર્ષક પણ સામાન્ય કળવાળાં તાળાં ખોલી નાખ્યાં. ઉપરના ખાનામાં સ્નો, પાવડર, બેઈઝ, રુઝ, બ્રા, પેન્સિલ, લિપસ્ટીક, નેઈલ પોલીશ તથા ક્રીમની રંગબેરંગી શીશીઓ



હતી. વકીલે આખું ખાનું ખેંચી કાઢ્યું પણ કંઈ અસામાન્ય મળ્યું નહીં.

તેની નીચેના ખાનામાં આમાંની જ કેટલીક પણ નવી ખરીદાયેલી ચીજો પેક પડી હતી. તથા ખાલી થઈ ગયેલી શીશીઓ અને ધોવાની આળસે પડી રહેલા કેટલાક હાથ-રૂમાલ હતા.

છેક નીચેના ખાનામાં બે-ત્રણ મેગેઝીનો તથા ન્યુઝપેપર પડ્યાં હતાં. આ બધાની સાથે એક સુંદર પોકેટ-ડાયરી પણ હતી. આ ડાયરીએ વકીલનું ધ્યાન ખેંચ્યું. તેમણે તે લઈ ઝડપથી તેનાં પાનાં ફેરવી જોયાં અને ખિસ્સામાં સેરવી દીધી.

આ ખાનાંઓમાંથી બીજું કંઈ ન મળતાં વકીલે તે બંધ કર્યાં અને કળવાળાં તાળાં ફરી લગાવી દીધાં.

ડ્રેસિંગ ટેબલ પર શર્મિષ્ટા અને નવનીતરાયનો સંયુક્ત ફોટો ગોઠવેલ હતો. આ ફોટો જોઈ વકીલ મનોમન હસ્યા. હજુ તો તેઓ પતિ-પત્ની નથી બન્યાં એ પહેલાં આટલી બધી પ્રગતિ ! પતિ-પત્નીની રીતે ફોટો પણ પડાવી લીધો !

દીવાલ પરના ગુજરાતી કેલેન્ડરના દટ્ટાએ બક્ષીનું ધ્યાન ખેંચ્યુ. તેમણે એ વકીલને બતાવ્યું. એ કેલેન્ડરના દટ્ટામાંથી છેલ્લા ત્રણ દિવસથી કોઈએ પાન ફાડ્યું નહોતું. એટલે માનવું રહ્યું કે શર્મિષ્ટા ત્રણ દિવસથી આ ફ્લેટમાં આવી ન હોવી જોઈએ.

કપબર્ડનાં બારણાં તો ખાલી ભીડેલાં તે ખોલતાં શર્મિષ્ટાનાં કિંમતી રંગબેરંગી વસ્ત્રો ફરફરી ઊઠ્યાં. એમાંથી એક સુવાસ પણ આજુબાજુ વેરાઈ ઊઠી. કપડાં સિવાય કપબર્ડમાં કંઈ નહોતું એટલે વકીલે એ બંધ કર્યું.

આ સિવાય બીજું કંઈ જોવા જેવું ન લાગતાં બંને બેડરૂમમાં આવ્યા. બેડરૂમમાં કંઈ શોધ આરંભે એ પહેલાં મુખ્ય બારણાની

કળમાં કોઈ ચાવી નાખતું હોય એવો અવાજ આવ્યો.

બક્ષીએ વકીલને એ તરફ ઈશારો કર્યો. વકીલે એ તરફ કાન માંડવા પ્રયત્ન કર્યો પણ એ પહેલાં તો બારણું ખુલી ગયું હતું. વકીલ બક્ષીનો હાથ પકડી પલંગ નીચે ઘુસી ગયા. બક્ષીએ તેમના મોટાં ગજવામાં રહેતું નાનું ચપ્પુ તૈયાર કરી હાથમાં રાખ્યું.

ફરી બારણું બંધ થયું પણ પૂરતું બંધ ન થયું. પૂરતું બંધ થવાનો ઘડાકો ન સંભળાયો. થોડી વાર પછી બેઠકખંડની બત્તી ચાલુ થઈ એ સાથે આવનાર વ્યક્તિના બુટ પહેરેલાં પગલાં રૂમ ક્રોસ કરવા લાગ્યાં. એક કબાટ ખોલવાનો અવાજ સંભળાયો અને આવનાર વ્યક્તિ ઝડપથી બધું ઉપર-તળે ફેંદતી હોય એમ જણાયું. થોડીવાર વ્યક્તિ શ્વાસ ખાવા કે કંઈ બીજું કામ કરવા થોભી. પછી ધડાકા સાથે કબાટનું બારણું બંધ કરી ડ્રેસિંગરૂમ તરફ ગઈ. ત્યાંની લાઈટ ચાલુ થઈ. ડ્રેસિંગ ટેબલના ખાનાં ખેંચવાના તથા બંધ કરવાનો અવાજ સંભળાયા. એક વખત ડ્રેસિંગરૂમનું કપબર્ડનું ચિચુડા બોલાવતું બારણું પણ ખૂલ્યું. પછી ઘડાકા સાથે બંધ થયું. એ પછી એ વ્યક્તિ બેડરૂમમાં આવી. બેડરૂમના બત્તી ચાલુ થઈ. આવનાર વ્યક્તિ પુસ્તકોનું શો કેશ ખોલી પુસ્તકો ઝડપથી ફેંદવા લાગી.

વકીલે આવનાર કોણ છે એ જોઈ લેવા ચાદરનો છેડો સહેજ હઠાવી બહાર જોયું. અને જોતાં જ દંગ થઈ ગયા. એ બીજું કોઈ નહીં પણ વકીલ જેને થોડીવાર પહેલાં સ્ટેશનથી એલફીન્સ્ટન રોડ મૂકી આવ્યા હતા તે આદમી હતો. તે પોતે ફલેટમાં એકલો હોય એમ નિશ્ચિંત હતો પણ ઉશ્કેરાઈ ગયો હોય એમ જણાતું હતું. તેની પાસે હથિયાર હશે કે કેમ તે કહી શકાય એમ નહોતું. તે જે આસાનીથી બધાં લોક ખોલતો હતો એ જોતાં કલ્પી શકાય કે તેની પાસે બધાં



તાળાંની ચાવી હશે.

બક્ષીએ વકીલને કોણીથી હડસેલો માર્યો અને હાથની ભાષાથી સમજાવ્યું કે હવે પછીની પહેલી જ તક મળે તેમણે તરત બહાર નીકળી જવું. વકીલે બક્ષીનો હાથ દબાવી તેમને ધરપત આપી પણ મનમાં તો એ જ રમતું હતું કે હવે આગળનું પગલું શું ભરે. એ માટે તેમણે એક વિચાર પણ કરી લીધો.

પેલો માણસ બેડરૂમમાંથી પાછો ડ્રેસિંગરૂમમાં ગયો અને ફરીથી ત્યાં ખંખાખોળા કરવા લાગ્યો. થોડી વારની શોધ બાદ તેને કંઈ હાથમાં લાગ્યું હોય એમ બધી ક્રિયાઓ શાંત થઈ ગઈ. વકીલ તે આગળ શું પગલું ભરે છે એ જોવા થોભ્યા પણ ખાસ્સી એવી પળ પૂરતું કંઈ થયું નહીં એટલે તેઓ બક્ષીને બહાર નીકળવાનો હડસેલો મારી પલંગ નીચેથી બહાર આવ્યા. બહાર નીકળતાં વચ્ચેના બારણેથી ડ્રેસિંગરૂમમાં નજર ગઈ. પેલો આદમી હાથમાં ફાઈલ લઈ કંઈ શોધી રહ્યો હતો. આદમ-કદ અરીસો પણ તેની જગાએથી ખસી ગયો હતો. વકીલ તરત સમજી ગયા કે અરીસા પાછળથી ફાઈલ મળી હશે. મોકાનો લાભ લઈ વકીલ બક્ષીનો હાથ પકડી બહાર નીકળી ગયા.

બહાર નીકળી વકીલ થોભ્યા પણ બક્ષીએ દાદર તરફ જવા ચાલવા માંડ્યું હતુ. વકીલે તેમને અટકાવ્યા.

'સંતોષી, હવે આપણે અહીં થોભવું યોગ્ય નથી.' બક્ષીએ ધીમા અવાજ ફુસફુસાટ કરી. 'ખોટા નકામી આફતમાં સપડાઈ જઈશું.'

આપણે આફતમાં સપડાવાના નથી. આપણે ઊલટા તેને માટે આફત બનવાના છીએ. બક્ષી, તે કાંઈ આ ફલેટનો માલિક નથી.

તે બદમાશ છે અને આપણે તેને રેડ-હેન્ડેડ પકડવાના છીએ.''

'આપણે તેમ કરવાની શી જરૂર છે?'

'છે, તું ઉતાવળો ન થા અને જરૂર પડ્યે તેને પાછળથી પીઠમાં ચુંગીની નળી અડાવવાની તૈયારી રાખ.' વકીલે કહ્યું.

'પણ આ બધું તું કરે છે કાયદાની વિરૂધ્ધ છે. મને આ નથી ગમતું.'

'તારે મને સાથ આપવો છે કે નહીં?'

'હા.'

'તો ચાલ.' વકીલ બક્ષીને બારણા આગળ ઢસડી લાવ્યા અને બારણાના હેન્ડલ પર હાથ મૂક્યો 'ખબર નથી પડતી કે તું ક્યાં કારણોસર આ કેસમાં રસ નથી લેતો.' તેમણે બારણાનું હેન્ડલ ઘુમાવ્યું.

અંદરથી પેલા આદમીનાં પગલાં સીટીંગરૂમમાં આવતાં સંભળાયાં અને વકીલે બારણું ખોલી નાખ્યું.

'હલો, મીસ શર્મિષ્ટા.' લહેકો કાઢીને વકીલે કહ્યું જાણે શર્મિષ્ટા અંદર ઊભી હોય !

પેલો આદમી ચમક્યો અને ગભરાઈ ગયો. તેણે થોથવાતાં કહ્યું : 'તમે...? તમે કોણ છો ? તમારે કોનું કામ છે ? શર્મિષ્ટા શર્મિષ્ટા અહીં નથી.' મહારાષ્ટ્રીયન હોવાને કારણે ગુજરાતી ઉચ્ચારોની લઢણ બરોબર ઉચ્ચારાતી નહોતી એ બક્ષીએ માર્ક કર્યું.

'અમારે મિસ શર્મિષ્ટાનું કામ છે. તેમને જગાડો. વકીલે કહ્યું.'

'કહ્યું કે શર્મિષ્ટા નથી. તમે કોણ છો ?' પેલાએ ફરીથી પ્રશ્ન દોહરાવ્યો.

'તો તમે કોણ છો ? અને આટલી રાત ગયે અહીં એકલા એકલા શુ કરો છો?' વકીલ અંદર પ્રવેશી ચૂક્યા હતા. બક્ષી હજુ



બારણામાં હતા.

'મને એ પૂછવાનો તમને કોઈ અધિકાર નથી. પહેલાં મારા પ્રશ્નનો જવાબ આપો.' પેલાએ મક્કમ અવાજે કહ્યું.

'હું વકીલ છું અને આ છે મારા ભાગીદાર બક્ષી.' વકીલ રૂમમાં આગળ વધ્યા. 'થોડીવાર પહેલાં શર્મિષ્ટાએ અમને ફોન કર્યો હતો અને મળી જવા જણાવ્યું હતું. મને નવરાશ નહોતી એમ મેં જણાવ્યું હતું ત્યારે એમણે જણાવ્યું કે જ્યારે નવરાશ મળે ત્યારે વહેલામાં વહેલી તકે મારે તેમને મળી જવું.'

'આ ગપ છે.' પેલા આદમી જોરથી બરાડી ઊઠ્યો. 'હળાહળ જૂઠ છે.'

'શું ઉઉઉ...' વકીલે હોઠે આંગળી મૂકી. 'ધીમેથી. અત્યારે તમારે બધાને જગાડવાનો વિચાર છે. જો એમ જ વિચાર હોય તો ચાલો હું પણ સાથ આપું.'

પેલો ધુંધવાઈને વકીલને ચાવી જવા માગતો હોય એમ જોઈ રહ્યા.

'... અને એ ગયા હોય તો પણ એની સાથે તમારી શી નિસ્બત?'

'તમે કોણ છો અને રાતના બે વાગ્યે આ ફલેટમાં શું કરી રહ્યા છો?'

'That is none of your business.'

'I know my business and yours too ! Come on and tell me who are you and what are you doing here ?'....

પરંતુ વકીલ બોલવાનું પૂરું કરે એ પહેલાં તે માણસ કૂદ્યો. વકીલના લમણા પર જમણા હાથની હથેળી ઝીંકી દીધી, વકીલના

કાનમાં તમરાં બોલવા લાગ્યાં અને આખો ગાલ ચચણી ઊઠ્યો. તેઓ વિરૂધ્ધની દિશામાં ઝૂકી પડ્યા.

ફરીથી વકીલને મારવા પેલો આદમી તરાપ મારે એ પહેલાં દરવાજે ઊભેલો બક્ષી અંદર આવી પહોંચ્યા હતા. તેમણે એ આદમીનો પાછળથી કોલર પકડ્યો અને એક ઝાટકો મારી તેને પોતાની સામુ ફેરવ્યો.

'તું સંતોષીને મારવાની હિંમત કરી શકે છે?' બક્ષી ક્રોધથી ધ્રુજી ઊઠ્યા હતા. 'તારી એટલી બધી હિંમત છે કે મારી હાજરીમાં તું સંતોષીને મારી શકે...' અને જોર કરી ડાબા હાથની ટચલી બે આંગળીઓ તેમણે પેલાની આંખમાં મારી. આનો કંઈ પ્રત્યાઘાત પડે એ પહેલાં જમણા હાથની મુઠ્ઠી વાળી તેના પેટમાં ઝીંકી દીધી. પેલો નીચે નમી પડ્યો. પણ વધુ નીચે નમે એ પહેલાં જમણા પગના ઘૂંટણ પણ તેના માથાને ઝીલી લઈ બંને હાથનાં આંગળાં ભેગાં કરી પેલા માથાના પાછળના ભાગમાં ફટકારી. આ માર એ સહી ન શક્યો. ઊંહકાર ભરતાં બીજો ફટકો માથામાં ન વાગે માટે તેણે માણું ઊંચુ કર્યું પણ ત્યાં તો કસીને આવેલી બક્ષીની જમણા હાથની મુઠ્ઠીએ તેના મોંને આડું ફેરવી નાખ્યું. તે ભાન ગુમાવતો નીચે લથડાવા લાગ્યો પણ એ પહેલાં વકીલે તેને પાછળથી પકડી લઈ પાસેના સોફા પર પછાડ્યો. બક્ષીએ એ દરમ્યાન ખિસ્સામાંથી ચપ્પુ કાઢી ખોલી નાખ્યું હતું. તે તેના ગળા આગળ ધરી નાખ્યું.

'જપાનીઓનો આભાર કે તેમણે ગુંડાગીરીથી બચવા આ વિદ્યા આપી.' બક્ષી હાંફતા હતા.

'ઑલરાઈટ બક્ષી !' વકીલે કહ્યું. હજુ પણ તેમનો ગાલ ચચરી રહ્યો હતો અને લાલ ડાઘ વધુ લાલ થયે જતો હતો. 'તું તારા ચપ્પુને



ત્યાંથી હટાવતો નહીં. આપણને અમુક પ્રશ્નોના જવાબ જોઈએ છે, એના જવાબ આની પાસેથી મળી જશે.'

'તો તમે તમારા પ્રશ્નોના જવાબ મારી પાસેથી મેળવવા માગો છો, નહીં ?' પેલો આદમી સ્વસ્થ થઈ ગયો હતો.

'હા, અમે જે પૂછીએ એના જવાબ તારે આપવા પડશે, નહીં તો ?'

'નહીં તો...શું?'

'બક્ષી, ચપ્પુ.'

'ચપ્પુ ? વકીલ ... ચપ્પુ? આટલો માર ખાવા છતાં પેલો ખડખડાટ હસી પડ્યો. 'ચપ્પુ ચલાવી શકવાની તમારા સાથીદારમાં હિંમત છે ? અને હિંમત હોય તો પણ ચપ્પુ ચલાવવાનો આશરો કાયદાનો માણસ લેશે?....' પેલો ખડખડાટ હસવા લાગ્યો.

'ઓલરાઈટ બક્ષી ! તું તારુ ચપ્પું હઠાવી લે અને ધ્યાન રાખ કે તે કંઈ હુમલો ન કરે.'

'હું શા માટે હુમલો કરું ? પણ યાદ રાખશો કે તમારે આને માટે પસ્તાવું પડશે.'

'અમારા પસ્તાવાની ચિંતા કરી તમે દૂબળા ન પડી જતા. તમે તમારી સ્થિતિનો વિચાર કરી શાણા થઈને હું પૂછું એના જવાબ આપો. પહેલો સવાલ એ છે કે...'

'હું તમારા કોઈ પણ સવાલનો જવાબ આપવા માગતો નથી.' પેલો વચ્ચે બોલી ઊઠ્યો. 'તમારાથી થાય એ કરી લો.'

'ઓ.કે. બક્ષી, આ મહાશયને આપણા સવાલના જવાબ નથી આપવા. આપણે તો કાયદાના માણસ રહ્યા, આપણાથી જોર-જુલમ ન થાય પણ કાયદા સાચવનારમાં એવી હસ્તી હયાત છે કે

જે…' બનતા લગી ત્યાં ગુનેગારો શાણા થઈ જાય છે. પોપટ બોલે એમ બોલી જાય છે. આપણે સાક્ષી રહીશું અને કહીશું કે લૂંટ કરવાને ઈરાદે એક શખ્સ મિસ શર્મિષ્ટાના ફલેટમાં ઘુસી આવ્યો અને….

'થોભો, તમારે શું પૂછવું છે ? આમાં મારી લાચારી ન સમજતા. પણ હું પોલીસના લફરામાં પડવા માગતો નથી. પરંતુ યાદ રાખો કે તમારે આને માટે પેટભરી પસ્તાવું પડશે.' પેલાએ ધૂંઆપૂંઆ થતાં કહ્યું.

'Don't Worry. કહો તમે કોણ છો?'

'મારું નામ રત્નમણિપ્રસાદ નીવાડેકર છે.'

'તમે શા માટે અહીં આવ્યા હતા?'

'શર્મિષ્ટાને મળવા માટે અહીં આવ્યો હતો.'

'શા માટે?'

'મારે તેની પાસેથી કેટલીક જરૂરી પત્રો લઈ જવાના હતા.'

'કેવા પત્રો?'

'પત્રો… બસ પત્રો.'

'પણ કેવા અને કોના?'

'કંપનીના.'

'કઈ કંપની?'

'હેવી મશીનરીઝ.'

'શર્મિષ્ટા હેવી મશીનરીઝમાં નોકરી કરે છે?'

'હા, ના.'

'કેમ?'

'કરતી હતી, અત્યારે નહીં.'

'તો તેની પાસે કંપનીના પત્રો કેમ સંભવી શકે?'



'ગફલતને કારણે.'

'તો તમે હેવી મશીનરીઝ સાથે સંકળાયેલા છો?'

'હા.'

'તમારું ડેઝીગ્નેશન શું છે?'

નીવાડેકર અચકાયો. પણ વકીલ અને બક્ષીની નજર જોતાં તેને લાગ્યું કે જવાબ વાળ્યા સિવાય તેને છૂટકો નહોતો.

'ઑફિસ આસીસ્ટંટ.'

'શર્મિષ્ટા અંદર છે?'

'હા.'

'તો હજુ સુધી તેઓ કેમ બહાર નથી નીકળ્યા?'

'ના, તે બહાર ગઈ છે.'

'શા પરથી એમ કહી શકો ?'

'તે અંદર નથી એટલે કયાંક ગઈ જ હોવી જોઈએ ને?'

'બક્ષી, આપણે ના છૂટકે પોલીસને બોલાવવી પડશે. આ માણસને જૂઠ સિવાય બીજું સુઝતું નથી. તેને સાચું બોલવાની આદત નથી.'

'હું જે કહું છું એ સાચું જ છે. તેણે તમારી જેમ મને પણ આજે મળવા માટે બોલાવ્યો હતો; એટલે અહીં છું. તે હાજર નથી એની મને ખબર નહોતી.'

'તમે ક્યાં રહો છો?'

'કેમ?'

'તમે ક્યાં રહો છો?'

'શિવાજી પાર્કમાં.'

'જુઓ, ફરીથી હું તમને કહું છું. પોલીસના લફરામાં તમે પડવા માગતા હો તો મારે કોઈ વાંધો નથી.'

'હું જે જગાએ રહું છું તે....'

'તે એલફીન્સ્ટન રોડ પર આવેલી છે. બરાબર છે કે પછી બીજે ક્યાંક ?' તેને અચકાતો જોઈ વકીલે વાક્ય પૂરું કર્યું.

નીવાડેકરનો ચહેરો સફેદ પૂણી જેવો થઈ ગયો.

'દયાનંદ એપાર્ટમેન્ટ હાઉસના ત્રીજા માળ પર એપાર્ટમેન્ટ નંબર-શું એ બધું મારે કહી બતાવવુંપડશે ? આજે રાતના દશેક વાગ્યે તમે અહીં આવ્યા હતા, અને શર્મિષ્ટાને એક બાઈની સાથે કયાંક રવાના કરી દીધી છે. વધુમાં બનાવટી ચાવીથી ફલેટ ખોલી તમે અહીં ચોરી કરવા ઘુસ્યા છો.' વકીલે બીજો ઘા કર્યો.

'માફ કરજો, હું ખોટું બોલતો હતો પરંતુ તમે તો બધું જ સાચું બોલો છો, તમે બધું જાણો છો. પરંતુ હું અહીં ચોરી કરવા માટે નથી ઘુસ્યો કે નથી મેં બનાવટી ચાવીથી ફલેટ ખોલ્યો. શર્મિષ્ટાએ પોતે મને ફલેટની ડુપ્લીકેટ ચાવી આપી છે. તેની ગેરહાજરીમાં ફલેટની દેખરેખ રાવનું કામ તેણે મને સોંપ્યું છે.'

'અને એટલે જ તમે આમ અડધી રાતે ચોરની માફક ફલેટમાં ઘુસી આવી દેખરેખ રાખી રહ્યા છો?'

'તે ગઈ ત્યારે તેણ મને જણાવેલું કે કેટલાંક કાગળિયાં ઑફિસે પહોંચાડવા માટે તે પહેલાં ભૂલી ગઈ હતી. હજુ તે ઘરમાં પડી રહ્યાં છે એ લેવા માટે હું આવ્યો છું.'

'તમને એ કાગળો મળ્યા.'

નીવાડેકરે કંઈ જવાબ ન આપ્યો.

'હું પૂછું છું કે એ કાગળો તમને મળ્યા?'

'હા.'

'ક્યાં છે?'

'અંદર નીવાડેકર ડ્રેસીંગ તરફ નજર નાખી.'



'બક્ષી, તમે મિ. નીવાડેકરનું સ્ટેટમેન્ટ લઈ લો. ભવિષ્માં આપણે એ કદાચ કામમાં લાગશે.'

'હું એવું કોઈ સ્ટેટમેન્ટ આપવા નથી માગતો.'

'જુઓ નીવાડેકરે, બેમાંથી ગમે તે એક અત્યારે પસંદ કરી લો, એક તો હેવી મશીનરીઝના ઑફિસ આસીસ્ટંટને પોલીસની ચોકીમાં જવું અથવા સામાન્ય કહી શકાય એવું એક સ્ટેટમેન્ટ આપવું.'

'હું સ્ટેટમેન્ટ આપીશ.'

'બક્ષી, નીવાડેકરને બેડરૂમમાં લઈ જા. ત્યાંથી કાગળ-પેન મળી આવશે.'

'બક્ષી નીવાડેકરને બેડરૂમમાં લઈ ગયા. પુસ્તકોના કેસ પરથી કાગળ-પેન મળી આવ્યાં. ત્યાં પલંગ પર બેસી બક્ષીએ સ્ટેટમેન્ટ લેવા માંડ્યું.

પણ આ એક બહાનું હતું. નીવાડેકર બેડરૂમમાં અદશ્ય થયો કે વકીલ કંઈ કામ વગર આમતેમ જોતા હોય એમ ડ્રેસિંગ રૂમમાં પહોંચી ગયા અને ઝડપથી ત્યાં પડેલી ફાઈલ ઉપાડી તેમાંના પત્રો ફેંદવા લાગ્યા.

મોટાભાગના પત્રો તો નવનીતરાય દોશીએ શર્મિષ્ટા પર લખેલા હતા. શર્મિષ્ટાએ નવનીતરાય દોશી પર લખેલા પત્રોની ડુપ્લીકેટો પણ હતી. બીજા કોઈ સગાસંબંધીઓને કે મિત્રોને લખાયેલા હતા. આ બધા પત્રોની વચ્ચે ધ્યાન ખેંચે એવા પાંચેક પત્રો ફાઈલ થયેલા હતા. તે શબ્દોમાં નહીં પણ આંકડામાં લખાયેલા હતા. કાર્ડમાં લખાયેલ એ ભાષા ઊકેલી શકાય એમ નહોતું. વકીલે ઝડપથી એ પત્રો ખેંચી કાઢ્યા અને ગડી કરી ખિસ્સામાં સેરવી દીધા. એ પત્રોમાંની લખાયેલ વિગતો જાણવા માટે કોડ ઊકેલવો જરૂરી હતી.

... 'હવે નીચે સહી કરો.' બક્ષીનો અવાજ આવ્યો. વકીલની

ચાલ બક્ષીની નજર બહાર નહોતી રહી. બેડરૂમમાં જવાના વકીલના સૂચન પાછળ ફાઈલ જ ભેદરૂપ હતી એ તે સમજી ગયા હતા.

બક્ષી અને નીવાડેકર જ્યારે બેડરૂમમાંથી બહાર આવ્યા ત્યારે વકીલ આરામથી સોફાસેટ પર બેઠા હતા. નીવાડેકર નંખાઈ ગયેલી સ્થિતિમાં લાગતો હતો.

'તમે જે લખી આપ્યું છે તે સાવ સાચું જ છે એમ માનીને અત્યારે તો જાણે તમને છોડી દઈએ છીએ. આ લખાણ જો સાચું હશે અને ભવિષ્યમાં તમે બીજી કોઈ અવળચંડાઈ નહીં કરો તો અમે તમારા આ લખાણનો ઉપયોગ નહીં કરીએ. તમે આ આખું અઠવાડિયું તમારા એપાર્ટમેન્ટ પર જ રહેશો અને અમને જ્યારે જરૂર પડશે ત્યારે અમે તમને મળીશું.' વકીલે કહ્યું અને બક્ષીના હાથમાંથી લીધેલું સ્ટેટમેન્ટ ગડી વાળી ખિસ્સામાં મૂક્યું.

'બક્ષી, આપણે હવે જઈએ પણ તે પહેલાં તમે તેનાં ખિસ્સાં તપાસી લો.'

'યાદ રાખજો વકીલ હું અત્યારે ગુનામાં છું એટલે પાછળ પડું છું પણ જ્યારે મારો લાગ આવશે ત્યારે તમને નહીં છોડું.'

બક્ષીએ તેના કહેવા પર લક્ષ્ય આપ્યા વગર તેનાં ખિસ્સાં તપાસ્યાં. તેમાંથી એક વ્યવસ્થિત ઘડી વાળેલો હાથરૂમાલ, થોડી નોટો અને પરચુરણ, એક વીઝીટીંગ કાર્ડ, એક નાનું અમથું ચાકુ અને ચાવીઓનો ઝૂડો, એટલી ચીજો બહાર નીકળી. બક્ષીએ વીઝીટીંગ કાર્ડ વાંચી જોયું. તેનું પોતાનું હતું. કંઈ શંકિત વસ્તુ ન નીકળતાં બધી ચીજો તેને પરત આપી.

'અમે જઈએ છીએ. તમે જેવી રીતે ફ્લેટ ખોલ્યો હતો એમ બંધ કરી સીધા તમારે ઘરે ચાલ્યા જજો એવી અમારી સલાહ છે. બીજી પણ સલાહ છે કે બારણું બંધ કરતાં જે બધું તમે આ ફેંદી નાખ્યું



છે તે વ્યવસ્થિત કરી દેજો નહીં તો મિસ શર્મિષ્ટાને શંકા જશે કે...'

'તમારી સલાહની મારે જરૂર નથી. હું બધું સમજું છું.' નીવાડેકરે વકીલની વાત કાપી નાખી.

'ઓ.કે. ત્યારે અમે જઈએ છીએ.' વકીલ અને બક્ષી બહાર નીકળી ગયા.

તેઓ ઑફિસે પહોંચ્યા ત્યારે રાતના અઢી વાગ્યા હતા. શર્મિષ્ટાને ત્યાંથી નીકળી નીચે આવી વકીલના કહેવાથી બક્ષીએ એક બાતમીદારને નીવાડેકર વિશે માહીતી મેળવવા કહ્યું હતું. વકીલના સદ્ભાગ્યે બાતમીદારને માહિતી મેળવવા મુશ્કેલી પડી નહોતી. તેઓ ઑફિસે આવી સહેજ બેઠા તરત ટેલિફોનની ઘંટડી રણકી.

બક્ષીને બદલે આ વખતે વકીલ જાતે ફોન પર ગયા.

'હું જગતાપ.'

'શું મળ્યું?'

'નીવાડેકર વર્ષોથી હેવી મશીનરીઝમાં કામ કરે છે.' બાતમીદાર જગતાપે બાતમી આપવા માંડી : 'કંપની તરફથી તેને મળતો પગાર જો કે બહુ મોટો નથી છતાં પંડે એકલરામ હોવાને કારણે પોતાના દરજ્જાના ગૃહસ્થ માણસો કરતાં બહુ સારી રીતે રહે છે. અવારનવાર રજાના દિવસોએ તેના ફ્લેટ પર મિત્રોનો મેળો ભરાય છે. ક્યાકેક કોઈ મોર્ડન સ્ત્રી તેને મળવા આવે છે પણ ઝાઝું રોકાયા સિવાય તરત પાછી વળી જાય છે.'

'લગભગ ત્રણેક વર્ષ પહેલાં દાણચોરી કરતી એક વિશાળ ગેંગમાં તેના સામેલ હોવાની વાત ઊડી હતી; પરંતુ પોલીસને હાથ એવો કોઈ પુરાવો નહોતો પડ્યો કે જેથી તેઓ તેને માથે આંગળી મૂકી શકે. પછી પોલીસના દાણચોરી પ્રત્યેના સજાગ વર્તનને કારણે

એ ગેંગ વીંખાઈ ગઈ હતી. જો કે એક અફવા છે. હજુ પોલીસ એ ગેંગના વહેમમાંથી મુક્ત નથી. સંભળાય છે કે પોલીસને હાથ હીરા ભરેલી એક સુટકેશ લાગી છે.'

'મારે નીવાડેકરની જ માહિતી જોઈએ છે.' વાત વધુ લંબાવી જોઈ વકીલે જગતાપને ચેતવ્યો.

'નીવાડેકરનો મુખ્ય શોખ પાનાં રમવાનો છે. તે કલબમાં જાય છે અને મોડી રાત સુધી પાનાં રમે છે. પરંતુ તે જુગારી નથી. ફક્ત સમય પસાર કરવા માટે જ રમે છે.'

'એવું તો મોટાભાગના તેના જેવા કહેતા આવ્યા છે. અચ્છા, બીજું કંઈ?'

'બસ, બીજી કોઈ માહિતી નથી મળી.'

'તો મેળવવાનું ચાલું રાખો પછી મને કહો.' વકીલે ફોન મૂકી દીધો.

પણ વકીલ જઈને ખુરશી પર બેસે એ પહેલાં ફરીથી ઘંટડી વાગી, બક્ષી ઊઠવા જતા હતા પણ વકીલે તેમને 'ના'ની ઈશારત કરી જાતે ફરીથી ટેલિફોન પાસે ગયા.

'હું વિનોદ, સર.'

'શા સમાચાર?'

'ઈન્સ્પેક્ટર જાડેજાએ અહીં ફોન કર્યો હતો. તેમનું કહેવું હતું કે ઑફિસમાં તમે નથી. તમેણે કહ્યું છે કે આખી રાત તેઓ પોલીસચોકી પર રહેવાના છે. તમે જ્યારે આવો ત્યારે તેમને ફોન કરવો.'

'દોશી વિશે પૂછી જોયું હતું?'

'તેમણે જાતે જ કહેલું કે પોલીસખાતું નવનીતરાય દોશીની તપાસમાં છે. તેમની પર ઠંડે કલેજે ખૂન કરી ભાગી જવાનો આરોપ



મૂકવાનો છે. પોલીસે પૂના સુધી તેમનું પગેરું શોધી કાઢ્યું છે.'

'જાડેજા જેવાના કારણે જ પોલીસખાતાનું માન રહે છે. નહીં તો... અચ્છા વિનોદ, બીજું કંઈ કહેવાનું છે?'

'ના.'

'સવારમાં વહેલો આવી જજે...ગુડ નાઈટ.' વકીલે ફોન મૂકી દીધો.

પણ રિસિવર જેવું મૂક્યું એવું જ ઉઠાવી પોલીસ-ચોકી સાથે જોડાણ માગ્યું.

'હાલો,ઈઝ ધેર ઈન્સ્પેક્ટર જાડેજા?... પ્લીઝ પુટ હીમ ઓન ધ લાઈન...વકીલ સંતોષી ઈઝ સ્પીકીંગ...થેંક્યું' અને થોડીવારમા ઈન્સ્પેક્ટર જાડેજા ફોન પર આવ્યા એટલે વકીલે કહ્યું : 'હાલો જાડેજા... એ તો હું વકીલ સંતોષી. બોલો શો હુકમ છે?'

'હુક તો શો હોવાનો, પણ મારે તમને મળવું હતું.'

'ખાસ જરૂરી હતું?'

'આમ તો એટલું બધું જરૂરી નહીં.'

'સવારમાં રાખવું છે કે પછી...'

'જો તમને વાંધો ન હોય તો અત્યારે કેવું રહે ? આખી રાત મારી અહીં જ જવાની છે. સવારમાં તો ઊંઘથી આંખો ભારે થઈ જશે.'

'ઓ.કે. તો તમે અહીં આવો છો કે હું ત્યાં આવું.'

'ચાલો, હું જ ત્યાં આવું. ખુરશી પર બેસી રહીને પગ અકડાઈ ગયા છે.' ઈન્સ્પેક્ટરે કહ્યું. 'બીજી કોઈ નવાજૂની?'

'એ બધું તો કંઈ ફોન પર કહેવાય ? હું ઑફિસમાં બેઠો છું. તમે ચાલ્યા આવો.'

'તમારા મદદનીશ છે?'

'કોણ બક્ષી ? અરે એ તો હોય જ ને ! જ્યાં હું ત્યાં તે !'

'સારું ત્યારે, આવું છું.' સામેથી ઈન્સ્પેકટરે ફોન મૂકી દીધો.

વકીલ ફોન મૂકીને બહાર આવ્યા.

'જગતાપે નીવાડેકર વિશે માહિતી મેળવી છે. અને ઈન્સ્પેક્ટર જાડેજા અહીં આવી રહ્યા છે.' વકીલે બક્ષીને કહ્યું અને આવતી ઊંઘને ખાળવા થર્મોસમાં ભરી રાખેલી ચા પીવા ગયા.

'ઈન્સ્પેકટર આટલી રાત ગયે અહીં?' બક્ષીના મોં પર કંટાળો ઊપસી આવ્યો.

'હા, તું ચા લઈશ? બનાવું?'

'પીવી પડશે તો ખરી જ ને !' બક્ષીએ કાયમની તેમની સાથીદાર રહેતી ચુંગી બહાર કાઢી. તેમાં તમાકુ ભરવા માંડી.

થોડીવારમાં વકીલ ચાના બે કપ તૈયાર કરી લાવ્યા. મોળી ચાનો કપ બક્ષીને આપ્યો અને બીજો પોતે લઈ મુવીંગ-ચેરમાં ઝંપલાવ્યું.

ચાના કપ પૂરા થઈ રહ્યાં ત્યાં સુધી કોઈ ન બોલ્યું. ચાનો ગરમાવો શરીરમાં અનુભવતા રહ્યા. ઘેરી વળતી તંદ્રા ધીમે ધીમે ઓછી થવા લાગી.

'જાડેજા મળવા માટે આવે એટલે કાંઈક નવું જાગ્યું હશે અથવા પોલીસ ક્યાંક ગૂંચવાઈ હશે. જોઈએ હશે હું થાય છે તે.' કહી વકીલે આંખ મીંચી દીધી. જે થોડી ક્ષણો આરામની મળતી હતી એ ગુમાવવા તેઓન હોતા માગતા. બક્ષી પણ શરીરને ઢીલું છોડી આંખો મીંચી દઈ થોડી રાહત મેળવવા લાગ્યા.

દશેક મિનિટમાં તો ઈન્સ્પેક્ટર જાડેજા આવી પહોંચ્યા.

બેઠક લેતાં તમેણે કહ્યું : 'વકીલ, પહેલાં ખુશ સમાચાર તમને આપી દઉં. સાથે સલાહ પણ કે તમે આ કેસમાંથી જલદી છૂટા



થઈ જાઓ. '

'કેમ એવી સલાહ આપવાની જરૂર પડી?'

'મને અફસોસ થાય છે કે આ કેસમાં તમને જશ મળે એવો કોઈ ચાન્સ નથી રહ્યો. અમારા અસીલ મિ. નવનીતરાય દોશી પળે પળે તેમના પરનો શક વધુ દૃઢ બનાવી રહ્યા છે. જો સાચોસાચ તેઓ નિર્દોષ હોત તો ક્યારનાય તેઓ પોલીસ-ચોકીમાં હાજર થઈ પોતાની નિર્દોષતા સાબિત કરવા પ્રયત્ન કરત પણ એમાણે એવું કોઈ પગલું ભર્યું નથી એ જ બતાવી આપે છે કે...'

'થોભો ઈન્સ્પેક્ટર .' વકીલ વચ્ચે બોલી ઊઠ્યા. 'જ્યાં સુધી આરોપ કોર્ટમાં સાબિત ન થાય ત્યાં સુધી તેઓ નિર્દોષ છે એ કેમ ભૂલી જાઓ છો. ભલે એ દોષિત રહ્યા પણ આપણે તો તેમને નિર્દોષ જ માનવાના. '

'પણ મારું તમને કહેવું છે કે હાથે કરીને અપજશ કેમ વહોરી લો છો ?'

'હોય. એ નસીબની વાત છે. કદીક યશ કદીક અપયશ; એ તો ક્રમ છે. કાયમ યશ તો જ ન મળે એ દેખીતું જ છે. પરંતુ મારા ઈન્સ્પેક્ટર સાહબે, તમે ક્યા જોષી પાસે આ જોવડાવ્યું?'

'મશ્કરીની વાત નથી કરતો; વકીલ પણ આમાં કાં તો તમારો અસીલ તમને બનાવી ગયો છે અથવા તો વધુ ફીની લાલચથી તમે આ કેસ હાથમં લીધો છે.'

'અને તમે જણાવો છો એ બંનેમાંથી એક પણ સાચું ન હોય અને મારો અસીલ સાવ નિર્દોષ સાબિત થશે તો મારી સ્થિતિ કેવીહ શે તેનો તમે કદી વિચાર કર્યો છે ખરો?'

'જે વસ્તુ શક્ય ન જ હોય તેનો વિચાર ન કરવો એ મારું સૂત્ર છે. પુરાવા સિવાય કોઈ વસ્તુ સિધ્ધ નથી થઈ શકતી.'

'મારા અસીલને ગુનેગાર ઠેરવવા માટે આપની દષ્ટિએ જરૂરી એવા બધા પુરાવાઓ કદાચ આપની પાસે હશે પરંતુ તેની સામે બચાવપક્ષનો વિરોધ તમે ભૂલી ગયા લાગો છો એટલે જ એમાંના અડધા તો મારી ઊલટતપાસમાં ઊડી જશે અને બાકી-' વકીલે હસીને, બોલવાનું ઈરાદાપૂર્વક જ બાકી રાખ્યું.

'જાન તો જાણે કે છે.' ઈન્સ્પેક્ટર ખાસીયાણું હસ્યા : 'પરંતુ વરરાજાનો જ પત્તો નથી ને ! મિ. નવનીતરાય દોશી ખરા સંતાઈ બેઠા છે.'

'તમને તો એવી વર વિનાની જાન જોતરવાની ટેવ છે.' વકીલ હસ્યા : 'તમારા હાથ જાણે છે લાંબા એટલે આજ નહીં તો કાલે તમે તેને શોધી કાઢ્યા સિવાય થોડા જ રહેવાના છો ! હા, તમે જ્યારે તેને પકડો ત્યારે તેની સાથે પાંચેક મિનિટ વાત કરી લેવાની મને તક આપવાની મેં માગણી કરેલી છે' તે તો તમને યાદ હશે જ.'

'You hav every right to do so !'

'હું માનું છું ત્યાં સુધી તો સામાન્ય વાતચીત માટે તમે અહીં સુધી તો નહી જ આવ્યા હો.' થોડું રહીને વકીલે પૂછયું.

'વાત એમ છે કે વકીલ, હું તમારા કેટલાંક અંગત પગલાં વિષે પૂછવા માગતો હતો. અમે મિ. દોશીનું પગલુ પુના સુધી તો કાઢ્યું છે પરંતુ તેમાં તમારાં પગલાંની છાપ પાછળ પાછળ જાય છે. મને આ ન સમજાયું કે પૂછી લઉં કે તમે પુના ગયા હતા ?'

'ક્યારે?'

'ખૂનની રાતે. ખૂન થયા પછી.'

'હા.'

'દોશીને 'સ્નોફોલ'માં મળ્યા હતા?

'વાતચીત કરી હતી?'



'હા.'

'તો પછી મિ. દોશીને પોલીસને હવાલે કરવાની શું તમારી ફરજ નહોતી?' ઈન્સ્પેક્ટર જાડેજા ઈન્સ્પેકટરના લિબાશમાં આવવા લાગ્યા.

'પહેલાં તો હું તમને શાબાશી આપી દઉં કે અંતે તમે મિ. દોશીનું પગેરુ શોધી શક્યા તો ખરા. મારા મનમાં જ પોલીસ વિષે....'

'એ તો અમારી ફરજ છે. એટલું કબૂલ કરું છું જોઈએ તેના કરતાં વધુ સમય લાગ્યો.'

'હવે મારી ફરજ કહું. જ્યારે હું નવનીતરાય દોશીને મળ્યો ત્યારે પોલીસે તેના પર કોઈ આરોપ મૂકયો નહોતો; એટલે મારાથી તેમને પોલીસને સ્વાધીન કરાય નહીં. બીજી વાત એ કે એક વકીલને પોતાના અસીલ પ્રત્યેની જે ફરજ હોય છે તે બજાવવામાં પણ હું નિષ્ફળ નથી ગયો. પરંતુ એ હુ અત્યારે જણાવવા માગતો નથી.'

'અત્યારે દોશી ક્યાં છે?'

'એ મને ખબર નથી. હું તેમને સ્નોફોલમાં મળ્યો ત્યાર પછી તેઓ ક્યાં છે કે શું કરે છે તેની મને ખબર નથી. તમે મારી ઊલટતપાસ તો નથી લઈ રહ્યા ને? '

'ના, એવું મારા ભાગ્યમાં નથી. હું અહીં આવ્યો તે પણ એટલા માટે કે જે તપાસમાં જણાયું એમાં તમારું સ્થાન ખરી રીતે ક્યાં છે અને-'

'કોર્ટમાં કચુંબર કરી શકાય તેટલો હું પોચો થઈ ગયો છું કે કેમ તેનું માપ કાઢવા માટે.' વકીલે જાડેજાને અટકાવી હસતાં જ કહી નાખ્યું.

'તમે અમને કદી સીધી રીતે નહીં જોવાના.' ઈન્સ્પેક્ટરે કહ્યું :

'ઠીક તો હું જાઉં છું. કાલે મળીશ.' કહેતાં તમેણે ટેબલ પર મૂકેલી પોતાની ટોપી ઉઠાવી.

'ગુડ નાઈટ.'

'ગુડ નાઈટ....ગુડ નાઈટ.' અને ઈન્સ્પેક્ટર બહાર નીકળી ગયા.

મિનિટ બાદ તેમના રાજદૂત ઊપડવાનો અવાજ આવ્યો.

'બક્ષી ભેજું કસવા જેવો એક કોયડો છે.'

'રાતના આ વખતે કોયડામાં ભેજું કસવાની મને આદત નથી.' બક્ષીના મોં પર ચોખ્ખો કંટાળો વર્તાઈ આવતો હતો.

'અત્યારે આદતનો સવાલ નથી. બક્ષી. શર્મિષ્ટાની ફાઈલમાંથી આ પત્રો ફાડી લાવ્યો છું. મુશ્કેલી એ છે કે તે કોડમાં લખાયેલ છે. તારે આ કોડ ખોળી કાઢવાની છે. મને લાગે છે કે એમાંથી કઈ જાણવા મળશે ખરું.'

બક્ષીએ વકીલના હાથમાંથી પત્રો લીધા. થોડીવાર પત્રોના આંકડાને જોઈ રહ્યા પછી કહ્યું : 'આંકડાની કોડ કોઈ ચોક્કસ તો છે જ નહીં, તેમ છતાં પ્રયત્ન કરી જોઈશ. એમાં તો લખનાર અને વાંચનાર પોતે સમજણથી નક્કી કરી લે છે. તેમના માટે એ નજીવું હોય છે પણ બીજાઓ માટે મુશ્કેલ લાગે છે.'

'હું ઘેર જઈને થોડી ઊંઘ લઈ લઉં. ઘરનું થોડું કામ છે એ પણ પતાવતો આવું. તું અહીં રહીશ ને?'

'રહેવું જ પડશે ને ! તમે સુખી માણસ છો. જઈ શકો છો. જતાં પહેલાં નીચેની લારીવાળા પાસેથી ટોસ્ટનું પેકેટ મોકલાવજો. જો તે પણ મારા જેવો કમભાગી હોય અને જાગી રહ્યો હોય તો.' બક્ષી બોલતા હતા પણ તેમની આંખો તો પત્રોમાં જ લાગેલી હતી.

'ગુડ નાઈટ.'



'ગુડ નાઈટ.'

## ૧૦.

બીજે દિવસે વકીલ ઑફિસમાં દાખલ થયા ત્યારે સવારના નવ ઉપર દશ મિનિટ થવા આવી હતી. તેમના માટે આટલું મોડું ઑફિસે આવવું ઊચિત તો ન ગણાય. પણ ઊંઘના પાશમાં એટલા ગાઢ લપેટાયા કે નવ વાગ્યા સિવાય ઊઠી શક્યા નહીં. તેમના માણસે પણ માલિકને ગાઢ ઊંઘમાં સૂતેલા જોઈ ઉઠાડવાનું ઊચિત ન માન્યું.

ઑફિસે પહોંચ્યા ત્યારે વિનોદ અને રોઝી આવી ગયાં હતાં. તેમનો ઑફિસ-ટાઈમ તો સાડાદશથી શરુ થતો હતો પણ આખી રાત વકીલ અને દોશીએ ઉજાગરામાં કાઢી હોવાથી તેઓ જાતે સમજીને જ વહેલાં આવી ગયાં હતાં. વકીલ તો ગમે તેટલો ઉજાગરો કરી શકવા સમર્થ હતા પણ બક્ષીનું કશું નક્કી નહોતું. જો તેઓ મુડમાં હોય તો બબ્બે રાતના ઉજાગરા ખેંચી કાઢત અને મુડમાં ન હોય તો દિવસે પણ ઝોકાં ખાવાં લાગતાં.

પણ આ રાત્રે બક્ષીએ સારું એવું કામ કર્યું હતું. કોડની ભાષા ઊકેલનાર પર ફોન પર ફોન કરી અને એ ભાષાના થોથાં ઊથામી ઊથામીને તેમણે વકીલે આપેલા પત્રોની કોડ ઊકેલી હતી. ઊકેલ પછી તેમના ધ્યાનમાં આવ્યું હતું કે આ કોડ તો પહેલાં પણ એક કેસમાં વપરાઈ ગઈ હતી. આ કેસ તેમનો પોતાનો નહોતો પણ અભ્યાસકાળ દરમ્યાન ભણાવવામાં આવેલો કેસ હતો. પછી પૂરતા સંતોષ સાથે પત્રોને તર્જુમો કરી તેને પત્રો સાથે પીન કરી થોડી

સૂચના લખી મૂકી પથારીમાં પડ્યા હતા. પથારીમાં પડતાં જ ઊંઘ આવી ગઈ હતી, જે હજુ સુધી ઊડી નહોતી.

'વકીલે ટેબલ પાસે પહોંચી પહેલી નજર ફાઈલ તરફ કરી. પૂંઠા પર બાંધેલા પત્રો જોતાં તરત તે સમજી ગયા કે બધું પાર પડ્યું છે. તેમણે તરત ફાઈલ ઉઠાવી રસ્સી છોડવા માંડી.'

'બક્ષી ક્યારે ગયા?'

'ગયા નથી સર, ઊંઘી ગયા છે.' વિનોદે સ્પષ્ટતા કરી.

'એમને કોઈ ઉઠાડશો નહીં.'

'તેઓ પોતે જ નોંધ મૂકી ગયા છે કે દશેક વાગ્યે તેમને ઉઠાડવામાં આવે.'

'તોપણ તેમને ના ઉઠાડતા.' કહી વકીલ પત્રો વાંચવા લાગ્યા. બધા પત્રો તારીખો જોઈને ક્રમમાં ગોઠવેલા હતા.

વકીલે પહેલો પત્ર વાંચ્યો :

૨૮-૨-૬૧.

શ્રી. ક્ષ (કાનપુર).

સરકારની આંખો કંઈક શોધવા માટે આકાશ પાતાળ એક કરી રહી છે. હવે વધુ સાવચેતી રાખવી જરૂરી બની છે. હાથી આવ્યા પછી એટલી દોડાદોડી કરવી પડી છે કે તોબાહ ! સોપારી પણ બેસુમાર વહેંચવી પડે છે.

આ સાથે થોડા પથ્થરોના નમૂના મોકલ્યા છે. બધા પથ્થર આડા અવળા છે. તાજા જ ખોદાઈને આવ્યા છે. ગ્રાહકને તે બતાવશો અને વહેલી તકે ઓર્ડર મૂકશો, માલ થોડો છે.

સમિને બદલે બીજી સ્ટેનો રાખવાનું નક્કી કર્યું છે. જેને સ્ટેનો તરીકે લેવાની છે તેનો ફોટોગ્રાફ નમૂનાની પેટીમાં મોકલ્યો છે.



સમિ આપણા વિશે કંઈક જાણે કે કેમ તથા જાણતી હોય તો શું શું જાણે છે તે નક્કી થયે તેનું શું કરવું તે વિચારીશું.

મુંબઈ વખારોનું ભાડુ પણ દિવસે દિવસે ઊંચુ થતું જાય છે એટલે મુખ્ય વખાર કાનપુર રાખીએ તો ? જો કે આમાં મુસાફરી ખર્ચનો વધારો તો થશે જ પણ સરવાળે થોડુ લાભમાં હોઈશું. તપાસ કરીને જણાવશો.

૫ (મુંબઈ)

બીજો પત્ર નીચે પ્રમાણે હતો :

૨૦-૩-૬૧

શ્રી. ય. (દિલ્હી)

આ સાથે પથ્થરના થોડા નમૂના મોકલ્યા છે. આપનું બજાર કાનપુરના લેવલે આવી શકે તેમ છે કે કેમ તે તપાસ કરી જણાવશો. મેન્યુફેક્ચરીંગ કોસ્ટ દિવસે દિવસે ઊંચી થતી જાય છે.

૧૦-૪ ના રોજ હાથી આવી જાય પછી પથ્થરમાં માથું ફૂટવું છોડી દઈ ઈંટોનો ધંધો શરૂ કરીએ તો ?

મને લાગે છે કે ઈંટોમાં ટ્રાન્સપોર્ટ કોસ્ટ વધુ પડશે એટલું જ. પરંતુ ટર્નઓવર ઘણું જશે.

તો સમજી વિચારી પત્રનો જવાબ જલ્દી આપશો.

૫ (મુંબઈ)

ત્રીજો પત્ર નીચે મુજબ હતો.

૧૨-૪-૬૧.

શ્રી. ક્ષ (કાનપુર) અને ય (દિલ્હી)

આપની માગણી પ્રમાણેનો જથ્થો આ મોકલી આપ્યો છે. ઈંટોના ધંધા સંબંધી આપનો અભિત્રાય જાણ્યો. તમે જણાવો છો તે

પ્રમાણે નક્કી કરવા માટે આપણે ભેગા થવું આવશ્યક છે. તા. ૧૮-૪ ના રોજ સમિની બર્થ-ડે પાર્ટીમાં ભેગા થઈશું. તેને માટેની ભેટ હું અહીંથી લઈ રાખીશ.

સમિ કંઈ જાણતી હોય તેમ લાગતું નથી. આમ તો તેના મો પરથી તે અબૂલ બાલિકા હોય એમ ઉપસી આવે છે. પછી તે અભિનય કરતી હોય તો ખબર નહીં. પરંતુ આપણે કોડમાં જ પત્રવ્યવહાર કરીએ છીએ તે બાબતમાં તેને શંકા ગઈ છે અને મને વહેમ છે કે છેલ્લા બે પત્રોની નકલો પણ તેણે પોતાની પાસે રાખી છે. આ નકલો ફાઈલમાંથી ગુમ છે. આમ નકલોનું ગુમ થવું આપણને પાલવે નહીં. આ બાબતે એનને બરાબર તતડાવ્યો. બિચારો કંઈ સફાઈ પેશ ન કરી શક્યો. તેણે જ શંકા વ્યક્ત કરી, સમિની પાસે ન હોય. સમિને ત્યાં તેને તપાસ કરવા મોકલ્યો પણ પરિણામ શૂન્ય આવ્યું. તો પણ એન એવું માને છે કે સમિ પાસે જ એ પત્રો હોવા જોઈએ. મેં તેને એની તપાસ કરવા રોક્યો છે. જો તે સફળ થાય તો તેને સેલ્સ ઓફિસર બનાવવાનું વચન આપ્યું છે.

અને કહોવાયું ત્યાંથી કાપી નાખવાની આપણી નીતિ પ્રમાણે સમિને તો જાણે આવતે મહિને નોટિસ આપ્યા વગર છૂટી કરીશું જ. અત્યારથી જ તેની સાથે એવો વ્યવહાર કરવામાં આવે છે કે બિચારી જાતે જ રાજીનામું આપી દેશે.

૫ (મુંબઈ)

બીજા બે પત્રો પણ આ જ મુદ્દાઓની છણાવટ કરતા હતા. વારંવાર હાથીના આવવાનો ઉલ્લેખ થતો હતો. અને દરેક પત્ર હાથી આવ્યા પછી જ લખાયેલો હતો એ પણ પત્થરોના માલ સાથે. એટલે નક્કી થતું હતું કે હાથી એટલે સ્ટીમરને લઈ શકાય. પાન-



સોપારી લાંચને માટે તથા પથ્થર શબ્દ હીરા માટે વપરાયા હશે. એ પ્રમાણે ઈંટ શબ્દ સોના માટે વપરાયો હશે. સમિ એટલે શર્મિષ્ટા એ નક્કી હતું, અને નીવાડેકર માટે એન.

'વિનોદ, કસ્ટમ ખાતામાં ફોન કરીને એટલી વિગતો મેળવી લે કે ૧૯૬૧ના ફેબ્રુઆરી અને માર્ચ માસમાં આફ્રિકાથી આવતી સ્ટીમરો કઈ તારીખે બંદરમાં આવી હતી?'

વિનોદ ફોન કરવા માટે પાર્ટીશન પાછળ ગયો.

વકીલે પત્રોને ફાઈલમાં હતા એમ બાંધી લીધા. બક્ષીની મદદ સિવાય આમાંની થોડી બાબત ઊકલે એમ નહોતું એવું વકીલને લાગ્યું. તેઓ પત્રોની વિગતો વિશે વિચાર કરતા બેસી રહ્યા.

'સર, ફેબ્રુઆરીની છવ્વીશ તારીખે અને માર્ચની ચૌદ તારીખે આફ્રિકાની બે સ્ટીમરો બારામાં લાંગરી હતી.'

'સરસ.' વકીલે હાથી વિશે અનુમાન તારવ્યું હતું એ સાચું પડ્યું. સ્ટીમર માટે જ હાથી શબ્દ વપરાયેલો હતો. અઠ્ઠાવીશમી ફેબ્રુઆરીના રોજ લખેલા પત્રમાં હાથી આવી ગયો હતો જ્યારે વીસમી માર્ચના પત્રમાં દશમી માર્ચ હાથી આવવાનો હતો. જો ખરેખર સ્ટીમર માટે જ હાથી શબ્દ લખાયો હોય તો આમ પત્રમાંની કોડની ભાષામાં વધુ કોડ મૂકવાની શી જરૂર ! પણ તરત વકીલને જવાબ મળી ગયો કે કોડ વાપરનારને ખાતરી હોવી જોઈએ કે તેમનો કોડ ઊકેલનાર કોઈ મળી આવશે જ એટલે તેમણે કોડમાં કોડ વાપર્યા હશે.

'વિનોદ, હું કદાચ અહીં ન હોઉં અને બક્ષી જાગે ત્યારે તેમને એટલું કહેવાનું કે આ પત્રો વાંચી જઈ કાનપુર અને દિલ્હી માટે તપાસ કરે.'

'વિનોદે વકીલે કહેલું નોંધી લીધું.'

'કોઈ ફોન આવેલો હતો ખરો?'

'હા.' વિનોદે બક્ષીએ લખી રાખેલી ચબરખી વકીલને આપી.

'ફોન : રઘુબીર (કલ્યાણ) - શર્મિષ્ટા કલ્યાણ સ્ટેશન સામેને અનામિકા ભોજનાલયમાં પહેલે માળ રૂમ નં. ૩ માં ઊતરી છે.

વકીલે ફરી વખત એ લખાણ વાંચી જોયું. પછી ચબરખીના ઝીણા ટુકડા કરી વેસ્ટબોક્ષમાં નાખી દીધા. હમણાં વાંચેલા પત્રોની ફાઈલ છોડી એક પત્ર કાઢી ખિસ્સામાં મૂક્યો.

'હું કલ્યાણ જાઉં છું. બક્ષી ઊઠે ત્યારે તેમને એ જણાવવાનું, હું પાછો આવું તે પહેલાં પોલીસ જો મિ. દોશીને પકડી લીધા હોય તો પણ કાંઈ નહીં. તે પહેલાં હું તો પાછો આવી ગયો હોઈશ. બે-ત્રણ કલાક પછી બક્ષી ન જાગે તો તેમને જગાડવા.' કહી વકીલ ઝડપથી બહાર નીકળી ગયા.

•

વકીલ કલ્યાણ પહોંચ્યા ત્યારે રઘુબીર સ્ટેશન પર જ મળી ગયા. સ્ટેશન પરના મુસાફરો ભેગું ભળી તે અનામિકા ભોજનાલય તરફ નજર રાખી રહ્યા હતા. વકીલને જોતાં તરત તે વકીલ પાસે આવ્યા.

'સાહેબ મારો ડગલો અને ટોપી...'

'ઈમ્પીરીયલ ઓટો ગેરેજમાં મૂકેલી તમારી ટેક્ષીમાં મૂક્યાં છે.'

'બસ.' રઘુબીરે રાહતની લાગણી અનુભવી. 'પંખીઓ હજુ માળામાં જ છે.'

'કોઈ તેમને મળ્યું હતું ખરું?'

'એ મને અહીંથી ખબર નથી પડી. રૂબરૂ ન મળે તો ફોન પર



તો વાતચીત કરી છે, એ મને કેવી રીતે ખબર પડે?'

'સારું, તમે અહીં જ રહો. કલાક પછી ઑફિસમાં ફોન કરજો. બક્ષી અહી બીજો માણસ મૂકી દેશે પછી તમે છૂટા.'

'બીજો માણસ નહીં મૂકો તોપણ ચાલશે. ફક્ત મને થોડા પૈસા આપતા જાવ.'

વકીલે ખિસ્સામાંથી દશની નોટ કાઢી રઘુબીરને આપી અને અનામિકા ભોજનાલય તરફ ચાલવા માંડ્યું.

ભોજનાલયમાં આવી પહેલા માળે જઈ ત્રણ નંબરની રૂમ આગળ ઊભા રહી બટન દબાવ્યું.

થોડીવારમાં બારણું ખુલ્યું. બારણું ખોલનાર આધેડ ઉંમરની એ મહારાષ્ટ્રીયન બાઈ હતી. અત્યારનો તેનો ઠાઠ કંઈ જુદો હતો. એક રીતે જોવા જઈએ તો કોઈ સુશિક્ષિત બાઈ જેવી જણાતી હતી; તો બીજી રીતે કોઈ પહોંચેલ બદમાસ જેવી લાગતી હતી. અત્યારના તેના પહેરવેશને કારણે તેનો કોઈ મોટી હૉટલની ડાન્સર જેવો દેખાવ થયો હતો.

'કોઈનું કામ છે આપને?' બાઈની આંખોમાં વકીલને ઓળખવાનો મથતો ભાવ દેખાયો.

'મારે મીસ શર્મિષ્ટાને મળવું છે.'

'મીસ શર્મિષ્ટા !' જાણે પહેલી જ વાર આ નામ સાંભળ્યું હોય એમ બાઈ ચમકી. 'તમેભૂલ્યા છો. અહીં કોઈ શર્મિષ્ટા નામની સ્ત્રી નથી.'

'તો કોઈ બીજા નામની સ્ત્રી તો હશે જ ને!'

'તમારે એ સાથે શો મતલબ છે.' બાઈ હુમલો કરવા તૈયાર થઈ હોય એમ વકીલને લાગ્યું. 'એક વખત કહ્યું તે ફરી સ્પષ્ટ કહું છું કે અહીં કોઈ શર્મિષ્ટા નામની સ્ત્રી નથી.'

'તો પછી તમારા સિવાય આ રૂમમાં જે કોઈ સ્ત્રી હોય તેને મારે મળવું છે.' વકીલે કહ્યું અને બારણું બંધ કરી દેવા મથતી પેલી સ્ત્રીને એક તરફ ધકેલી બારણાને ખભાનો ધક્કો આપી અંદર ઘૂસી ગયા.

'મારે પોલીસને બોલાવવી પડશે.' ક્રોધથી એ બાઈ ધ્રુજવા લાગી.

'ચોક્કસ તમે એ કરી શકો છો.'

આ બધી ધમાલ સાંભળી શર્મિષ્ટા અંદરથી આવી. વકીલને જોતાં પહેલાં તો ચમકી પણ બીજી ક્ષણે વકીલને ન ઓળખતી હોય એવો ભાવ મોં પર ઉપસાવ્યો. પહેલાં જિંદગીમાં ક્યારેય તેણે વકીલને ન જોયા હોય એમ મોં કરી દીધું.

'આ બધું શું છે?' તેણે પૂછ્યું.

'આ મહાશય શર્મિષ્ટા નામની સ્ત્રીને મળવા માગે છે.' બાઈએ શર્મિષ્ટા તરફ ફરીને કહ્યું.

બાઈની સામું નજર માંડતા શર્મિષ્ટાના દેહમાં એક કંપન અનુભવાતી વકીલે જોઈ. તેઓ તરત સમજી ગયા કે આ બધી બનાવટ છે.

'હું ના માનતો હોઉં તો તમે જ શર્મિષ્ટા છો. મેં તમારો ફોટો જોયો છે.' વકીલે કહ્યું. 'તમારાં ભાભીએ તમને આજે સવારે આ ભોજનાલયમાં જોયાં એટલે મને અહીં મોકલ્યો.' વકીલે જુઠ્ઠાણું ફેંક્યું.

'તો...તો... તમે મનસુખભાઈને, ખરું ને !' શર્મિષ્ટાના ચહેરા પર આનંદ ઉપસી આવ્યો. 'હા, હા, મનસુખભાઈ જ! બહુ વરસે જોયા એટલે ભૂલી ગઈ.' પછી બાઈ તરફ ફરીને કહ્યું : 'આ છે મનસુખભાઈ, મારા મૃત ભાઈના ભાઈબંધ. મારા ભાઈ જ્યારે જીવતા હતા ત્યારે ઘણી વખત મનસુખભાઈ અમારે ત્યાં આવતાં.'



શર્મિષ્ટાએ પણ જૂઠ્ઠાણું ચલાવ્યું. 'મનસુખભાઈ તો કામધંધામાં રોકાયેલો હોવાથી ઘણાં વરસોથી મળી શકાતું નહોતું પણ ભાભી તો વારેઘડીએ અહીં આવું ત્યારે મળતાં. ભાભી તો મજામાં છે ને મનસુખભાઈ ! મેં હવે નામ બદલી કાઢ્યું છે એટલે આ મારાં કાકી ન સમજી શક્યાં. માફ કરજો હોં મને?'

'આ તમારાં કાકી થાય ?' વકીલે મોં પર આશ્ચર્ય લાવી એ બાઈ તરફ જોયું.

'હા, એ મારી ભત્રીજી છે.' મહારાષ્ટ્રીયન બાઈ ભોળવાઈ ગઈ.

'હવે તમે માન્યું ને કે એ શર્મિષ્ટા છે ?' વકીલ હસવા લાગ્યા.

'તમારે શું કામ હતું એનું ? તે તમારી સાથે બહાર તો નહીં આવી શકે, હમણાં અમારે જવાનું છે.'

'ભલે, પણ બે ઘડી વાત તો કરી શકું ને!'

'સારું. વાત કરો. મને તો કંટાળો આવે છે. હું અંદર જઈને સૂઈ જાઉં છું. મહારાષ્ટ્રીયન બાઈ અંદર જવા લાગી.'

'શર્મિષ્ટા આપણે બાગમાં બેસીએ.'

'બાગમાં?' બાઈ થોભી.

'હા, કાકી, હું નીચે જ છું. કંઈ નહીં જાઉં.' સહજતાથી શર્મિષ્ટાએ કહ્યું.

બાઈ પૂરેપૂરી ભોળવાઈ ગઈ. જે બનાવટમાં તેણે સાથ આપ્યો એ બનાવટમાં જ તે તણાઈ. શર્મિષ્ટાને તે કશું ન કહી શકી કે ચેતવણી ન આપી શકી. જો કે તેની નજરોમાં તો સ્પષ્ટ ચેતવણી હતી કે વકીલનાથી છૂપું ન રહ્યું. શર્મિષ્ટાનાથી પણ છૂપું ન રહ્યું. દાદર ઊતરી શર્મિષ્ટા અને વકીલ બાગમાં આવ્યાં.

'જુઓ વકીલ સાહેબ, એ બાઈનાથી છૂટવા માટે તો મેં બનાવટ

કરી પણ એવી બનાવટની અહીં આશા ન રાખતા. હું નથી ઈચ્છતી કે તમે આમ મારી પાછળ ફરતા રહો.'

'હું મિ. દોશીનો વકીલ છું અને એ માટે ફરું છું.'

'મને હસવું આવે છે કે જ્યારે વકીલસાહેબને પૂછવામાં આવે છે કે આપ કોના વકીલ છો ત્યારે જવાબ નથી મળતો, પણ એ જ વકીલસાહેબ સામે ચાલીને ન પૂછેલા સવાલજવાબ આપે છે.' છતાં દોશીના નામે શર્મિષ્ટા કંઈ ઢીલી પડેલી જણાતી હતી.

'એ બધી વાત પછી, પહેલાં એ કહો કે તમે અચાનક કેમ ભાગી આવ્યાં?'

'હું ભાગી આવી નથી.' શર્મિષ્ટાએ શબ્દો પર ભાર દઈને કહ્યું.

'તો ખાલી ફરવા માટે જ આવ્યાં છો?'

'એમ જ માની લો.'

'એકલાં?'

'ના.'

'અચ્છા, આ નીવાડેકર કોણ છે?'

'નીવાડેકર !' શર્મિષ્ટા ચમકી. ઝીણી નજરે વકીલ તરફ જોઈ રહી.

'હા, જે નીવાડેકરે તમને આ બાઈનો સંગાથ કરી આપ્યો તે.'

શર્મિષ્ટા નર્વસ થઈ ગઈ. તે માનતી હતી કે પોતાનું પગલું કોઈ જાણી શક્યું નથી; જ્યારે વકીલ એ જાણી ગયા છે. પગલે પગલે દબાવતાં પાછળ ચાલ્યા આવ્યા છે. શું જવાબ આપવો એ ન સૂઝતાં તે ચૂપ રહી.

'મિ. દોશીને આજ સાંજ પહેલાં પોલીસ પકડશે.' વકીલે



વાત બદલી. 'તેમની પર ઠંડે કલેજે ખૂન કરવાનો તથા ભાગી જવાનો આરોપ મૂકશે. હવે તમે દોશીને બચાવવા માંગતા હો તો મને જણાવવું એ ફરજ થઈ પડે છે કે તમે જે જાણતાં હો તો મને જણાવવું કે જેથી દોશીને બચાવવાનો મારો પ્રયત્ન સફળ થાય તમે મારાથી જો આમ જ વિગતો છુપાવતાં રહેશો અને મિ. દોશીએ અન્યાય થશે તો તમે એમ કરવામાં સાથ આપ્યો છે એવું ગણાશે.'

'પણ હું શું કરું.' વકીલ સાહેબ.' શર્મિષ્ટા ગળગળી થઈ જવા આવી. 'હું તો ઈચ્છું છું કે દોશી નિર્દોષ છૂટી જાય. એ માટે તમને તેમના વકીલ તરીકે રોકવા પણ આવી હતી.'

'તમે ફક્ત જે જાણતાં હો તે મને જણાવો.'

'પણ હું બધું તો ન જ જણાવી શકું. જો એમ કરવા જાઉં તો...' શર્મિષ્ટા સાચે જ ગભરાઈ ગઈ. 'છતાં તમે પૂછો. બનશે તેના જવાબ આપીશ.'

'પહેલું એ કે જે પ્રશ્ન પહેલાં પૂછયો એ જ પૂછું છું. તમે અહીં કેમ આવ્યાં?'

'ત્યાંથી ત્રાસી ગઈ હતી એટલે અહીં આવી.'

'તો ભલે. તમે નહીં કહો તો પણ તમે શાથી કલ્યાણ આવ્યાં અને એનું કારણ છુપાવવાનો પ્રયત્ન શાથી કરો છો તે જાણવાના મારી પાસે હજાર રસ્તા છે. દા.ત. તમે કલ્યાણ આવ્યાં અને આ હોટલમાં રહ્યાં તેની બીજી જ મિનિટે મને તેની ખબર પડી ગઈ હતી અમારો આ ધંધો જ છે. એટલે અમારે એવું શોધી કાઢવું પડે છે.

'પરંતુ આમ કરવામ મારે જેટલો વધુ ખર્ચ કરવો પડશે તેટલો બોજો મિ. દોશી પર વધુ પડશે. અને એથીયે વધુ ખરાબ તો એ છે કે આ દોડાદોડીમાં મારો વધુ સમય જશે અને એ કારણે કોઈ મુદ્દો મારી ધ્યાન બહાર જતો રહેશે. સરવાળે મિ. દોશીને જ હાનિ

પહોંચવાની છે. હું શું કહું છું તે તમે સમજો છો?'

શર્મિષ્ટા કશું બોલી નહીં.

'ભલે, તમે આવા પત્રો જોયા છે.?' વકીલે ખિસ્સામાં હાથ નાખી જે પત્ર સાથે લાવ્યા હતા એની ગડી ખોલી શર્મિષ્ટા આગળ ધર્યા.

જાણે વીંછીએ ડંખ દીધો હોય એમ શર્મિષ્ટા ચમકી.

'હા.' તે ગભરાતાં બોલી.

'ક્યાં?'

'હેવી મશીનરીઝમાં. જ્યાં હું એક વખત નોકરી કરતી હતી.'

'અત્યારે નથી કરતા?'

'ના.'

'ચોક્કસ?'

'હા.'

'તો નીવાડેકર સાથે તો જ્યારનાં નોકરી કરતાં હતાં ત્યારનો સારો સંબંધ જળવાઈ રહ્યો હશે, ખરું ને?'

'હા. એમ જ.'

'આવા પત્રો કોણ ડ્રાફ્ટ કરાવતું હતું?'

'મિ. દારા. કંપનીના સીનિયર પાર્ટનર.'

'કોણ પોસ્ટ કરતું હતું?'

'તે પોસ્ટ કરવામાં નહોતા આવતા. મોટે ભાગે તો એ પત્રો કંપનીના કોઈ માણસ સાથે જ મોકલવામાં આવતા હતા અને તેમાંય બનતા સુધી તો હું જ એ પત્રો લઈને જતી હતી.'

'એકલા પત્રો લઈને જ?'

'ના, અગત્યનાં ડોક્યુમેન્ટની એક નાનકડી સુટકેસ પણ મારે લઈ જવાની રહેતી.'



'તમે સુટકેસ ખોલી જોઈ હતી કદી?'

'આ બાબત તો અગાઉ હું તમને જણાવી ગઈ છું, વકીલ સાહેબ ! જ્યારે મને પરદેશ મોકલવામાં આવતી ત્યારે પણ જે ઑફિસની સુટકેસ મને આપવામાં આવતી તે કદી મેં ખોલી નહોતી, તેમ આ સુટકેસ ખોલવાનો હું ઈરાદો સેવતી જ નહોતી. પરંતુ આ સુટકેસની ચાવી મને નહોતી સોંપાતી. મારા જાણવામાં આવ્યું હતું કે આ સુટકેસની ચાવી ત્રણ જગ્યાએ રહે છે, એક મુંબઈ, બીજી કાનપુર અને ત્રીજી દિલ્હી.'

'કાનપુર અને દિલ્હીમાં કઈ જગાએ પત્રો પહોંચાડવામાં આવતા ?' વકીલને લાગ્યું કે પત્રોમાંના કાનપુર અને દિલ્હીનો ભેદ ખોલાઈ રહ્યો છે.

'એક તો ઈમ્પોર્ટેડ ટુલ્સ એન્ડ મશીનરીઝ કાનપુરમાં અને બીજે, તે જ કંપનીની ઑફિસ દિલ્હીમાં.'

'તમે કાનપુર અને દિલ્હીમાં જે માણસોના હાથમાં આ પત્રો તથા સુટકેશ આપતાં હતાં તે માણસોનાં નામ શું હતાં?'

'કાનપુરમાં મિ. કાવસજી દારા અને દિલ્હીમાં મિ. દોરાબજી દારા. આ બંને જણ મિ. દારાના ભાઈઓ જ હતા.'

વકીલે થોડી વાર થોભી શર્મિષ્ટાએ જે કહ્યું એ બરોબર યાદ રાખી લીધું અને વાતનો વિષય બદલ્યો.

'તમે જે ફ્લેટમાં રહો છો તેની ચાવી તમારી પાસે છે?'

'હા.'

'તેની ડુપ્લીકેટ?'

'તે મારી પાસે નથી.'

'તો ક્યાં છે?'

'મને ખબર નથી.'

'તમે નીવાડેકરને એ ચાવી આપી છે?'

'હા, કદાચ આપી હોય.'

'તમે શા માટે તેને ચાવી આપી હતી?'

'તેમણે માગી હતી.'

'આ પત્ર મારી પાસે ક્યાંથી આવ્યો તે જાણવાની તમારી મુદ્દલ ઈચ્છા નથી?'

'ના.'

'કેમ?'

'વકીલસાહેબ, મને ખબર નથી પડતી કે તમે મારી પાસે શોધવા શું માગો છો.'

'એટલું જ કે નીવાડેકર તમને બ્લેકમેઈલ કરે છે. એ બ્લેકમેઈલ કરવાનું કારણ એ જ કે તેની પાસે એવી કોઈ માહિતી છે, જેનાથી તમને એકંદર સારું એવું નુકશાન થાય.'

'આમ કેમ ધારી લીધુ?' શર્મિષ્ટા સાચેજ વકીલનાથી હવે ગભરાવા લાગી.

'પહેલાં મને એ કહો કે તમારો ભેદ ક્યો છે કે જે તમે છૂપાવવા માગો છો.'

'પ્લીઝ વકીલસાહેબ, કૃપા કરી હવે વધુ ન પૂછશો. જુઓ તે આવી રહી છે.'

'તે કોણ છે?'

'લક્ષ્મી.'

એ મહારાષ્ટ્રીયન બાઈ-લક્ષ્મી પાસે આવતાં વકીલે વાત ફેરવી નાખી.

'ઠીક, જેવી તમારી મરજી, અમારું સરનામું તો તમે જાણો છો. તમારે જ્યારે આવવાનો વિચાર થાય ત્યારે આવી શકો છો.



નહીં તો તમારાં ભાભી અહી મળવા આવશે.'

'ના.ના. અહીં કોઈને ન મોકલશો.' લક્ષ્મી વચ્ચે ટહુકી ઊઠી. 'અમે હમણાં જવાનાં છીએ.'

'તો ભલે.' વકીલ ઊભા થયા. 'આવજો ત્યારે.'

વકીલે ત્યાંથી ચાલતી પકડી.

સ્ટેશન તરફ ન જતાં શહેરની અંદર ગયા. ત્યાંથી રીક્ષા કરી સ્ટેશને પાછા આવ્યા. મુંબઈ જતી ફાસ્ટગાડી આવવાને થોડી વાર હતી. તેમણે મુંબઈની ઑફિસે ફોન જોડ્યો.

પંદરેક મિનિટ પછી લાઈન મળી. તેમણે બક્ષીને દિલ્હી તથા કાનપુર ખાતે આવેલી ઈમ્પોર્ટેડ ટુલ્સ એન્ડ મશીનરીઝ તથા તેના કાવસજી તથા દોરાબજી દારા વિષે તપાસ કરવાનું સૂચન કર્યું.

•

વકીલ વી.ટી. પહોંચ્યા ત્યારે રાતના સાડા દસ થયા હતા. તેમને ઑફિસે ફોન જોડવા પ્રયત્ન કર્યો તે એંગેજ બતાવતો હતો. તેમણે ટેક્ષી કરી અને સીધા ઑફિસે પહોંચ્યા. ઑફિસમાં બક્ષી એકલા હતા. વિનોદ રાતના બે વાગ્યાથી આવવાનો હતો.

'પોલીસે મિ. દોશીની પૂનામાં ધરપકડ કરી છે. ધરપકડ પછી તરત જ ટ્રેનનો સમય મળી ગયો છે એટલે પોલીસ સવારના લગભગ અઢી વાગ્યે દોશીને પોલીસચોકીએ રજૂ કરશે.' બક્ષીએ માહિતી આપવા માંડી.

'પોલીસને એક સ્ત્રી સાક્ષી મળી હોવાની વાત બહાર આવી છે કે જેણે રાતના લગભગ ૧૦-૪૦ કલાક મિ. દોશીને અંતાણી નિવાસમાંથી બહાર નીકળતા જોયા હતા. જ્યારે આપણા સત્યવાદી અસીલ જણાવે છે કે રાત્રે ૧૦-૦૦ પછી તે કાંદીવલીના મકાન

તરફ ગયા જ નથી. મને લાગે છે કે એ આપણી આંખોમાં ધૂળ નાખી રહ્યા છે. '

'મોતનો સમય રાતના ૧૦-૦૦ થી ૧૦-૪૫ હોવાનો નક્કી થયો છે. રાતના ૧૦-૪૫ થી ૧૧-૦૦ની વચમાં કાંદીવલી સ્ટેશને પહોંચવા માટે દોશીએ એક ટેક્ષી કરી હતી. ગભરાટને લીધે નંખાઈ ગયેલો તેનો ચહેરો ડ્રાયવરને હજુ પણ યાદ છે. તેને ઓળખી કાઢવા માટે આ સ્ત્રી તથા ડ્રાયવર બંને રાત્રે બે વાગ્યે પોલીસચોકીએ હાજર રહેશે. એક વાત સમજમાં નથી આવી.'

'શું?'

'ડ્રાયવરને લઈને મિ. જાડેજા કાંદીવલીના બંગલે ગયા હતા. અને લગભગ અડધો કલાક જેટલો સમય ત્યાં રોકાયા હતા.'

'એમ !' વકીલને પણ આશ્ચર્ય થયું.

'મને શંકા થાય છે કે કંઈ બનાવટી.....'

'જાડેજા વિશે એવું તો ન ધારી શકાય. બનતા સુધી ડ્રાયવરને સાક્ષી આપવા કોઈએ મોકલ્યો હશે. જાડેજાને તે બનાવટી હોવાની શંકા જતાં કાંદીવલીના બંગલે સાચજૂઠ માટે લઈ ગયા હશે.'

'એ પણ બની શકે.' બક્ષીએ તેમનો સૂર પૂરાવ્યો.

'ઠીક, તો હું ઘરે જાઉં છું. વિનોદ માટે એક સૂચના મૂકતો જજે, દોશીને મુંબઈ લાવવામાં આવે એટલે તરત મને જાણ કરે. હું તેમને શક્ય એટલા વહેલા મળી લેવા માગું છું. બનતા સુધી તો સવારમાં અહીં સમયસર આવી જઈશ.' અને વકીલ ઘર તરફ ચાલ્યા ગયા.



## ૧૧.

'જુઓ, તમે મને આજ પહેલાં જે કહ્યું હતું એ સાચું માનીને જ મેં તપાસ આગળ ચલાવી છે. એ તપાસમાં મને ઘણુંબધું જાણવા મળ્યું છે. મને એ બાબતે સંતોષ છે, પણ એવું લાગ્યા કરે છે કે તમે જે છુપાવો છો એથી હું યોગ્ય રસ્તે આગળ નથી વધી શક્યો. સીધે રસ્તે આગળ ન વધતાં આડેઅવળે રસ્તે આગળ વધાય એનો કોઈ અર્થ નથી. મારું કહેવું તેમ સમજ્યા હો તો હજુ પણ સમય છે કે તમે જે વાત મને કહેવા નથી માગતા અથવા કહેવા માટે સમયની રાહ જુઓ છો એ વાત અત્યારથી કહી દો. સરવાળે બધું સારું થશે.'

દોશીની ધરપકડથી દોશી નર્વસ થઈ ગયા હતા. પોલીસના મામલામાં પડવા નહોતા માગતા છતાં પોલીસ તેમને પકડી કોટડીમાં પૂર્યા હોવાથી તેઓ પડી ભાગ્યા હતા. મનનું આ ભંગાણ શરીર પર પણ ચાડી ખાતું હતું. આંખોની આજુબાજુનાં કુંડાળાં વધુ કાળાં અને વધુ મોટાં થયાં હતાં. આખું શરીર ધરતીમાં દટાઈ જવા માગતું હોય એમ ઢીલું પડી નીચેની તરફ ઝૂકી રહ્યું હતું.

'મેં તમને કહ્યું છે તે સાચું છે, વકીલ સાહેબ. મારી પાસે બીજું તો કંઈ છુપાવવાનું નથી. જે વાત હું તમને નથી કહેતો એ વાતને અને આ ખૂનના મામલાને કોઈ સંબંધ નથી. એ વાતની ચોક્કસ ખાતરી રાખજો કે મેં ખૂન કર્યું નથી અને હું જરા પણ દોષિત નથી.'

વકીલે કોટડીથી દૂર બેઠેલા પોલીસ તરફ નજર કરી. પોલીસ બીડી પીવામાં મશગૂલ હતો. તેના સ્નાયુઓની સ્થિતિ જોતાં વકીલને લાગ્યું કે તે અહીં ચાલતી વાતચીતમાં ધ્યાન નથી આપતો. વકીલને ઈન્સ્પેકટર જાડેજા તરફના માનમાં વધારો થયો.

તેમણે એવા કેટલાયે અધિકારીઓ જોયા હતા કે જેઓ આમ આરોપી સાથે વાત કરવાની છૂટ તો આપણા પણ અંદરખાનેથી તેમની મુરાદ જુદી હોવાથી ચતુર પોલીસની હાજરી મૂકતા. ચતુર પોલીસ પોતે ચતુર હોવાના કેફમાં સામેના કાયદાબાદ એ મનુષ્ય સ્વભાવથી પરિચિત વકીલને ઓળખવામાં ભૂલી જતો. વકીલને બધું ખબર પડી જતું પછી તેઓ આરોપી સાથે મુદ્દાની વાત નહોતા કરતો પણ ઈન્સ્પેક્ટર જાડેજાએ આવું કંઈ કર્યું નહોતું.''

તેમણે પોતાનું વચન પણ નિભાવ્યું હતું. વકીલને કહ્યા મુજબ દોશી સાથેની તેમની મુલાકાત વહેલામાં વહેલી તકે ગોઠવી આપી હતી. અલબત્ત પોલીસે એ પહેલાં સવાલો પૂછી લેવાનો પ્રયત્ન કર્યો હતો. પણ દોશીએ એકની એક વાતનું રટણ ચાલુ રાખ્યું હતું કે પોતે પોતાના વકીલની ગેરહાજરીમાં એક પણ સવાલનો જવાબ આપવા માગતા નથી. દોશીનું આ પગલું વકીલને ગમ્યું હતું. એનું કારણ હતું કે પોલીસના પ્રશ્નો આગળ જુદી વાતો ઉખેડાય અને કેસ ઘણો મોટો બની ઘણો વળાંક લઈ લે. પછી એ બચાવનો મુદ્દો હોય એ જ હાથમાંથી છટકી જાય.

પણ એ જ દોશી વકીલ આગળ પણ એની એ જ વાતનું રટણ ચાલુ રાખતા હતા કે પોતે આ સિવાય વધુ જણાવી શકે એમ નથી. આ એકનો એક જવાબ આગળ વકીલ કંટાળી ગયા હતા. ''

'તમે કહો છો કે મેં ખૂન નથી કર્યું ને હું જરા પણ દોષિત નથી એટલે શું તમે સાચે જ નિર્દોષ થઈ ગયા ? તમારું આ રટણ કોર્ટ માન્ય રાખી તમને નિર્દોષ છોડી મૂકશે?'

દોશી ચૂપ રહ્યા.

'તમારી સામે પુરાવા એવા પડ્યા છે કે તેમાંથી તમને નિર્દોષ સાબિત કરવા મુશ્કેલ છે. એ તક છે કે તમે પેટછૂટી વાત કરો તો કંઈ



રસ્તો નીકળે.'

'હું બધું જણાવવા નથી માગતો એટલે તો મેં તમને વકીલ કર્યા છે; નહીં તો હું બીજા કોઈને ન રોકત !'

'ઓ.કે. મિ. દોશી, આઈ વીલ ડુ માય બેસ્ટ, પણ એ માટે મારે ખર્ચ બહુ થાય છે એ તમે ભૂલી તો નથી ગયા ને ? તમે જે નથી જણાવવા માગતા એ બધું શોધતા મારા માણસોને મારે પૈસા ચુકવવા પડે છે, તેઓ કંઈ મફતમાં તો એવી બધી માહિતી ન મેળવે !'

'એ બધું ખર્ચ મારા બિલમાં ચઢાવી દેજો.'

'હવે પોલીસ તમને કંઈ પૂછે તેનો જવાબ સમજી વિચારીને આપજો. પણ એટલું ધ્યાનમાં રાખજો કે મને કહ્યું છે એથી વધુ તેમને કહેવાતા નહીં.'

'સારું.'

'પણ હું માનું છું ત્યાં સુધી તમે મને કંઈ જ કહ્યું નથી. જે કહ્યું છે એ કહ્યું ન કહેવાય આમ છતાં સાચને કદી આંચ આવતી નથી. જો તમે જાણ્યે અજાણ્યેય જૂઠું બોલતા હશો તો ભગવાન તમને બચાવે!' વકીલે ઊભા થતાં કહ્યું. અને ધીમે પગલે બહાર નીકળી ગયા. જ્યારે તેઓ બહાર નીકળ્યાં ત્યારે ૭-૩૦ થયા હતા.

•

'બક્ષી, દિલ્હી તથા કાનપુરના કંઈ સમાચાર ?' વકીલે ઑફિસમાં આવી બક્ષીને પૂછયું.

'બંને કંપનીઓ હાલ ચાલુ જ છે. એટલું જ નહીં પરંતુ તેમની પાસે સારી એવી રકમનાં ઈમ્પોર્ટ લાયસન્સ પણ છે. તેઓ ટુલ્સ તથા નાની નાની મશીનરીનો ધંધો કરી છે. આ ધંધામાં આગળ વધી શકાય એવા ઘણા ચાન્સ છે પણ તેમણે આગળ વધવાનો પ્રયત્ન

કર્યો હોય એમ જણાતું નથી. જે રીતે પહેલાં કામ ચાલતું હતું એ જ રીતે અત્યારે ચાલુ રાખે છે. અત્યારે દેશમાં મશીનરી અને કારખાનાને લાગતું ઉત્પાદન વધ્યું છે એ રીતે જોત તેઓ ધારે તો પોતાનો ધંધો ઘણોબધો વિકસાવી શકે, પણ તેમણે એવું કંઈ કર્યું નથી.'

'કંપનીઓની કમાણી કેવી છે?'

'એ જ તો વાંધાજનક છે. તેમની લાઈનના બીજા માણસનો મુકાબલો તેઓ બહુ ઝડપથી કરી ઘણું શક્યા છે. પણ આ કમાણીને કંપનીને વિસ્તરવા પાછળ ન રોકતાં તેઓ પોતાની પાછળ રોકે છે. તેમની સુખસગવડો જરૂર ન હોવા છતાં, વધારે પડતી હોવા છતાં વધાર્યે જાય છે.'

'સરકારના ટેક્સ!'

'એ તો ભરવા જ પડે'

'બીજા કોઈ આડાધંધા?'

'એક પણ નહીં.'

'એ દારા બ્રધર્સની છાપ કેવી છે?'

'બહુ સરસ હમાણં જ ત્રણેક મહિના પહેલાં તેમણે એક છાત્રાલય માટે રૂપિયા ત્રણ લાખનું ડોનેશન આપ્યું.'

'ત્રણ લાખ ! તું કંઈ હવાઈ તુક્કા તો નથી સંભળાવતો ને?'

'એ હકીકત છે.'

'આટલું બધું એ કમાય છે?'

'એ જ તો હું કહું છું?'

'તો પછી એક કામ કર, એ છાત્રાલય માટેનાં દાન મેળવવામાં ઈન્કમટેક્ષ, જકાત, ઈમ્પોર્ટ, લાયસન્સ કે ગર્વમેન્ટની મધ્યસ્થ ખરીદીના ખાતામાંથી કોઈ અધિકારી સામેલ છે કે કેમ અને તેમણે આ મોટું દાન કેવી રીતે મેળવ્યું. કોઈ છૂપું સબળ કારણ એ પાછળ



હોવું જોઈએ. એ સિવાય કોઈ માણસ આવા નાના ધંધા પર ત્રણ લાખનું દાન ન આપી શકે.'

'બીજાં નાનાં-નાનાં દાન તો તેમણે ઘણી જગાએ આપ્યાં છે.'

'ઘરકામ કમાણીને કાબૂમાં લાવવા એવું કરવું પડે.' વકીલ હસ્યા.

'આ બધી માહિતી મિ. દોશી પર મુકાયેલા ખૂનના આરોપમાં કામમાં આવી શકશે એવું તને લાગે છે?'

'હા, કેમ ન આવે ? આવી માહિતી પરથી તો આપણે ખૂનનું કારણ શોધી શકીશું અને કારણ શોધ્યા પછી ખૂન કોણ કરી શકે તેનો તર્ક લડાવી શકીશું, પછી દોશી છુટ્ટા.'

'સાચે જ તું માને છે કે દોશી નિર્દોષ છે?'

'હા.'

●

'તા. ૧૮મીના રોજ સવારના ૧૦-૩૦'

કાંદીવલી ખૂન કેસે જનતાને ઘણી ઉત્કંઠા જગાડી હતી. સ્થાનિક અખબારોએ જોર જોરથી આ વાત ચગાવ્યા કરી હતી. વધુમાં નવનીતરાય દોશી લાપત્તા હતા. પોલીસ તેમને પકડવા ઘણા પ્રયત્નો કરી ચૂકી હતી. મરનાર પણ લાંબે ગાળે ઓળખાયો હતો. આરોપી નવનીતરાય દોશી લાખોપતિ હતા, છતાં એકાકી હતા. એકાકી જીવને રહેવા માટે બે બંગલા હતા... સરવાળે આ બધાએ લોકોને આ કેસમાં રસ લેતા કરી મૂક્યા હતા. અને જ્યારે સહુએ જાણ્યું કે આરોપી તરફથી પ્રતિષ્ઠિત વકીલ સંતોષી કેસ લડવાના છે ત્યારે બધા અચંબિત થઈ ગયા. વકીલની છાપ અત્યારસુધી સારી એવી જામી હતી. વકીલના તરફ સહુને માન હતું એટલે જ બધાને લાગ્યું

કે કેસ બહુ રસપ્રદ હશે, નહીં તો વકીલ સંપોષી આરોપી તરફથી ઊભા ન રહે.

પછી જિજ્ઞાસા તો કોને ન હોય. જેઓને કંઈ કામધંધો ન હતો એમાંનો નજીવો ભાગ કોર્ટરૂમમાં ભરાઈ બેઠો. બિલકુલ બેસવાની જગા ન રહી ત્યાંસુધી માણસો અંદર ભરાતાં રહ્યાં. બીજાઓને નિરાશ થઈ પાછું જવું પડ્યું.''

સિનેમા, ટી.વી., રેસ ક્રિકેટને.... લગભગ તેના જેવો જ મનોરંજક વિષય હવે કોર્ટ થવા આવી છે. અમુક લોકોનો એવો વર્ગ ઊભો થયો છે કે જેમને બસ વકીલોનું દલીલયુદ્ધ જ ગમે છે. એમાં જ તેમને આનંદ આવે છે. આ દલીલ-યુધ્ધ જોવા તેઓ કલાકો સુધી એક બેઠકે બેસી રહે છે.

ન્યાયમૂર્તિ શ્રી ભટ્ટાચાર્યના કોર્ટરૂમમાં દાખલ થતાં આખી મેદની શાંત થઈ ગઈ અને ઊભા થઈને તેમને માન આપ્યું.

ન્યાયમૂર્તિએ બેઠક લીધી. ચશ્માંના કાચ હાથરૂમાલથી સાફ કરી કાળજીથી આંખે ચઢાવ્યાં. એક સર્વગ્રાહી નજર આરોપી, બચાવપક્ષના વકીલ, બીજા વકીલો અને છેવટે જ્યુરી તરફ ફેરવી લઈ પબ્લીક પ્રોસીક્યુટર સામે જોયું.''

'કોર્ટ અને જ્યુરીના માનવંતા સભ્યો હાજર છે. બચાવપક્ષ-?'

'બચાવપક્ષ હાજર છે, નામદાર.' વકીલ સંતોષીએ સવેળા ઊભા થઈને કહ્યું.

'બંને પક્ષની તૈયારી છે?'

'હા, નામદાર.' વકીલ સંતોષીએ કહ્યું.

'હા, નામદાર.' પબ્લીક પ્રોસીક્યુટર મિ. સિંહાએ કહ્યું.

'તો કારવાઈ શરૂ કરો.' પબ્લીક પ્રોસીક્યુટર સામે જોતાં ન્યાયમૂર્તિએ જણાવ્યું.



પબ્લીક પ્રોસીક્યુટર મિ. સિંહાએ ગળું ખંખોરી શરૂ કર્યું : 'મારો કેસ છે, નવનીતરાય દોશી સામે મુંબઈ ન્યાયપ્રેમી જનતાનો.'

મુકદમાની વિગત એવી છે કે તા. ૧૫મી માર્ચના રોજ રાતના આરોપીના કાંદીવલી ખાતેના બંગલામાં રાઘવ દોશી નામના એક શખ્સનું ખૂન થયું હતું. આરોપી નવનીતરાય દોશી આ ખૂન કરી હવાઈ જહાજ મારફતે પૂના ભાગી ગયા હતા.

'આ સામે મારો વાંધો છે નામદાર.' વકીલ સંતોષી વચ્ચે બોલી ઊઠ્યા.

'શું?' ન્યાયમૂર્તિએ ઝીણી નજરે વકીલ તરફ જોયું.

'નામદાર, પબ્લીક પ્રોસીક્યુટરને મારે એટલું કહેવાનું કે તેઓ પોતાનું વાક્ય સુધારીને બોલે. નવનીતરાય દોશી પર ખૂન કરી હવાઈ જહાજ મારફતે પૂના ભાગી જવાનો આરોપ છે, નહીં કે તેઓ ખૂન કરી હવાઈ જહાજ મારફતે પૂના ભાગી ગયા.'

'નામદાર' હું મારું વાક્ય સુધારું છું - અને તેઓ તા. ૧૭ મીની સાંજ સુધી પોલીસની નજરથી છુપાતા ફર્યા હતા. આરોપીની સામે જે પુરાવાઓ પડ્યા છે તે રજૂ કરવાનું હું ઊચિત ધારું છું એટલે મારું આરંભનું નિવેદન હું અત્યારે મોકુફ રાખું છું.

'ભલે, પુરાવાઓ રજૂ કરો.' ન્યાયમૂર્તિએ કહ્યું.

'મારા પહેલા સાક્ષી ઈન્સ્પેકટર જાડેજા.' સિંહાએ કહ્યું.

ઈન્સ્પેક્ટર જાડેજાએ સાક્ષીના પાંજરામાં આવી શપથ લીધા એટલે સિંહાએ તપાસ શરૂ કરી.

'ઈન્સ્પેક્ટર જાડેજા, તા. ૧૫ મી માર્ચની રાત્રે કાંદીવલી ખાતે અંતાણી નિવાસ નામના બંગલામાં જે ખૂન થયું હતું તેની તપાસ આપ ચલાવી રહ્યા છો?'

'હા.'

'આ ખૂન થયાની જાણ આપને ક્યારે થઈ?'

'તા. ૧૫મી માર્ચની રાત્રે લગભગ ૧૧-૪૫ કલાકે.'

'આપ તે વખતે ડ્યુટી પર હતા?'

'હા.'

'આપને ખૂનની ખબર કોણે આપી હતી?'

'જેણે ફોનથી ખબર આપી હતી તેણે પોતાનું નામ વિનોદ હોવાનું જણાવ્યું હતું.'

'પછી તમે શું કર્યું?'

'મેં તરત જ ફોન કરી પોલીસ સુપ્રિન્ટેન્ટ મિ. ઘગતને આ વિગત જણાવી.'

'પછી.'

'તેમણે આ કેસની તપાસ કરવાનું કામ મને સોંપ્યું.'

'પછી શું થયું?'

'પછી મેં સરકારી ફોટોગ્રાફર, ફીંગર પ્રિન્ટ એક્ષ્પર્ટ, મેડીકલ ઓફીસર વગેરેને ફોન કરી જણાવેલ સરનામા પર આવી પહોંચવા જણાવી દીધું. હું પણ ત્રણ પોલીસ કોન્સ્ટેબલો સાથે ખૂનને સ્થળે ગયો.'

'તમે ત્યાં કેટલા વાગ્યે પહોંચ્યા હતા?'

'તરત જ, એટલે કે લગભગ બાર ને પંદર મિનિટે.'

'તમે ત્યાં શું જોયુ?'

'હું ત્યાં પહોંચ્યો ત્યારે વિનોદ સોઢા ત્યાં આંટા મારી રહ્યા હતા. જેઓને મેં બનાવને સ્થળે આવી પહોંચવા જણાવ્યું હતું તે અધિકારીઓ આવી પહોંચે ત્યાં સુધી મે વિનોદ સોઢાનું નિવેદન લીધું અને મકાનની આજુબાજુ જાપ્તો મૂકી દીધો.'

'સોઢાએ શું નિવેદન કર્યું?'



'તેમણે નિવેદનમાં લખાવ્યું કે પોતે વકીલ સંતોષીની પેઢીનો કર્મચારી છે. અને આરોપીએ ફોન કર્યાથી વકીલ અને તે બંને ત્યાં ગયા હતા. આરોપી ત્યાં નહોતા. ત્યાં ખૂન થયેલું હતું. વકીલને અગત્યની એપોઈમેન્ટ હોવાથી ખૂનની જાણ પોલીસમાં કરવાની ફરજ તેને સોંપી ચાલ્યા ગયા.'

'પછી તમે શું કર્યું?'

'પછી ફોટોગ્રાફર તથા બીજા અધિકારીઓ આવી પહોંચતા જે ખંડમાં લાશ પડી હતી તે ખંડમાં અમે ગયા.'

'ત્યાં તમે શું જોયું?'

'લાયબ્રેરી રૂમમાં ટેબલ અને ખુરશી વચ્ચે ઊંધા માથે જમીન તરફ ઢળતી લાશ પડી હતી. તેની છાતીમાં ગોળીના ઘાનાં ત્રણ નિશાન હતાં. ઘામાંથી લોહી વહી થઈ આસપાસ ટાઈલ્સ પર પથરાયું હતું અને ઘટ્ટ થઈ ગયું હતું પરંતુ પૂરેપૂરું જામી ગયું નહોતું.'

'પછી તમે શું કર્યું?'

'પછી મેં આસપાસથી માણસો બોલાવી પંચનામું કર્યું અને લાશને પોષ્ટ-મોર્ટમ માટે મેડીકલ ઑફિસરને સોંપી.'

'લાશ કોની હતી?'

'તે વખતે મરનારને કોઈ ઓળખી શક્યું નહોતું.'

'તમે મરનારનાં ખિસ્સાં તપાસ્યાં હતાં?'

'હા.'

'તેમાંથી શું મળ્યું હતું.'

'સિગારેટની ડબ્બી, દિવાસળી, એક હાથરૂમાલ, રતલામથી બોરીવલીના તા. ૧૫મી માર્ચે ઈસ્યુ થયેલી રેલવે ટિકિટ રૂપિયા રૂપિયાની નોટો અને પરચૂરણ.'

'તને ખૂનના હથિયાર માટે તપાસ કરી હતી?'

'હા.'

'પછી?'

'કેટલીક તપાસ બાદ તે સંડાસની ફલશ ટેંકમાંથી મળી આવ્યું હતું.'

'એ કેવા પ્રકારનું હથિયાર હતું?'

'વિલ્સન એન્ડ સ્કોટની બનાવટની .૩૮ કેલીબરની તે રીવોલ્વર હતી.'

'તમે તેનું શું કર્યું?'

'તેના પરની આંગળાની છાપ તપાસવા માટે મેં તે રીવોલ્વર ફીંગર પ્રિન્ટ એક્ષ્પર્ટને આપી.'

'એટલું પૂરતું છે નામદાર.'

'બચાવ પક્ષના વકીલ ઊલટ તપાસ કરી શકે છે.' ન્યાયમૂર્તિએ કહ્યું.

'આભાર, નામદાર.' વકીલે ઊભા થતાં કહ્યું. અને ઈન્સ્પેક્ટર જાડેજા સામું જોતાં પૂછયું : 'જે ઓરડામાં લાશ પડી હતી તે ઓરડામાંના ટેબલ, ખુરશી, લાશ જે સ્થિતિમાં પડી હતી એ સ્થિતિ વગેરેના ફોટા તમે લેવડાવ્યા હતા?'

'હા.'

'તમે હમણાં તપાસમાં એવું કેમ જણાવ્યું નથી?'

'મને એવું પૂછવામાં આવ્યું નહોતું?'

'ઠીક, આ ફોટાઓ લેવડાવ્યા તે અગાઉ તમે શું કરેલું?'

'વિનોદ સોઢાનું નિવેદન લીધા પછી તરત જ મેં ફોટાઓ લેવા માટે જણાવ્યું હતું.'

'ફોટાઓ લેવા જણાવ્યા પછી તમે શું કર્યું હતું?'

'પછી-? પછી મેં આસપાસથી પંચ માટે માણસો બોલાવવા



એક કોન્સ્ટેબલને મોકલ્યો હતો.'

વકીલ સંતોષી અહીંથી પ્રશ્નાવલી અટકાવીને ન્યાયમૂર્તિ તરફ ફર્યા.

'પબ્લીક પ્રોસીક્યુટરના પછી શું થયું?' એવા એક પ્રશ્નના જવાબમાં જ્યારે પોલીસ ઈન્સ્પેક્ટર જાડેજાએ એમ જણાવ્યું હતું કે પછી તેમણે આજુબાજુથી માણસો બોલાવી પંચનામુ કર્યું તે વખતે પરિસ્થિતિના ફોટા લીધાની વાત ઈન્સ્પેક્ટરે ઈરાદાપૂર્વક છુપાવ્યાની નામદાર કોર્ટને નોંધ લેવા વિનંતી છે.

પછી વકીલ ઈન્સ્પેક્ટર તરફ ફર્યા.

'જ્યારે આપ ખૂનનું હથિયાર શોધતા હતા ત્યારે પંચના સભ્યો હાજર હતા.'

'ના, પંચનામું કર્યા બાદ તેમને જવાની રજા આપી હતી.'

'બંગલાની તલાસી લેવા માટેનું વોરંટ આપની પાસે હતું?'

'ના, પરંતુ ખૂનના કિસ્સામાં તેમ કરવાનો મને કાયદેસર હક્ક છે.'

'હું કાયદો ભણ્યા પછી વકીલ થયો છું ઈન્સ્પેકટર સાહેબ.' વકીલે ટોળ કરી અને કોર્ટમાં હસાહસ થઈ રહી એટલે છેવટે કોર્ટને રૂલીંગ વાપરવું પડ્યું. 'આ તલાસી લેવા માટે તમે મકાન-માલિકની સંમતિ લીધેલી?'

'ના.'

'કેમ?'

'મકાનમાલિક ખૂન કરી પલાયન થઈ ગયા હતા.'

'મકાનમાલિકે ખૂન કર્યું છે એમ આપ શા ઉપરથી કહી શકો છો?'

'જ્યારે મકાનમાં ખૂન થયું હોય એ મકાનમાલિક પ્લેનમાં

રાતોરાત બહાર ચાલ્યા ગયા હોય ત્યારે એ સ્વાભાવિક છે કે-'

'મકાનમાલિક પ્લેનમાં ભાગી ગયા હતા તેની તમને તે વખતે ખબર હતી?'

'ના.'

'મકાનમાલિકે ખૂન કર્યું હતું તેની તમને તે વખતે ખાતરી હતી?'

'ના.'

'મકાનમાલિકે ખૂન કર્યું છે એવું 'કાયદેસર' રીતે અત્યાર પહેલાં પુરવાર થઈ ગયું છે?

'ના.'

'તલાસી લેવા માટે મકાનમાલિક હાજર ન હોય અને તલાસી લેવાની જરૂર ઊભી થાય એવા સંજોગોમાં ક્યો રસ્તો છે?'

'પચ રૂબરૂ તલાસી જોઈએ.'

'તમે પંચ રૂબરૂ તલાસી લીધેલી?'

'પણ આ તલાસી જેવું નહોતું.'

'તમે ખૂનનું હથિયાર શોધતા હતા?'

'હા.'

'જ્યારે તમે હથિયાર શોધતા હતા ત્યારે એવી ખબર હતી તે સંડાસની ફ્લશ ટેંકમાં છે?'

'ના.'

'તો ખૂનનું હથિયાર મળ્યું તે પહેલાંના તમે ટેબલ ડ્રોઅર, પુસ્તકોના ઘોડા, ગાદલાં વગેરે જગાએ જોયું જ હશે.'

'આ પ્રશ્નો સામે મારો વાંધો છે નામદાર. આ પ્રશ્નો સૂચક છે.' પબ્લીક પ્રોસીક્યુટર જે ક્યારનાયે આ પ્રશ્નોત્તરીથી ધૂંઆપૂંઆં થઈ રહ્યા હતા તે ઊભા થઈને બોલી ઊઠ્યા.



'મને લાગે છે કે વાંધો બરાબર લેવાયો છે.' ન્યાયમૂર્તિએ કહ્યું.

'તમને ખૂનનું હથિયાર મળ્યું તે પહેલાં તમે ક્યાં કયાં તપાસ કરી હતી?'

વકીલે પ્રશ્નને ફેરવીને પૂછયો.

ઈન્સ્પેકટર જાડેજાએ પહેલાં પબ્લીક પ્રોસીક્યુટર સામે અને પછી ન્યાયમૂર્તિ સામે જોયું અને છેવટે જવાબ વાળ્યો : 'પુસ્તકોના ઘોડામાં, ગાદલાં તથા કારપેટ નીચે અને ટેબલના ડ્રોઅરમાં.'

'આપની સાથે આ તપાસમાં બીજાં કેટલાં માણસો સામેલ હતા?'

'આ પ્રશ્ન સામે મારો વાંધો છે, નામદાર. બચાવ પક્ષના વકીલ કામ વગરના પ્રશ્ન પૂછી નામદાર કોર્ટનો સમય બરબાદ કરી રહ્યા છે.'

'મને લાગે છે કે વાંધો બરાબર લેવાયેલો છે. બચાવપક્ષના વકીલ જયાં સુધી આ પ્રશ્ન પાછળનો આશય કેસને સંબંધ કર્તા છે એમ નહીં દર્શાવી શકે ત્યાં સુધી આ પ્રશ્નનો જવાબ આપવાની ફરજ કોર્ટ સાક્ષીને નહીં પાડે.' ન્યાયમૂર્તિએ કહ્યું.

'બચાવપક્ષના વકીલ તરીકે તપાસ કઈ રીતે કરવામાં આવી છે તે તથા તેમાં જો કોઈ જગાએ ચૂક રહી ગઈ હોય તો તેનાથી વાકેફ થવાનો મારો આશય છે. આ તપાસના પરિણામ સ્વરૂપ જ નવનીતરાય દોશી પર ખૂનનો આરોપ મુકાયો છે. જો આ તપાસ જુદા રસ્તે ફંટાઈ હોત તો આરોપ બીજા પર મુકાયો હોત. હું માનું છું કે-'

'મને લાગે છે કે આ સંજોગોમાં બચાવપક્ષના વકીલને આવી પ્રશ્નોત્તરી કરવાનો હક્ક છે જયારે કાયદાના માણસોએ જ કાયદાની

હદ ઓળંગીને તપાસ કરી હોય ત્યારે - સાક્ષીએ પ્રશ્નનો જવાબ આપવો.'

'આભાર નામદાર. જે વખતે રીવોલ્વર મળી તે વખતે તમે ક્યાં હતા ?'

'ડ્રોઈંગરૂમમાં.'

'આપની સાથેના માણસો એક સાથે રહીને તપાસ કરતા હતા?'

'ના, દરેક અલગ અલગ, પોતાને શક પડે તે પ્રમાણે શોધ ચલાવતા હતા.'

'જે સમયે આ તપાસ ચાલતી હતી તે સમયે આપની સાથેના માણસો પૈકી કોઈ માણસે આ રીવોલ્વર ફલશ-ટેંકમાં મૂકી દીધી હોય તો આપને તેની ખબર પડે?'

'આ પ્રશ્ન સામે મારો વાંધો છે, નામદાર.' પબ્લીક પ્રોસીક્યુટર કૂદી પડ્યા. 'જે માણસોને તપાસ કરવાનું સૂચવવામાં આવ્યું તે માણસો સરકારી કર્મચારીઓ હતા. તેમના ઉપર આ રીતસરનો આક્ષેપ છે.'

'મેં આવો આક્ષેપ કર્યો નથી નામદાર. હું તો ફક્ત એટલું જ દર્શાવવા માગતો હતો કે પંચની ગેરહાજરીમાં જ્યારે આવી તપાસ ચાલતી હોય ત્યારે આમ બનવું શક્ય છે કે કેમ તે જાણવાનો મારો આશય હતો.'

'વાંધો કાઢી નાખવામાં આવે છે. સાક્ષીએ પ્રશ્નનો જવાબ આપવો.'

'હા, એમ બનવું શક્ય છે.' ઈન્સ્પેકટરે કહ્યું.

'હવે એક પ્રશ્ન પૂછું છું, તમે કાંદીવલીના બંગલે કેમ ગયા?'

'વિનોદ સોઢા નામે એક માણસનો ફોન આવવાથી.'



'વિનોદ સોઢાને તમે ઓળખો છો?'

'હા, તે વકીલ સંતોષીના કર્મચારી છે.'

સવાલ આગળ ચાલે એ પહેલાં પબ્લીક પ્રોસીક્યુટર બોલી ઊઠ્યા : 'નામદાર, આ રીતે કોર્ટની કિંમતી સમયનો બગાડ થઈ રહ્યો છે.'

'આપણે જોઈએ તો ખરા કે બચાવ શું કરવા માગે છે. તમે સવાલ પૂછી શકો છો.'

પબ્લીક પ્રોસીક્યુટર ધૂંઆપૂંઆ થતા નીચે બેસી ગયા.

'વિનોદ સોઢાએ ફોનમાં શું જણાવેલું?'

'તેમણે જણાવેલું કે કાંદીવલીમાં અંતાણી નિવાસમાં એક જણનું ખૂન થયું છે. તમે જલદી આવો.'

'તમે ત્યાં ગયા, બરાબર?'

'હા.'

'વિનોદ સોઢાને મળ્યા.'

'હા.'

'વિનોદ સોઢાએ નિવેદન આપ્યું.'

'હા.'

'નિવેદનમાં એવું કહ્યું કે નવનીતરાય દોશીના બોલાવવાથી તે તથા વકીલ સંતોષી તેમના બંગલે આવ્યા હતા. પણ નવનીતરાય દોશી ન મળતાં તેમના બંગલામાં લાશ મળી આવી.'

'હા, લગભગ એ મતલબનું નિવેદન આપેલું.'

'તો આપણે એક તર્ક લડાવીએ.'

'નામદાર આ માટે હું વાંધો લઉં છું.' પબ્લીક પ્રોસીક્યુટર ગર્જી ઊઠ્યા. 'સાક્ષીને તર્ક લડાવવાની જરૂર નથી. ફક્ત હકીકત આપે. બચાવપક્ષ એવા તર્ક લડાવવા સાક્ષીને મજબૂર ન કરે.'

'હા, ફક્ત હકીકત આપવા સંબંધી તમે પૂછી શકો છો.' ન્યાયમૂર્તિએ કહ્યું.

'ભલે નામદાર, હું બેસી જાઉં છું.'

'ઊભા રહો.' ન્યાયમૂર્તિએ કહ્યું. 'ફક્ત જાણવા ખાતર પૂછું છું કે તમે શો તર્ક લડાવવા માગતા હતા.'

'એ જ કે જો નવનીતરાય દોશીએ ખૂન કર્યું હોત તો તેઓ અમને તેમના બંગલા પર ન જ બોલાવત. બલકે તેના બદલે તેઓ અમારે ત્યાં આવી ગયા હોત અને ખૂન કર્યા પછી વકીલની સલાહ લેવા ન જાય. ખૂની ભાગી જાય અથવા સંતાઈ જાય અથવા પોલીસને સ્વાધીન થઈ જાય...'

'કોર્ટને સાક્ષીની જરૂર છે. આવા તર્ક તમે લડાવો તો હું માન્ય ન રાખું.' ન્યાયમૂર્તિએ કહ્યું : 'બીજા સાક્ષી રજૂ કરો.'

ઈન્સ્પેક્ટર જાડેજા પરસેવો લૂછતાં સાક્ષીનું પાંજરું છોડી ગયા.

'મારા બીજા સાક્ષી છે, કમાન્ડર ડોકટર ચૌધરી.' પબ્લીક પ્રોસીક્યુટરે કહ્યું.

કમાન્ડર ડોક્ટર ચૌધરીએ સ્ટેન્ડ લઈ શપથ લીધા.

પબ્લીક પ્રોસીક્યુટર મિ. સિંહાએ પાસે જઈ શરૂ કર્યું.

'તા. ૧૫મી માર્ચના રાતના બાર વાગ્યા પછી આપને જે લાશ પોષ્ટમોર્ટમ કરવા માટે ફોલિયો નંબર ૧૮/૧/૨૮૫૩થી સોંપવામાં આવી હતી તેનું પોષ્ટમોર્ટમ આપે કર્યુ હતું ?'

'હા.'

'મોતનું કારણ શું હતું?'

'મરનારને ત્રણ ગોળી વાગી હતી, જેમાંની એક પાંસળામાં થઈ હૃદયની આરપાર નીકળી ગઈ હતી અને પીઠના હાડકામાં અટકી હતી. આ ગોળીથી મોત નીપજ્યું હતું.'



'ત્રણેય ગોળીઓ શરીરમાં મોજૂદ હતી?'

'હા.'

'આપે તે ગોળીઓનું શું કર્યું?'

'વધુ તપાસ માટે મેં તે ગોળીઓ બ્લાસ્ટીંગ એક્ષપર્ટને સોંપી હતી.'

'મોતનો સમય આપે નક્કી કર્યો હતો?'

'હા.'

'કેટલા વાગ્યે મરણ થયું એવું આપે નક્કી કર્યું.

'તા. ૧૫મી માર્ચના રોજ રાતના ૧૦-૦૦ થી ૧૦-૪૫ની વચ્ચે.'

'આ સમય નક્કી કરવા માટે આપે શાનો આધાર લીધો હતો?'

'શરીરના ઉષ્ણતામનનો, જામી ગયેલા લોહીનો તથા આંતરડામાં ખોરાકની સ્થિતિનો.'

'એટલું પૂરતું છે, નામદાર.' પબ્લીક પ્રોસીક્યુટરે તપાસ પૂરી કરી.

'બચાવ પક્ષના વકીલ ઊલટ તપાસ કરી શકે છે.' ન્યાયમૂર્તિએ કહ્યું.

વકીલ સંતોષી મોટાં મોટાં ડગ ભરતા પાંજરા પાસે આવ્યા.

'આપે હમણાં જણાવ્યું કે આપે મરણનો સમય નક્કી કરવા માટે આંતરડામાં ખોરાકની સ્થિતિનો આધાર લીધો છે.'

'હા.'

'જ્યાં સુધી મરનારે ક્યો ખોરાક લીધો છે એ જાણતા ન હોઈએ ત્યાંસુધી મરણનો સમય નક્કી કરવા માટે તે ચોક્કસ ગણી શકાય ખરું?'

'ના, ક્યો ખોરાક લીધો છે એ તો જાણવું પડે. ભારે ખોરાક

જલદી પચતો નથી જ્યારે હલકો ખોરાક પચવામાં સહેલો છે. પણ આંતરડાની તપાસ કરતાં આનો અંદાજ મળી આવે છે.'

'આ સિવાય એ પણ જરૂરી બની રહે ને, કે મરનારે ક્યારે ખોરાક લીધો હતો?'

'હા, એ તો જરૂરનું છે.'

'તો મરનારે ક્યારે ખોરાક લીધો એ આપ કેવી રીતે જાણ્યું, જેથી ખોરાકની સ્થિતિ પરથી આપે સમય નક્કી કર્યો.'

'આ તો ગૌણ વાત છે. છતાં આશરે અનુમાન કરાય કે મરનારે બોરીવલી સ્ટેશને ગાડીમાંથી ઊતર્યા બાદ ખોરાક લીધો હશે.'

'એ ન બની શકે કે ગાડીમાં જ જમણ પતાવ્યું હોય?'

'એ શક્યતા ખરી. તોપણ કંઈ ફેર તો ન પડે. માણસ જ્યારે ટંક થાય અને ભૂખ લાગે ત્યારે જ લલચાય છે. હા, નાસ્તાની વાત જુદી.'

'ટંક થઈ હોય, ભૂખ લાગી હોય છતાં તેને લાગતું હોય કે કલા દોઢ કલાક પછી સારું જમણ મળી શકે એમ છે. મતલબ કે વચ્ચે નથી જમવું, એના બદલે ઘરે જઈને જ જમે તો પછી સમયનો તો તફાવત રહે ને ?'

'હા, એ શક્યતા ખરી. પણ એ વખતે તેના કુટુંબના સભ્યો પાસેથી એ વિગતો મળી રહે છે. કુટુંબના સભ્યો ન હોય તો તેના દોસ્તદારો પાસેથી.'

'પણ અહીં તો મરનારને કોઈ દોસ્તદાર નથી, કોઈ કુટુંબનો સભ્ય નથી, પછી તમે કેવી રીતે જમવાનો સમય નક્કી કરી મોતનો સમય નક્કી કરી નાખ્યો.'

'વકીલ સાહેબ, આ મુદ્દાનો ઉપયોગ બહુ ગૌણ કરવામાં આવ્યો છે.'



'તો ક્યો મુદ્દો મુખ્ય ગણ્યો.'

'બોડી ટેમ્પરેચરનો.'

'એમાં તમે શું કર્યું?'

'માણસનું મરણ થાય એની બીજી જ પળથી તેનું ઉષ્ણતામાન એક ચોક્કસ માપથી ઓછું થવા માંડે છે. જ્યારે એ શબનું પોષ્ટમોર્ટમ કરવાનું મને સોંપ્યું ત્યારે મેં એનું ટેમ્પરેચર લીધું હતું અને તે પરથી આ સમય નક્કી કરવામાં આવ્યો છે.'

'માણસ મરી જાય ત્યારે તેના શરીરનું ઉષ્ણતામાન એક ચોક્કસ માપથી ઓછું થવા માંડે છે. પરંતુ વસ્તુના ઉષ્ણતામાન પર તો બીજાં બળો અસર કરે છે એનું શું?'

'આમાં પણ એ શક્યતા ગણી લેવામાં આવી છે.'

'કઈ?'

'વાતાવરણની ગરમી, પવન જે જગાએ શબ પડ્યું હતુ એનું ઉષ્ણતામાન.'

'મરણ સમયે મરનારનું ઉષ્ણતામાન આપે કેટલું ગણ્યું?

'નોર્મલ ગણીને આગળ વધ્યો.'

'પણ એવી શક્યતા હોઈ શકે કે મરનારના શરીરનું ઉષ્ણતામાન મરણ વખતે નોર્મલ ન હતું.'

'તો કેવું હતું ?' ડૉક્ટર ચૌધરી વકીલની પ્રશ્નોત્તરીથી કંટાળી ગયા અને વકીલની સામું ઘુરક્યા.

'નામદાર.' પબ્લીક પ્રોસીક્યુટર આગળ આવ્યા. 'બચાવ પક્ષના વકીલ જે સત્ય છે એમાં શંકા ઊભી કરીને નકામો કોર્ટનો સમય બરબાદ કરી રહ્યા છે. પોસ્ટમોર્ટમનો રીપોર્ટ તો સહુ કોઈ સ્વીકારે છે.'

'હું બચાવપક્ષના વકીલને યાદ દેવડાવું છું.' ન્યાયમૂર્તિએ

કહ્યું.

'નામદાર, મારા અસીલના માથે જે ખૂનનો આરોપ મૂકવામાં આવ્યો છે એમાં સમયનું પણ પ્રાધાન્ય આપ્યું છે. એટલે મારે પૂરેપૂરી ખાતરી જોઈએ છે કે ખૂન થવાનો સમય કેટલો હતો. હું એક પણ મિનિટનો ફરક નથી ચલાવી લેવા માગતો.'

'તમે પ્રશ્નો પૂછી શકો છો.' ન્યાયમૂર્તિએ કહ્યું.

વકીલ સંતોષી ફરી ડૉક્ટર ચૌધરી સામું ફર્યા.

'આપે મોતનો સમય ૧૦-૦૦ થી ૧૦-૪૫ જણાવ્યો છે તે સમય કેટલો ચોક્કસ ગણી શકાય ?'

'તેની મર્યાદામાં તે ચોક્કસ છે.'

'એટલે ?'

'૧૦-૦૦ થી ૧૦-૪૫ ના ગાળામાં જ તેનું મોત થયું હશે તે ચોક્કસ છે.'

'એટલે આ મરણ બરાબર ૧૦-૦૦ વાગ્યે થયું હોય એમ બનવું શક્ય ખરું ?'

'ચોક્કસ.'

'દશમા એક મિનિટ બાકી હોય તો શક્યતા ખરી ?'

'એકાદ મિનિટનો તફાવત હોઈ શકે ?'

'બે મિનિટનો તફાવત હોઈ શકે ?'

'હા, વધુમાં વધુ બે મિનિટનો તફાવત હોઈ શકે.'

'બંન્ને તરફ ?'

'હા, બંન્ને તરફ.'

'એનો અર્થ એ થયો કે મોતનો સમય ૯-૫૮ થી ૧૦-૪૭ મિનિટ સુધીમાં હોઈ શકે.'

'તમે એ રીતે રજૂ કરવા માગતા હો તો એ રીતે.'



'પણ એ બની શકે છે કે હથિયાર વાગ્યા પછી માણસનું તરત મોત ન થતાં થોડું રિબાઈને, થોડું ટળવળીને તે મરે છે.'

'મારો સમય જે ક્ષણે પ્રાણ ગયો એ ક્ષણ માટે છે. તે કેટલું રિબાયો એ હું ન કહી શકું. જેઓ આ વિશે વધુ જ્ઞાન ધરાવતાં હોય તેઓ સ્પષ્ટ અભિપ્રાય આપી શકે.'

'નામદાર.' વકીલ ન્યાયમૂર્તિ તરફ ફર્યા. 'આપ એટલી નોંધ લેશો કે ડૉક્ટર ચૌધરીએ જે સમય આપ્યો છે એની અગાઉ પણ કોઈએ રીવોલ્વર ચલાવી હોય - આટલું પૂરતું છે નામદાર.'

વકીલ પોતાની જગાએ જ બેસી ગયા.''

'નામદાર.' પબ્લીક પ્રોસીક્યુટર ઊભા થઈ કહ્યું. 'બચાવ પક્ષે જે જણાવ્યું કે ડૉક્ટર ચૌધરીએ જે સમય આપ્યો છે એની અગાઉ પણ કોઈએ રીવોલ્વર ચલાવી હોય. મારે એમાં એટલું ઉમરેવાનું કે એ સમય દરમ્યાન આરોપી એ બંગલામાં હતા.'

'તમારા સાક્ષીને રજૂ કરો.' ન્યાયમૂર્તિએ કહ્યું.

'મારા હવે પછીના સાક્ષી છે, લેફટેનન્ટ હોમરશીલ્ડ.' કંઈક ક્ષોભિત થતાં પબ્લીક પ્રોસીક્યુટરે કહ્યું.

લેફટેનન્ટ હોમરશીલ્ડે પાંજરામાં જઈ શપથ લીધા.

'જે રીવોલ્વરથી ખૂન થયું છે તે રીવોલ્વરથી આપ પરિચિત છો?'

'હા.'

'તે કઈ જાતની રીવોલ્વર હતી?'

'વિલ્સન એન્ડ સ્કોટની અમેરીકન બનાવટની, .૩૮ કેલીબરની.'

'રીવોલ્વર પર સાયલેન્સર ચઢાવેલું હતું.'

'હા.'

'જે ગોળીઓ મરનારના શરીરમાંથી મળી હતી તે આપે તપાસી હતી?'

'હા.'

'તે ગોળીઓ કઈ રીવોલ્વરમાંથી છોડવામાં આવી હતી?'

'જે રીવોલ્વર મને તપાસ માટે સોંપવામાં આવી હતી અને અત્યારે આંક નંબર પાંચથી જનતાની જાણ માટે પ્રદર્શિત કરવામાં આવી છે તે રીવોલ્વરમાંથી ગોળીઓ છોડવામાં આવી હતી.'

'આ ગોળીઓ કેટલા અંતરેથી છોડવામાં આવી હતી?'

'લગભગ પાંચ ફીટ કરતાં વધુ અંતરેથી આ ગોળીઓ છોડવામાં આવી હતી.'

'રીવોલ્વરમાંથી કુલ કેટલી ગોળીઓ છોડવામાં આવી હતી?'

'જ્યારે રીવોલ્વર મને સોંપવામાં આવી ત્યારે એમાંથી ત્રણ ગોળીઓ છોડેલી હતી.'

'શરીરમાંથી મળી આવેલી આ ગોળીઓ જનતાની જાણ માટે પ્રદર્શિત કરવામાં આવી છે?'

'હા, આંક નંબર ૭, ૭અ અને ૭બથી તે પ્રદર્શિત કરેલ છે.'

'એટલું પૂરતું છે. નામદાર.' પબ્લીક પ્રોસીક્યુટરે કહ્યું.

'બચાવપક્ષના વકીલ ઊલટતપાસ કરી શકે છે.' ન્યાયમૂર્તિએ કહ્યું.

ઊલટતપાસમાં મારે કાંઈ પૂછવાનું નથી.' વકીલ સંતોષીએ કહ્યું.

લેફ્ટેનન્ટ હોમરશીલ્ડ પાંજરામાંથી નીચે ઊતરી ગયા.

'હવે તમારે બીજા સાક્ષીને રજૂ કરો.' ન્યાયમૂર્તિએ ઘડિયાળ સામે જોતાં કહ્યું. 'સાક્ષી હાજર છે?'

'હા, નામદાર. હવે પછીના સાક્ષી, મિ. દેસાઈ.'



દેસાઈએ આવીને પાંજરામાં ઊભા રહી શપથ લીધા.

મિ. દેસાઈ. 'પબ્લીક પ્રોસીક્યુટર શરૂ કર્યું : 'તા. ૧૫મી માર્ચની રાત્રે કાંદીવલી ખાતં અંતાણી નિવાસમાં તમે કેમ ગયેલા?'

'મને હુકમ મળ્યો હતો, ત્યાં જવાનો.'

'કેમ?'

'ત્યાં કોઈનું ખૂન થયું હતું.'

'હુકમ મળે છે ત્યારે તમે શું કરો છો?'

'મારાં સાધનો લઈને ત્યાં પહોંચી જાઉં છું.'

'ક્યાં સાધનો?'

'ફીંગર પ્રિન્ટ ઉઠાવવાના.'

'ફીંગર પ્રિન્ટ તમે ઉઠાવી?'

'હા.'

'કોની?'

'નવનીતરાય દોશીની અને બીજા કોઈકની.'

'શા ઉપરથી?'

'રીવોલ્વર પરથી?'

'જે રીવોલ્વર કાંદીવલી ખાતે અંતાણી નિવાસમાં ખૂન થયું હતું એ રીવોલ્વર પરથી.'

'ચોક્કસ તમે કહી શકો છો કે નવનીતરાય દોશીની ફીંગર પ્રિન્ટ હતી?'

'ચોક્કસ.'

'That is all my Lord.' પબ્લીક પ્રોસીક્યુટર મિ. સિંહાએ કહ્યું.

'બચાવપક્ષના વકીલ ઉલટતપાસ કરી શકે છે.' ન્યાયમૂર્તિએ કહ્યું.

વકીલ સંતોષી મોટાં મોટાં ડગ ભરતાં પાંજરા પાસે જઈ પહોંચ્યા.

'તમારું કહેવું છે કે તમને જે રીવોલ્વરથી મરનારનું ખૂન થયું હતું એ રીવોલ્વર પરથી નવરીતરાય દોશીના આંગળાની છાપ મળી.'

'હા.'

'નવનીતરાય દોશીના આંગળાંની છાપ તમે ઓળખો છો?'

'હા.'

'નવનીતરાય દોશી પાસે તમે આંગળાની છાપ માગેલી?'

'ના.'

'છતાં તમે કહો છો કે તમે નવનીતરાય દોશીનાં આંગળાની છાપ ઓળખો છો.'

'હા.'

'કેવી રીતે?'કાંદીવલી ખાતેના તેમના બંગલામાંથી મને તેમના આંગળાની છાપ મળી આવી?

'ક્યાંથી?'

'નાસ્તાની પ્લેટ પરથી?'

'નાસ્તાની પ્લેટ પર તો નોકરનાં આંગળાંની છાપ પણ હોઈ શકે?'

'પ્લેટ સાફ કરેલી નહોતી, ડાયનીંગટેબલ પર પડેલી હતી. એટલે નક્કી થાય છે કે નોકર પ્લેટને અડક્યો નહીં હોય.'

'એવું પણ બની શકે કે મરનાર એ પ્લેટમાં જમ્યો હોય.'

'એવું તો નથી જ વકીલસાહેબ. મરનારનાં આંગળાની છાપ મળી આવી હોત તો એ છાપનો રીવોલ્વરની છાપ જોડે મેળ જ ન ખાત.'

'મતલબ?'



'જે રીવોલ્વરથી ખૂન થયું છે એ મરનાર જાતે ફોડે તો નહીં જ.'

'કેમ ન ફોડે?' તેને આત્મહત્યા કરવી હોય તો?

'અહીં આત્મહત્યાનો સવાલ જ નથી.' પબ્લીક પ્રોસીક્યુટર વચ્ચે બોલી ઊઠ્યા. 'મરનારનું ખૂન થયું છે અને રીવોલ્વર પર નવનીતરાય દોશી અને બીજી બાજુ કોઈકની.

'આ બીજા કોઈની એટલે કોની?'

'તે હજુ ઓળખી શકાઈ નથી.'

'જો એ ઓળખી શકાય તો એ નક્કી જ ને કે, ખૂન એ અજાણ્યાએ કર્યું હોય?'

'નામદાર, ખૂન કોણે કર્યું એનો ફેંસલો કરવાનું આપના હાથમાં છે.' પબ્લીક પ્રોસીક્યુટરે કહ્યું.

'બચાવપક્ષના વકીલ તેમની ઊલટતપાસ ચાલુ રાખી શકે છે.'

'આપ નામદારનો આભાર, હવે મારે કંઈ પૂછવાનું નથી.' વકીલ સંતોષીએ કહ્યું.

'તો હવે કોર્ટ બપોરના ૨-૩૦ કલાક સુધી વિરામ લેશે.' ત્યાંસુધી આરોપીને કસ્ટડીમાં લઈ જવા.' ન્યાયમૂર્તિએ કહ્યું.

બહાર નીકળતાં ઈન્સ્પેક્ટર જાડેજા વકીલની સાથે થઈ ગયા અને બોલ્યા : 'મિ. સંતોષી, અત્યારનું તમારે વર્તન જોઈને એવું થાય છે કે કોઈક દિવસ તમે મારા હાથમાં આવ્યા છો તો-'

'મસાલો ભેળવ્યા સિવાય ન ખાઈ જતાં. ઈન્સ્પેક્ટર, હું બહુ કડવો માણસ છું હો!' વકીલે કહ્યું.

અને બંને હસી પડ્યા.

## ૧૨.

બપોરે ઘરે જવાને બદલે ઑફિસમાં બક્ષીએ અને વકીલે ટિફિન મંગાવ્યું હતું. એક ટેબલ પર સામાસામી ખુરશીઓ મૂકી બક્ષી અને વકીલ જમી રહ્યા હતા. રોઝી બહારની ઑફિસમાંથી અંદર આવી ખૂણામાં મૂકેલા ટાઈપરાઈટર પર ટાઈપ કરતી હતી. તેની પાસે વિનોદ સ્ટૂલ ખેંચી જરૂરી માર્ગદર્શન આપી રહ્યો હતો. વિનોદનું શોર્ટહેન્ડનું લખાણ હતું. એ લખાણ ઉકેલવામાં રોઝીને મુશ્કેલી પડતી હતી. જ્યારે ટાઈપ કરવામાં વિનોદને મુશ્કેલી પડતી હતી.

'હજુ કંઈ કેસનું ઘડ, માથું જ નથી બંધાયું?'

'પ્રાથમિક સુનાવણીમાં ઘડમાથું તો ન જ બંધાય, બક્ષી.' વકીલે કહ્યું પણ જમવાની તેમની તલ્લીનતા જોતાં લાગતું હતું કે વાત કરવાને બદલે અત્યારે તેમને ખાસ રસ તો સામે પડેલા ટિફિનમાં છે. જ્યારે બક્ષી તેમના ટિફિનમકાંથી મોળી બે ચપાટી ખાઈ ધરાઈ ગયા હતા.

વિનોદે અને રોઝીએ પાછળ જોયું કે વકીલ આગળ શું કહે છે. પણ વકીલને ખાવામાં પડેલા જોતાં એકબીજા સામું હસી તેઓ તેમના ટાઈપ કરવાના કામમાં પરોવાઈ ગયાં.

ઝડપથી સારું એવું ટિફિન ખાલી કરી નાખી વકીલે ધરાયાનો ઓડકાર ખાધો. પાસે મૂકેલા ગ્લાસમાંથી પાણી પીધું અને ટિફીનના ખાલી થયેલા શાકના ડબ્બામાં હાથ ધોઈ નાખ્યા. બક્ષીએ પણે આ બધું પતાવી નાખ્યું. તેમણે હાથ લંબાવી ટેબલ પરની ઘંટડી દબાવી.

બહારથી સમશેરે આવી ટિફિન ઉઠાવી લીધાં અને ટેબલ સાફ કરી નાખ્યું.

ફરી એક ઓડકાર ખાઈ, ટુવાલ વડે હાથમોં સાફ કરી વકીલે



ખુરશીને સહેજ પાછી ખસેડી આરામથી પીઠને ખુરશી સામે અઢેલી.

બક્ષીએ ખિસ્સામાંથી પાઈપ કાઢી અંદર ચોટી રહેલી તમાકુને સાફ કરી બીજી નવી તમાકુ ભરી, સળગાવી, એક લાંબો કશ ખેંચ્યો.

'ના, હજુ કોઈ ઘડમાથું નથી બંધાયું.' વકીલે કહ્યું : 'મને લાગે છે કે પોલીસ હજુ સજ્જડ પુરાવા છે જે તે છુપાવી રહી છે. આપણી ઉપર તો બધા બોમ્બની જેમ ફેંકી આપણા કેસના ફુરચા ઉડાવી દેવાની ગણતરીમાં હોય તો ના ન કહેવાય.'

'ઈન્સ્પેક્ટર જાડેજાની સ્થિતિ કેવી છે?'

'આ વખતે તેમની વચ્ચેની તૂટવામાં આવી રહેલી દોસ્તીનો અંત આવી જશે. તેમની ઊલટતપાસથી તે ધૂંઆપૂંઆ થઈ ગયા હતા. ઉશ્કેરાટના કારણે પરસેવો પણ વળી ગયો હતો.'

'તારે એવું નહોતું કરવું જોઈતું. તને ખબર તો છે કે તે આપણને કેટલા બધા ઉપયોગી થઈ પડે છે.'

'પણ હું શું કરું, પુછાઈ ગયું.' વકીલે કહ્યું.

'દિલ્હીથી સમાચાર આવ્યા છે.' થોડી વાર રહીને બક્ષીએ કહ્યું. વકીલ ટટ્ટાર થઈ ગયા.

'શા સમાચાર?'

'પેલા છાત્રાલય માટે મદનલાલ શેઠ નામના એક રીટાયર્ડ જકાત અધિકારી મહેનત કરી રહ્યા છે. છાત્રાલયના ટ્રસ્ટીઓમાંના તે એક ટ્રસ્ટી છે. મૂળ તો તે મુંબઈના જકાત ખાતામાં હોદ્દા પર હતા પણ ત્રણેક માસ પહેલાં જ અહીંથી તે રીટાયર્ડ થયા છે. આ ડોનેશન તે રીટાયર્ડ થયા તે પહેલાં જાહેર કરવામાં આવ્યું હતું.'

'એ તો એમ જ હોય. અત્યારે રીટાયર્ડ થયા પછી તેમની કિંમત નહીં હોય. આ પણ એક પ્રકાર છે. ચોર કહેવાય નહીં અને ચોરીનાં નાણાંથી પેટ ભરે. આવા લાંચિયાઓને કારણે જ આપણો

દેશ આગળ નથી આવતો. જવા દે એ વાત - એમનો નિવાસ હાલ ક્યાં છે?'

'તેઓ યુ.પી. ના છે. રાજધાની પાસેના એક ગામડામાં તેમનો જન્મ થયો હતો પણ તેમના પિતાજી સરકારમાં એક નોકર હતા તેથી બાળપણ બાદ કરતા અત્યાર સુધીનો ગાળો તેમણે દિલ્હી તથા મુંબઈમાં વિતાવ્યો છે. દિલ્હીમાં તેમનો પોતાનો બંગલો છે. એમાં હાલ તેઓ રહે છે.'

'છાત્રાલયમાં તેઓ શું કરે છે?'

'છાત્રાલય પાછળ લાગી ગયા છે. છાત્રાલયનું નવું મકાન બંધાય છે તેના પર દેખરેખ રાખે છે.'

'પછી પેલી તપાસ કરી ? બ્યુક ગાડી વિશે.'

'હા.' બક્ષીએ કહ્યું અને વિનોદ તરફ જોઈ સહેજ ઊંચા સાદે રહ્યું : 'વિનોદ, પેલી ફાઈલ લાવ જોઈએ; બ્યુક Bxx 2272 ગાડી વિશે માહિતી આવી છે એ.'

વિનોદ એક ફાઈલ કાઢી બક્ષીને આપી. બક્ષીએ થોડાં પાના ઉલટાવી કંઈક શોધી જોયું પછી ફાઈલ વિનોદને પછી આપી.

'મિ. ખોખાવાલા સિવાય તેનો ઉપયોગ મહેમાનોને લાવવા લઈ જવા માટે થાય છે. આ સિવાય મી. રામશરણ મિશ્રા નામના એક અધિકારી પોતાના ઉપયોગ માટે મહિને-બે મહિને કોઈ કોઈ વખત ગાડી લઈ જાય છે. એ પણ ખોખાવાલા સાથેના તેમના ઘર સંબંધને કારણે ખોખાવાલાને ત્યાં કોઈ વખત મહેમાન બનીને ગયા હોય એ વખતે મોડું થઈ જાય તો ત્યાં પડી રહેલી એ બ્યુક લઈ તેઓ ઘરે ઊપડી જાય છે. ખોખાવાલા એ માટે ના પણ નથી પાડતા. બીજા કે ત્રીજા દિવસે એ ગાડી લઈ તેઓ કંપનીમાં આવે છે.'

'રામશરણ મિશ્રા અને મિ. ખોખાવાલાને શો સંબંધ છે?'



'સાળો-બનેવી.'

'કોણ બનેવી?'

'રામશરણ મિશ્રા, પ્રેમલગ્ન કરેલું છે.'

'બનેવી સાળાનો સારો ફાયદો ઉઠાવતા લાગે છે. રામશરણ મિશ્રા વિષે બીજી કંઈ તાસ કરી?'

'હા, તેમનું કુટુંબ વિશાળ છે. માતા, પત્ની, બે બહેનો, બે બાળકો અને પોતે. બે બહેનો પૈકી મોટી બહેન વિધવા છે અને નાની કુંવારી. એ કુટુંબને સંસ્કારનો તો જાણે વારસો જ મળેલો છે. કોઈ એ તરફ આંગળી ચીંધી શકે નહીં. હા, રામશરણ મિશ્રા તેમની નોકરીમાં અનિયમીત છે પણ એ તેમના સાળાને કારણે. મિ. ખોખાવાલાને લઈને કોઈ તેમને કશું કહી શક્યું નથી. એને માટે તેમને ગેરફાયદો પણ થયો છે. નોકરીમાં તેમને બઢતી નથી મળતી. મને પણ શંકા થાય છે કે આવો માણસ દાણચોરીમાં સંડોવાયેલો ના શોઈ શકે.'

'એ તો કશું આપણાથી ના કહી શકાય. છતાં એના વિશે હજુ વધુ તપાસ જાળવી રાખો.'

'ભલે.'

'અને પોલીસે ઈમીગ્રેશન ખાતા તરફથી જે ફોટાઓ મંગાવ્યા હતા એનું શું થયું?'

'કંઈ નહીં. બધા મુસાફરો ઈજ્જતદાર હતા.કોઈ શંકાશીલ ન નીકળ્યું.'

'દાણચોરીની સુટકેસ પરથી પોલીસ ફીંગર પ્રિન્ટ ઉપસાવી શકી છે?'

'ના.'

'મારી એ જ શંકા હતી કે પોલીસ ભાગ્યે જ સફળ થાય.'

•

બપોરના ૨-૩૦ કલાકે કોર્ટ સવારની જેમ જ ચિક્કાર હતી. એક આવી ચણભણ થઈ રહેલી કે હવે શું થશે ? કેટલાંક કહેતાં હતાં કે વકીલ સંતોષી બચાવ પક્ષમાં છે એટલે પબ્લીક પ્રોસીક્યુટનો કંઈ ગજ નહીં વાગે. કોર્ટે નવનીતરાય દોશીને છોડી મૂકવા પડશે. અને વકીલ પણ યશ મળે એવા કેસ હાથમાં લેતા હોવાથી એમા એમની જીત ચોક્કસ છે.

નીવાડેકરે પાંજરામાં જઈ શપથ લીધા.

'તા. ૧૫મી માર્ચની રાત્રે આપ કયાં ગયા હતા?'

'હું કાંદીવલી ગયો હતો.'

'કેમ?'

'મારા એક મિત્રને મળવા માટે.'

'તમારા એ મિત્રને ત્યાંથી તમે કેટલા વાગ્યે પાછા ફર્યા હતા?'

'હું ત્યાંથી લગભગ અગિયાર વાગ્યે નીકળ્યો હતો.'

'ત્યાંથી તમે કયાં ગયા હતા?'

'કાંદીવલી સ્ટેશને.'

'આપ સ્ટેશને ચાલતા જ ગયા હતા?'

'હા.'

'આપે આરોપી મિ. દોશીને જોયા હતા?'

'હા.'

'ક્યાં?'

'તે અંતાણી નિવાસના કંપાઉન્ડની વંડી પર થઈ તે બહાર કૂદી પડતા હતા.'

'ક્યારે?'

'હું મારા મિત્રને ત્યાં જતો હતો ત્યારે.'



'મિ. દોશી એટલે કેસમાં જે આરોપી છે તેમને વિષે જ આપ વાત કરો છો ને?'

'હા.'

'તમે એ સિવાય બીજું કંઈ જોયું હતું?'

'બંગલામાં બત્તીઓ ચાલુ હતી, ઝાંપો ખુલ્લો હતો, મિ. દોશી વંડી કૂદીને ઉતાવળે રસ્તો પસાર કરતા હતા.'

'તે કઈ તરફ ગયા હતા?'

'તે ડાબી બાજુની ગલીમાં ગયા હતા. જે ગલી કાંદીવલી સ્ટેશને જવા માટેના રસ્તાને કાટખૂણે કાપે છે.'

'તે સમયે કેટલા વાગ્યા હતા?'

'રાતના લગભગ સાડાદશ વાગ્યા હશે.'

'એટલું પૂરતું છે, નામદાર.' પબ્લીક પ્રોસીક્યુટરે કહ્યું.

'બચાવ પક્ષના વકીલ ઊલટતપાસ કરી શકે છે.' ન્યાયમૂર્તિએ કહ્યું. એટલામાં વકીલ સંતોષી સાક્ષી પાસે પહોંચી ચૂક્યા હતા.

'તમે કહો છો કે નવનીતરાય દોશીને તમે વંડી કૂદીને નીચે પડતા જોયા?'

'હા.'

'તમે કહો છો કે એ વખતે રાતના લગભગ સાડાદશ વાગ્યા હતા?'

'હા.'

'તમે ઘડિયાળમાં જોયેલું?'

'હા.'

'કેમ?'

નીવાડેકર જવાબ આપતાં અચકાયો પછી કહ્યું : 'ના, મેં ઘડિયાળમાં જોયું નહોતું મારા મિત્રને ત્યાં ગયો ત્યારે ઘડિયાળમાં

જોયેલું.'

એ વખતે કેટલા વાગેલા?''

'૧૦-૪૫.'

'તમારા મિત્રને ઘરથી કાંદીવલીના અંતાણી નિવાસ સુધી પંદર મિનિટનું અંતર છે.'

'હા-ના.'

'એટલે?'

'વચ્ચે હું પાન ખાવા થોભ્યો હતો.'

'પાનની દુકાન ખુલ્લી હતી.'

'હા.'

'કઈ.'

'અલ્પા પાન હાઉસ.'

'પાનવાળો તમને ઓળખે છે?'

'ના.'

'કેમ?'

'કેમ કે મેં ત્યાંથી પહેલી વખત પાન લીધું હતું અને હું કાંદીવલીમાં રહેતો નથી.'

'તમે તમારા એ મિત્રને ત્યાં એકલા જ ગયા હતા?'

'એટલે, આપ-!'

'તમે તમારા એ મિત્રને ત્યાં એકલા જ ગયા હતા?'

'હું-હા, મારી સાથે શર્મિષ્ટા હતી.'

'શર્મિષ્ટા કોણ છે.'

'તે મારી મિત્ર છે.'

'તમે તમારા એ મિત્રને ત્યાંથી નીકળ્યા ત્યારે શર્મિષ્ટા તમારી સાથે હતી?'



'હા.'

'કાંદીવલી સ્ટેશને પહોંચતા સુધી તમે બંને સાથે હતા?'

'હા.'

'શર્મિષ્ટાએ મી. દોશીને બંગલાની વંડી ઓળંગીને બહાર નીકળતાં જોયા હતા?'

'નવનીતરાય દોશીએ તમને જોયા હતા?' 'હા.'

'મને ખબર નથી.'

'કેમ?'

'તેમણે અમેન જોયાં કે ન જોયાં એ હું કેવી રીતે કહી શકું?'

'બહુ સરળ રીતે. તેમણે તમને જોઈને તમારી તરફ નજર નાખી હશે.'

'ના, તેમણે અમારી તરફ નજર નહોતી નાખી.'

'ચોક્કસ કહો છો!'

'હા.'

'અજાયબ ! આરોપમાં કહેવાય છે કે નવનીતરાય દોશી ખૂન કરીને ખૂનમાંથી છટકવા ભાગ્યા હતા. એ માટે તેમણે મુખ્ય ગેટનો પણ ઉપયોગ નહોતો કર્યો. વંડી કૂદીને ભાગ્યા હતા. જો ખરેખર આમ જ હોય તો તેમણે વંડી કૂદતાં આજુબાજુ જોઈ લેવું જોઈતું હતું કે જેથી તેમને એ કૂદવાની ક્રિયા કરતાં કોઈ નીરખી ન જાય.'

'નામદાર.' પબ્લીક પ્રોસીક્યુટર ઊભા થઈ ગયા હતા. 'આરોપીએ તેમના તરફ જોયું કે ન જોયું એ સાક્ષી કેવી રીતે કહી શકે ? આરોપી જ્યારે વંડી પર ચઢ્યા હશે ત્યારે તેમણે આજુબાજુ ઉતાવળમાં જોઈ લીધું હશે. રાત હોવાથી તેમણે સાક્ષીને અને તેમની સાથેના મિસ શર્મિષ્ટાને નહીં જોયાં હોય અથવા પડછાયાના કારણે પણ ન જોઈ શકાયા હોય. પણ જ્યારે નીચે ઊતરવા કૂદકો માર્યો

હશે ત્યારે ખબર પડી હશે કે બે જણ હાજર છે એટલે ઝડપથી ઊંધુ ઘાલી આગળ ધપી ગયા હશે.'

'પબ્લીક પ્રોસીક્યુટર સાચું કહી રહ્યા છે. તમે સવાલ પડતો મૂકી બીજું પૂછી શકો છો' ન્યાયમૂર્તિએ કહ્યું.

'વારુ, તમે શર્મિષ્ટાને કેટલા સમયથી જાણો છો?'

'લગભગ ત્રણ વર્ષથી.'

'તે ક્યાં રહે છે?'

નીવાડેકર ગભરાયો. તેના ચક્ષુ આગળ રાતનો પ્રસંગ ઊપસી આવ્યો.

'કમલવિલા, માહીમ-ઈસ્ટ.'

'પછી તમે તેને તેના મકાન સુધી મૂકવા ગયા હતા?'

'ના, માહીમ સુધી અમે સાથે હતાં.'

'તમે તેને ત્યાર પછી મળેલા?'

'ના.'

'તા. ૧૫મી માર્ચના રાત પછી તમે તેને ક્યારે મળેલા?' સંતોષીએ એ જ પ્રશ્નનો ફરીથી પડઘો પાડ્યો.

'મે એનો જવાબ આપી દીધો છે.'

'શર્મિષ્ટા અત્યારે ક્યાં છે તે આપ જાણો છો?'

'ના.'

'તા. ૧૬મી માર્ચના રોજ રાતના દશ વાગે તમે ક્યાં ગયા હતા?'

'તે રાત્રે હું ક્યાંય બહાર નહોતો ગયો.'

'તમે પ્રેક્ષકોની પાટલી પરની છેલ્લી લાઈન પર નજર નાખો અને પછી મારા સવાલનો જવાબ આપો.'

નીવાડેકરે છેલ્લી લાઈન પર નજર નાખી...



'તમે શર્મિષ્ટાને છેલ્લી લાઈનમાં બેઠેલી જોતાં નીવાડેકર કંઈક ક્ષોભિત થયો. એટલામાં પબ્લીક પ્રોસીક્યુટર તેની વહારે ધાયા.'

'આ બધું ઈદમ તૃતિયમ્ છે નામદાર, આ રીતસરની ઊલટતપાસ નથી.'

'સાક્ષીને પ્રેક્ષકોની છેલ્લી લાઈન પર નજર કરવાનું કરેલ સૂચન હુ પાછું ખેંચી લઉં છું નામદાર.' વકીલ સંતોષીએ કહ્યું : 'અને મારો પ્રશ્ન કાયમ રાખું છું.'

'સાક્ષીએ એ સવાલનો જવાબ આપવો.' ન્યાયમૂર્તિએ કહ્યું.

'મને હવે યાદ આવે છે કે ત્યાર પછી હું તા. ૧૬મીની રાતે તેને મળ્યો હતો?'

'ક્યાં?'

'તેના મકાને.'

'તમે જ્યારે ૧૬મીની રાત્રે તેને મળ્યા ત્યારે તમારી સાથે બીજું કોઈ હતું?'

'હા.'

'કોણ?'

'લક્ષ્મી.'

'લક્ષ્મી કોણ?'

'મારી પિતરાઈ બેન.'

'તમે શર્મિષ્ટાને મળવા કેમ ગયા હતા?'

'મારે એ જણાવવું પડશે?'

'હા.'

'લક્ષ્મીને કલ્યાણ જવું હતું પરંતુ તેની તબિયત સારી નહોતી એટલે શર્મિષ્ટાને તેની સાથે જવાનું કહેવા માટે અમે ત્યાં ગયા હતા.'

'શર્મિષ્ટા સાથે તમારો ક્યો સંબંધ છે?'

'એક મિત્રનો.'

'એકદમ નજીકની મિત્ર?'

'એમ તો ન કહી શકાય પણ મિત્ર છે?'

'મિત્રાચારી કયારથી શરૂ થયેલી?'

'શર્મિષ્ટા જયારે હેવી મશીનરીઝમાં નોકરી કરતી હતી ત્યારથી.'

'તમને એટલો વિશ્વાસ હતો કે શર્મિષ્ટા તમારી બહેન લક્ષ્મી સાથે કલ્યાણ જશે?'

'હા.'

'કેમ?'

'કારણ કે એ મારી મિત્ર છે.'

કોર્ટમાં થોડી હસાહસ થઈ.

'વારૂ. તમે તમારી બહેન સાથે શર્મિષ્ટાને ત્યાં ગયાં. પછી શું થયું?'

'શર્મિષ્ટા જવા માટે તૈયાર થઈ એટલે મેં તેમની સાથે વી.ટી જઈ તેમને ટિકિટ લઈ આપી.'

'પછી તમે શું કર્યું.'

'પછી હું ઘેર આવ્યો.'

'શર્મિષ્ટા કલ્યાણ જવા તૈયાર થઈ એ પહેલાં કાંદીવલી ખાતે થયેલા આ ખૂનની વાત તમે જાણતા હતા?'

'આ સવાલ સામે મારો વાંધો છે નામદાર, બચાવ પક્ષના વકીલ આવા કામ વગરના સવાલ પૂછી નામદાર કોર્ટનો સમય બરબાદ કરી રહ્યા છે.' પબ્લીક પ્રોસીક્યુટર બોલી ઊઠ્યા.

'મને લાગે છે કે વાંધો બરાબર લેવાયો છે. પક્ષના વકીલ જયાં સુધી આ સવાલનો હેતુ કેસની સાથે સંબંધકર્તા છે એવું દર્શાવી



આપશે નહી ત્યાં આ વાંધો કોર્ટે મંજૂર રાખે છે.' ન્યાયમૂર્તિએ કહ્યું.

'નામદાર કોર્ટને એ સંબંધ દર્શાવવા માટેનો જ મારો સવાલ હતો. એ સવાલ પરથી હું એ સાબિત કરવા માગું છું કે કાંદીવલી ખાતે અંતાણી નિવાસમાં થયેલ રાઘવ દોશીના ખૂનના ભેદની કોઈક કડી મિસ શર્મિષ્ટા જાણે છે. અને આ ભેદ જાહેર ન થાય માટે નીવાડેકરે લક્ષ્મીને કલ્યાણ જવાની વાત ઊભી કરી અને તેની સાથે શર્મિષ્ટાને પણ મુંબઈથી બહાર મોકલી દીધી હતી. એટલું પૂરતું ન હોય તેમ શર્મિષ્ટાના ફલેટની ડુપ્લીકેટ ચાવી મેળવી રાતના અંધારામાં તેની ખાલી ફલેટમાં ઘુસી નીવાડેકરે કેટલાક બનાવટી પુરાવા ઊભા કરવા પ્રયત્ન કર્યો હતો અને-'

પરંતુ સંતોષી આગળ કંઈ બોલે તે પહેલાં તો નીવાડેકર જોરથી બરાડી ઊઠ્યો : 'એ જુઠ છે. હળાહળ જુઠ છે. મેં એવું કોઈ કામ કર્યું નથી. હું તો ફક્ત-' પણ નીવાડેકર આગળ કંઈ બાફી મારે એ પહેલાં પબ્લીક પ્રોસીક્યુટર તેની મદદે આવ્યા.

'નામદાર.' તેમણે ઉગ્ર સાદે કહ્યું : 'કોર્ટ અને માનવંતા જ્યુરીન સભ્યોને મારે વિનંતી કરવાની કે બચાવપક્ષના વકીલ આવા ઘડમાથા વગરનાં નાટકો કરવામાં જાણીતા છે અને તેમણે અત્યારે જે રજુઆત કરી છે તે ધડમાથા વગરની જ છે. જયાં સુધી તેઓ કહેલું સાબિત ન કરી બતાવે ત્યાં સુધી સાક્ષીની સામે આમ બોલે તે સામે મારો વાંધો છ, નામદાર.'

અને કોર્ટ આ વાંધા અંગે કંઈ કહે તે પહેલાં સંતોષીએ ઊભા થઈને કહી દીધું : 'ઉલટતપાસમાં મારે આ સિવાય કાંઈ વધુ પૂછવું નથી નામદાર.'

પબ્લીક પ્રોસીક્યુટરે પોતાને બોલેલા શબ્દો વ્યર્થ જતા જોઈને વકીલ તરફ દાઝ ચઢી, સાથે આશ્ચર્ય પણ થયું કે આટલી બધી હો-

હો-કર્યા પછી વકીલે નમતું જોખી દીધું !

ન્યાયમૂર્તિ શ્રી ભટ્ટાચાર્ય પણ સંતોષીના આ વલણથી આશ્ચર્ય પામી ગયા. તેમણે કહ્યું : 'મી. સંતોષી, કોર્ટે હજુ રૂલીંગ વાપર્યું નથી, you have every right to cross-examine the witness.'

'મારે ઊલટતપાસમાં કાંઈ પૂછવું નથી, નામદાર. પરંતુ નામદાર કોર્ટ ખાસ યાદ કરાવે છે ત્યારે એક છેલ્લો પ્રશ્ન પૂછી લેવાની તક લઉં છું.' કહેતાં વકીલ સંતોષીએ ઈન્સ્પેક્ટર જાડેજા તરફ નજર નાખી. જાડેજાએ વકીલની નજર પોતાની સામું જોતાં પરાણે હસવાનો પ્રયત્ન કર્યો.

'મી. નીવાડેકર, તમે તથા મિસ શર્મિષ્ટા તમારા જે મિત્રને ત્યાં ગયાં હતાં, તે મિત્રનું નામ અને સરનામું શું છે?'

'અનંત પૂણેકર, ૫૨૩૫ - કસ્તુરબા રોડ.' આટલું બોલતાં તેણે બે વખત પરસેવો લૂછયો.

વકીલે જોયું તો જાડેજાએ તે સરનામું ટપકાવી લીધું હતું.

કંઈક અંશે વકીલની ચાલનો પાર પામી જતાં કે પછી પરિસ્થિતિનો વિચાર કરતાં પબ્લીક પ્રોસીક્યુટરે કહ્યું : 'નામદાર કોર્ટને મારી વિનંતી છે કે આ કેસમાં કેટલાક નવા ફણગા નીકળી આવ્યા છે. અને તેથી કેટલીક નવી તપાસ કરવી જરૂરી બની છે એટલે આવતીકાલે સવારના ૧૦-૩૦ કલાક સુધી અમને મુદત આપશો.'

'ભલે, કોર્ટ આવતીકાલે સવારના ૧૦-૩૦ કલાકે ફરીથી મળશે. ત્યાં સુધી આરોપીને કસ્ટડીમાં લઈ જવા.'

બહાર નીકળતાં સંતોષી દોશીની પાસે રહી પસાર થયા કે દોશી ધીમેથી બોલી ઊઠ્યા : 'વકીલ સાહેબ, તમે શર્મિષ્ટાને કેસમાં ખેંચી રહ્યા છો એની ખબર છે?'



'મારે મારા અસીલનું હિત જોવાનું હોય છે. પછી કોણ ખેંચાઈ છે ને કોણ રહી જાય છે એ જોવાનું મારું કામ નથી.'

'તમે મને મળજો. મારે કેટલીક વધુ વાતો કહેવાની છે. મળશો ને?'

'હા, મારા અસીલને લાભ થતા હોય તેવા દરેક પ્રયત્ન કરી જોવા હું તૈયાર જ હોઉં છું. ચોક્કસ આવીશ.' વકીલે કહ્યું અને બહાર નીકળી ગયા.

'મને તારી છેલ્લા અડધા કલાકની રમત સમજાઈ નહીં.' બહાર નીકળ્યા એટલે બક્ષીએ કહ્યું.

'મારો છેલ્લો સવાલ સમજાયો?' વકીલે પૂછયું.

'ઈન્સ્પેક્ટર જાડેજાએ સરનામું નોંધી લીધું છે. કદાચ બીજે ક્યાંય ન રોકાતાં સીધા ત્યાં જ જશે.'

'મારે ગમે તેમ કરી શર્મિષ્ટાને સ્ટેન્ડ પર ઊભી કરવી છે.' શર્મિષ્ટા અને નીવાડેકર બંને ખૂનનું રહસ્ય જાણે છે એમ મારું માનવું છે. જો એમ ન હોય તો નીવાડેકરની દોરવણીથી શર્મિષ્ટા કલ્યાણ જાય નહીં. શર્મિષ્ટા સ્ટેન્ડ પર આવશે એટલે ઘણો રહસ્યસ્ફોટ થશે અને જે આ અડધા કલાકની રમત રમ્યો, એ તે કારણે જ તે માટેની જરૂરી ભૂમિકા તૈયાર કરવામાં હું સફળ થયો છું. હવે પબ્લીક પ્રોસીક્યુટર તેને સ્ટેન્ડ પર લાવશે અને હું ઊલટતપાસ કરી એ રહસ્ય બહાર લાવીશ.'

'પણ પબ્લીક પ્રોસીક્યુટર તો અત્યારથી જ કેસ હારી ગયો હોય એમ જણાય છે.'

'આજે રાત્રે તે ભાગ્યે જ ઊંઘે.' વિનોદ સાથે હતો તેણે કહ્યું.

## ૧૩.

ફરી એકવાર વકીલ સંતોષી અને નવનીતરાય દોશી મુલાકાતીઓ માટેના ખંડમાં બેઠા.

'તમે આજે મને જે વાત કહેશો એ તદ્દન સાચી હશે એમ માની લઉં છું.' વકીલે કહ્યું.

'આપણી અણજાણમાં પણ એક ક્રિયામાંથી બીજી ક્રિયા પર પડઘા પડે છે.'

'એમ જ થયું. મને ખબર નહોતી કે શર્મિષ્ટા આમાં ખેંચાશે. હું તેની અલિપ્તતા ઈચ્છતો હતો. પણ એ જ શર્મિષ્ટા અજાણતાં કેસમાં ખેંચાઈ. એ આમાં કશું નથી જાણતી છતાં કાલે તેને પાંજરામાં ઊભું રહેવું પડશે એ હું કેવી રીતે સહી શકું ? ખેર, અત્યારે જે વાતો હું કહેવા માગું છું તે સાચી જ છે અને તમારી પાસેથી પણ એ જ ઈચ્છું છું કે તમે તે સાચી માનો અને મારી જેમ કોઈને ન કહેતાં, તમારા મગજમાં દાબી દેજો. આ વાતોથી મારી પ્રતિષ્ઠાને ઘણી આંચ આવે તેમ છે. જો કે આ ખૂનકેસથી પ્રતિષ્ઠા તૂટી છે પણ ઊંડે ઊંડે આશા છે કે આપની મદદથી હું આમાંથી બહાર નીકળી શકીશ અને ફરીથી પ્રતિષ્ઠા બાંધી શકીશ.

'આ વાતો જે હું તમને જણાવુ છું એ તમારા મદદનીશ પણ ન જાણે એની તકેદારી રાખજો. હજુ પણ મારું મન ડંખે છે કે મારે મારો ભૂતકાળ તમને ન કહેવો જોઈએ. પણ હું કહીશ. શર્મિષ્ટાનો પ્રશ્ન છે ત્યાં હું ચૂપ નહીં રહું. તમે આ વાતોથી કેસમાં ઊંડા ઊતરી શર્મિષ્ટાને કેસમાં અલગ રાખો.' દોશી શ્વાસ ખાવા થોભ્યા.

'શર્મિષ્ટા આ વાતો જાણે છે?'

'નથી જાણતી. પણ ઊંડે ઊંડે શંકા છે કે તે જાણે છે. કદાચ



અમારો સંબંધ શરૂ થયો ત્યારે મારી પૂરેપૂરી ઓળખ આપવા મારા દિલને મેં તેની આગળ ખૂલ્લું કર્યું હતું પણ એ વખતે એ વાત જણાવી હતી કે નહીં એ અત્યારે મને યાદ નથી. હું તેને એ પૂછી લેવા ઈચ્છું છું પણ હિંમત નથી ચાલતી. રખે તે કદાચ વાતો ન જાણતી હોય અને હું પૂછું ત્યારે જાણવાની જીદ કરે અને મારે પછી ના છૂટકે જણાવવી પડે. પછી તેને ખોટું લાગે, મારા તરફ તિરસ્કાર જાગે અને મને તુચ્છકારી જતી રહે તો ?- વકીલ સાહેબ હું તેને બહુ ચાહું છું I am too stupid in love.'

'અચ્છા, તમારી વાત કહો.'

'આજથી લગભગ પાંચેક વર્ષ પહેલાં હું તાજો ગ્રેજયુએટ થઈને બહાર પડ્યો હતો. ઘણી આશા, ઉમંગ, ઉત્સાહ લઈને હાથમાં સર્ટિફિકેટ રાખી ભાવિનાં શમણાં સિધ્ધ કરવા હું નીકળી પડ્યો. પણ જ્યારે દુનિયાની દૂરથી સુંદર દેખાતી નક્કર ભૂમિકા પર પગ મૂક્યો, થોડું ચાલ્યો ત્યારે સમજાયું કે દુનિયાને દુરથી જોઈ છે, નિહાળી છે, તેમાં રાચવાનાં શમણાં વાગોળ્યાં છે એવી આ દુનિયા નથી. નોકરીની શોધમાં ઘણો ભટક્યો, પણ કંઈ ચાન્સ ન લાગ્યો. દરેક જગાએથી નિરાશ થઈને પાછું ફરવું પડ્યું.

'એક દિવસ આવી સ્થિતમાં મને રાઘવ દોશી મળ્યો. એ પણ હું જ્યાં રહેતો હતો એ ચીરાણાનો વતની હતી. નાનાપણથી હું તેને ઓળખતો હતો. તે એક લોફર હતો. જે દુનિયામાં હું ટીચાયો હતો એ દુનિયાએ મને શિખવ્યું હતું કે અંદરખાનેથી લોફર તો બધા જ છે. એક લોફર થવાનાં લક્ષણો બધામાં દષ્ટિગોચર થાય છે. પણ એ લક્ષણો ઉજળાં કપડાં, પૈસો અને સારી રીતભાતમાં ઢંકાઈ જાય છે. સાધુપુરુષો ભગવાનનો સહારો લઈ તેમાંથી છૂટે છે. ભિખારીઓમાં પૈસાના અભાવને કારણે એ લક્ષણો બહાર આવતાં નથી. તો પછી

સર્વમાં જે સામાન્ય હોય તેની તરફ વધુ ધ્યાન આપવાની શી જરૂર ? અને મેં રાઘવ દોશીનો પરિચય કેળવ્યો. રાઘવ દોશી આમ એટલો બધો ખરાબ પણ ન હતો. હા, તેનામાં વિશ્વાસ મૂકવા જેવું લાયક માણસ નથી. ખેર, એ રાઘવ દોશીને કારણે મારે જે થોડી ટંકો ભૂખ્યા રહેવું પડતું હતું એવું ફરી ન બન્યું. અમે બંનેએ પછી સાથે રહી નોકરી શોધવાનું નક્કી કર્યું. રાઘવ દોશીને સમજાવીને મેં તેને સારા રસ્તા પર ચાલવા લલચાવ્યો હતો.

'નોકરી મળતી નહોતી. અને અમારે ચોરી જેવો ધંધો કરવો નહોતો એથી નજીવું જે ગધ્ધાવૈતરું મળે તેનાથી દિવસો ટૂંકા કરવા લાગ્યા. તો પણ પૈસાની તો ખેંચ પડતી હતી હા, ખાસ ભૂખ્યું નહોતું રહેવું પડતું. અમારી આવી એક ગધ્ધામજૂરી હતી; જાળ નાખીને માછલાં પકડવાં.'

'રાતના અંધારામાં ખાડીના કિનારા પરથી કોઈકનું હોડકું છોડી અમે કદીક માછલાં પકડવા નીકળી પડતા. હોડકું તો આખી રાત કામ વગર પડી રહેતું હતું પછી તેનો ઉપયોગ કેમ ન કરવો ? એવી અમારી ફિલસુફી હતી. આમાં અમારો ખાવાનો પ્રશ્ન તો ઊકલી જતો અને અણઆવડત હોવા છતાં કદીક વધુ માછલાં મળી જતાં તો તેને વેચીને અમે બે-ચાર દિવસની ખર્ચી જોગી રકમ ભેગી કરી લેતા. પછી એ દિવસો દરમ્યાન કંઈ કામ કરવાનું નહીં. એકાદ ટોકિઝમાં જઈ પિક્ચર પણ જોઈ નાખતા અને થોડો દારૂ પણ પી નાખતા.'

'એવી જ એક રાતે અમે હોડકું તફડાવી ખાડીમાં આગળ વધી રહ્યા હતા. ચાંદાના અજવાળામાં પાણી દુધિયા રંગ જેવું જણાતું હતું. રાઘવની તબિયત સારી નહોતી અને મને યાદ છે ત્યાં સુધી તેણે થોડું પીધેલું હતું એટલે હલેસાં મારવાનું કામ મારા ભાગે આવ્યું



હતું. તે તો ટૂંટિયું વાળી ખૂણામાં પડી રહ્યા હતો અને નસકોરાં બોલાવી ઘોરતો હતો. હું હોડકાને હંકારતો હંકારતો ઊંડાં પાણી તરફ લઈ જવા લાગ્યો. જો કે એ જગા તો દૂર હતી પણ ત્યાંથી સારાં માછલાં હાથમાં આવતાં હતાં.'

'હોડકું જ્યારે રેલ્વેના પુલ નીચેથી પસાર થયું ત્યારે મારી નજર પુલના થાંભલાના પગથાર પર પડેલા એક આકાર તરફ ગઈ. ચાંદાના અજવાળામાં આકાર બરાબર કળતો નહોતો. કુતુહલવશ થઈ હોડકું ત્યાં હંકારી ગયો ને ચમક્યો.

'પાણીમાં ભિંજાયેલો એક સ્ત્રીનો દેહ ત્યાં પડ્યો હતો. પગથી માથાના વાળ સુધી તે પાણીમાં પલળેલો હતો. હું તેને વધુ સ્પષ્ટતાથી નિરખવા એકદમ પાસે ગયો. લાઈટર સળગાવી તેનું મોં ઓળખવા પ્રયત્ન કર્યો પણ ઓળખી શકાયું નહીં. તેના શરીરનાં કપડાં અને ઘરેણાં પરથી તે સારી રીતે સુખસગવડમાં રહેતી સ્ત્રી જેવી લાગતી હતી. '

'હવે શું કરું ?'- જો કે ભય જેવી કોઈ ચીજ મને તે વખતે સ્પર્શી નહોતી પણ અત્યારે જ્યારે એ પ્રસંગ યાદ આવે છે ત્યારે મારાં રૂંવાં ઊભાં થઈ જાય છે અને આશ્ચર્ય થાય છે કે હું એટલી હિંમત કેમ કરીને મેળવી શક્યો હતો. હિંમત તો ખરી જ, કેમકે એ પછી મેં એ લાશને હોડકામાં લીધી.

એ વખતે વિચાર હતો જઈને લાશ પોલીસને સુપ્રત કરું. પણ અત્યારે જ્યારે પોલીસના મામલામાં પડ્યો છું ત્યારે કબૂલ કરું છું કે અન્યાય સહન કરવો પણ કદી પોલીસનાં પગથિયાં ચઢવાં નહીં.

'લાશને લઈ હલેસાં મારતો હું ખાડીમાંથી બહાર નીકળવા કિનારા તરફ જવા લાગ્યો. આ સમય દરમ્યાન ચાંદાના પ્રકાશમાં જોવા મારી આંખ કેળવાઈ ગઈ હતી. લાશના પગ મારી તરફ જોઈ

લેતો હતો, અને અચાનક કંઈક અજૂગતું લાગતું મારી નજરે ચડ્યું. મેં બરોબર ધ્યાનપૂર્વક એ તરફ જોયું.'

'લાશના બંને પગમાં ઊંચી એડીનાં સેંડલ હતાં. ઊંચી એડીનાં સેંડલમાં વજનમાં હલકું લાકડું વપરાયેલું છે એ હું જાણતો હતો. આ લાકડું પાણીમાં ભીંજાવાથી પોચું બન્યું હતું અને પછડાટને કારણે એક એડી તૂટેલી હતી. એ પછડાટ કદાચ લાશને મેં જ્યારે હોડકામાં લીધી ત્યારે થઈ હોય. તૂટેલી એડી ચાડી ખાતી હતી કે એડીમાં પોલાણ છે. કોઈ તૂટેલા નાના ખોખા જેવો એ ભાગ જણાતો હતો.'

મેં હલેસાં મારવાનાં રહેવાં દીધાં અને લાશના પગ પાસે જઈ એડી ધ્યાનપૂર્વક જોઈ. જે મેં ધારેલું હતું એ જ નીકળ્યું. એડીમાં એક ચોરખાનું હતું. હોકડામાં પડેલો એક સળીયો ઉઠાવી એડીનું બાકીનું લાકડું તોડી નાખ્યું અને હોડકાના લાકડા પર બોલો અવાજ બોલાવતી એક ચાવી પડી.

'ત્યાર પછી બીજી એડી ખોલવા પ્રયત્ન કર્યો તો જણાયું કે તે એડી બીજા સામાન્ય ચંપલની એડી જેવી જ સળંગ લાકડામાંથી બનાવેલી હતી. મેં ચાવીને સાચવીને ખિસ્સામાં મૂકી. એક વખત તો એ લાશ પરથી દાગીના ઉતારી લેવાનો એક વિચાર મનમાં ઝબૂકી ગયો. પણ એક વખાનો માર્યો ગ્રેજ્યુએટ યુવાન એવું કરે એ મને યોગ્ય ન લાગ્યું. ચાવી ખિસ્સામાં પડવાની સાથે લાશ માટેનો વિચાર ઊડી ગયો. હવે પોલીસને તે સોંપવા હું ક્યાં જાઉં ? પછી બીજા કંઈ વિચાર કરવાના રહેવા દઈ લાશને હોડકાની કિનારીએ ખેંચી લાવી દરિયામાં પધરાવી દીધી.'

'લાશ જ્યારે પાણીના વલયો ફેલાવતી ઊંડાણમાં જવા લાગી ત્યારે હું પાછળ ફર્યો. હલેસાં હાથમાં લઈ હલેસાં મારવાં શરૂ કર્યાં કે અવાજ આવ્યો : 'કાં નવનિતિયા, પતાવી દીધું?'



મેં પાછળ નજર કરી. રાઘવ દોશી પડ્યો પડ્યો જાગતો હતો.

'શું પતાવી દીધું ? શાની વાત કરે છે ?' મેં હલેસાં મારવાનાં ચાલુ રાખી તેની વાતમાં ધ્યાન ન આપ્યું.

'આમ અણજાણ ન બન. હું બધું જાણું છું. મેં બધું જોયું છે.'

'શું ? મારાથી પૂછાઈ ગયું?'

'તેં હમણાં કોઈકને અંદર હડસેલી દીધું.' જાણે તેના માટે કોઈ નવાઈની વાત ન હોય એટલી નફિકરાઈથી તે બોલ્યો. હજુ ઊભા થવાનું નામ નહોતો લેતો.

'મેં તેને જવાબ ન આપણાં હલેસાં મારવાનું ચાલુ રાખ્યું.

'તે વખતે તો એ વાત ત્યાં દટાઈ ગઈ પરંતુ તે ચાલાક અને લુચ્ચો હતો - શિયાળ જેવો લુચ્ચો. બે અને બે ચાર કરવામાં તે ભૂલ કરે એવો નહોતો. જો કે તે વખતે મને ખબર નહોતી કે તેનો આ વહેમ મને આટલો બધો હેરાન કરશે.'

'ત્યાર પછી રોજ સવારમાં મેં જુદાં જુદાં દૈનિકપત્રો ફેંદવા માંડ્યાં. બે ત્રણ દિવસ સુધી તો મારા મનમાં રમતા હતા એવા કોઈ સમાચાર વાંચવામાં ન આવ્યા. પણ ત્રીજા કે ચોથા દિવસે એક મૃત્યુ-નોંધ વાંચી. હું સમજી ગયો કે આ તે લાશ વિશેની જ હશે. મૃત્યુ-નોંધમાં વર્ષા અંતાણી નામની એક બાઈના અકાળ અવસાનની નોંધ હતી. નોંધ પરથી એટલું જાણવા મળતું હતું કે વર્ષા અંતાણી નામની બાઈ જે કાંદીવલી ખાતે આવેલ 'અંતાણી નિવાસ'ની એકલી માલિકણ બાઈ હતી તેનું કોઈ બદમાશોએ ખૂન કરી લાશને દરિયામાં ફેંકી દીધી હતી. માછલાં પકડવા નીકળેલ એક માછીમારના હાથમાં તેની દરિયાઈ જીવોથી ખવાઈ ગયેલી લાશ આવી હતી તેણે તે પોલીસમાં સોંપી હતી.

'આ વાંચતા મારા દિલના ધબકારા વધી ગયા. ધબકારા

વધવાના કારણોમાં મુખ્ય કારણ 'ચાવી' હતું. મરનારની એક ચાવી મારી પાસે હતી કે જે અલ્લાઉદ્દિનના જાદુઈ ચિરાગની જેમ મારા માટે ખજાનાનાં દ્વાર ખૂલ્લાં કરી દેતી હતી. મારું પૂરેપૂરું માનવું હતું કે એ ચાવી કોઈ ખજાનાની જ હોવી જોઈએ. આમ ન હોય તો કોઈ દસ્તાવેજી કાગળોની. દસ્તાવેજી કાગળોનો ખ્યાલ આછો પાતળો હતો. આમાં પૂર્તિ કરે એવું બીજું નીકળ્યું કે તે 'અંતાણી નિવાસ'ની તે એકલી માલિકણ બાઈ હતી. મતલબ કે તે એકલી 'અંતાણી નિવાસ'માં રહેતી હોવી જોઈએ. 'અંતાણી નિવાસનો બીજો કોઈ ભાગીદાર ન હોવો જોઈએ. પણ આની મારે ચકાસણી કરવી જોઈએ. કાંદીવલી ખાતે આવેલા અંતાણી નિવાસે જઈ બધું જોઈ આવવું જોઈએ.

'ને હુ ઉપડ્યો. બંદા પાસે સમયનો તો જાણે તોટો નહોતો. મારી પાસેનો સમય ખૂટતો નહોતો. સમયની આગળ હું ખૂટતો જતો હતો. ટ્રામ કે ટેક્ષીના પૈસા કાઢવાનું પાલવે એમ નહોતું. એટલે પૈદલ જ સારું. આમ પણ હું અને રાઘવ મોટે ભાગે જ્યાં જતા ત્યાં ચાલતાં જતા. મેં કાંદીવલી તરફ ચાલવા માંડ્યું.

'કાંદીવલી પહોંચી. 'અંતાણી નિવાસ'ને શોધી તેની આસપાસ એક વખત તો કોઈને શંકા ન જાય એમ ચક્કર મારી લીધું. બંગલો વિશાળ હતો. કોઈ તેમાં રહેતું નહોતું. આખો બંગલો બંધ હતો. ગેટ આગળ પોલીસ પહેરો ભરી રહી હતી. જે મારા મનમાં હતું એ સાચું નીકળ્યું કે મરનારની પાછળ તેનું કોઈ સગું નહોતું. હવે મારે માટે રસ્તો ખુલ્લો હતો. મારે ફક્ત એટલું જ કરવાનું હતું કે ગમે તે રીતે બંગલામાં પ્રવેશી મારી પાસેની ચાવી કયાં લાગે છે તે જોવાનું.

'હવે ક્યાંથી બંગલામાં ઘુસી જવાય એ જોવા મોં ફરીથી



ચારેબાજુ ચક્કર માર્યું.' જો કે આ ચક્કર મારતાં તકેદારી રાખી હતી કે પોલીસની નજરે ફરી ન ચઢી જવાય. જો પોલીસ વધુ ટાઈમ બંગલા પાસે મને જુએ તો પોલીસ છે, એનું ભલું પૂછવું અને તેથી જ મારે ગેટથી પ્રવેશવાનો વિચાર પડતો મૂકવો પડ્યો.

'બંગલાની ચારેબાજુ વંઢી હતી, સિવાય કે જગા. આ જગા પર ગેરેજ હતું. જે બંગલાને અને પાસેથી શરૂ થતી 'ધી ન્યુ શંકર લોજ' ને સાંધતુ હતું. લોજની એ દીવાલ વંઢીની ગરજ સારતી હોવાથી ત્યાં વંઢી નહીં બનાવાઈ હોય.

'મને આ સિચ્યુએશન ગમી. તરત લોજમાં ગયો અને તપાસ કરી તો જાણવા મળ્યું કે મારે જે તરફ ઓરડી જોઈતી હતી તે તરફ પહેલા માળે સિંગલબેડની એક ઓરડી ખાલી હતી. તરત મેં એ ઓરડીનું રીઝર્વેશન કરાવી નાખ્યું. સાંજે આવી જઈશ એવું કહીને ત્યાંથી નીકળ્યો.'

'વહેલી સાંજે એક થેલીમાં બહાર કોઈને શક ન જાય એમ બે નાઈલોનનાં દોરડાં અને હૂક લઈ હું લોજમાં દાખલ થયો કલાર્ક પાસેથી ચાવી લઈ કલાર્કને કહ્યું કે મારે ખાનગી કામ હોવાથી મારા એકાંતમાં મને કોઈ ડિસ્ટર્બ ન કરે. મને શક હતો કે પગલાં દબાવતો રાઘવ દોશી આવી ચઢશે.'

'પહેલા માળે આવી ઓરડી પાસે હું ઊભો રહ્યો. આજુબાજુની બંને ઓરડીઓ બંધ હતી. ઉપર તાળાં લટકાયેલાં હતાં. મને આ ગમ્યું કેમકે હું જે કરવા ધારતો હતો એમાં ખખડાટ થવાનો સંભવ હતો. પણ પડોશીઓની ગેરહાજરીથી એ ખખડાટ બીજા કાને પડવા સંભવ નહોતો.

'મેં ઓરડીનું તાળું ખોલ્યું. તરત ખોલેલું બારણું બંધ કરી હાથમાંની થેલીને પલંગ પર નાખી અંતાણી નિવાસના ગેરેજ પર

પડતી બારીને ખોલી નાખી. નીચે જોયું. ખાસ્સું એવું દશ ફીટ જેવું અંતર હતું. કૂદકો મારીને ગેરેજ પર કૂદી પડાય તો ખરું પણ ચઢવાનાં ફાંફાં પડે અને કૂદી પડવાના અવાજથી મુશ્કેલી આવી પડે એ જુદું. પણ સામેના ‘અંતાણી નિવાસ’ની બે બારી ગેરેજના છજાથી ચારેક ફીટ ઊંચે હતી. એ ચઢવામાં વાંધો નહીં નડે એવું મને લાગ્યું. પછી તરત મેં ખોલેલી બારી બંધ કરી દીધી. બાથરૂમમાં જઈ હાથમોં ધોઈ ડીનર હૉલમાં જઈ જમી આવ્યો અને બારણું અંદરથી લૉક કરી પલંગ પર પડી ઊંઘવા પ્રયત્ન કરવા લાગ્યો.

‘પણ ઉશ્કેરાટને કારણે ઊંઘ આવે તેમ નહોતું. મધરાત સુધી પલંગ પર આડાં અવળાં પાસાં ઘસ્યા કર્યાં. મધરાત પછી પણ થોડો સમય સૂઈ રહ્યો અને જ્યારે એક દોઢ વાગ્યો હશે ત્યારે ઊઠ્યો. ઊઠીને બિલકુલ અવાજ ન થાય એમ બારી ખોલી. થેલીમાંથી નાયલોનનાં દોરડાં તથા હૂક કાઢ્યાં. એક દોરડાને બારીના વચ્ચેના પાટા સાથે બાંધી નીચે ગેરેજ પર ઝૂલતી કરી. બીજી દોરડાના એક છેડે ત્રણચાર ગાંઠો વાળી હૂક કસીને બાંધ્યો. હૂકને અને દોરડાને ખેંચી જોયાં. બારીના વચ્ચેના પાટા પર બાંધેલા દોરડા વડે ગેરેજ પર સરકી પડ્યો. બિલકુલ અવાજ ન થાય એમ થોડો સમય ઊભો રહી આસ્તે આસ્તે પગલાં ભરતો અંતાણી નિવાસની બારી નીચે જઈ પહોંચ્યો. આમ તો ગેરેજથી તેનો અંદાજ ચાર ફૂટનો આંકેલો પણ દીવાલ પાસે ઊભો રહ્યો ત્યારે ખાસ્સી પાંચ ફૂટ ઊંચી લાગી. મારા ખભાએ તે અડતી હતી.

‘બારીના કાચ તોડ્યા વગર તો અંદર કેવી રીતે જવાય? ગળે ભરાવેલા દોરડાને હૂક લઈ બારીનો નીચેનો કાચ તોડી નાખ્યો. ખણખણ કરતો અવાજ તો થયો પણ મને લાગ્યું કે મુંબઈના ઘોંઘાટભર્યા વાતાવરણમાં આ અવાજની કશી કિંમત નથી. તો પણ



કશું કર્યા વગર થોડો સમય ઊભો રહ્યો. પછી તૂટેલા કાચની બારી પકડી સહેજ ઊંચે સરકયો અને ઊપલો કાચ તોડી નાખ્યો. પાછો હતો એવી સ્થિતિમાં આવી થોડો સમય ઊભો રહ્યો અને પછી ઊપલી-નીચલી બંને સ્ટોપરો ખોલીને આખી બારી ખોલી નાખી અંદર કૂદી પડ્યો.

‘એટલા વિશાળ બંગલામાં હવે શોધવું ક્યાં એ મારી પાસે ચાવી છે એ તાળું ક્યાં હોઈ શકે ! બંગલામાં કોઈ નહોતું એ સ્થિતિ તો મારી તરફેણમાં હતી. બહારથી કોઈને ખબર પણ નહીં પડે કે હું અંદર છું. જયાં મેં દોરડું બાંધ્યું હતું ત્યાં અંધારું હતું એટલે દોરડું કોઈનાથી જોઈ શકાશે નહીં. પણ જે અશક્ય હતું એ એટલું જ નજીવા સમયમાં મારે ચાવીનું તાળું શોધી કાઢવું પડશે. મેં વધુ થોભ્યા વગર શોધ આરંભી.

‘જે ઓરડામાં હું દાખલ થયો હતો એ ઓરડો સાદો હતો. એ મહેમાનો માટેનો ખંડ હોય તેમ એક-બે ખાલી કબાટ અને બે પલંગ સિવાય તેમાં કઈ નહોતું. તેમાં વધુ થોભ્યા વગર આગળ પડતું બારણું ખોલી નાખ્યું. હું અભરાઈ જેવી સ્થિતિમાં બંધાયેલી ગોળાકાર લોબીમાં આવી ચઢ્યો. નીચે રાજા-મહારાજાના મહેલની યાદ આપતો વિશાળ ઓરડો હતો. પણ બધું ભેંકાર. ઓરડામાં શોભે એવું ફર્નીચર નહોતું. વધુ અવલોકન કરવાનો મારી પાસે સમય નહોતો. અને વધુ સમય રહું તો મેં સળગાવી રાખેલા લાઈટરમાંથી ગેસ થઈ રહે એમ હતું એટલે ઝડપથી લોબીમાં આગળ વધી હું પાસેના ઓરડામાં ગયો. હાથ લગાડતાં બારણું ખુલી ગયું. આ ઓરડો અંગત હોય એવું લાગ્યું. ઓરડામાં ત્રણેક તીજોરીઓ અને એટલી જ સેઈફ હતી. પણ ચાવી કયાંય બંધ બેસની ન થઈ. હું કંટાળ્યો. લાગ્યું કે કરેલું સાહસ હવે ફોગટ જશે. ત્યાં કેટલાક શો-

કેસમાં ચાંદીના વાસણો હતાં તે લઈ લેવા મન લલચાયું. વાસણો કાઢવા માટે વિચારતો હતો ત્યાં મારી નજર પુસ્તકના એક ઘોડા પર પડી. ઘોડા પર દૂરથી મારા કૉલેજકાળ દરમ્યાન જે પુસ્તક વાંચવા હું ઈચ્છતો હતો પણ ન મળવાના કારણે વાંચી શકાયું નહોતું એ પુસ્તક તેની હયાતિની ચાડી ખાતું હતું. મેં વાસણો કાઢવાનો વિચાર થોડા સમય માટે મુલતવી રાખ્યો અને પુસ્તકોના ઘોડા તરફ ગયો.

'પુસ્તક થોડું ખેંચ્યું અને ઘોડો હાલ્યો તરત મારા મનમાં ઝબકારો થયો કે ઘોડો તેની ધરી પર આજુબાજુ ફરી શકે છે. મેં તેને ફેરવ્યો અને મારા આશ્ચર્ય વચ્ચે મેં જોયું કે સામેની ભીંતમાં લાઈટરના પ્રકાશમાં ભીંતમાં જડેલી તીજોરીનું સ્ટીલનું બારણું તગતગી રહ્યું છે.'

'બસ, તરત ખિસ્સામાંથી ચાવી કાઢી તેને લગાડી જોઈ. બારણું ખૂલી ગયું, અને તીજોરીમાં રૂપિયાની થોકડીઓ થપ્પીબંધ ગોઠવેલી દેખાઈ. પછી રાહ કોની જોવાની. બધી થોકડીઓ બહાર કાઢી. થોકડીઓ પાછળથી કેટલીક સોનાની લગડીઓ અને હીરાની એક પોટલી ખાસ્સી સાત શેર વજનની મળી આવી.

પછી-

'બધું પતાવીને જ્યારે હું લોજની ઓરડીમાં પાછો આવ્યો ત્યારે રાતના સાડાત્રણ વાગ્યા હતા. ઓરડીમાં એક કબાટ હતું તેમાં બધું ભરી લીધું. પછી કબાટ બંધ કરી મેં પથારીમાં લંબાવ્યુ.'

'બીજે દિવસે હું બજારમાં ગયો અને બે સુટકેશ ખરીદી લાવ્યો બધી ચીજો પેક કરી મેં લોજ છોડી દીધી.

પછીની વાત સાદી છે. એ બધા પૈસાને વ્યવસ્થિત કરતાં મને એક વર્ષ લાગ્યું. એ માટે ઘણાંબધાં જુઠનો આશરો લેવો પડ્યો. દરમ્યાનમાં મેં અંતાણી નિવાસ ખરીદી લીધો. જેણે મને સીધો જ



માલદારની હરોળમાં લાવીને મૂક્યો.

'વર્ષાનું ખૂન શાને કારણે થયું હતું તેની મને ગંધ આવવા લાગી હતી. જે મિલકત તે સંતાડી બેઠી હતી તેની પોતાની કદાચ ન પણ હોય અને તેથી તે મિલકત પર હિસ્સો ધરાવતા માણસોએ તેનું ખૂન કર્યું હોય એ સંભવિત હતું. આ માણસોને કદાચ એવી પણ ગંધ આવી ગઈ હોય કે વર્ષાની બધી સંપત્તિ મેં મેળવી લીધી છે તો -

'ને આ મારો વહેમ હતો. એટલું તો હું માની ગયો હતો કે જે મિલકત મેં મેળવી છે એ બધી દાણચોરની છે. દાણચોરી સિવાય એ સંભવી શકે નહીં. ચારેક દિવસ અગાઉ જે મારી સુટકેસ બદલાઈ હતી અને મારી પાછળ પીછો કરતા માણસને જોયો કે મને બધું યાદ આવી ગયું - ચોક્કસ એ જ દાણચોરો મારી પાછળ પડ્યા છે. હવે જે ચોરીછૂપીથી મેં મેળવ્યું છે એનો મારે હિસાબ આપવો પડશે. કંઈક અજૂગતું બનશે. એથી જ હું આપની સલાહ લેવા દોડી આવ્યો.

'તા. ૧૫મી માર્ચના રોજ હું વરસોવાને બંગલે ગયો પણ પછી મને લાગ્યું કે - બસ, એ તો મેં તમને બધુ કહેલું છે. હવે આ વિગતોનો જો જરૂર પડે તો ઉપયોગ કરીને તમે શર્મિષ્ટાને કેસથી દૂર રાખી શકો છો. તમારે માટે કશું અશક્ય નથી.' નવનીતરાય દોશીએ તેમનો લાંબો ભૂતકાળ પૂરો કર્યો.

'આ સિવાય તમારે કંઈ કહેવાનું છે ?' વકીલે પૂછ્યું. દોશીના જીવનની આ બિના ખરેખર રસપ્રદ હતી પરંતુ તેનાથી આ કેસમાં કોઈ લાભ થાય તેમ તેમને નહોતું જણાતું.

'શર્મિષ્ટા આમાં તદ્દન નિર્દોષ છે. તે નીવાડેકર સાથે ગઈ હોવાની કોઈ શક્યતા જ નથી.'

'બનવા જોગ છે કે તે કદાચ ગઈ હોય, કેમકે નીવાડેકર હેવી મશીનરીઝમાં નોકરી કરે છે.'

'તો એવું જ હોઈ શકે કે તે મને મળવા આવી હોય અને-'

વકીલ વિચારમાં પડી ગયા. જો એમ બન્યું હોય તો મુદ્દો વિચારવા જેવો ખરો.

'ઠીક, ભગવાન તમને મદદ કરે. તમે કોર્ટમાં સહજ થઈને બેસજો.' વકીલે કહ્યું અને ત્યાંથી નીકળી સીધા ઑફિસે પહોંચ્યા.

'બક્ષી, મારે કેટલીક વિગતો બહુ જલ્દી જોઈએ છે.'

'શું?'

'આજથી ચાર-પાંચ વર્ષ પહેલાં અંતાણી નિવાસની માલિકણ વર્ષા અંતાણીનું ખૂન થયું હતું. આ બાદ, તેની છૂપી જિંદગી ખૂન અંગે કરવામાં આવેલી તપાસનું પરિણામ અને અંતાણી નિવાસ અંગે પણ જે કંઈ જાણવા જેવું હોય તે કોર્ટના સમય પહેલાં મને મળી જાય એવું કર.'

'ભલે.'

'હું શર્મિષ્ટાને ત્યાં જાઉં છું.'

'ડેલીએ હાથ દેવા?'

'કેમ?'

'પોલીસ તેનું નિવેદન લેવા કોર્ટમાંથી બારોબાર જ લઈ ગઈ છે. મને પાકો વહેમ છે કે પોલીસ તને તેને સવાલ પૂછવા દેશે નહીં.'

'એમનું એ પગલું ઘણું જ ખરાબ કહેવાય.' વકીલથી બોલી જવાયું.

'તું ઉજાગરાથી થાકી ગયો છે.' બક્ષીએ હસતાં કહ્યું. 'એટલે ઘેર જઈને એક લાંબી ઊંઘ ખેંચી કાઢ. હું પોલીસના આ પગલાં અંગે પત્રકારોને જરૂરી ટીપ આપી દઉં, જો તું ઈચ્છતો હો તો !'

'તેનો કશો જ અર્થ નથી. પોલીસ પણ હવે આપણાં પગલાં



અગાઉથી વિચારી લે છે અને તેની સામે મોરચો માંડી લે છે.'

'તેમને આપણા અનુભવે ઘડ્યા છે.' બક્ષીએ કહ્યું અને બંને હસ્યા.

## ૧૪.

બધા વિચારોને એકબાજુ નાખી વકીલે આખી રાત બક્ષીની સલાહ મુજબ ઊંઘ ખેંચી કાઢી. આવી તંદુરસ્ત ઊંઘ પછી જે તેમને પહેલાં જ સૂજતું હોય એ સૂજી આવતું હતું; એના તેમને ઘણા અનુભવ થઈ ગયા હતા. એટલે જ ખોરાક-પાણીની જેમ તેઓ ઊંઘને આવશ્યક અંગ માનતા આવ્યા હતા.

સવારમાં જ્યારે જાતે ઊંઘ ઊડી ત્યારે તેમનું મગજ સવસ્થ અને સ્ફૂર્તિલું થઈ ગયું હતું. અચાનક એક વિચાર તેમને સૂજી આવ્યો કે હજુ પણ નવનીતરાય દોશી કંઈક છુપાવે છે જે છુપાવવા જેવું છે એ તો તેમણે કહી નાખ્યું પણ બીજું હવે શું છુપાવવા જેવું છે કે છુપાવે છે ? વકીલને યાદ આવ્યું કે આ છુપાવવા જેવી વાત આવીને ઊભી રહેતી ત્યારે વકીલ ચૂપ થઈ જતા, વાતને આડે પાટે લઈ જતા યા હું કહેવા નથી માગતો એમ કહી વાતને ઉડાડી દેતા. હજુ સુધી તેમણે એ નથી કહ્યું કે તેઓ કેમ કાંદીવલીના બંગલેથી જતા રહ્યા. કદાચ એમાં પણ અર્ધસત્ય તો છુપાયેલું હશે જ. ત્યાં ગઈકાલે પણ એ વાત ત્યાંથી અટકી ગઈ હતી. પોતે એ વાતને મહત્ત્વ ન આપી જાણવા કંઈ પ્રયત્ન ન કર્યો પણ હવે એ જાણવી પડશે.

સમય થોડો હોવાથી તરત ગાઉનને શરીર પર વીંટાળતાં તેઓ ફોન પાસે ગયા અને પોલીસ સ્ટેશને ફોન કર્યો.

'હલો, હું સંતોષી. ઈન્સ્પેક્ટર જાડેજા અત્યારે મળી શકશે?'

'હલો, સંતોષી તમે?' ઈન્સ્પેક્ટર જાડેજા ફોન પર હતા.

સવારના પહોરમાં શી નવાજૂની લઈ આવ્યા છો?

'નવાજૂની લઈને નથી આવ્યો ભાઈ, મારે તમારું એક કામ પડ્યું.'

'ફરમાવો.'

'મારે અબઘડીએ નવનીતરાય દોશીને મળવું છે.'

'અત્યારે તો...' ઈન્સ્પેક્ટર ખચકાયા પણ પછી લાગ્યું કે વકીલને ના તો ન જ પડાય એટલે કહ્યું : 'ઓ-કે. વકીલ, તમે મળી શકો છો.'

'થેંક્સ વેરી મચ?' ઈન્સ્પેક્ટર, કેમ અત્યારે આખી રાત અહીં જ રહ્યા છો?

'ના ભાઈ, સહેજ વહેલો ડ્યુટી પર હાજર થઈ ગયો એટલું જ.'

'થેંક્સ વન્સ મોર.' વકીલે કહી ફોન મૂકી દીધો અને બહાર નીકળવા કપડાં બદલવા ગયા.

'શેઠ, ચા લાવું?' તેમના નોકરે તેમને આવીને કહ્યું.

'ના, હું હમણાં જ પાછો આવું છું.' વાળમાં જલ્દી જલ્દી કાંસકો ફેરવતા તેઓ બહાર નીકળી ગયા અને ટેકસી પડકી સીધા પોલીસ ચોકીએ પહોંચી ગયા.

'તમે હજુ મારાથી કંઈક છુપાવો છો, મિ. દોશી.' વકીલે દોશીને જોતાંની સાથે કહ્યું.

'ના, મેં બધું જ તમને કહી દીધું.'

'જુઓ, હવે સમય થોડો છે. જે પૂછું એનો સાચો જવાબ આપી દો. હું એને જાહેરમાં લાવીશ નહીં પણ કેટલોક તાળો બેસાડવા માટે એ જરૂરી છે.'

'તમે પૂછો, હું સાચું કહીશ.'



'તમે કાંદીવલીના તમારા બંગલામાંથી તા. ૧૫મી માર્ચના રોજ રાત્રે કેમ જતા રહ્યા હતા?'

'પણ એ તો મેં તમને જણાવ્યું છે.'

'અને તમને યાદ હશે ત્યાં સુધી એ માનવા મારું મન ના પાડતું હતું.' વકીલે કહ્યું.

દોશી એકદમ ઘણા નર્વસ થઈ ગયા.

'પણ તમે એટલું ધ્યાનમાં રાખજો કે શર્મિષ્ટા નિર્દોષ જ છે. એ કશું કરી શકે નહીં. એના સ્વભાવમાં જ એવું નથી.'

'અચ્છા, કહો શું થયું હતું?'

'મેં નારણને કહી દીધું કે રાતનું વાળું હું કાંદીવલીના બંગલે લઈશ. તેથી તે કાંદીવલીના બંગલે જઈ રસોઈ બનાવી આવ્યો હતો.' દોશીએ કહેવાની શરૂઆત કરી પણ તેમના મોં પરથી ભાસતું હતું કે હજુ પણ આ બધું કહેવા તે તૈયાર નથી.

'રાતના લગભગ નવ અથવા સાડા નવે હું કાંદીવલી પહોંચ્યો. રસોડામાં જઈ જાતે પ્લેટમાં રસોઈ કાઢીને જમવા બેઠો. જમી રહ્યા બાદ મારા બેડરૂમમાં જઈ સૂઈ ગયો. પણ દિવસે બની ગયેલા બનાવને કારણે મને ઊંઘ આવે એમ નહોતું. કલાક, દોઢ કલાક આવી રીતે ઊંઘ વગર પથારીમાં આળોટ્યા કરવાથી હું કંટાળી ગયો. ઘણા પ્રયત્ન છતાં ઊંઘ ન આવી અંતે લાયબ્રેરી રૂમમાં જઈ થોડું વાંચી ચાલતા ધમસાણોમાંથી છૂટકારો મેળવવાનું નક્કી કર્યું. પથારીમાંથી નીચે ઊતરી લાયબ્રેરી રૂમમાં ગયો. પણ જતાંની સાથે જ હિચકાઈને ઊભો રહ્યો. એકદમ શરીરમાં ઠંડી કંપારી વછૂટી ગઈ. લાયબ્રેરીરૂમ જેને મેં તાળુ માર્યું હતું એ ખુલ્લો હતો. અંદર લાઈટ બળતી હતી અને ધીમે ધીમે હવાતિયાં મારતો રાઘવ દોશીનો મરવા જતો દેહ ટેબલ પરથી નીચેની તરફ ઝૂકી રહ્યો હતો. એની

છાતીમાંથી નીચે લોહીનાં ટીપાં ટપકી રહ્યાં હતાં. શું કરું કે શું ન કશું એની દ્વિધામાં અટવાતો હતો કે અંદર જાજરૂમાંથી ખટાક કરતો અવાજ આવ્યો. હું ચમક્યો. વકીલસાહેબ મારે મરવું નહોતું તેથી જ ત્યાંથી ભાગ્યો અને દાદર નીચે ઝાડુ-ડોલ મૂકવાની નાની ઓરડીઓ છે તેમાં સંતાઈ ગયો.

'થોડીવાર થઈ હશે કે કોઈનાં પગલાં દાદર પરથી ઊતરતાં સંભળાયાં. મને એટલો હોશ ન રહ્યો કે એ કોણ છે, એની તપાસ કરું. જો તપાસ કરવા બહાર ડોકાત તો ચોક્કસ મારી ખોપરીના હાલ પણ રાઘવ દોશીના જેવા થઈ જાત. રાઘવ દોશીના મોતનું કારણ તરત હું પારખી ગયો હતો. ખૂની સુટકેસ લેવા આવ્યો હશે અને રાઘવ દોશીને નવનીતરાય માની લધો હશે, કેમકે અમારી બંનેની અટક 'દોશી' છે. બિચારાને મારે બદલે મરવું પડયું. રાઘવ દોશી મિજાજી હતો. આવનારે તેનું અપમાન કર્યું હશે કે ગમે તે કારણે રાઘવ દોશી ઉશ્કેરાઈ ગયો હશે અને રાઘવ દોશીને જ્યારે કોઈ તેને તેનું નામ પૂછતું ત્યારે જવાબમાં 'દોશી' કહેવાની આદત પડી ગઈ હતી.

'દાદર ઊતરીને એ પગલાં ગયાને થોડી ક્ષણો વીતી હશે કે સેંડલના પગલાંનો અવાજ સંભળાયો. હું સમજી ગયો કે એ શર્મિષ્ટા હશે. પણ ભયના કારણે શર્મિષ્ટાને હું ચેતવી શક્યો નહીં. એ પણ વિચાર આવેલો કે જો ચેતવવા જાઉં તો ખૂની અમને બંનેને ફૂંકી દે. ખૂની ખરેખર બહાર જતો રહ્યો હશે કે કેમ એ હું નક્કી નહોતો કરી શક્યો. થોડીવારે શર્મિષ્ટાની ભયથી ભરેલી તીણી ચીસ સંભળાઈ અને એ જ પળે ઝડપથી સેંડલો બહાર તરફ ભાગ્યા.

'હું શર્મિષ્ટાની પાછળ જ ભાગ્યો પણ વચ્ચે ઓરડીમાંથી સાવરણી પગમાં અથડાવાથી થોડો ગુંચાઈ ગયો એટલે અમારા બંને



વચ્ચેનું અંતર બિલકુલ નહોતું રહેવું જોઈતું એ અંતર એની જાતે પડી ગયું. અમારી બંને વચ્ચે થોડાં પગલાંનો ફરક પડી ગયો. એ ફરકને કારણે શર્મિષ્ટા રોડ પર ધીમી ગતિએ જતા નીવાડેકર સાથે થઈ ગઈ. નીવાડેકર ઊભો રહ્યો. શર્મિષ્ટાએ હાથ બંગલા તરફ લંબાવી કંઈક વાત કરી. નીવાડેકર પહેલાં થોડું ચમક્યો પછી શર્મિષ્ટાને ત્યાંથી લઈ આગળ વધવા લાગ્યો.'

'આ ક્ષણે હું ગેટ આગળ આવી ગયો હતો પણ જો ગેટમાંથી બહાર નીકળી જાઉં તો નીવાડેકરની નજરે પડી જાઉં અને નીવાડેકરને શર્મિષ્ટાને કારણે હું પાકો ઓળખી ગયો હતો. એ મહા બદમાશ છે.'

'મારે ગમેતેમ કરી બંગલામાંથી ભાગી જવું હતું એટલે સમય ન ગુમાવતાં હું ગેટની વંઢીને સમાંતર થોડું સરક્યો અને વંઢી પર ચઢી નીચે ભૂસ્કો માર્યો પણ મારી ત્યાં ભૂલ હતી. નીવાડેકર અને શર્મિષ્ટા બહુ દૂર ગયાં નહોતાં. ભૂસ્કો મારવાના અવાજને કારણે નીવાડેકરે થોભીને મારી સામું જોઈ લીધું. હું જાણે કંઈ ના બન્યું હોય, ઊંધુ ઘાલી બહાર જવા લાગ્યો. શર્મિષ્ટાએ મને જોયો કે ન જોયો એ હું નથી જાણતો. કદાચ જોયો હોત તો ચોક્કસ મારી પાસે દોડી આવત.

'નીચે ભૂસ્કો મારતાં મારા ખિસ્સામાંથી ચશ્માં પડી ગયાં હતાં. થોડું ચાલ્યા પછી યાદ આવ્યું કે ચશ્માં પડી ગયાં છે. પણ પાછાં લેવા ન ગયો. વિચાર તો હતો જવાનો કેમકે એ ચશ્માંથી મારી ત્યાં હયાતિની ચાડી થઈ જતી હતી. પણ ડર લાગ્યો કે નિવાડેકરે ફોન કર્યો હોય અને પોલીસ આવી ચઢે તો પાછો વળતાં પકડાઈ જ જાઉં એટલે ન ગયો.

'ત્યાંથી સીધો હું પછી વરસોવા ગયો અને કપડાં બદલી એરપોર્ટ પર પહોંચી ગયો. ત્યાંથી આગળ શું થયું એ તો આપ જાણો છો.'

નવનીતરાય દોશીએ તેમની છુપાવેલી કહેણી પૂરી કરી.

વકીલે એક લાંબો શ્વાસ લઈ મૂક્યો.

'તમે આ પહેલેથી મને જણાવ્યું હોત તો છુટવાનો રસ્તો ક્યારનોય વિચારાઈ ગયો હોત.'

'મારું મન તો હતું જણાવવાનું પણ શર્મિષ્ટા સંડોવાઈ જાય એ માટે ન જણાવ્યું. હવે જ્યારે શર્મિષ્ટાને કોર્ટમાં ઘસડી જવામાં આવી જ છે તો પછી છુપાવવાનો કશો અર્થ ન રહેતાં તમને આ કહ્યું.'

'તમે ખરા પ્રેમી, મિ. દોશી.'

દોશી ચૂપ રહ્યા.

'પણ તમને તો ખબર છે ને કે તમે કાંદીવલી ખાતેના બંગલામાં હતા એ નીવાડેકર જાણી ગયા છે.'

'હા, મને ખબર હતી પણ શર્મિષ્ટા સાથે ફોન પર વાત કરતાં શર્મિષ્ટાએ જણાવ્યું હતું કે તે નિવાડેકરને ગમેતેમ કરી સમજાવી દેશે ને કાંદીવલીના બંગલે હું હતો એ વાત પોલીસને નહીં કહેવા દે. શર્મિષ્ટાને જ મે જણાવ્યું હતું કે તું વકીલ સંતોષીને મળજે.'

'હા, શર્મિષ્ટા મને મળી હતી. તે બહુ પાકી છોકરી છે. પણ નીવાડેકર તેની ચતુરાઈમાં આવે એવો નથી એ તેણે જાણી લેવું જોઈતું હતું.'

•

ઘરે આવી વકીલે ચાના ટેબલ પરથી જ બક્ષીને રીંગ કરી.

'હાલો, બક્ષી, વર્ષા ખૂન કેસ અંગે કોઈ વિગતો મળી.'

'હા, વર્ષા ખૂન કેસમાં મિ. ફશમજી દારા તથા કવસજી દારા એ બે ભાઈઓ પર પોલીસને શક હતો. પરંતુ સોલીડ એલીબાઈ,



અપૂરતા પુરાવા અને ફરી ગયેલા સાક્ષીઓથી આખો કેસ માર્યો ગયો હતો. રીટાયર્ડ મેજિસ્ટ્રેટ શ્રી ચાગલાનું તો ત્યાં સુધી માનવું છે કે એલીબાઈ એટલી મજબુત નહોતી જેટલું પોલીસ ખાતું માની બેઠું હતું. પરંતુ કાં તો પોલીસે ઈરાદાપૂર્વક તેમાં રસ નહોતો લીધો અથવા તો કોઈ તે એલીબાઈને ભેદી શકે તેવો ઓફિસર તે વખતે નહોતો.'

'આ બે દારા બ્રધર્સ પર વહેમ ખાવાનું કંઈ કારણ?'

'આ બંને ભાઈઓ મરનારના મિત્રો હતા, અને સાથે અથવા જુદા જુદા વર્ષાને ત્યાં ઘણી વખત આવતા-જતા હતા. બંનેની સાથે વર્ષાને સંબંધ કંઈ ન સમજાય એવો હતો. મોટેભાગે દિવસના ભાગમાં તો તે સાથે જ મળવા આવતા હતા. તેમના પર વહેમ ખાવાનું મુખ્ય કારણ તો એ હતું કે વર્ષાના છૂપા કાગળોમાંથી છેલ્લો પત્ર આ બંને ભાઈઓ પર લખાયેલો મળી આવ્યો હતો. એમાં એ બંને ભાઈઓને તેણે પોતાના બંગલે બોલાવ્યા હતા. અમુક સાક્ષીઓએ વર્ષાના બંગલામાં તેમને જતાં પણ જોયા હતા.'

'અચ્છા, બીજા કંઈ સમાચાર?'

'શર્મિષ્ટા હજુ સુધી બહાર આવી જણાતી નથી. પોલીસ પૂરતી ચાલાક છે. તે તેને સીધી સ્ટેન્ડ પર મૂકશે.'

'અનંત પૂણેકરના કંઈ સમાચાર જાણવા મળ્યા?'

'હા, અનંત પૂણેકર પોલીસ ત્યાં પહોંચે એના અડધા કલાક પહેલાં ક્યાંક ચાલ્યો ગયો. તે ક્યાં ગયો છે તેની હજુ ભાળ મળી નથી. હું ધારું છું કે પોલીસ શું કરવા ઈચ્છે એનું અનુમાન નિવાડેકરે કરી લીધું હશે અને કોર્ટમાંથી છૂટી સીધો તેના પર ફોન કરીને નાસી છૂટવાનું જણાવ્યું હશે એટલે જ પોલીસ ત્યાં પહોંચે એ પહેલાં તે તો જતો રહ્યો હતો.'

'નિવાડેકર પૂરતો ચાલાક છે. તેણે શર્મિષ્ટાને પણ બનાવી છે.'

'ઘણીવાર ચાલાક માણસો પોતાની ચાલાકીમાં જ સપડાઈ જાય છે.'

''એ તો સાચું જ. અને રામશરણ મિશ્રા વિશે કંઈ જાણવામાં આવ્યું?

'એ પણ ચાલાક હોય એવી ગંધ આવે છે. એની પાસે ડ્રાયવીંગ લાયસન્સ નથી. તે મોટર ચલાવતાં બીએ છે છતાં મોટર ચલાવે છે. તેના ઘરે જ્યારે અતુલ કેમિકલ્સની મોટર પડી રહી હોય ત્યારે તેનો ઉપયોગ કરે છે. તેના પડોશી તેનો ઉપયોગ કરે છે. તેના પડોશીનું નામ છે મંગલ વેણધર.'

'આ મંગલ વેણધરની તપાસ કરવી પડશે.'

'એ પણ મેં તપાસ કરી છે. તેને દાઢી નથી. તે ચશ્માં પહેરતો નથી.'

'બનાવટી દાઢી બધા પહેરી શકે છે. ચશ્માંની કંઈ નવાઈ નથી.'

'ઓ.કે.'

'તેની પાછળની જિંદગી જાણવા એક માણસ મૂકી દે. તે પંદરમી તારીખે બપોરના બેથી ત્રણની વચમાં ક્યાં હતો તથા તે રાત્રે લગભગ અગિયાર વાગતા સધી ક્યાં હતો એ પણ શોધવું.

'આ સિવાય બીજું કંઈ મળે તો બીજી જ મિનિટે મને જાણ કરવી. હુ ઑફિસે નહીં આવું. કોર્ટના સમય સુધી ઘરે જ રહેવા ધારું છું.'

'ભલે.'

•

'કોર્ટમાં પગ મૂકવાની પણ જગા નહોતી. ખૂબ જ ચકચાર પામેલા એવા કાંદીવલી ખૂન કેસનો આજે ચુકાદો આવી જવો જોઈએ



એવી ગણત્રીએ અને વર્તમાનપત્રોએ ચિત્રવિચિત્ર મથાળાં તળે ચમકાવેલા સમાચારો વાંચી જનમેદની આ કેસમાં વધુને વધુ રસ લેવા માંડી હતી. '

પબ્લીક પ્રોસીક્યુટરે શર્મિષ્ટાની સાક્ષીથી કેસ આગળ ધપાવ્યો. શર્મિષ્ટાનું નામ સાક્ષી તરીકે સૂચવતાં એવી રીતે મલકી ગયા કે જાણે સંતોષી સામે તે કોઈ મોટી જીત ન મેળવી ગયા હોય !

શર્મિષ્ટાએ સ્ટેન્ડ પર આવી શપથ લીધા.

પબ્લીક પ્રોસીક્યુટરે સહેજ ગળુ ખંખાર્યું.

કોર્ટમાં ચૂપકીદી છવાઈ ગઈ. સહુના કાન શું કહેવાય છે એ સાંભળવા તલ્લીન બની ગયા.

'તા. ૧૫મી માર્ચની રાત્રે તમે કાંદીવલી ગયાં હતાં?'

'હા.'

'તે વખતે કેટલા વાગ્યા હતા?'

'મેં ઘડિયાળમા જોયું નહોતું.'

'આશરે તો સમય કહી શકશો ને?'

'દશ, સાડા દશ અથવા....'

'બસ, તમારી સાથે કોણ હતું?'

'જતાં કે પાછાં ફરતાં?'

'જતાં.'

'કોઈ નહીં.'

'યાદ રાખજો કે તમે સોગંદ પર જવાબ આપી રહ્યાં છો.'

'મને એ યાદ છે.'

'મી. નીવાડેકર આપની સાથે નહોતા?'

'જતાં કે આવતાં?'

'જતાં.'

'ના.'
'આપ સાચું કહો છો?'
'વકીલ સાહેબ, શા માટે વાતને વારંવાર પૂછો છો? હું કાંદીવલી એકલી જ ગઈ હતી.'
'ભલે, મી. નીવાડેકર તમને તે રાત્રે મળેલા?'
'હા.'
'ક્યાં?'
'કાંદીવલીમાં.'
'પણ તમે તો ના પાડો છો કે કાંદીવલી ગયા ત્યારે મી. નીવાડેકર તમારી સાથે નહોતા.'
'એ પણ એટલું જ સાચું છે વકીલ સાહેબ, હું કાંદીવલી ગઈ ત્યારે મી. નીવાડેકર મારી સાથે નહોતા, પણ કાંદીવલીમાં મને તેમનો ભેટો થઈ ગયો.'
'ક્યા આગળ?'
'અંતાણી નિવાસ સામેના રસ્તા પર.'
'જ્યાં રાઘવ દોશી નામના શખ્સનું ખૂન થયું છે ત્યાં'
'હા.'
'તમે ત્યાં કેટલું થોભ્યાં?'
'બહુ નહીં. ભાગ્યે અડધી મિનિટ.'
'ઓલરાઈટ.' પબ્લીક પ્રોસીક્યુટર ઉત્સાહમાં આવી ગયા. તમે અંતાણી નિવાસમાં કોઈને બહાર નીકળતાં જોયા ?
'ના.'
'વંઢી કૂદીને નીચે પડતાં?'
'ના.'
'તમે જૂઠું બોલો છો.' વકીલ બરાડી ઊઠ્યા. 'તમે મિ. દોશીને



વંઢી કૂદી નીચે પડતાં જોયા છે, પણ તમે વાત છુપાવો છો.'
'મેં નથી જોયા.' શર્મિષ્ટા પણ મક્કમ હતી.
'તો તમારા સાથીદાર નીવાડેકરે તેમને કૂદીને પડતાં જોયા અને તમે નથી જોયા.'
'તેણે જોયા હશે પણ મેં નથી જોયા.'
'નવાઈની વાત છે. એક જણ જુએ અને બીજું ના જુએ ! અચ્છા, પછી તમે બંનેએ શું કર્યું?'
'પછી અમે બંને નીવાડેકરના એક મિત્રને ત્યાં મળવા ગયાં.'
'નીવાડેકરના મિત્રને મળતા પહેલાં તમે અંતાણી નિવાસ સામે પાછાં આવેલાં?'
'ના.'
'મિત્રને મળતાં પહેલાં એ રસ્તે થઈને પસાર થયેલાં કે જ્યાં અંતાણી નિવાસ ઊભો છે?'
'ના.'
'મિત્રને ત્યાંથી પાછા ફર્યા બાદ અંતાણી નિવાસે રહી પાછા ફરેલાં?'
'હા.'
'એ વખતે કોઈને વંઢી કૂદીને નીચે પડતા જોયેલો?'
'ના.'
'એટલું પૂરતું છે.' પબ્લીક પ્રોસીક્યુટરે હતાશ સ્વરે કહ્યું અને જઈને ખુરશીમાં બેસી પડ્યા.
'બચાવપક્ષના વકીલ ઊલટતપાસ કરી શકે છે.' ન્યાયમૂર્તીએ કહ્યું.
'આભાર નામદાર.' સંતોષીએ કહ્યું અને શર્મિષ્ટા પાસે ગયા.
'તમે નીવાડેકરને કાંદીવલી મળ્યાં તે પહેલાં તેની સાથે તેના

મિત્રને ત્યાં જવાનો કાર્યક્રમ ઘડેલો?''

'ના.'

'આ પહેલાં નીવાડેકર તેના મિત્રને ત્યાં લઈ ગયેલા?'

'ના.'

'મિત્રને ત્યાં જવાનો પ્રસ્તાવ નીવાડેકરે મૂકેલો?'

'ના, એમ તો નહીં જ. તે ક્યાં જાય છે એ પૂછયું નહોતું.'

'કેમ?'

'એ સમયે હું અને તે એક કંપનીમાં નોકરી કરતાં હતાં એટલે મિત્ર હતાં. અને એક મિત્ર બીજા મિત્રને જેમ સાથ આપે તેમ મેં તેને સાથ આપેલો.'

'એટલું પૂરતું છે નામદાર.' સંતોષીએ કહ્યું.

પબ્લીક પ્રોસીક્યુટર ધાર્યા એવા જવાબો શર્મિષ્ટા પાસેથી નહોતા મેળવી શક્યા એટલે હતાશ થઈ બેઠા હતા. તેમણે ધીમેથી કહ્યું : 'મારા હવે પછીનાં સાક્ષી છે મીસ સીલ્વીયા.'

તેમની આ નરમાશે ન્યાયમૂર્તિનું પણ ધ્યાન ખેંચ્યું.

મિસ સીલ્વીઆએ પાંજરામાં શપથ લીધા.

'તા. ૧૫મી માર્ચના રોજ રાત્રે તમે ક્યાં હતાં?'

'હું મારા ફલેટમાં હતી.'

'તમારો ફલેટ તમારો ખરીદેલો છે કે તમે ભાડું ભરો છો?'

'ના, કંપનીએ મને રહેવા માટે અપાવ્યો છે.'

'એ ફલેટ ક્યાં આવેલો છે?'

'કાંદીવલીમાં, અંતાણી નિવાસ સામે.'

'એ ફલેટ કયા માળ પર છે?'

'બીજા માળ પર છે.'

'તા. ૧૫ મી માર્ચની રાત તમને યાદ છે?'



'હા.'

'તમે રાત્રે રીવોલ્વરના કોઈ અવાજો સાંભળ્યા હતા?'

'ના.'

'તે રાત્રે અંતાણી નિવાસની વંઢી પરથી કોઈ માણસને બહાર કૂદી પડતો જોયો હતો?'

'હા.'

'તે માણસ કોણ હતો?'

'મી. દોશી.'

'એટલે આ કેસમાં જે આરોપી છે તેમની જ વાત કરો છો?'

'હા.'

'મિ. દોશી જયારે વંઢી પરથી બહાર કૂદી પડ્યા ત્યારે કંપાઉન્ડનો દરવાજો બંધ હતો?'

'ના.'

'તમે આ સિવાય બીજું શું જોયું હતું?'

'મિ. નીવાડેકર અને મિસ શર્મિષ્ટા મારા ફલેટ પાસેથી પસાર થઈ રહ્યાં હતાં.'

'મિ. નીવાડેકર અને મિસ શર્મિષ્ટાનો અંતાણી નિવાસ સામે અચાનક જે મેળાપ થયેલો એ તમે જોયેલું ?'

'એ મને ખબર નથી. મિ. દોશી વંઢી કૂદીને નીચે પડ્યા પછી ત્યાંથી નજર હટાવી બીજી જગાએ જોયું તો નીવાડેકર અને શર્મિષ્ટા જઈ રહ્યાં હતાં.'

'નીવાડેકર અને શર્મિષ્ટાને તમે ઓળખો છો?'

'હા.'

'કેવી રીતે?'

'નીવાડેકર અમારી કંપનીમાં ઑફિસર છે અને શર્મિષ્ટા

અત્યારે હું જે પોસ્ટ પર છું ત્યાં પહેલાં રહી ચૂકી છે.'

'એટલું પૂરતું છે નામદાર.' પબ્લીક પ્રોસીક્યુટર ફરી પાછા મૂડમાં આવી રહ્યા હતા.

'હવે બચાવ પક્ષ…' ન્યાયમૂર્તિ પૂરું કરે એ પહેલાં સંતોષીએ પ્રશ્ન પૂછવા શરૂ કરી દીધા.

'તમારું નામ?'

'સીલ્વીયા.'

'તમે ક્યાં સર્વિસ કરો છો?'

'હેવી મશીનરીઝ.'

'કેટલા વર્ષથી.'

'લગભગ એક વર્ષથી.'

'તમે હમણાં જ જણાવ્યું કે શર્મિષ્ટા અને નીવાડેકરને તમે તમારા ફ્લેટ પાસેથી પસાર થતાં જોયાં હતાં? '

'હા.'

'તેઓ કઈ દિશા તરફ જઈ રહ્યાં હતાં?'

સીલ્વીયા વિચાર કરવા થોભી. તેણે નાકની દાંડી પર ઊતરી આવેલા ચશ્માં સીધા કર્યા એટલામાં સંતોષીએ ફરી વખત પૂછ્યું : 'તેઓ કઈ દિશા તરફ જઈ રહ્યાં હતાં?'

'ઉત્તર દિશા તરફ.'

'તમે એક માણસને વંડી ઓળંગીને બહાર નીકળતાં જોયો હતો?'

'હા.'

'તે માણસ કઈ દિશા તરફ ગયો હતો?'

'પૂર્વ તરફ.'

'એટલે કે જે રસ્તેથી નીવાડેકર અને શર્મિષ્ટા પસાર થતાં હતાં



તે રસ્તો ઓળંગીને તે ગયો હતો?'

'હા.'

'તે તેમની સામેથી પસાર થયો હતો?'

'ના.'

'ત્યારે?'

'પાછળથી. તેમની પાછળથી.'

'તમે આ બધું કઈ જગ્યાએથી જોઈ રહ્યાં હતાં?'

'મારા ફ્લેટના ઝરૂખામાંથી.'

'તમે ઝરૂખામાં ક્યાં સુધી ઊભાં રહ્યાં હતાં?'

'ભાગ્યે બે જ મિનિટ.'

'તમે જ્યારે પેલા માણસને વંઢી ઓળંગીને બહાર નીકળતાં જોયો ત્યારે તમે કઈ સ્થિતિમાં ઊભાં હતાં?'

'અત્યાર જે સ્થિતિમાં ઊભી છું તે જ સ્થિતિમાં.'

'તમે ઝરૂખાની પેરાપેટ પર હાથનો ટેકો દીધો હતો?'

'ના.'

'તમે જે જગા પર ઊભાં હતાં તે જગા રોડથી આશરે કેટલી ઊંચાઈ પર છે?'

'લગભગ પીસ્તાલીશ ફૂટ.'

'જે જગાએથી પેલો માણસ વંઢી ઓળંગી ગયો તે જગાથી તમારા ફ્લેટની દિવાલ કેટલી દૂર હશે?'

'આશરે ૫૦ ફૂટ.'

'તમે આ બધું જોયું ત્યારે કેવાં ચશ્માં પહેરેલાં હતાં?'

'અત્યારે મેં જે પહેરેલા છે તે જ.'

'તમારા ચશ્માં કંપાઉન્ડ ગ્લાસનાં છે?'

'હા.'

'નામદાર કોર્ટની સામે હું એક પ્રયોગ કરવા સંમતિ માગું છું.' જો આ સાક્ષી કહે છે તેમ અત્યારે ઊભાં છે એ સ્થિતિમાં રોડ પરથી ૪૫ ફીટ ઊંચે ઊભા હોય અને ૫૦ ફીટ દૂરની વસ્તુ જોતાં હોય તો તેમની દૃષ્ટિ ક્યા કાચની આરપાર જાય એ જોવા માટે મને આ પ્રયોગ કરવાની છૂટ મળવી જોઈએ.'

'એની સામે મારો વાંધો છે, નામદાર. એવી કોઈ તક બચાવપક્ષના વકીલ લઈ શકે નહીં. આ કેસને જયાં સુધી લાગે વળગે છે ત્યાં સુધી-'

પરંતુ પબ્લીક પ્રોસીક્યુટર આગળ શબ્દો શોધતા જ રહ્યા અને કોર્ટ રૂલીંગય ફરમાવ્યું : 'મને લાગે છે કે બચાવપક્ષના વકીલની માગણી વ્યાજબી છે વાંધો કાઢી નાખવામાં આવે છે.'

'તમે ચોક્કસ કહી શકો છો કે વઢી કૂદી આવનાર મિ. દોશી હતા? '

'હા. મને લાગે છે કે કદાચ એ વખતે કૂદી આવનારને બરોબર નીરખવા હું થોડી આગળ નમી હોઈશ. પણ એ ચોક્કસ દોશી હતા. દોશી સિવાય બીજું કોઈ નહોતું.'

'તમે દોશીને આ પહેલાં જાણતાં હતાં?'

'ના. પણ પેપરમાં વાંચ્યું કે નવનીતરાય દોશીની ખૂન કરવાના આરોપસર ધરપકડ થઈ છે અને જે માણસને વંઢી કૂદતાં જોયો હતો એ જ માણસને અત્યારે હાથકડીમાં જોઈ માની લીધું કે એ દોશી જ હશે.'

'હવે નામદાર હું પ્રયોગ કરવા માગું છું.' સંતોષીએ કહ્યું. 'મિસ સીલ્વીયા, તમે કોર્ટરૂમની ગેલેરીમાં ઊભા રહો. જેવી સ્થિતિમાં તમે તમારા ફલેટના ઝરૂખામાં તા. ૧૫મી માર્ચના રાત્રે ઊભાં હતા તેવી રીતે. આમ કરવથી તમારી ઊંચાઈ લગભગ પંદર



ફીટ થશે. ત્યાંથી બાર ફૂટ દૂર હું કેટલીક ચીજો મૂકું છું તેમાંથી તમારી પર્સ ઓળખી કાઢવાની છે અને ત્યાં ઊભાં ઊભાં ન કહેવાનું છે કે મુખ્ય બારણા તરફથી ગણતાં તેને કેટલો નંબર આવે છે.'

વકીલ સંતોષીના સૂચવ્યા પ્રમાણે પ્રયોગ કરવામાં આવ્યો. પ્રેક્ષક મહિલાઓ પાસેથી માગીને લગભગ આઠેક પર્સ ત્યાં મૂકવામાં આવી. શરૂમાં સાક્ષીએ સીધા ઊભા રહી નીચેના કાચમાંથી નજર કરી પોતાની પર્સ શોધવા પ્રયત્ન કર્યો. પછી થાકીને માથું નીચું નમાવી ઉપરના કાચમાંથી જોયું. પર્સ ન શોધી શકવાને કારણે સાક્ષીના કપાળે પરસેવો વળવો શરૂ થયો.

'તમે નીચે નમી શકો છો.' વકીલ સંતોષીએ સાક્ષીને સંભળાય એમ કહ્યું.

સીલ્વીયાએ નીચા નમી માથું સહેજ આગળ લાવી જોયું. પણ પર્સ ઓળખવાની નિશાની જણાઈ નહીં. તે પાછી સ્ટેન્ડમા આવી ત્યારે તેનું મોં પડી ગયું હતું.

'તમે ઝરૂખામાંથી અંદર કયા કારણે ગયાં હતાં?'

'મારા બારણાનું બજર વાગ્યું હતું.'

'પછી તમે શું કર્યું?'

'મેં બારણું ખોલ્યું.'

'કોણ આવ્યું હતું?'

એ હું જણાવી શકું એમ નથી.

'તમારે એ જણાવવું જ પડશે.'

'એ સામે મારો વાંધો છે, નામદાર. મિસ સીલ્વીયા એક કુમારિકા છે અને સોસાયટીમાં તેનું સ્થાન છે. કેસને લાગે વળગતું ન હોય એવા પ્રશ્ન પૂછી મારા વકીલ મિત્ર સાક્ષીને ઉતારી પાડવાનો પ્રયત્ન કરે છે.'

‘વાંધો બરાબર લેવાયો છે. જયાં સુધી એ પ્રશ્ન પૂછવા પાછળનો આશય આ કેસની સાથે સંબંધકર્તા છે એવું બચાવ પક્ષના વકીલ દર્શાવી શકે નહીં ત્યાં સુધી પબ્લીક પ્રોસીક્યુટરનો આ વાંધો કોર્ટ સ્વીકારે છે.’ ન્યાયમૂર્તિએ કહ્યું.

‘નામદાર. મારા આ સવાલ પાછળનો હેતુ આ કેસની સાથે વધુમાં વધુ સંબંધકર્તા છે. હું એ સાબીત કરી આપવા તૈયાર છું કે આવનારે એવા ચોક્કસ સમયે બજરનું બટન દબાવ્યું છે કે તે માણસો કાં તો ખૂનીને ભાગતો જોયો હોય અથવા નીવાડેકર અને મિસ સીલ્વીયા કહે છે એમ મિ. દોશીને વંઢી કૂદીને નીચે પડતાં જોયા હોય.’

‘મને લાગે છે કે એ રીતે જોતાં તમારો એ પ્રશ્ન બરાબર છે. સાક્ષી સવાલનો જવાબ આપે.’

‘મને એ સવાલ યાદ નથી.’

‘તમે જયારે બારણું ખોલ્યું ત્યારે કોણ આવ્યું હતું?’

‘મી. ફશમજી દારા, મારા બૉસ.’

‘તેમણે ક્યો પોશાક પહેર્યો હતો?’

‘તે તેમના હંમેશના પોશાકમાં-કાળા સ્યુટમાં જ હતા.’

‘પછી તમે શું કર્યું.’

‘મેં તેમને અંદર દાખલ કર્યા.’

‘પછી?’

‘બારણું બંધ કર્યું.’

‘કોણે?’

‘કેમ?’

‘મારા સવાલનો જવાબ આપો - બારણું કોણે બંધ કર્યું.’

‘તેમણે.’



‘સ્ટોપર મારેલી?’

‘હા.’

‘કોણે?’

‘તેમણે.’

‘પછી?’

‘પછી હું કૉફી બનાવવા કીચનમાં ગઈ.’

‘તમે કીચનમાંથી આવ્યાં ત્યારે તમારા સીટીંગરૂમમાં કોઈ ફેરફાર થયો હતો?’

‘એટલે તમે શું કહેવા માગો છો?’

‘તમે મારા સવાલનો અર્થ સમજો છો, જવાબ આપો.’

‘હા, ફેરફાર થયો હતો.’

‘ક્યો?’

‘ગેલેરી તરફ પડતાં બારણાં તથા બારીઓના પડદા બંધ કરેલા હતા અને તેની આડમાંથી મિ. દારા બહારની બાજુએ જોઈ રહેલા હતા.’

‘પછી?’

‘પછી મેં તેમની નજીક જઈ તેમને ખભે હાથ મૂકી કૉફી તૈયાર હોવાનું જણાવ્યું?’

‘તમે તેમને ખભે હાથ મૂક્યો ત્યારનું તેમનું વર્તન કેવું હતું?’

‘એટલે?’

‘તમે તેમને ખભે હાથ મૂક્યો તેની એમના પર શી અસર પડી?’

‘તે એકદમ ચમક્યા હતા.’

‘તે પહેલાં કદી તે મોડી રાત્રે તમારે ત્યાં આવતા હતા?’

‘ના.’

'તે રાત્રે તમારા ફલેટ પર આવવા માટે તેમણે કોઈ કારણ દર્શાવ્યું હતું?'

'ના-ના-ના. એવું કંઈ જણાવ્યું નહોતું.'

'તે ક્યારે પાછા ગયા હતા?'

'લગભગ દશેક મિનિટ પછી.'

'તે શેમાં પાછા ગયાં હતા?'

'ટ્રેનમાં.'

'તે કાર રાખે છે?'

'હા.'

'એટલું પૂરતું છે, નામદાર.' સંતોષીએ કહ્યું.

મિસ સીલ્વીયાએ મેક-અપ ભૂંસાઈ જવાની બીક રાખ્યા સિવાય મોં પરથી પરસેવો લૂછતાં સ્ટેન્ડ છોડ્યું.

કોર્ટનો બપોરનો વિરામનો સમય થયો છે એટલે કોર્ટ બપોરના અઢી વાગ્યા સુધી વિરામ લેશે. ત્યાં સુધી આરોપીને કસ્ટડીમાં લઈ જવા.' ન્યાયમૂર્તિએ કહ્યું.

## ૧૫.

કોર્ટમાંથી બહાર નીકળતાં બક્ષીને વકીલ સાથે થઈ ગયા.

'આપણે નજીકના રેસ્ટોરન્ટમાં જઈએ.' વકીલે સૂચન કર્યું.

બંને ચુપચાપ ફીયાટમાં ગોઠવાયા. વિનોદ ડ્રાયવીંગ વ્હીલ પર તૈયાર હતો.

'નજીકના રેસ્ટોરંટમાં લઈ જા.' બક્ષીએ કહ્યું.

વિનોદે, ફીયાટ સ્ટાર્ટ કરી.

થોડી વારે ત્રણેય રેસ્ટોરન્ટ પાસે આવી પહોંચ્યા.



'વિનોદ તું જા. બે વાગે અહીં આવી જજે.' વકીલે કહ્યું.

વિનોદે ઑફિસ તરફ ફીયાટ દોડાવી મૂકી.

વકીલ અને બક્ષી રેસ્ટોરન્ટમાં પ્રવેશ્યા. દૂર ખૂણામાં ખાલી ટેબલ હતું. ત્યાં જઈ જગા લીધી. બેરાને બે ભાણાં લાવવાનાં કહ્યાં.

થોડી મિનિટમાં બેરા બધું ગોઠવી ગયો.

વકીલે અને બક્ષીએ જમવાનું શરૂ કર્યું.

'ધરાઈને ખાજે બક્ષી. આજે સાંજે કેસ પૂરો થઈ જશે. કાં આપણી ફેવરમાં, કાં એમની ફેવરમાં.'

'મને હજુ એ સમજમાં નથી ઊતર્યું કે તેં શા પરથી ધારી લીધું કે સીલ્વીયાના ફલેટમાં બજરનું બટન દબાવનાર કંઈક જાણીતો હશે ?'

'જે સમયે બજરનું બટન દબાવવામાં આવ્યું એ જ સમયે નીવાડેકર અને શર્મિષ્ઠા તથા દોશી, ત્રણે એટલામાં હાજર હતાં. એક-બે ક્ષણનો ગાળો હોઈ શકે. એટલે ફલેટમાં આવવા માટે બટન દબાવનાર કંઈક તો જાણતું હોવું જોઈએ. કશું ન જાણતું હોય તો નીવાડેકર, શર્મિષ્ઠા તથા દોશીને જોયાં હોવાં જોઈએ એટલા માટે જ કોર્ટને મેં પ્રશ્નોત્તરી ચલાવવા દેવા માટે કહ્યું. અને એથી આગળ વધુ કહું તો એ વ્યક્તિ જ ખૂની છે.'

'ખૂની ?' જમતાં બક્ષી હાથ થંભી ગયો.

'હા, સવારમાં મેં દોશી સાથે વાત કરી હતી. દોશીએ જે થોડું છુપાવ્યું હતું તે મને જણાવ્યું હતું. વાત પરથી તો એ ફલિત થતું હતું કે ત્રીજી વ્યક્તિની હાજરી ત્યાં અવશ્ય છે જ. પહેલાં તો મને નીવાડેકર પર શક ગયો હતો પણ જ્યારે કોર્ટમાં ઊલટતપાસ થઈ અને સીલ્વીયા એ બજરની બટન દબાવનારની વાત કાઢી ત્યારે મારા મનમાં બધું અચાનક આવી ગયું. પછી તો ઊલટતપાસમાં બધી કડીઓ ગોઠવાઈ

ગઈ.'

'એક મુદ્દો જણાવવાનો રહી ગયો.' બક્ષીએ કહ્યું.

'શું?'

'સવારમાં કોર્ટ શરૂ થતાં પહેલાં જાણવામાં આવ્યું હતું કે પોલીસના એક સાક્ષી ફશમજી દારા પણ છે. તેમને અત્યારે સ્ટેન્ડ પર મૂકશે.'

'ફશમજી દારા.'

'હા, જાતે જ સાક્ષી બનીને આવ્યા હતા.'

'તેઓ મિ. દારાને મૂર્ખામીના ક્યા પગલારૂપે સ્ટેન્ડ પર રજૂ કરશે?'

'જે વિગતો મળી છે, એ પ્રમાણે મિ. દારા એ-વન સાક્ષી છે. તારા ધારવા પ્રમાણે જ તેમણે મિ. દોશીને વંઢી કૂદીને નીચે પડતા જોયા છે. એટલું જ નહીં; એવું પણ જાણવા મળ્યું છે કે વંઢી કૂદીને મિ. દોશીના ખિસ્સામાંથી ચશ્માં પડી ગયાં હતાં, જે તેમને મળ્યાં છે. અને તેમણે તે પોલીસને સોંપ્યાં છે. પોલીસ આ ચશ્માં અંગે તપાસ કરી રહી હતી, તે ક્યાંથી ખરીદાયાં અને કોણે ખરીદ્યાં એ તેમણે જાણી પણ લીધું હોય.'

'તો ચશ્માં મિ. દારાને મળ્યાં !' વકીલ બોલ્યા.

'હા, તને ચશ્માંની ખબર હતી?'

'સવારમાં દોશીએ કહ્યું હતું કે ચશ્માં વંઢી કૂદતાં પડી ગયાં હતાં એ વાત થોડું ચાલ્યા પછી યાદ આવી; પછી તેમણે પોલીસ આવી જવાની બીકે પાછા જવાનું માંડવાળ કર્યું હતું.'

'જો દારા ખૂની હોય- અને હોવો જ જોઈએ. સીલ્વીયાએ કહેલા તેમના વર્તન પરથી તો કોર્ટ જાણી ગઈ હશે કે તેઓ ખૂન બાબતે ઘણું જાણે છે.'



'એ આપણે હવે સાબિત કરીશું.'

'કેવી રીતે?'

'રીવોલ્વર પર બે જણની આંગળાની છાપ હતી.'

'સમજ્યો.' બક્ષીએ કહ્યું.

'તારે કોર્ટમાં બે કાચના ગ્લાસ તૈયાર રાખવા પડશે; એકદમ ચોખ્ખા ટુવાલ વડે લૂંછીને સાફ કરીને.'

'તો તું નાટક કરવા માંગે છે, નહીં?'

'વિચાર તો નથી પણ કરવું પડશે. એ સિવાય એ આદમી આંગળાની છાપ નહીં આપે.' વકીલે હાથ ધોઈ નાખ્યા.

●

બપોર પછી કોર્ટમાં પગ મૂકવાની પણ જગા નહોતી. સવારના કરતાં પણ પ્રેક્ષકોની સંખ્યા અત્યારે વધુ જણાતી હતી.

પબ્લીક પ્રોસીક્યુટરે મિ. ફશમજી દારા સાક્ષી તરીકે સ્ટેન્ડ પર ઊભા કર્યા. ફશમજી દારાએ શપથ લીધા.''

'તા. ૧૫મીની રાત્રે તમે કાંદીવલી ગયા હતા?'

'હા.'

'તમે ત્યાં કોને ત્યાં ગયા હતા?'

'મારી સ્ટેનો મિસ સીલ્વીયાને ત્યાં.'

'જે વખતે તમે તમારી સ્ટેનોના ફ્લેટ નજીક પહોંચ્યા તે વખતે તમે કોઈ નોંધપાત્ર બનાવ જોયો હતો?'

'હા.'

'શું?'

'મિ. દોશીને અંતાણી નિવાસના કંપાઉન્ડની વંઢી પરથી બહાર રસ્તા પર કૂદી પડતાં મેં જોયા હતા.'

'પછી તમે શું જોયું?'

'હું જે રસ્તેથી આવ્યો હતો તે રસ્તે એટલે કે કાંદીવલી સ્ટેશન તરફ મિ. દોશી દોડ્યા.'

'દોડ્યા કે ચાલ્યા?'

'ઝડપથી ચાલ્યા.'

'તેમણે તમને જોયા હતા?'

'ના. જ્યારે તે મારી પાસેથી પસાર થયા ત્યારે હું ફલેટ હાઉસના એક થાંભલાને ઓથે અંધારામાં લપાઈ ગયો હતો.'

'કેમ?'

'જે માણસ ભેદી ચાલ ચાલે એનો મને ભરોસો નથી. કદાચ હું સામે ગયો હોત તો બનવાજોગ છે કે મારું માથું ફૂટી જાત.'

'પછી તમે શું કર્યું?'

'જ્યારે મિ. દોશી વંઢી પરથી નીચે કૂદી પડેયા ત્યારે તેમના ખિસ્સામાંથી કોઈક ચીજ બહાર પડી ગઈ હતી એ મેં જોયું હતું એટલે હું વંઢી નજીક ગયો અને પેલી ચીજ ઉપાડી લીધી.'

'ક્યારે?'

'મિ. દોશી સહેજ દૂર ગયા એટલે.'

'એ ચીજ શું હતી?'

'એ ગોગલ્સ હતાં.'

'પછી તમે તેનું શું કર્યું.'

'મારા જેવા માણસને આવા લફરામાં પડવું યોગ્ય ન લાગવાથી પહેલાં તો મેં કંઈ ન કર્યું પણ પછી પોલીસને બધી વાત જણાવી. ગોગલ્સ પોલીસને સ્વાધીન કર્યાં.'

'શું જનતાની જાણ માટે અંક નંબર પાંચથી પ્રસિધ્ધ કરવામાં આવ્યાં છે તે જ ગોગલ્સ તે હતાં ?'

'હા.'



'પછી તમે શું કર્યું ?'

'પછી હું સીલ્વીયાના ફલેટમાં ગયો.'

'એટલું પૂરતું છે, નામદાર.' પબ્લીક પ્રોસીક્યુટરે વિજય સ્મિત કરતાં કહ્યું.

'બચાવપક્ષના વકીલ ઊલટતપાસ કરી શકે છે.' ન્યાયમૂર્તિએ કહ્યું.

'આભાર નામદાર.' સંતોષીએ કહ્યું અને દારા પાસે જઈને પૂછયું : 'મિસ સીલ્વીયાના ફલેટમાં ગયા પછી તમે શું કર્યું?'

'મેં-?-હું સીલ્વીયાને મળ્યો.'

'પછી શું કર્યું.'

'સીલ્વીયા મારા માટે કૉફી બનાવવા ગઈ એટલે હું સમય પસાર કરવા...' ફશમજી દારા શબ્દ શોધવા લાગ્યા.

'બારી બહાર જોવા લાગ્યો.'

'હા, એમ જ.'

'પડદા પાડી દીધા.'

'હા.-હા એમ જ.'

'કેમ?'

ફશમજી દારા થોડું થોભ્યા. 'મારી એવી ટેવ છે કે જો બારી બારણાંએ પડદા હોય તો પાડી દેવા.'

'તમે બારી બહાર કેમ જોતા હતા?'

'ફક્ત જિજ્ઞાસા માટે. દોશીને ભાગતા જોયા હતા એનું પછી શું થાય છે એ જાણવા માટે.'

'પણ દોશી તો ભાગી ગયા હતા, પછી શું જોવાનું હોય?'

'કદાચ મામલો ગંભીર હોય અને અજુગતું બની આવે, તેથી.'

'આપ આ પહેલાં આપની સ્ટેનોને ત્યાં રાતના જતા આવતા

હતા?'

'ના, આ મારો પહેલો પ્રસંગ હતો. મિસ સીલ્વીયાને નોકરીમાં રાખ્યાને વર્ષ, દોઢ વર્ષ થયું હશે.'

'જ્યારે તમે તેના ફલેટ હાઉસની નજીક પહોંચ્યા ત્યારે તમે રસ્તા પરથી તમારી કોઈ ઓળખીતી વ્યક્તિને કે વ્યક્તિઓને જોઈ હતી ?'

'હા, શર્મિષ્ટા અને નીવાડેકર જતાં હતાં.'

'આપે આ પહેલાં મી. દોશીને કદી જોયા હતા?'

'ના.'

'નામ સાંભળ્યું હતુ?'

'હા.'

'ક્યા સંદર્ભમાં.'

'મને તેમનામાં મારા હરીફનાં લક્ષણ દેખાતાં હતાં.'

'અચ્છા.' વકીલ થોભ્યા અને ટેબલ પર મૂકેલા બે ગ્લાસમાંથી એક ગ્લાસ ઉપાડી દારાને આપ્યો.'

'આપ ગ્લાસને ધ્યાનપૂર્વક જુઓ. આપે આ પહેલાં આ પ્યાલાને કદી જોયો છે?'

કોર્ટમાં સન્નાટો છવાઈ ગયો. બધા જિજ્ઞાસુ નજરે દારાને અને સંતોષીને કાન સરવા રાખી જોઈ રહ્યા.

'ના.' થોડીવારે ગ્લાસને બરોબર જોઈ વકીલને પાછો આપતાં મિ. દારાએ કહ્યું.

વકીલે એ ગ્લાસ પાછો મૂક્યો અને તેમની આગળ બીજો ગ્લાસ ધર્યો.

'હવે આ જુઓ.'

દારા આ ગ્લાસ હાથમાં લઈ વકીલ સંતોષી સામે જોઈ રહ્યા.



તેમને સમજણ નહોતી પડતી કે આ શું થઈ રહ્યું છે. તેઓ ગ્લાસ ઓળખવાનો ઈન્કાર કરે એ પહેલાં પબ્લીક પ્રોસીક્યુટર તેમની મદદે આવી પહોંચ્યો.

'નામદાર. બચાવપક્ષના વકીલ આવા ધડમાથા વિનાના દેખાવો કરવા માટે જાણીતા છે. તે આમ નકામા સવાલો કરીને સાક્ષીને ગુંચવી નાખે છે.'

'દેખાવો કરવા માટે જો હું જાણીતો છું એ વાત જો સાચી હોય તો સ્વીકારી લેવા માટે મને કોઈ વાંધો નથી, નામદાર.' વકીલ સંતોષીએ કહ્યું. પણ હું આપના ધ્યાનમાં એક મુદ્દા લાવવા માગું છું રાઘવ દોશીનું જ્યારે ખૂન થયું ત્યારે ખૂનીએ જેનાથી ખૂન કર્યું હતું એ રીવોલ્વર જાજરૂની ફલશ-ટેંકમાં મૂકી હતી. ઈન્સ્પેકટર જાડેજા જ્યારે ખૂનનું હથિયાર શોધવા લાગ્યા ત્યારે સારી જહેમત બાદ તેમને ફલશ-ટેંકમાંથી રીવોલ્વર મળી આવી. આ રીવોલ્વર પરનાં આંગળાંની છાપ ઉપસાવવા તેને ફીંગર પ્રીન્ટ એક્ષ્પર્ટને સોંપાઈ તેમણે તેના પરથી આંગળીની છાપના બે સેટ ઉપસાવી કાઢ્યા, જેમાંથી એક સેટ નવનીતરાય દોશીના આંગળાનો હતો. બીજો સેટ ઓળખાયો નહીં.' આટલું કહી વકીલ થોભ્યા. આખી કોર્ટ તેઓ શું કહે છે એ સાંભળવા શાંત થઈ બેઠી હતી. ચારેબાજુ એક જાતનો સન્નાટો છવાઈ ગયો હતો. વકીલે સન્નાટાનો ભંગ કરતાં ફરી ચાલું કર્યું.

'નવનીતરાય દોશીની પોતાની માલિકીની રીવોલ્વર પરથી નવનીતરાય દોશીના આંગળાની છાપ ન મળી આવે તો શું બીજા કોઈની મળી આવે ? છતાં એ રીવોલ્વર પરથી બીજા કોઈનાં આંગળાંની છાપ મળી આવી છે. એ કોની છે ? એ તપાસ કરવામાં આવી છે ? - જેની એ છાપ હશે તેણે જ ખૂન કર્યું હોવું જોઈએ આ હું

આગળ પણ કહી ગયો છું. વકીલે સાદને ધીરો કર્યો.

'નામદાર કોર્ટને મારી નમ્ર વિનંતી છે કે મિ. દારાના હાથમાં જે ગ્લાસ છે એ લઈને એ પરનાં આંગળાંની છાપની....' પણ વકીલ સંતોષીએ પૂરું કરે એ પહેલાં તો જોરથી ધડાકો થયો અને દારાના સ્ટેન્ડ સામેની ટાઈલ્સ પર ગ્લાસની કરચો ચારેબાજુ વેરાઈ ગઈ. દારાએ હતા એટલા જોરથી ગ્લાસને નીચે પછાડ્યો હતો.

'આ જૂઠું છે, બધું જ જુઠું છે.' દારા બોલી રહ્યા હતા.

'નામદાર, ટેબલ પર બીજો ગ્લાસ છે એની તપાસ કરવામાં આવે. તેના પર પણ આપ નામદારની હાજરીમાં મિ. ફશમજી દારાના હાથનાં આંગળાની છાપ પડી છે. એ છાપને રીવોલ્વર પરથી મળી આવેલાં નવનીતરાય દોશી સિવાયનાં આંગળાંના સેટ સાથે મેળવી જોવામાં આવે. એ દરમ્યાન હું સાક્ષીની ઊલટ તપાસ પૂરી કરી લઉં છું.' વકીલે કહ્યું.

'મિ. દારા, તા. ૧૫મી માર્ચના રોજ રાત્રે આપ મિ. દોશીના કાંદીવલી ખાતેના અંતાણી નિવાસમાં દાખલ થયા હતાં?'

'ના.'

'મિ. નવનીતરાય દોશીની રીવોલ્વર ચલાવી હતી?'

'ના.'

'લગભગ ચારેક વર્ષ પહેલાં અંતાણી નિવાસની માલિકણ બાઈ વર્ષા અંતાણીના થયેલા અકાળ મોત અને રાઘવ દોશીના ખૂન વચ્ચે કોઈ સંબંધ છે.'

'ના.'

'આપે ખૂન કર્યું છે?'

'ના.'

'ખૂન કર્યા પછી સીલ્વીયાના ફ્લેટમાં દાખલ થયા છો?'



'ના.'

'સીલ્વીયાના હાથની કૉફી લીધી છે?'

'ના-ના-ના-' મી. ફશમજી દારા શું બોલતા હતા એનું તેમને પણ ભાન નહોતું રહ્યું.

'પણ આપે તો હમણાં કહ્યું હતું કે તમે સીલ્વીયાના ફ્લેટમાં દાખલ થયા હતા, બારીના પડદા ઢાળ્યા હતા, સીલ્વીયાની બનાવેલી કૉફી પીધી હતી.'

'એ બધું જુઠું છે.' દારા હાંફવા લાગ્યા.

'અચ્છા, ઈમ્પોર્ટેડ ટુલ્સ એન્ડ મશીનરીઝ, કાનપુર અને દિલ્હી સાથે તમારો શો સંબંધ છે?'

'It is none of your business.'

'સુટકેશ કેટલી વખત બદલી લેવામાં આવી છે?'

'You...' પણ મિ. ફશમજી દારાને વકીલને તૂચ્છકારવા સૌથી ખરાબ શબ્દ જડ્યો નહીં. શબ્દ ખોળવાની મથામણ કરે એ પહેલા તેમને ચકરી આવી અને તેઓ નીચે ફસડાઈ પડ્યા.

ઈન્સ્પેક્ટર જાડેજા ફશમજી દારાને મદદ કરવાના ઈરાદે ખુરશીમાંથી ઊભા થયા, પબ્લીક પ્રોસીક્યુટર પોતાનો વાંધો નોંધવા જતા હતા પણ ક્યા શબ્દોમાં નોંધાવવો એ શબ્દ ન જડવાથી ફક્ત મુંગા રહ્યા. એટલામાં ન્યાયમૂર્તિનો અવાજ સાંભળ્યો.

'જ્યુરીના માનવંતા સભ્યો, મારી સાથે ચેંબરમાં આવશો. જરા ? ત્યાં સુધી મિ. ફશમજી દારાની સંભાળ લેવામાં આવે.'

•

બીજા દિવસની સવારે હાથમાં ફીયાટની ચાવી ઝુલાવતી ઝુલાવતી રોઝી વકીલ સંતોષીની ઑફિસમાં આવી.

ઑફિસમાં વકીલ સંતોષી અને બક્ષી સામસામે ખુરશીમાં બેસી કેસેટ રેકોર્ડમાંથી વહેતા સંગીતને માણી રહ્યા હતા. બક્ષીએ તેમની કાયમની સાથીદાર ચુંગીને ક્યારનીયે સળગાવીને પૂરી કરી દઈ ટેબલ પર મૂકી હતી. ફરી તેનો ઉપયોગ કરવા હાથ સળવળતા હતા.

'આજે વિનોદ નહીં આવી શકે સર.' રોઝીએ ચાવીને બોર્ડ પર ટીંગાવતાં કહ્યું., મારે થોડું કામ હોવાથી અત્યારે ગેરહાજર રહીશ.'

'કેમ બંનેને એકદમ કામ આવી પડ્યું ?'

'વિનોદ કંઈ બહાર જવાનું કહે છે.'

'ભલે, પણ વિનોદને કહેવાનું કે એક વખત મળી જાય.'

'ઓ.કે. બૉસ.' રોઝીએ કહ્યું અને બહાર નીકળી ગઈ.

'હવે એમને રજા આપી દે.' રોઝીના ગયા પછી બક્ષીએ કહ્યું.

'રજા તો આપી દીધી. તે સાંભળ્યું નહીં.'

'હું કહું છું લગ્ન કરવાની.'

'તો ભલે કરતાં. આપણે ક્યાં ના પાડીએ છીએ.'

થોડીવાર શાંતિ છવાઈ રહી પછી બક્ષીએ કહ્યું. 'ગઈકાલ અધૂરી વાત?'

'જેટલું હું જાણું છું એટલું તો તું પણ જાણે છે.'

'પણ તારા જેવો તાળો મારાથી ના બેસે. રાઘવ દોશીનું ખૂન કેમ થયું. ?'

'રાઘવ દોશી આમાં તેના સ્વભાવને કારણે માર્યો ગયો છે. ફશમજી દારાને જે સુટકેશ બદલાઈ હતી એમાંથી નવનીતરાય દોશીનું નામ જડ્યું. એ સરનામે તે અંતાણી નિવાસમાં આવ્યા. રાઘવ દોશી



એ વખતે ત્યાં બેઠેલો હતો. તેની પાસે તે બંગલાની ડુપ્લીકેટ ચાવી રહેવાને કારણે એ ગમે ત્યારે તેને ખોલી શકતો. જ્યારે દારા રાઘવ દોશી પાસે આવ્યા ત્યારે તેને નામ પૂછયું અને રાઘવ દોશીને અટક કહેવાની ટેવ પડી ગઈ હતી. તેણે 'દોશી' નામ જણાવ્યું. દારાએ સુટકેશ માગી. રાઘવ દોશી બાદશાહી મિજાજનો હતો. કંઈક બોલાબોલી થઈ હશે. પરિણામે ફશમજી દારાએ ગોળીઓ છોડી હતી - નવનીતરાય દોશીની વાત પરથી તો આવું લાગે છે.

'પણ અહીં બીજી એક શંકા છે. ફશમજી દારા પાસે નવનીતરાય દોશીની રીવોલ્વર ક્યાંથી આવી ? રાઘવ દોશીને છેલ્લી ઘડી સુધી ખબર હશે કે ફશમજી દારા ગોળીઓ નહીં છોડે. મને તો એવું લાગે છે કે ફશમજી દારા અને રાઘવ દોશી ભાગીદારીમાં કામ કરતા હશે. રાઘવ દોશીની રિવોલ્વર લઈને ટેબલ પર મૂકી હશે. કોઈને બીક ન હોય એમ નિશ્ચિંતતાથી તે ચોપડી વાંચતો હશે એ વખતે ફશમજી દારાનું ત્યાં આગમન થયું હશે - પણ સાચું શું છે એ હજુ હું નક્કી નથી કરી શક્યો અને હવે નક્કી કરવા ઈચ્છતો પણ નથી. એ વાતને અહીંયાથી જ દાટી લે - તું માથેરાન ક્યારે જવાનો છે હવે ? - મારી પણ એક ટિકિટ રીઝર્વ કરાવી લેજે.' વકીલે કંટાળીને કહ્યું.

બક્ષીના હાથ ચુંગી લેવા ઘસ્યા.

❑ ❑ ❑ ❑